નિ.લી.ગો શ્રી. ૬ શ્રીઅનિરુદ્ધાચાર્ય-અનુવાદ-ગ્રન્થમાલા

પુષ્પ ૧.

श्रीकृष्णः ।

श्रीहरिराय-वाङ्मुक्तावली

(મૂલ સાથે ગૂજરાતી અનુવાદ)

ભાગ ૧ લો

(ફુટકર ૫૫ ગ્રન્થોનો સમૂહ)

સમ્પાદક :

કેશવરામ કાશીરામ શાસ્ત્રી

મૂળવતન : માંગરોળ (કાઠિયાવાડ)

હાલ : મીરાખાની-અમદાવાદ

પ્રકાશક :

રતિલાલ મોહનલાલ દોશી

મન્ત્રી—શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય

નડિયાદ

વિ. સં. ૧૯૯૩ મૂલ્ય રૂ. ૧-૪-૦ શ્રીવલ્લભાબ્દ ૪૫૮

नि. लि. गोस्वामिश्रीमदनिरुद्धाचार्यचरणाः



–शुद्धाद्वैतवाचस्पति–वेदान्तसुधाकर

॥ श्रीबालकृष्णो विजयते ॥

અર્પણપત્રિકા

અખિલભૂમણ્ડલાચાર્યવર્ય–શ્રીમદ્ભગવદ્વદનવૈશ્વાનરાવતાર–ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડ–શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદનિરૂપક–શ્રીમદ્વલ્લભાચાર્યવંશાવતંસ–નિત્યલીલાસ્થ–ગોસ્વામિવર્ય–શ્રીમન્મુરલીધરતનુજ શ્રીબાલકૃષ્ણ–શ્રીમદનમોહનસેવૈકપરાયણ શુદ્ધાદ્વૈતકેસરી–શુદ્ધાદ્વૈતવાચસ્પતિ—શુદ્ધાદ્વૈતભૂષણ–શુદ્ધાદ્વૈતસહસ્રાંશુ–વેદાન્તવિદ્યાલઙ્કાર–પણ્ડિતમણ્ડલેશ્વર–પણ્ડિતેન્દ્ર—સર્વતન્ત્રસ્વતન્ત્ર–વેદાન્તસુધાકર–ઇત્યાદ્યનેક—ઉપપદાલઙ્કૃત નિત્યલીલાસ્થ ગોસ્વામિવર્ય શ્રીમદનિરુદ્ધાચાર્ય મહોદયના ચરણકમલમાં

કોઈથી પણ નિરુદ્ધ ન હોવા છતા નિજભક્તોના ઉત્કટ પ્રેમથી ભક્તહૃદયમાં સદૈવ નિરુદ્ધતા, પ્રખર માર્મિક વિદ્વત્તા, અજોડઆચાર્યતા, પ્રમાણપુરઃસર પ્રમેયની આવિષ્કારકતા અને નટપુરસ્થ વૈષ્ણવજનતા પરની અપરિમેય કૃપાલુતા, એ વગેરે અનેક ગુણોથી આકર્ષિત થયેલા અમે નટપુરસ્થ વૈષ્ણવો આ

श्रीहरिराय–वाङ्मुक्तावली

સપ્રેમ અર્પણ કરી કૃતકૃત્યતાનો અનુભવ કરિયે છિયે.

અમો છિયે

આપના અપરિમિત ઋણી

વ્યવસ્થાપકો–શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય–નડિયાદ



नि. ली. गो. श्री ६ श्रीहरिरायचरणाः।

जन्मोत्सव.—भाद्रपद वदि ५

उपोद्घात.

(લેખક:—ધીરજલાલ વ્રજદાસ, સાંકળીયા એડવોકેટ)

શ્રીહરિરાયજી શ્રીવિઠ્ઠલેશ્વર પ્રભુચરણના દ્વિતીય પુત્ર શ્રીગોવિંદરાયજીના પુત્ર શ્રીકલ્યાણરાયજીના પુત્ર હતા. એમનુ પ્રાકટ્ય સંવત ૧૬૪૭ના ભાદરવા વદ ૫ ને દિને થયું હતું. એઓ ૧૨૦ વર્ષપર્યંત ભૂતલ ઉપર બિરાજ્યા હતા. એમને બ્રહ્મસંબંધ આપનાર શ્રીગોકુલનાથજી હતા. જેમ ગુરૂ તેમ શિષ્ય બન્ને, હંમેશાં ભગવલ્લીલાનાં અનુસંધાનમાં મસ્ત રહેતા. શ્રીગોકુલનાથજી શ્રીસુબોધિનીજીનું સતત અવગાહન કરતા, અને સેવાના અનવરસનો સર્વ સમય તેમા જ વ્યતીત કરતા એ વાત પ્રસિદ્ધ છે. તેમ શ્રીહરિરાયજી પણ હંમેશાં પ્રભુની લીલાનું જ ચિંતન કરતા. 'શ્રીભાગવતપ્રતિપદમણિવરભાવાંશુભૂષિતામૂર્તિઃ' એ નામથી શ્રીગુસાંઇજીએ શ્રીસુબોધિનીજી તેમજ તેના પ્રણેતા શ્રીવલ્લભાચાર્યજીની મુક્ત કંઠે પ્રશંસા કરી છે એમણે શ્રીસુબોધિનીજીનો અત્યંત ઉંડો અભ્યાસ કર્યો હતો અને તેનું ફલ શ્રીટિપ્પણીજી દ્વારા આપણને આપ્યું છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે શ્રીગુસાંઇજી જેવો ઉંડો અભ્યાસ શ્રીસુબોધિનીજીનો અન્ય કોઇએ કર્યો નથી.

શ્રીગોકુલનાથજી શ્રીસુબોધિનીજીના વ્યાખ્યાતા તરીકે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે અને શ્રીહરિરાયજીએ તો સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે न च दृष्टा सुबोधिनी वृथा तज्जन्म भूतलो

આધુનિક વાચકોને પણ શ્રીસુબોધિનીનો ચમત્કાર તરત અનુભવમા આવે છે અને અમારો તો નિશ્ચિત મત છે કે શ્રીસુબોધિનીજી જેવી ટીકા શ્રીભાગવતપર બીજી એક પણ થઇ નથી અને विद्यावतां भागवते परीक्षा એ વાક્યાનુસાર શ્રીવલ્લભાચાર્યજીનુ પાંડિત્ય અદ્વિતીય છે. વાક્‌પતિની બાબતમા આ કઇ આશ્ચર્ય નથી શ્રીમદ્ ભાગવતમા સ્થલે સ્થલે ભગવાનના સ્વરૂપ અને ઐશ્વર્યાદિ ગુણોનો પરિચય કરાવનાર એ ટીકા વાચકની ખાત્રી કરી આપે છે કે ભાગવત સામાન્ય ગ્રંથ નથી, પણ વેદકલ્પ વૃક્ષનુ ફલ છે, ભગવદ્ રૂપ છે. ને ભગવાનને પ્રાપ્ત કરવાને શ્રીભાગવતના અવગાહન સિવાય અન્ય કશાની અપેક્ષા નથી પ્રભુકૃપાથી સમગ્ર શ્રીસુબોધિનીજી પ્રસિદ્ધ થઇ ગયા છે અને જે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ખરા ભાગ્યવાન્ છે, તેઓએ તો એ ભગવસ્વરૂપને અવશ્ય પોતાને ઘેર આનદથી પધરાવવુજ જોઇએ જેમ બાલક અજ્ઞાનથી અગ્નિનો સ્પર્શ કરે તોપણ તેના પર અગ્નિની અસર થાયજ, તેમ જે વૈષ્ણવના ઘેર શ્રીસુબોધિનીજી બિરાજતા હોય તેના પર શ્રીવલ્લભાચાર્યજીની અને શ્રીકૃષ્ણની કૃપા અવશ્ય થાયજ. જેમ શ્રીવલ્લભાચાર્યજીના અને શ્રીકૃષ્ણના ચિત્રના દર્શન અને સ્પર્શ કરી ભક્તજન કૃતાર્થ થાય છે, તેમ તેથી વિશેષ શ્રીસુબોધિનીજીના દર્શન અને સ્પર્શથી કૃતાર્થ થય જ, કારણકે ચિત્ર તો માત્ર આધિભૌતિક સ્વરૂપ છે, અને શ્રીસુબોધિનીજી તો વિચારપ્રધાન હોવાથી આધ્યાત્મિક

સ્વરૂપ છે પણ હવે તો માત્ર દર્શન અને સ્પર્શથી સંતોષ ન માનતા શ્રીસુબોધિનીજી સમજવાનો પ્રયત્ન વૈષ્ણવોએ કરવો જોઇએ તેને માટે સરલ ભાષાંતરની અપેક્ષા છે, તે સિદ્ધ કરવાને માટે વૈષ્ણવોએ કટિબદ્ધ થવું જોઇએ

મુંબઈ, સુરત અને અમદાવાદમાં એવા શ્રીમાન્ વૈષ્ણવો છે કે જેવો પ્રભુની અને વૈષ્ણવોની સેવા કરવાને ઉત્સુક છે, તેમને સારીરીતે સમજાવવામાં આવે કે સૌથી ઉત્તમ સેવા શ્રીસુબોધિનીજીનું શુદ્ધ સરલ ભાષાંતર કરાવી તેને પ્રકટ કરી વૈષ્ણવોને ઘેર પધરાવી આપવામાં છે તો તેઓ ઉત્સાહથી એ કાર્ય કરેજ સંપ્રદાયમાં ભાષાંતર કરવાને યોગ્ય ગ્રેજ્યુએટો અને શાસ્ત્રીઓ ઘણા છે તેમને એ કાર્ય વ્હેંચી આપવામાં આવે તો સમગ્ર શ્રીસુબોધિનીનું ભાષાંતર એક વર્ષમાં પ્રકટ થઇ શકે પણ ઉત્સાહવગર કોઇપણ સારૂં કાર્ય સિદ્ધ થતું નથી, અને न च दृष्टा सुबोधिनी वृथा तज्जन्म भूतले એ શ્રીહરિરાયજીના વાક્યાનુસાર વૈષ્ણવોનો ભૂતલ ઉપર જન્મ વૃથા જાય છે

શ્રીહરિરાયજી સેવાનિષ્ઠ હતા એટલે એમનું ચિત્ત ભગવલ્લીલામાં સદા પરોવાયલુંજ રહેતું એવા સેવાનિષ્ઠને જે અનુભવ થવા જોઇએ તે એમને થતા એવી ગાથા સંપ્રદાયમાં છે શ્રીપુરુષોત્તમજીએ શ્રીનાથજીને મોતીની મોજડીઓ ઉષ્ણકાળમાં ધરાવેલી તેને લીધે શ્રીનાથજીને શ્રમ થવાથી શ્રીહરિરાયજીને પોતે ખબર કરી અને શ્રીહ-

રિરાયજીએ નિજમંદિરમાં જઈ તરત તે કઢાવી નાખી વળી શ્રીહરિરાયજીની કથાની શ્રોત્રી કોઇ ડોસીએ પોતે શ્રવણ કરેલી બીના કહી સંભળાવવાથી શ્રીપુરુષોત્તમજીનો અમૂક બાબતમાં સંશય નિવૃત્ત થઇ ગયો એ વાત પણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે પણ શ્રીહરિરાયજીનો સંપ્રદાય પર મુખ્ય ઉપકાર તો એમના નાના નાના પ્રકરણ ગ્રંથોને લીધે છે અમારા પરમ મિત્ર ભગવચ્ચરણપ્રાપ્ત શ્રીમગનલાલ ગણપતિરામ શાસ્ત્રી કહેતા કે 'પુષ્ટિમાર્ગનો અભ્યાસ શ્રીહરિરાયજીના ગ્રન્થોથી શરૂ થવો જોઇએ'. અમને પણ અનુભવથી એ વાત સત્ય લાગે છે શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીમાં કહે છે કે કેટલાક જીવો માત્ર શરીર મુખ્ય માની જીવે છે, કેટલાએક ઇન્દ્રિયોને મુખ્ય માને છે અને કેટલાએક અંતઃકરણને મુખ્ય માને છે અંતઃકરણને શોભાવવાર પ્રેમ છે. અને તે શ્રીવલ્લભાચાર્યજીના નિ સધાન સંપ્રદાયમાં મુખ્ય સાધન છે શ્રુતિમાં કહ્યું છે કે આત્માથી જ આત્માને ઓળખી શકાય છે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ માને પહોંચી શકતા નથી, અને આમ હોવાથી યોગશાસ્ત્ર ચિત્તવૃત્તિનો નિરોધ કરવાનું કહે છે શ્રીવલ્લભાચાર્ય આ સર્વ સ્વીકારે છે પણ આગળ જઇને શિખવે છે કે શરીર ઇન્દ્રિય, મન બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ સર્વ નકામાં નથી, પણ એ સર્વનો ઉપયોગ પ્રભુના દાસત્વમા કરવાનો છે એ વાત શ્રૃણ્વતા પદ્મમિદમ્ એ શ્લોકના સુબોધિનીમાં શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ સમજાવી છે

ભકતના શરીર, ઇન્દ્રિય, અંતઃકરણ વગેરેને તદ્દન નિર્દોષ કરીને પ્રભુ કૃપા કરી ભક્તના શરીરને પોતાના તનુ તરીકે વરે છે, અને તે ભક્ત પ્રભુ સાથે સર્વ કામભોગ કરે છે, એ વાત શ્રુતિમાં પણ પ્રસિદ્ધ છે જો દેહ, ઇન્દ્રિય, અંતઃકરણ વગેરે નકામાજ હોત. માત્ર બંધન કર્ત્તા જ હોત તો કૃપાલુ પ્રભુ જીવની સૃષ્ટિ કરત જ શું કરવા? એ બાબત પણ શ્રીવલ્લભાચાર્યજીએ સુબોધિનીમાં સ્પષ્ટ સમજાવી છે.

આ સર્વનું જ્ઞાન શ્રીહરિરાયજીને સંપૂર્ણરીતે હતુ. એટલુંજ નહિ પણ એમને એ બાબતનો સંપૂર્ણ અનુભવ પણ હતો. અને પોતાના નાના નાના ગ્રંથોથી એ જ્ઞાન પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને, મન પર બહુ સહેલી રીતે ઠસે એવી રીતે આપ્યુ છે પ્રભુનું સ્વરૂપ શું, સ્વનુંસ્વરૂપ શું, સંયોગરસ શું, વિપ્રયોગ શું, ભક્તિ કેટલા પ્રકારની, મુક્તિ કેટલા પ્રકારની, સેવાનો વિધિ, બીજા લૌકિક વૈદિક માર્ગોથી પુષ્ટિમાર્ગનું તારતમ્ય વગેરે હજારો બાબતો એટલી ઝીણવટથી શ્રીહરિરાયજીએ સમજાવી છે કે પ્રભુએ જો એમને ભૂતલ ઉપર ન મોકલ્યા હોત તો પુષ્ટિમાર્ગનું સૌન્દર્ય અને નિર્મળતા સામાન્ય ભકતજનો સમજી શકતજ નહિ તેમાં પણ પોતાના ભ્રાતા શ્રીગોપેશ્વરજીના ગૃહભંગ પ્રસંગે તેમના ઉપર જે શિક્ષાપત્રો એમણે લખ્યાં છે તે તો સર્વપુષ્ટિ માર્ગના સિદ્ધાંતોથી ભરપૂર છે. એટલું જ નહિ

પણ સંસારના દુઃખથી સતત્ પીડિત જનોને આશિર્વાદ સમાન છે, દુઃખમા દિલાસો આપે છે, ખરા પ્રભુસુખને ચખાડે છે સંપ્રદાયનો મર્મ સમજાવે છે, અને આનંદમગ્ન કરે છે એમની સહચરીભાવના માનસી સેવામા પ્રભુસબંધના ભિન્ન ભિન્ન ભાવના અનુભવરૂપ છે, અને સામાન્ય ભક્તને સંસારમાથી ચિત્તને ખસેડી પ્રભુમા કેમ લગાડવુ તેના દ્રષ્ટાંતરૂપ છે अलौकिकमनःसिद्धौ सर्वथैं शरणं हरिः એમ જે विवेकधैर्याश्रय મા અલૌકિક મનની સિદ્ધિની વાત શ્રીવલ્લભાચાર્યે કહી છે, अलौकिकस्य दाने हि आद्य सिध्येन्मनोरथ એમ સેવા ફલમા અલૌકિક ભાવના દાનની જેવાત કહી છે, गोकुले गोपिकानां च सर्वेषां व्रजवासिनां यत् सुखं समभूत् तन्मे भगवान् किं विधास्यति એમ નિરોધલક્ષણમા જે સુખની તીવ્ર આર્તિ પ્રકટ કરી છે, જે સુખ શ્રીયશોદાજી, વયસ્યો, શ્રીગોપીજન અને ગાયો વગેરે વ્રજવાસીઓ અનુભવતા હતા તેનુ કંઈક ભાન આ સહચરીભાવના કરાવે છે

એમ કહેવામા આવે છે શ્રી हरिरायजी પ્રમેયમાર્ગીય હતા અને શ્રીપુરુષોત્તમજી પ્રમાણમાર્ગીય હતા જો કે સામાન્ય રીતે તે સત્ય લાગે, પણ સંપ્રદાયના કોઈ પણ વિદ્વાનને એટલુ તો સ્વીકારવુ પડશે કે श्रीपुरुषोत्तमजी એ પ્રમેયને છોડયુ નથી, અને श्रीहरिरायजीએ પ્રમાણનો ત્યાગ કર્યો નથી સીધા સરલ ભક્તોને શ્રીહરીરાયજી વધ્રુ આકર્ષણ કરે પણ જેને વિદ્યાનું ગુમાન હોય તેમનું ગુમાન

ભુલાવી તેમનો મદ તોડી આ સંપ્રદાયનાં પ્રમાણ પ્રમેય સાધન અને ફલને સમજાવવું એ કાર્ય શ્રીપુરુષોત્તમજીએ કર્યું છે તે અદ્વિતીય છે. એમના વેણુગીત ઉપર લખેલા બંને પ્રકાશ, ફલપ્રકરણપરનો પ્રકાશ, તેમજ ભ્રમરગીત તેમજ રાજસ પ્રમેય પ્રકરણ ઉપર લખેલો પ્રકાશ કોઈ પણ વિરોધી વિદ્વાનનું માન મર્દન કરી તેને પુષ્ટિમાર્ગને માટે માન ઉત્પન્ન કર્યા વિના નહિ રહેશે. **कथा इमास्ते** શ્લોકઉપર શ્રીવિઠ્ઠલેશ્વરે જે સુંદર કારિકાઓ લખી છે, તેનો પ્રકાશ એટલો બધો ચિત્તાકર્ષક છે કે જેઓ પ્રમેયમાર્ગીય હોય તેમને પણ એમના પ્રમેયના ઉંડા જ્ઞાન માટે માન ઉત્પન્ન થયા વિના રહે નહિ. એમના પ્રમાણવિષયક જ્ઞાન વિષે તો બે મત હોઈ શકેજ નહિ કેમકે અણુભાષ્યપરના પ્રકાશમાં જે પાંડિત્ય દ્યોતન થાય છે, તે અન્યત્ર જણાવું મુશ્કેલ છે, એટલુંજ નહિ પણ એમણે બાદરાયણસૂત્રના સર્વ ભાષ્યોની જેવી સમક્ષા કરી છે, તેવી ભારતવર્ષમાં કે ભૂતલપર બીજા કોઇએ કરી નથી. એમનો શ્રીસૂબોધિની પરનો પ્રકાશ એવો વિદ્વત્તા ભરેલો છે, અને એમના વાદ ગ્રંથો એવા પ્રમાણપુરઃસર છે, કે અન્ય સંપ્રદાયનો કોઇ પણ વિદ્વાન્ તે સર્વ વાંચ્યા પછી પુષ્ટિસંપ્રદાયની સામે આંગળી કરી શકે નહિ 'સર્વજ્ઞ, હૃદિ ઇશ્વરજ્ઞ, કૃતકૃત્ય' એવા શ્રીયોગિ-ગોપેશ્વરજીએ અણુભાષ્યપરના પ્રકાશપર રશ્મિ નામની અતિ વિસ્તૃત્ સૂંદર ટીકા લખી છે, તેમાં દરેક ઉપનિષદનું

અર્થમાં શ્રીશંકરાચાર્યે ફેરફાર કર્યો છે તે શાંકરવેદાંતીઓ પોતે જાણે છે તેથી તેઓએ કહ્યું છે કે—

न स्तौमि तं व्यासमशेषमर्थं सम्यङ् न सुत्रैरपि यो बबन्ध ।
विनापि तैः संग्रथिताखिलार्थं तं शंकरं नौमि सुरेश्वरार्यम् ॥

વળી આધુનિક સમયના પ્રખર વિદ્વાન ડો૦ સર ભાંડારકર પોતાના Shaivism, Vaishnavism નામના ગ્રંથમાં સ્પષ્ટ કહે છે કે એકલા શ્રીવલ્લભાચાર્ય જ બ્રહ્મનું સ્વરૂપ પરિણામ માને છે, અને એજ બાદરાયણ વ્યાસનાં સૂત્રને બરાબર અનુસરીને અર્થ કરે છે. (૨) સામાન્યરીતે ભક્તિ અને શૃંગાર એકેકના વિરોધી ગણાય છે, તેનું ઐક્ય શ્રીવલ્લભાચાર્યે જેવું સાધ્યુ છે, તેવું અન્ય આચાર્યે સાધ્યુ નથી. પ્રભુ માત્ર નિષ્પ્રકારક બ્રહ્મ કે સપ્રકારક આત્મા નથી, પણ રસરૂપ છે, શૃંગારરૂપ છે, અને સંયોગ અને વિપ્રયોગાત્મક પોતેજ છે એમ રાસપંચાધ્યાયીના શ્રીસુબોધિનીજીમાં, વેણુગીતમા તેમ અન્યત્ર ઘણે સ્થલે. તૈત્તિરીય ઉપનિષદ્ તેમ અન્ય ઉપનિષદોને આધારે, સિદ્ધ કર્યું છે. જો શ્રીવલ્લભાચાર્ય ન થયા હોત તો કામદેવ બેઠો બેઠો રડયા કરત, અને ભૂતલના સર્વ ધર્મો ઓઘડપંથી હોત, સૌંદર્યવિહીન અને કલાવિહીન હોત. વિષયાનંદ અને ભજનનંદનું તારતમ્ય મનુષ્યો સમજયાજ નહોત. (૩) કર્મમાર્ગનું પણ ખરૂં સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીએ જેવું સમજાવ્યું છે તેવું

બીજા કોઈ આચાર્યે સમજાવ્યુ લાગતુ નથી યજ્ઞ તો નિત્ય છે, અને યજ્ઞની સામગ્રી તેમ ક્રિયાથી નિત્ય યજ્ઞ માત્ર પ્રગટ થાય છે, એ સમજાવનાર શ્રીવલ્લભાચાર્યજી છે તેમ શુદ્ધ અદ્વૈત જ્ઞાન પણ એમણેજ સમજાવ્યુ છે ઉત્પત્તિસ્થિતિલય સર્વ અવસ્થામા જગત્ બ્રહ્મરૂપ છે, ખડ અદ્વૈત શુ અખડ અદ્વૈત શુ, તે સર્વ વિસ્તારપૂર્વક વિવેચન કરી એમણે સ્પષ્ટ સમજાવ્યુ છે (૪) વેદને યોગ્ય સ્થાન આપી ભાગવતમાર્ગની ઉત્તમતા એમણે જ સિદ્ધ કરી છે (સુબોધિની ૨-૧-૬) કલિયુગમા વેદમાર્ગ નષ્ટ થયેલો હોવાથી માત્ર ભાગવતમાર્ગથીજ મોક્ષ છે, એમ પોતે દૃઢતાથી પ્રતિપાદન કર્યુ છે એ માર્ગમા ટસ્થ નીચ કોઈ છેજ નહિ, ચાડાલ પણ ભગવાનને ભજે તો તે ઉત્તમ વર્ણાશ્રમ ધર્મ તો બાહ્ય શરીરને ઉદ્દેશીનેજ છે જીવ ભગવાનનો અશ હોવાથી ભગવત્સેવા જ જીવનો મુખ્ય ધર્મ છે, વર્ણાશ્રમધર્મ નથી, એમ નિશકપણે પોતે ૪૫૦ વર્ષ પહેલા જણાવી દીધુ હતુ लौकिकं वैदिकं चापि काय स्यात् तेषु नान्यथा એ વાકયથી હાલના અજ્ઞાની પુષ્ટિમાર્ગીઓ ભડકે છે, પણ શ્રીવલ્લભાચાર્યને લેશમાત્ર પણ ભય હતો નથી બ્રાહ્મણ વગેરે જ્ઞાતિ નથી, પણ જેનામા ब्राह्मण्यदेवतानो પ્રવેશ હોય અને બ્રાહ્મણના ધર્મ શુદ્ધ રીતે પાળતો હોય બ્રહ્મનુ જ્ઞાન ધરાવતો હોય, તેજ બ્રાહ્મણ એ ઉપનિષદ્ અને મહાભારતમા વર્ણવેલુ સત્ય શ્રીસુબોધિનીમા પોતે દૃઢતાથી જણાવી દીધુ છે આજના શૂદ્રવૃત્તિવાળા, વેદનો

ઉચ્ચાર કરવાને પણ અયોગ્ય, અજ્ઞાની બ્રાહ્મણોને પોતે બ્રાહ્મણ તરીકે સ્વીકારતા જ નથી. પણ હાલના सर्वे ब्राह्मणो માત્યપ્રાય છે એમ પોતે નિબંધમાં કહે છે. (૫) સ્ત્રીશૂદ્રનો વેદમાં ઉદ્ધાર જ નથી. વૈશ્યનાં શુદ્ધ કર્મ કરનાર કેટલેક જન્મે ક્ષત્રિય થાય, પછી કેટલેક જન્મે ક્ષત્રિયનાં શુદ્ધ કર્મો કરવાથી બ્રાહ્મણ થાય, ત્યારે કેટલેક જન્મે મોક્ષને યોગ્ય થાય, એ માનવધર્મશાસ્ત્ર શ્રીકૃષ્ણના જન્મથી ક્યારનું નકામું થઇ ગયું છે, જીવો સ્વતઃ મોક્ષને યોગ્ય હવે રહ્યા જ નથી. હવે તો શ્રીકૃષ્ણનાં શરણથી જ મોક્ષ છે. અને તે આ જ જન્મમાં સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર અને ચાંડાલ ભક્તને પ્રાપ્ત થઇ શકે છે, બ્રાહ્મણજન્મની અપેક્ષા જ નથી, ભગવાનની કથામાં જેને રસ નથી, તેનો બ્રાહ્મણજન્મ પણ નકામો છે, એમ પોતે સ્પષ્ટ આજ્ઞા કરી છે.

ये भक्ताः शास्त्ररहिताः स्त्रीशूद्रद्विजबन्धवः ।
तेषामुद्धारकः कृष्णः स्त्रीणामत्र विशेषतः ॥

સુબોધિની, ભા૦ ૧૦-૧-૧૦ ના

એ કારિકાથી શ્રીકૃષ્ણનું કૃપાનિધિપણું પોતે પુરવાર કર્યું છે, અને સ્ત્રીઓ અંતઃકરણપ્રધાન હોવાથી પ્રેમને માટે સર્વસ્વ અર્પણ કરવાને તત્પર હોવાથી પુષ્ટિમાર્ગમાં તેમને પ્રથમ સ્થાન આપ્યું છે. (૬) પુષ્ટિમાર્ગમાં દીનતા અને નિઃસાધનતા મુખ્ય છે. સ્ત્રીહૃદય આવશ્યક છે. પોતે શ્રીભાગવતના સારરૂપ રાસસ્ત્રીભાવપૂરિત વિગ્રહ છે,

પ્રતિક્ષણ નિકુંજની લીલાના રસથી સુપૂરિત છે, એમના સાન્નિધ્યમાત્રથી–શ્રીસુબોધિનીના અવગાહન માત્રથી શ્રીકૃષ્ણ પર પ્રેમ થાય છે, અને ગીતામાં મન્મના વિગેરે શ્લોકોમાં કહેલી કૃષ્ણપ્રાપ્તિ સહજ થઈ જાય છે, પ્રભુ ભક્તને વશ થઇ જાય છે, અને મુક્તિથી અધિક, મુક્તિથી શરૂ થની સર્વ આશિષનું દાન પોતે કરે છે. (૭) જો શ્રીવલ્લભાચાર્ય પ્રકટ થયા ન હોત તો પ્રભુના સાક્ષાત્સંબંધમાં જીવો કદાપિ આવી શકત નહિ જે પ્રભુની એકેક રૂંવાટીમાં કરોડો બ્રહ્માંડો છે તે પ્રભુને વ્રજવાસીઓ અને ગોપિઓ કેવી રીતે ખેલાવે છે અને નચાવે છે, તેનાં બે સુંદર પદો નીચે આપીએ છીએઃ–

કૌન સુકૃત ઇન વ્રજવાસીનકો, વદત વિરંચિ શિવ શેષ;
શ્રીહરિ જિનકે હેત, પ્રકટે માનુષ વેષ, ધ્રુ૦

યોતિરૂપ જગધામ જગતગુરૂ, જગતપિતા જગદીશ;
યોગ યજ્ઞ જપ તપ વ્રત દુર્લભ સો ગૃહ ગોકુલ ઇશ ૧

જાકે ઉદર લોકત્રય જલથલ, પંચ તત્વ ચોખાન;
બાલક વ્હૈ ઝૂલત વ્રજપલના, યશુમતિ ભવન નિધાન. ૨

એક એક રોમ વિરાટ કોટિસમ, અનંત કોટિ બ્રહ્માંડ;
તાહિ ઉછંગ લીયે માત યશોદા, અપને નિજ ભુજદંડ. ૩

રવિ શશિ કોટિકલા ભવલોચન, ત્રિવિધ તિમિર બાજિતાતઃ
અંજન દેત હેત સુતકે ચક્ષુ, લેકર કાજર માત ૪

નેતિનેતિ ત્રિપદ કરી કરૂણામય, બલિ છલિ દીયો હે પતાર;
દેહરી ઉલ્લંઘી શકત નહિ સો પ્રભુ, ખેલત નંદજુકે દ્વાર. ૫
અનુદિન શ્રવત સુધારસ પંચમ, ચિંતામણિ શ્રીધેનુ;
સો તજિ યશુમતિકો પય પીવત ભક્તનકો સુખ દેનુ. ૬
વેદવેદાંત ઉપનિષદ્ ષટરસ અર્પત ભુકતે નાહિ;
સો હરિ ગ્વાલબાલમંડલમેં, હસિહસિ જુઠન ખાહિ. ૭
કમલાનાયક વૈકુંઠદાયક, દુઃખ સુખ જિનકે હાથ;
કાંધે કમરી લકુટ નગ્ન પદ, વિહરત વન વચ્છ સાથ. ૮
કરણ હરણ પ્રભુ દાતા ભુકતા. વિશ્વંભર જગ જાનિ;
તાહિ લગાઇ માખણકી ચોરી, બાંધ્યો નંદજુકી રાની. ૯
બકી બકાસુર શકટ તૃણાવર્ત અઘ-ધેનુ વૃષભાષ;
કંસ કેશીકો યહ ગતિ દીની રાખ ચરણકી પાસ. ૧૦
ભકતવત્સલ હરિ પતિત ઉદ્ધારણ કહે સકલ સુરસુર;
મારગ રોકિ પર્યો હરિ દ્વારે પતિતશિરોમણિ સૂર. ૧૧

ધન્ય છે આવો અનુભવ કરનાર યશોદામાતાને! ધન્ય છે આ અનુભવ કરનાર ગ્વાલબાલોને! ધન્ય છે એ ગાયો અને વત્સોને! અરે, એ પ્રભુના સંબંધમાં આવેલી પૂતના, બકાસુર, શકટાસુર, તૃણાવર્ત, અઘાસુર, ધેનુકાસુર, વૃષભાષ, કંસ, કેશી, સર્વને ધન્ય છે!

બની સહજ યહ લૂટ હરિકેલિ ગોપિનકેં,
સુપને યહ કૃપા કમલા ન પાવે,
નિગમ નિરધાર ત્રિપુરારહૂ વિચાર રહ્યો,
પચ રહ્યો શેષ નહિ પાર પાવે. ૧

કિંનરી બહુર અરૂ બહુર ગંધર્વની,
પનગની ચિતવન નહીં માંઝ પાવે,
હેત કર તાર વે લાલ ગોપાલસો,
પકર વ્રજબાલ કપિ જ્યોં નચાવે. ૨

કોઉ કહે લલન પકરાવ મોહિ પાવરી,
કોઉ કહે લાલ બલ લાડિલે,
કોઉ કહે લલન ગહાવ મોહિ સોહની,
કોઉ કહે લાલ ચઢ જાઉ સીઢી. ૩

કોઉ કહે લલન દેખો મોર કેસે નચે,
કોઉ કહે ભ્રમર કેસે ગુંજારે,
કોઉ કહે પોર લગ દોર આવો લાલ,
રીઝ મોતિનકે હાર વારે. ૪

જો કછુ કહે વ્રજ વધૂ સોઇ સોઇ કરત,
તોતરે બેન બોલન સુહાવે,
રોય પરત વસ્તુ જબ ભારી ન ઉઠે તબે,
ચૂમ મુખ જનની ઉરસો લગાવે. ૫

બેન કહી લેની પુન ચાહિ રહત વદન હસ,
સ્વભુજ બિચ લે લે કસોલે,
ધામ કે કામ વ્રજબામ સબ ભૂલ રહી,
કહાન બલરામકે સંગ ડોલે. ૬

સૂર ગિરિધરન મધુચરિત્ર મધુપાનકે,
ઓર અમૃત કછુ આન લાગે,

ઔર સુખ રંકકો કૌન ઈચ્છા કરૈં,
મુક્તિ હોં લોનસી ખારી લાગે. ૭

પરબ્રહ્મને દોરડેથી બાંધવાના અલૌકિક સામર્થ્યવાળાં શ્રીયશોદા માતાને, 'કપિ'ની માફક નચાવનાર શ્રીગોપીજનને અને એ સર્વ લીલાનો અનુભવ અને દર્શન કરનાર શ્રીસૂરદાસ જેવા ભાગ્યવાન ભક્તોને મુક્તિની શી પડી હોય !? મુકિતમાં તો સર્વ ઇન્દ્રિયો નકામી થઈ જાય છે, દેખતી આંખને અંધકારમાં નાંખવા જેવી છે, એ વાત અક્ષણ્વતાં શ્લોકમાં વેણુગીતના સુબોધિનીમાં શ્રીવલ્લભાચાર્યજીએ જણાવી દીધી છે.

શ્રીવલ્લભાચાર્યના પુષ્ટિસંપ્રદાય અને શ્રીકૃષ્ણચૈતન્યના ગૌડસંપ્રદાય સિવાય અન્ય કોઇ આ સૌંદર્યનો અનુભવ ભૂતલ ઉપર કરી શકયું નથી. એનું તત્વજ્ઞાન તો વલ્લભસંપ્રદાયમાં જ છે. પ્રભુલીલાનો સાક્ષાત્કાર કરાવનાર પુષ્ટિસંપ્રદાય ભૂતલના ભૂષણરૂપ છે. (૮) શ્રીકૃષ્ણના જન્મથી વેદની પ્રાચીન પ્રણાલિકાનો ઉપયોગ હવે રહ્યો નથી, શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ વગેરે સાધવાને જુદો પ્રયત્ન કરવાની અપેક્ષા નથી. એમ પોતે સુ. ૧૦-૩-૮ માં પ્રતિપાદન કર્યું છે, અને વૈદિક ભકિતથી કૃષ્ણભકિતની વ્યવસ્થા તદ્દન જૂદીજ છે એ વાત ૧૦ ઉ.-૯-૩૨ માં નાગ્નજીતીના પ્રસંગમાં પોતે જણાવી દીધી છે હવે તો હૃદયને આંખોમાં- દૃષ્ટિમાં-લાવી બહાર પ્રભુનાં દર્શન કરી તેનાંજ ભજનકીર્તન

સેવા સદા કરવાનાં છે એ વાત પોતે વેદસ્તુતિના સુબોધિ-
નીમાં દઢતાથી પ્રતિપાદન કરી છે. (૯) કલિયુગમાં સંન્યાસ
પ્રભુના વિરહરસના અનુભવને માટે જ લઇ શકાય, નહિ
તો પતિત થવાય. આવા આવા કર્મના સારરૂપ, જ્ઞાનના
સારરૂપ. ભકિતના સારરૂપ, વેદના સારરૂપ, સર્વશાસ્ત્રોના
સારરૂપ, ઉત્તમોત્તમ વિચારો શ્રીવલ્લભાચાર્યે પ્રકટ કર્યા
છે, અને એ સર્વ વિચારોના સારરૂપ રસરૂપ ભગવાન્
કૃષ્ણને અમારાં હૃદયમાં સદાને માટે પધરાવ્યા છે. શ્રીવલ્લ-
ભાચાર્ય પ્રકટ ન થયા હોત. પુષ્ટિમાર્ગ એમણે પ્રકટ ન
કર્યો હોત, તો દૈવી જીવો જગતમાં સર્પિણીની માફક આમ
તેમ રખડત, ફાંફાં મારત, અને ક્યાંયે વિશ્રામ ન મળ-
વાથી હૃદય ન ઠરવાથી ઝુરી ઝુરીને મરત. દૈવીસૃષ્ટિ વ્યર્થ
થઇ જાત. કૃષ્ણસેવારૂપ, કૃષ્ણકથારૂપ, કૃષ્ણકીર્તનરૂપ, કૃષ્ણ-
ગુણગાનરૂપ પુષ્ટિસંપ્રદાય પ્રકટ કરનાર આનંદનિધિ શ્રીવલ્લ-
ભાચાર્ય ભૂતલ ઉપર ન પ્રકટયા હોત તો ભૂતલ ભાગ્યહીન
રહેત. આ સર્વ શ્રીહરિધનચરણ સારી રીતે જાણતા હતા,
અને એમણે 'હુંભાવ પુંભાવ'નો ત્યાગ કરી. સ્ત્રીભાવનો
અનુભવ કરી, દીનતા, નિઃસાધનતા, રસરૂપ પ્રભુનાં સ્વરૂપ
ભકિતનાં સ્વરૂપ, મુકિતનાં સ્વરૂપ અને અન્ય પુષ્કળ વિષ-
ચો પર વિપુલ સાહિત્ય પ્રકટ કરી પુષ્ટિસંપ્રદાયને અને
ભૂતલને ઉપકારગ્રસ્ત બનાવી મૂકયું છે.

श्रीकृष्णार्पणमस्तु.

श्रीकृष्णाः॥

પ્રસ્તાવના

શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના ઉપક્રમથી સમ્પ્રદાયના પરમ મર્મજ્ઞ શ્રીહરિરાય મહાપ્રભુજીયે રચેલા ગદ્યપદ્યાત્મક ફૂટકર ગ્રન્થોનો એક સંગ્રહ આજે વૈષ્ણવો સમક્ષ ગૂજરાતી અનુવાદ સાથે રજૂ કરવામાં આવે છે. શ્રીહરિરાયજીયે વૈષ્ણવ જનતા ઊપર અનુગ્રહ કરીને સહસ્રાવધિ અમૂલ્ય ગ્રન્થો સમ્પ્રદાયને ભેટ કર્યા છે. આમાનો આઠમો ભાગ પણ અદ્યાપિપર્યન્ત પ્રસિદ્ધ થઈ નથી શક્યો. ષોડશ ગ્રન્થો ઊપરની આપશ્રીની ગદ્ય કે પદ્ય સ્વરૂપે બિરાજતી ટીકાઓમાંની કેટલીક, શિક્ષાપત્રો, તેમજ बृहत्स्तोत्रसरित्सागरमां છપાયેલા ૧૧૪ ગ્રન્થો અને માસિકોમાં છપાયેલા ફૂટકર ગ્રન્થો સિવાય ઘણુંયે સાહિત્ય હજી અપ્રસિદ્ધ પડ્યૂં છે. શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય નડિયાદના કારોબારી મંડળે એવો નિર્ણય કર્યો છે કે જેટલા મેળવી શકાય, તેટલા પછી હસ્તલિખિત દશામાંના કે મુદ્રિત દશામાંના પ્રથમ

તો કૂટકર ગ્રન્થો મેળવી મૂળ સહિત છેવટ ગુજરાતી શબ્દાર્થમાત્ર સાથે છપાવી પ્રસિદ્ધ કરવા. એ રીતે આ પ્રથમ ભાગ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સમ્પ્રદાયનો અર્ન્તભૂત એવો એક પણ વિષય બાકી નથી રહેલો, કે જેના ઊપર શ્રીહરિરાયજીએ પ્રકાશ ન પાડયો હોય. આ સઙ્ગ્રહમાં સ્વીકારવામાં આવેલા ગ્રન્થોથીજ એ વસ્તુ સમઝી શકાશે. શ્રીહરિરાયજી મુખ્યત્વે પ્રમેયવાદી છે; એટલે એમના પ્રમાણનું સ્વરૂપ સમઝાવનારા ગ્રન્થોમાં પણ અન્તે આપશ્રીનો ઝોક પ્રમેય તરફજ વળેલો પ્રાપ્ત થાય છે. **प्रमेय हरिरेवैकः** એ તો આપશ્રીનું પરમ તત્ત્વ છે, એ અત્રતત્ર અત્યન્ત સ્ફુટ સ્વરૂપમાં શ્રીહરિરાયજીના પ્રત્યેક ગ્રન્થરત્નમાંથી તરી આવે છે.

અમે જે ક્રમે આ સઙ્ગ્રહ તૈયાર કર્યો છે, તેમાં પણ ઉપદેશાત્મક પ્રમાણપર ગ્રન્થો આરમ્ભમાં આપ્યા છે અને તે પછી પ્રમેયપર ગ્રન્થો આપવામાં આવ્યા છે; જોકે એક-વાક્યતાની ગન્ધથી એ ક્રમ શિથિલ બને છે અમને તો આશ્ચર્ય એ થાય છે કે ભિન્ન ભિન્ન પ્રકારના અધિકારીયોનાં હિત પણ શ્રીહરિરાયચરણના લક્ષ્યમાંથી સરી જવા નથી પામ્યાં; અને તેથીજ દ્વિવિધ ભક્તિ અને દ્વિવિધ મુક્તિ જેવા વિષયો પણ એઓશ્રીએ જરાયે જતા નથી કર્યા. 'સ્વમા-ર્ગીય શરણ સમર્પણ સેવાદિ નિરૂપણ' જેવા ગ્રન્થોમાં એકડે

એકથી માંડી બધી વસ્તુઓ પ્રમેય પર્યન્તની બતાવીને તો શ્રીહરિરાયજીયે હદજ કરી નાખી છે. આપશ્રીનો સર્વ સામાન્ય બધાજ અધિકારીયો માટે એકજ ઉપદેશ છે કેઃ—

"भक्तिमार्गस्थितैः श्रीमदाचार्यपदसंश्रितैः ।
सेव्यमानं महाभावैर्निरोधं साधयेद् ध्रुवम् ॥१॥
(स्वमा. स्व. स्था.)

ભક્તિમાર્ગમાં સ્થિતિ કરી રહેલા, વળી શ્રીમહાપ્રભુજીના પદને આશ્રયે રહેલા, મહાનુભાવી ભક્તોયે સેવાતા નિરોધની સદૈવ સાધના કરવી.

આમાંથી આપણને 'નિરોધની સાધના' એ વસ્તુ નડશે, કેમકે એમાં સાધનદશાનો ગન્ધ જણાય છે; વસ્તુસ્થિતિયે એ સાધનદશા નથી; પ્રભુના પરમાનુગ્રહે શ્રીમદાચાર્યચરણોના શરણરૂપી પરમ ફલની પ્રાપ્તિ પછીના ક્રમમાનનું આમાં સૂચન છે. પ્રભુની કૃપા વિના માર્ગપ્રવેશજ શકય નથી; શરણથીજ પ્રભુનો ફલાત્મક અનુગ્રહ જીવને પ્રાપ્ત છે. અધિકારભેદે ક્રમિક સાધનો આમ છતાં નથી, એમ કહી શકાય તેમ નથી.

गृहीत्वा नामशरणं गत्वा सर्वं समर्प्य च ।
सेवासार्थकतासिद्ध्यै देहादीनां तथा पुनः ॥२॥
अन्यथाविनियोगाय क्रियतां तनुवित्तजा ।
तया तु मानसी सिध्येत् सेवात्र फलरूपिणी ॥३॥

સમ્પ્રદાયમાંનું સમગ્ર કર્તવ્ય શ્રીહરિરાયજીયે 'સ્વ માર્ગીય શરણ સમર્પણ સેવાદિ નિરૂપણ" ગ્રન્થની ઊપરની એ કારિકામાં ટૂંકમાં આપી દીધું છે; નામશરણ જેને આપણે શરણદીક્ષા કહિયે છિયે, તે પ્રથમ કર્તવ્ય; સર્વ-સમર્પણ કિંવા બ્રહ્મસમ્બન્ધ એ દ્વિતીય કર્તવ્ય, અને પછી ફલાત્મક માનસીની સિદ્ધિ માટે તનુજા અને વિત્તજા સેવા એ તૃતીય કર્તવ્ય. આ કર્તવ્યોમાંથી ભ્રષ્ટ થતાં કશું સિદ્ધ ન થઇ શકે. પરન્તુ આ બધામાં અનુગ્રહ એ પ્રધાન છે. શ્રીમહાપ્રભુજીની, તો સ્પષ્ટ આજ્ઞા છે કે- 'अनुग्रहः पुष्टिमार्गे नियामकः ।

શ્રીહરિરાયજીયે સ્વમાર્ગ મર્યાદાનું નિરૂપણ કરતાં આ વિષય ઊપર બહુ સારો પ્રકાશ પાડયો છે. આપશ્રી આજ્ઞા કરે છે કે "આ માર્ગમાં ધર્મ તે ત્યાગસ્વરૂપે રહેલો છે તેજ ધર્મ જ્યારે નિવૃત્તિને બદલે પ્રવૃત્તિમાં કરવાનો હોય ત્યારે તે પ્રભુના આશ્રયકરણરૂપે રહેલો છે. આ માર્ગમાં સેવા માનસી જાણવી. જે પૂજા છે તે પણ કર્મમાર્ગ કરતાં જુદાજ પ્રકારની જાણવી. આ માર્ગમાં પ્રભુની આજ્ઞાને બરોબર ઊઠાવવી, તેજ ધર્માનુષ્ઠાનઃ અને પ્રભુયે શ્રીમહાપ્રભુજી સમક્ષ પ્રકટ થઈ 'સિદ્ધાન્ત રહસ્ય'માં જે આજ્ઞા કરી છે, તેજ પ્રમાણ. આ માર્ગમાં પ્રમેય વસ્તુ માત્ર પ્રભુજ છે, સ્વર્ગ વગેરે કાંઇ પ્રમેય નથી. વસ્તુસ્થિતિયે પ્રભુ સિવાય અન્ય કોઈની પ્રાપ્તિની આ માર્ગમાં જીવને ઇચ્છા નથી

એ પ્રમેયપ્રાપ્તિને માટે સાધન જો કાંઇ હોય તો તે પ્રભુનો માર્ગ અને જે સાધન તેજ ફલ. આ માર્ગમાં સાધનપૂર્વેજ ફલ રહેલું છે. એ પછી સાધનરૂપેજ ફલપ્રાપ્તિ છે આ માર્ગમાં પ્રભુસેવામાં પ્રવૃત્તિ .કરવી તેજ સાચો માર્ગ છે: અન્ય સર્વ પ્રવૃત્તિ એ ત્યાજ્ય છે સર્વ દેહ સમ્બન્ધી તેમજ ઇન્દ્રિય સમ્બન્ધી જે કાંઇ કર્તવ્ય તે પ્રભુસેવા ખાતરજ. શ્રીકૃષ્ણચન્દ્રજીયે યુદ્ધભૂમિ ઊપર અર્જુનને જે વાત કહી, તે ઊપરથી સ્પષ્ટ થશે કે સર્વશાસ્ત્રો ધર્મોનો ઉપદેશ કરે ત્યારે પ્રભુયે સર્વધર્મોના ત્યાગનો ઉપદેશ કર્યો. આ વિરુદ્ધ ક્રિયા એજ આ માર્ગમાં ધર્મ, એટલે ઇન્દ્રિયાદિકના સમગ્ર ધર્મોના ત્યાગપૂર્વક કેવળ શ્રીકૃષ્ણચન્દ્રજીનું અનન્ય શરણ એજ આ માર્ગમાં ધર્મ. ખરૂં જોતાં આ માર્ગને ત્યાગ આપોઆપોજ ઇષ્ટ છે; કેમકે સેવા કરવામાં તલ્લીન થયેલા ભક્તને પોતાનાં દેહાદિકની પણ લેશમાત્ર અપેક્ષા રહેતી નથી. બધેજ સ્થલે પ્રભુના ધર્મોનોજ વિચાર આવ્યા કરતો હોવાથી આવા ભક્તને સર્વત્ર ભગવાનજ રહેલા છે, તેવી સમજ સ્ફુરે છે. ઇન્દ્રિયોનો સમ્બન્ધ તેમજ અન્ય પદાર્થોનો સમ્બન્ધ આ ભગવદ્બુદ્ધિથી નષ્ટ થઇ જાય છે. આ જગદાદિની સ્ફૂર્તિના વિષયની વાત કરતાં પણ તે જગદાદિનું વિસ્મરણજ આ ભક્તિમાર્ગીય મર્યાદામાં રહેલું છે.''

આવા ત્યાગાત્મક ધર્મનોજ સમાશ્રય ભક્તિમાર્ગીય જીવને કરણીય છે; સામાન્ય અધિકારથી માંડી ઉચ્ચાધિકાર

સૂધી પહોંચવામાં આજ ભકિતમાર્ગીય ત્યાગ નિયામક છે. આપણે સંસારમાં પડયાં છિયે અને તેથી અનેક જાતનાં પ્રલોભનો આપણી સમક્ષ આવી આપણને વિચલિત કરી દેવાનો પ્રયત્ન કરે છે; પરન્તુ પ્રભુનું અનન્ય શરણ જેને પ્રાપ્ત છે, એને મુશ્કેલીયો નથી. આમ છતાં સામાન્ય અધિકારીયોને માટે શ્રીહરિરાયજીયે અનેક સ્થળે ભારે સાવચેતી રાખવાનો ઉપદેશ આપ્યો છે. જેજે પ્રતિબન્ધક વસ્તુઓ છે, એનો અનેક સ્થળે આપે ઉલ્લેખ કર્યો છે. 'સ્વમાર્ગીય. શ. સમ. ગે. નિરૂપણ' ગ્રન્થમાં આપ આજ્ઞા કરે છે કે:—

"अन्याश्रयो नैव कार्यो नैवान्यत्र स्वतो व्रजेत् ।
प्रार्थना नैव कुत्रापि कर्तव्या भगवत्यपि ॥१८॥
अविश्वासो न कर्तव्यो ब्रह्मास्त्रस्य निदर्शनात् ।
लौकिके वैदिके वापि कार्ये सङ्गं विवर्जयेत ॥१९॥
यथाकथञ्चित्कर्तव्यं मात्परात्र भावनम् ।
सर्वत्र ममतां त्यक्त्वा सर्वं कार्यं प्रसाधयेत् ॥२०॥
लोभं च हृदये नैव कुर्यात्, प्राप्तं हि सेवयेत ॥२०½॥

પ્રભુ સિવાય અન્ય કોઇનો પણ આશ્રય ન કરવો, પોતાની મેળે તો આશ્રય માટે કયાંય પણ ન જવું. બીજાની પાસે પ્રાર્થના ન કરવી; એ તો ઠીક પણ ખુદ પ્રભુ પાસે પણ પ્રાર્થના ન કરવી; કારણ કે તેથી પ્રભુમાં અવિશ્વાસ થવાનો

પ્રસંગ ઊભો થાય છે. રાવણના પુત્ર ઇન્દ્રજિતે બ્રહ્માસ્ત્રમંત્ર પ્રયોગથી એક ત તણાવતી હનુમાનજીને બાંધ્યા હતા; પરન્તુ તેને શંકા થઈ કે આ તાંતણો હનુમાનજી તોડી નાખશે તો? બસ, આટલાજ અવિશ્વાસથી પેલા તાંતણામાંથી બ્રહ્માસ્ત્રની શકિત લુપ્ત થઈ અને હનુમાનજી મુક્ત થઇ ગયા. આ ઉદાહરણ લઈ પ્રભુમાં કદી અવિશ્વાસ ન લાવવો. પ્રાર્થના કરવાથી અવિશ્વાસનો ભર્ગ થાય છે. 'હે પ્રભુ! ફલાણું આપો યા કરો,' એટલી માગણીથી જીવને એટલું તો થયું જ ને કે પ્રભુ આ આપવામાં કે કરવામાં ચોક્કસ નહીં હોય! અને માગ્યા પછી એ ન મળ્યું તો પ્રભુમાં અવિશ્વાસ થાય ને? જે થવાનું હશે, તે તો પ્રભુના નિયમન મુજબ થશેજ; માગ્યે કાંઈ તેનામાં ફેરફાર થવાનો નથી. તો માગ્યે શું વળે? લૌકિક અને વૈદિક કર્મોમાંથી પણ સર્વને દૂર કરવાની જરૂર છે; કારણ કે તેટલું પણ પ્રભુમાં અવિશ્વાસજનક થાય છે, બેશક આપણે લોકોમાં રહ્યાં છિયે, તેથી લૌકિક વૈદિક કરવાં તો પડે છે; તે કરવામાં પણ એ આપણા ઊપર એક મોટા બોજારૂપ છે, એવી ભાવના કરવી; બધામાંથી મારાપણું ઊઠાવી લઈ કાર્ય કરવું તો તે લૌકિક-વૈદિક પ્રભુમાર્ગમાં નડતરરૂપ ન થાય. અને લોભ તો કદાપિ ન કરવો; કેમકે તે આકાઙ્ક્ષા ઉત્પન્ન કરે છે અને તેથી પ્રભુ પાસે માગવાની ઇચ્છા થાય છે, જે અવિશ્વાસજનક છે; માટે જે કાંઈ પ્રભુકૃપાયે-પ્રભુની ઇચ્છા મુજબ મળી રહે, તેનાથીજ સન્તોષ માનવો".

આ માર્ગજ ભાવાત્મક છે. 'માર્ગસ્વરૂપ નિર્ણય' માંજ શ્રીહરિરાયજીયે એ વસ્તુ સ્ફુટ સ્વરૂપે બતાવી છે આ ભાવ માત્ર ભાવનાથી સિદ્ધ છે. આ ભાવનાના ત્રણ પ્રકાર શ્રીહરિરાયજીયે નિર્દેશ્યા છે. આમાંથી પ્રથમ સ્વરૂપભાવના આ છે. 'પ્રથમ' દશામાં જે કોઇયે સ્વરૂપનો કંઈ પણ અનુભવ કર્યો નથી, સ્વરૂપનૂં માત્ર શ્રવણ કર્યું છે, તેમણે ચોગ્યની માફક પ્રભુના સ્વરૂપનો વિચાર કરવો. આ સ્વરૂપભાવના કરતાંજ ભગવાનનો અનુભવ થાય છે, ત્યારે પ્રભુ સાક્ષાત અથવા તો નાદદ્વારા સમગ્ર લીલાંઓથી સમન્વિત થઈ ભક્તના હૃદયાકાશમાં પ્રકટ થાય છે.' એ પછીની ભાવના તે લીલાભાવના. 'લીલાભાવનામાં ભક્ત સ્વયં લીલારૂપ બની જાય છે; એટલે કે લીલાની આ શક્તિથી દેહાદિકની સર્વ ક્રિયામાં, જ્ઞાનમાં, સર્વ પદાર્થમાં અન્યથારૂપ પ્રતીતિ થતી હોય, તેમાં પણ પ્રભુનીજ લીલાનું ભાન થઇ જાય છે.' આ પછી ત્રીજી તે ભાવભાવના છે. આ ત્રીજા પ્રકારની ભાવનામાં તાપક્લેશ એ મુખ્ય વસ્તુ છે. જો તાપક્લેશ ન થાય તો દેહાદિની નૂતનતા સમ્ભવી શકતી નથી અને તેથી પૂર્ણવિયોગાત્મક કેવલ ભાવાનુભવ થતો નથી. એમ કદાચ માનો કે આ તીવ્ર વિયોગાગ્નિથી દેહાદિ બળી જશે તો ભાવનો અનુભવ શી રીતે થઈ શકશે? પણ વિચારવામાં આવે તો સ્પષ્ટ માલૂમ પડશે કે તાપક્લેશનો નિયામક વિયોગ પણ સ્વરૂપાત્મક હોવાથી એ વિયોગજ દેહાદિનો સંરક્ષક બનશે; વસ્તુસ્થિતિયે તો તાપક્લેશથી દેહશુદ્ધિ

થાય છે. એ રીતે દેહ શુદ્ધ થયા પછીજ અત્યાર્ત ભક્તને અચાનક સ્વરૂપનો આવિષ્કાર વીજના ઝબકારાની માફક હૃદયમાં થઇ જાય છે. એથી વિશેષ જીવને બીજું શું ઈષ્ટ હોય ?

આવી જાતની કોટિ સર્વાત્મભાવથી પ્રાપ્ય છે. એ સર્વાત્મભાવનું વિવેચન કરતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કેઃ—

सर्वेषामिन्द्रियाणां हि देहादीनां तथा पुनः ।
आत्मभावो भगवति सर्वभावः स कथ्यते ॥२॥

બધી ઇન્દ્રિયોનો તેમજ દેહાદિક સર્વનો ભગવાનમાં જે આત્મભાવ-અનન્યભાવ, તે **સર્વાત્મભાવ.**"

પોતાનો બીજામાં જે સમ્બન્ધ, તેનો જે વિચાર અને 'આ અમારા ભગવાન' એવી જાતનું જે સમ્બન્ધીપણું તેની સ્ફુર્તિ, તેનું નામ તે આત્મભાવ. આપણાં જે દેહ-ઇન્દ્રિયો, તે પ્રત્યેકની પ્રભુને વિશે લેશ પણ આકાઙ્ક્ષા ન હોવી જોઇયે. જો આકાઙ્ક્ષા રહે તો ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના વિષય એવી ઇન્દ્રિયોના ભાવની સ્થિતિ રહેવાથી સર્વપણું ન થાય. આથી કરીનેજ સર્વાત્મભાવમાં દેહાદિકની સ્ફુરણા ન હોવી જોઇયે. ઇન્દ્રિયોના વિષયોના ત્યાગ વિશે પ્રભુની જે આજ્ઞા છે, તે એવા અતુલિત સર્વાત્મભાવની સિદ્ધિ કરાવવા માટેજ. જો હૃદયમાં કામ-વિષયની સ્થિતિ હોય તો તેવા

કામભાવથી-વિષયાપેક્ષા રહેલી હોવાથી સર્વાત્મભાવ સિદ્ધ ન થાય. એકજ વસ્તુ આમાંથી તરી આવે છે સકામતામા દ્વિધાભાવ છે; અને તેથી અનન્યતાનો અર્થ જે સર્વાત્મભાવ, તે કદાપિ સિદ્ધ થતો નથી.

આમ પ્રભુપ્રાપ્તિમાં પણ સકામતા ત્યાજ્ય છે, તો પછ લૌકિક દશામાં સકામતા ત્યાજ્ય હોય તેમાં શી નવાઈ અને તેથી શ્રીમદાચાર્યચરણોયે વિષયત્યાગનો સાર્વત્રિક ઉપદેશ કર્યો છે. અલૌકિક કામથી પ્રભુપ્રાપ્તિ નથી થતી એમ નથી, પણ તે પણ દ્વિધાભાવજનક હોવાથી ઉપયોગી નથી; વસ્તુસ્થિતિયે કામભાવમાં પ્રવૃત્તિ છે અને સર્વાત્મભાવમાં નિવૃત્તિ છે.

આ બધી તો આમ અતિ ઉચ્ચ કોટિની વાતો છે, ત્યાંસૂધી પ્હોંચવાના આ કાળના જીવોમાં અધિકાર છે કે નહીં, તે જાણવૂંજ હું તો મુશ્કેલીભર્યૂં માનું છું. બેશક પ્રભુના અનુગ્રહથી એ બધુંજ શકય છે, પરન્તુ તે મનુષ્યબુદ્ધિથી સમજી શકાય, એવી વસ્તુ હોય તેમ મારૂં માનવૂં નથી. એટલેજ આધુનિક જીવોયે તો માર્ગમાંથી કેમ ચલિત ન થવાય, તેવી સાવધાની રાખવાની આવશ્યકતા છે. તે માટે આ સંગ્રહમાં છપાયેલા દુઃસઙ્ગ વિજ્ઞાન પ્રકાર, કામાખ્ય દોષ વિવરણ, સ્વમાર્ગીય શરણ સમર્પણ સેવાદિ નિરૂપણ, બહિર્મુખત્વ નિરૂપણ, બહિર્મુખત્વનિવૃત્તિ, કથાશ્રવણબાધક નિર્ણય, સત્સઙ્ગ નિર્ણય, સ્વમાર્ગમર્યાદા

નિરૂપણ, શ્રીપુષ્ટિમાર્ગલક્ષણ, પુષ્ટિમાર્ગીય મર્મ નિરૂપણ, એ વગેરે ગ્રન્થોનેજ સારી રીતે હૃદયમા ઊતારી અધિકાર સિદ્ધ કરતા કરતા અને લૌકિક પ્રતિબન્ધોમાંથી બચવાને માટે અવિરત પ્રયત્નશીલ થતાં થતા આગળ વધવાનું છે. અધિકાર વિના આગળ વધવાનો પ્રયત્ન કરવાથી આ ભયાનક કાળમાં વિપરીત ફલ મળવ નીજ બ્હીક છે.

આ સદ્ગ્રહમાં પ્રભુના રસાત્મક સ્વરૂપનું નિરૂપણ કરનારા અનેક ગ્રન્થો નિરૂપાયેલા છે. રસશાસ્ત્રના શાસ્ત્રીય જ્ઞાન વિના એ પ્રક્રિયા સમજાય તેવીજ નથી, અને અધિકારને અભાવે કમસમઝ માણસ તેમાંથી ઊલટુંજ સમઝી બેસે તેવી સ્થિતિ છે આનું જ્ઞાન દુ શકય તો નથીજ અને તેથીજ સદ્ગુરુના અનન્ય શરણની અનિવાર્યતા રહી છે ભગવન્માર્ગમાં પ્રેમપૂર્વક રહી મહાનુભાવી વિદ્વાન આચાર્યોના ગ્રન્થોનું પરિશીલન કરતાં ઉત્તરોત્તર જે અધિકાર પ્રાપ્ત થતો આવે તે પ્રમાણે વર્તવાનું છે. શ્રીમહાપ્રભુજીયે તત્ત્વાર્થદીપ નિબન્ધના સર્વનિર્ણય પ્રકરણમાં ભકિતમાર્ગીય જીવોયે કરવાનાં ત્રણ અતિ આવશ્યક કાર્યોનો નિર્દેશ કર્યો છે અને તે આ છેઃ—

स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् ।
इन्द्रियाश्वविनिग्रहः सर्वथा न त्यजेत् त्रयम् ॥२२८॥

શકિત પ્રમાણે અનાસકિતપૂર્વક સ્વધર્મનું આચરણ, પરધર્મમાંથી તદ્દન નિવૃત્તિ અને ઈન્દ્રિયરૂપી ઘોડાઓ ઊપર

કાબૂ, આ ત્રણ વસ્તુનો કદાપિ ત્યાગ કરવાનો નથી. આપ આગળ જઈ આજ્ઞા કરે છે કે ક્રીડા-ખેલના ઉદ્દેશથી પણ આ ત્રણેયમાં જરાયે શિથિલતા આવવા દેવી નહીં. શ્રીહરિરાયજી તો ત્યાંસુધીની આજ્ઞા કરે છે કે-" કૌતુક ખાતર પણ જેનાથી ઇન્દ્રિયો તેના વિષય તરફ ખેંચાય, પરોપકારાદિધર્મો ખાતર પણ જેનાથી ઇન્દ્રિયો તેના વિષય તરફ ઘસડાય, તેનાથી સર્વનાશ થવાની પૂરી શક્યતા છે; માટે કોઈપણ સંયોગમાં ઇન્દ્રિયો ઊપરનો કાબૂ છોડવો નહીં. અન્તે એજ ઇષ્ટ કેઃ-

[શાર્દૂલવિક્રીડિત]

સેવાતત્પર થૈ કથાપ્રિય થતાં, સત્સઙ્ગને શોધતાં,
વ્યાપારો પર છોડતાં, પ્રભુ તણા ભાવે રસાવેશતા
ને હૈન્યે પ્રિયતા કરી, અસત જે આલાપ, તેને ત્યજ્યે,
અત્યાર્તિ પ્રભુદર્શને ઝટ લહો, આચાર્યભક્તાશ્રયે.

ઇતિ શમ્ ।

તા. ૧-૩-૩૭
મીઠાખળી-અમદાવાદ

વૈષ્ણવચરણરજોભિલાષી,
કેશવરામ કા. શાસ્ત્રી

શ્રી કૃષ્ણ

નિત્યલીલાસ્થ ગો. શ્રીદ અનિરૂદ્ધાચાર્યજીનું

જીવન ચરિત્ર.

સમાજ અને પુષ્ટિ સંપ્રદાય

જગતના ઈતિહાસમાં નોંધવા લાયક હજીએ ઘણાં એવાં કુટુંબો હશે કે જેમણે સદીઓ સુધી ધાર્મિક, સામાજીક કે રાજનૈતિક કાર્યોમાં મોટામાં મોટો ફાળો આપ્યો છે. ઇતિહાસના ચિત્રપટ ઉપર તેમનાં ચિત્રો અંકિત થયાં છે. પણ ઈતિહાસ-કારો હજી સુધી તેમને ઓળખતા નથી. એવું જ એક કુટુંબ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું છે શ્રીવલ્લભવંશે ૪૫૮ વર્ષ સુધી સતત ધાર્મિક આંદોલનોમાં રસ રેડયો છે; ધાર્મિક મન્તવ્યોને સજીવ બનાવ્યાં છે અને વ્યવહારિક-ધાર્મિક તત્વો practioc religious principles) જગતને અર્પ્યાં છે.

શ્રી વલ્લભવંશે રજપુત રાજવંશોને પુણ્યતમ માર્ગે દોર્યા; મોગલ સલ્તનત સામે લડત ચલાવી, હિન્દુધર્મ પ્રત્યે માનની લાગણી પેદા કરી કાજીઓને ન્યાય તોળવાના આદર્શો

અર્ચા. બ્રાહ્મણોને ઉપનીષદ્-જુની વિચાર પરંપરા અર્પી નવાં તત્ત્વો સમક્ષ માનની લાગણી ધરાવતા કર્યા. સન્માર્ગના રક્ષક વિદ્વાનોને નવી-સરખી, પણ જુનામાં જુની વિચાર સરણી તે આછે એમ विद्वद्भिः सर्वथा श्राव्यं ते हि सन्मार्गरक्षकाः એવો નીડરપણે ઢંઢેરો જાહેર કર્યો અને विद्वेषु हस्तयुगलं युक्तो निधाय કહીને વિનવ્યા પણ ખરા.

સિકંદરલોદી અને કૃષ્ણદેવરાજા, અકબર અને મહારાણા પ્રતાપ, તેમજ વીર ક્ષત્રાણી દુર્ગાવતી, જહાંગીર અને મહારાજા જોધાજી ઔરંગઝેબ ને બુંદેલખંડના નરકેસરી ચંપતરાય અને છત્રસાલ, એ સર્વ ઉપર સમાન રીતે પ્રતીભાની છાપ પાડનાર જો કોઈ એકજ વંશ સફલ નીવડયો હોય તો માત્ર એક શ્રી વલ્લભવંશજ છે. શ્રી વલ્લભવંશે આચાર્ય તરીકે ૪૫૦ વર્ષના ઇતિહાસમાં દરેક રીતે સફળતા મેળવી છે.

આચાર્ય એટલે ધાર્મિક તત્ત્વોને સુવ્યવસ્થિતપણે જનતાને સ્વીકારવા લાયક કરી આપે તે. જો સમયની ફેરબદલીને અંગે ધાર્મિક તત્ત્વોના સ્વીકારમાં કે ધાર્મિક વ્યવહારના આચરણમાં અશક્યતા ઉભી થતી હોય અને તેનું કારણ સામાજીક, રાજનૈતિક કે ધાર્મિક ગમે તે હોય પણ તેની સામે વ્યવસ્થિત રીતે ઝુંબેશ ઉઠાવી તે સમયના સમાજની બુદ્ધિમાં ઠસવી શકાય તે રીતે જુનામાં જુના પણ નિત્ય-અપરિવર્તનીય તત્ત્વોનેજ નવી ભાષામાં રજુ

કરીને પણ જાહેર કરી શકે, નહિ કે તે તે પરિસ્થિતિને શરણે થાય આનું નામજ કાન્તિ–revolution કે સુધારો –reformation શ્રી વલ્લભવંશે અનેક વેળા તેવી ક્રાન્તિને અપનાવી છે, ઉપજાવી પણ છે, પણ **મૂલે કુઠારઃ** જેવું કદીએ થવા દીધું નથી. એજ ક્રાન્તિકારનો અને ખરા સુધારકનો આદર્શ.

બીજી રીતે કહીએ તો જગતના ઇતિહાસમાં એવો એકેય વંશ નથી કે જેણે પોતાના સાહિત્યની સેવા ૪૫૦ વર્ષ સુધી અવિચ્છિન્નપણે કરી હોય.

જન્મ અને બાલ્યા જીવન

એવા પરમ પુનીત જગદ્વંદ્ય શ્રી વલ્લભાચાર્યજીના વંશમાં એ વંશની પ્રતાપિતા, પ્રગલ્ભતા, વિદ્વત્તા, દીર્ઘદર્શિતા, કાર્ય–કારિતાને ઉર્જ્વલ કીર્તિને વિશેષ દીપાવી શકે તેવુ એક બાલક ભારતવર્ષના પશ્ચિમ છેડે બેટ-શંખોદ્ધારમાં સં. ૧૯૪૭ ના ભાદ્રપદ શુકલ ,૧૨ (વામન દ્વાદશી,)ને દિને, જે સમયે ભગવાન ત્રિવિક્રમે વામનરૂપે ત્રણ લોકને માપી લીધા, અને આસુરી મહત્વા–કાંક્ષાને પાતાલમા દાટી દીધી હતી, તેજ સમયે બ્રાહ્મણ વંશમાં આચાર્ય રૂપે પ્રકટ થયેલા વામનજી–જેમ ભગવાન ત્રિવિક્રમ ભાર્ગવની પટીયસી રાજનીતિથી નિરૂદ્ધ ન થતા રાક્ષસી મહ-ત્વાકાંક્ષા નષ્ટ કરી શકયા–તેમ **યથા નામા તથા ગુણઃ** ઉક્તિને સાર્થક બનાવતા શ્રીમદ્ અનિરૂદ્ધાચાર્યજી ગોસ્વામી શ્રી

શ્રીમુરલીધરજીને ત્યાં શ્રીરૂક્મિણીજી માતુશ્રીની કુખે પ્રકટ્યા. બાળપણથીજ તેમની પ્રતાપિતા તરી આવતી હતી.

યજ્ઞોપવીત સંસ્કાર થયા, અને વિદ્યાધ્યયનનો આરંભ

નટપુરમાં ગાદીનશીન

થયો. તેવાજ અરસામાં નટપુરના પ્રતાપી ગો. શ્રીવ્રજરત્નલાલજીને ત્યાં કોઇ આત્મજ ન હોવાથી કોઇ પ્રતાપી ને ભાવિ વિદ્વાન ગોસ્વામી બાલકને ગોદ લેવાનો વિચાર કરી રહ્યા હતા. મહારાજશ્રીની ઇચ્છા શ્રી લાલમણીજીના વંશમાંથીજ ગોદ લેવાની હતી દૃષ્ટિ ફેંકતા ગો. શ્રીઅનિરૂદ્ધાચાર્યજીનું વરણ થયું. સાત વર્ષના આ બાળકને જોઇને નડીઆદના જોષિ આદિત્યરામે ભવિષ્ય ભાખ્યું કે આ બાલક ભવિષ્યમાં મહા પ્રતાપી નીવડશે, અને વૈષ્ણવ જનતાના ભાગ્ય વિધાતા આ સાત વર્ષના ગોસ્વામી બાલક બન્યા.

નડીઆદના મંદીરમાં ગોદ લેવામાં આવ્યા ને તિલક કરવામાં આવ્યું.

ત્યારબાદ આપશ્રી નડીઆદ બીરાજ્યા, ને શબ્દ રૂપાવલી આદિગ્રન્થોનું અધ્યયન કર્યું. વિદ્યાધ્યયનમાંથી

વિદ્યાભ્યાસ ને બાલક્રીડા

નવરા પડે ત્યારે શારીરિક વ્યાયામ પણ લેતા મલ્લ-કુસ્તીનો આપને ઘણો શોખ હતો. વગર પલોટાયેલા (unbroken) ઘોડાને અંકુશમાં રાખવાની પણ તાલીમ આપે સારી લીધી હતી, જેનું પ્રદર્શન દશેરાને દિવસે ઘણીય વાર મેદાનમાં થતું હતું.

બ્રાહ્મણે વિદ્યાધ્યયન સમયે અને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી પણ જે ગુરૂભક્તિ રાખવી જોઇએ તેનું સંપૂર્ણ પરિપાલન આપશ્રીએ કર્યું હતું. વિદ્યાધ્યયનમાં ઉપકારક વિદ્વાનો પૈકી પંડિત મથુરાપ્રસાદ શાસ્ત્રી, પંડિત શીવશંકરજી, શાસ્ત્રી હરિશંકરજી, મોહનલાલ શાસ્ત્રી, દુર્લભજી શાસ્ત્રી, ગુજરાતી ભાષાનો એકડો ઘુંટાવનાર રણછોડદાસ બાપુજી શાહ, વિષ્ણુરામ શાસ્ત્રી તથા પ્રા. મગનલાલ શાસ્ત્રી વિગેરેને બહુજ સારી રીતે સન્માનતા, એટલુ જ નહિ પણ तं मद्दलान्‍ मनसा स्मराम એવુ મંગલાચરણમા લખી ઇતર આચાર્યોને માર્ગદર્શક થતા

સાહિત્ય રસિકતા

આપને સાહિત્ય વાંચવાનો અને સંસ્કૃત ગ્રન્થો વાંચવાનો એટલો બધો શોખ હતો કે તેઓ જણાવતા: કે "જો હું ચારેક કલાક વાંચું નહિ તો મ્હને કઇ ગમેજ નહિ." જે સમયે કાદમ્બરીની પેઠે રસપૂર્ણ, નલચંપૂની પેઠે શ્લેષપૂર્ણ સંસ્કૃત વાક્યોનો વરસાદ વરસતો ત્યારે તે સાંભળનાર જનના ચિત્ર લેખિત અવસ્થા અનુભવતી. આપને સંસ્કૃત ભાષામાં ગદ્ય ને પદ્ય (કાવ્યો) લખવનો ઘણો શોખ હતો તેમના 'શુદ્ધાદ્વૈતમંજરી,' 'પ્રમેયરત્નાર્ણવ' તથા 'પુષ્ટિમાર્ગ લક્ષણાનિ ટીકા' વિગેરે નાના મોટા ગ્રન્થો આશરે ૪૦ હશે એમ ધારવામાં આવે છે, જેમા ઉપનિષદ્ ભાષ્યો જેવા વિદ્વત્તાપૂર્ણ ગ્રન્થોનો પણ સમાવેશ થાય છે.

સોળ વર્ષની નાની વયથીજ આ કળા આપને વરી ચૂકી હતી. પ્રથમ વૈષ્ણવ પરિષદ્‌માં આપને અચાનક ભાગ લેવાની ફરજ પડી, કારણકે આચાર્યોએ ભાષણ કરવાંજ જોઈએ એવું મન્તવ્ય રૂઢ થઈ ચૂક્યું હતું. પ્રૉ.

વક્તૃત્વકળા

મગનલાલ શાસ્ત્રી, શાસ્ત્રીજી બદરીનાથ વિગેરે સંપ્રદાયના મર્મજ્ઞ વિદ્વાનોની તથા હજારો માણસની મેદની સમક્ષ જરાપણ ક્ષોભ પામ્યા વિના "કેસરી" જેમ વાદળાંને અવાજ કરતાં સાંભળીને ગર્જે તેમ આ "શુદ્ધાદ્વૈત કેસરી"એ હંમેશને માટે યાદગાર એવું પ્રવચન કર્યું. આપનો અભ્યાસ પણ બહુ ન હતો પણ પ્રતિભાસંપન્ન પુરુષને કંઈજ અગમ્ય નથી હોતું. પ્રૉ. મગનલાલ શાસ્ત્રી એક બાલ આચાર્યની આ વાણી સાંભળીને આનંદ પામ્યા, અને શ્રીમદ્ અનિરૂદ્ધાચાર્ય તરફ માનની લાગણીથી જોવા લાગ્યા.

તેવામાંજ આપની ઈચ્છા પ્રૉ. મગનલાલ પાસે અણુભાષ્ય શીખવાની થઈ. આપના મુંબાઈના વસવાટ દરમિઆન શ્રી ગોકુલનાથજી, શ્રીદેવકીનંદનાચાર્યજી, પંડિત બાલભદ્રશર્મા, પંડિત સુદર્શનાચાર્યજી વિગેરે ઘણા વિદ્વાનોનો પરિચય થયો. ત્યારબાદ પટણા, કલકત્તા, મુંબાઈ, આદિ ઘણાં સ્થળોએ વ્યાખ્યાનો કર્યાં હતાં જેના પરિણામે આપ શુદ્ધાદ્વૈતકેસરી–શુદ્ધાદ્વૈતવાચસ્પતિ

વિદ્વદ્‌પરિચય અને ઉપપદ પ્રદાન

—શુદ્ધાદ્વૈતસહસ્રાંશુ–વેદાન્તસુધારક–વેદાન્ત વિદ્યાલંકાર—પણ્ડિતમણ્ડલેશ્વર——પણ્ડિતેન્દ્ર—સર્વતન્ત્ર સ્વતંત્ર આદિ સુવર્ણ પદક સહિત ઉપપદોથી અલંકૃત થયા હતા.

સુરતમાં લાલબાવાના ઉપનયન સંસ્કાર સમયે શ્રીવ્રજરત્નલાલજીએ છપ્પન ભોગ કર્યો હતો. તે વખતે અનેક ગોસ્વામીબાલકો, ખુદ પ્રથમ ગૃહના તિલકાયિત શ્રીગોવર્ધનલાલજી પધાર્યા હતા, શ્રીઅનિરૂદ્ધાચાર્યજી પણ ઉપસ્થિત થયા હતા. તે વખતે સભામાં શ્રીગોવર્ધનલાલજીએજ સરાહના કરી હતી કે "શ્રી અનિરૂદ્ધલાલજી અમે તો તિલકાયિત છીએ પણ તમે તો "विद्या तिलकायित" છો.

પ્રથમલગ્ન

પોતાના બાલ આચાર્ય પ્રત્યે સંપૂર્ણ માનભરી લાગણી દર્શાવવા નટપુરસ્થોએ મદ્રાસી વેવાઇને આમન્ત્ર્યા. વિવાહ ખેલ રચાયો. મહાજને વ્યવસ્થાનું બીડું ઝડપ્યું. ભાઉસાહેબ દેસાઈના પૌત્ર શ્રીયુત્ ગિરિધરદાસ મંગળદાસ ઉર્ફે તાતાસાહેબને સર્વસત્તા સોંપવામાં આવી. અને શ્રીમહાલક્ષ્મી વહુજી સાથે સંવત ૧૯૬૪ના માર્ગશીર્ષ શુકલ દશમીના રોજ લગ્ન થયું. લગ્ન સમારંભ એવો તો ઉજવાયો કે આનાં પ્રત્યક્ષ દર્શન કરનાર જો બાણ કે શ્રીહર્ષ હોત તો

મોટું કાવ્ય રચત, ટુંકમાં આવું ઉત્સાહભર્યું લગ્ન ન ભૂતો ન ભવિષ્યતિ એ ઉક્તિનો અનુભવ તે સમયે થયોજ હશે. આ નવ પરિણિત યુગલ ઘણી રીતે સુખી હતું.

સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ

ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી ધન અને વહુનાં મોહપાશમાં એક ભાવિ મહાન્ આચાર્ય ફસાઈ ન પડે માટે स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम એ સંદેશ ગુરૂજનોએ પાઠવ્યો, અને સ્વીકાર્યો. દર એકાદશીએ પ્રવચનો આરંભાયાં. લલ્લુભાઈ પારેખ વિગેરે વૈષ્ણવોની સલાહ લઈ સં. ૧૯૬૫માં શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયની સ્થાપના કરી. શ્રીમાધવતીર્થ શંકરાચાર્યજી સાથે ઉભા થયેલા વિવાદમાં જાહેરમાં શાસ્ત્રની ચેલેંજ ફેંકવાની પહેલ કરી હોય તો પહેલું નામ શ્રી અનિરૂદ્ધાચાર્યજીનુંજ છે.

જામનગર ગાદીનશીન

Man porp0ses and God disposes સાંપ્રદાયિક પ્રવૃત્તિઓની હોંશ અને ઉમેદ ઉપર પડદો પડયો. મનની મનમાં તનની તનમાંજ રહી ગઈ. આ સમયે રા. બ. લલ્લુભાઈ જેવા સાચા સલાહકારો જો મહારાજશ્રીને મળ્યા હોત તો જામનગરની જંજાળમાંથી ખચિત મુક્ત રહેત.

નિષ્ક્રિયતા અને વિદ્યાભ્યાસ

જામનગરની જંજાળમાં ફસાયા પછી ઘણું ગૌરવ સંપાદન કર્યું. પણ કેટલાક સમય સુધી નિષ્ક્રિયતા પ્રાપ્ત થઇ. ફલતઃ કાવ્ય-સાહિત્યનો વ્યાસંગ ઓછો થયો; પણ ન્યાયમિમાંસા, શાંકરવેદાન્ત, જૈન અને બૌદ્ધદર્શનોનો સારો અભ્યાસ કર્યો જેના પરિણામે મહારાજશ્રીએ એક અદ્વિતીય શુદ્ધાદ્વૈત દાર્શનીક વિદ્વાન્ તરીકે ખ્યાતિ મેળવી.

ગોપાલતાપિની ભાષ્ય અને નારાયણોપનિષદ્ભાષ્ય

મહારાજશ્રીના જન્મદિવસે આશીર્વાદ આપવાને જામનગરના મહામહોપાધ્યાય શાસ્ત્રી હાથીભાઈ પણ આવ્યા હતા. ત્યાં,'શ્રીકૃષ્ણચન્દ્રાભ્યુદય નાટક'-ની ભેટ આપી. તેજ દિવસે સભામાં નાટકના નામ ઉપર વિવેચનો કર્યાં હતાં પણ 'નામ મોટું ને દર્શન ખોટું' એવું આ પુસ્તક હોવાથી મહારાજશ્રીએ પોતાની કલમ ઉપાડી. ગોપાલતાપિની ભાષ્ય રચી, સ્વસિદ્ધાંત પ્રતિપાદન કરીને ઇતર સિદ્ધાંતનું સચોટ ખંડન કર્યું. શૈલી પહેલાંના ભાષ્યકારોની જેમ રાખેલી હોવાથી इति चेत इति केचित्‌નાં વચનોથી પૂર્વપક્ષો કરી સિદ્ધાંત પ્રતિપાદન કર્યો, મુદ્રણ પણ થઈ ચુકયું; જેની પ્રતિ શાસ્ત્રીજીને પણ મળી ચુકી હતી. ત્યાર બાદ नारायणोपनिषद्भाष्य રચ્યું જે હજુ ય અમુદ્રિત છે.

પ્રથમ વહુજીનો લીલા પ્રવેશ ને બ્રહ્મવાદ મંદીર

તેમનાં પ્રથમ વહુજી જે ઘણાં સેવારસિક તથા સાહિત્ય રસિક તથા પતિસુખ પરાયણ હતાં તે પાછળ કોઈ પણ પ્રજા મૂકયા વિના લીલાપ્રવિષ્ટ થયાં. દુઃખમાં દુઃખ ઉમેરાયું, પણ મહારાજશ્રી ઇશ્વરેચ્છાનેજ આધિન થયા. આપશ્રીની લાયબ્રેરીમાં હસ્તલિખિત તથા મુદ્રિત ઘણાં પુસ્તકો હતાં, તે સર્વને આપશ્રીનાં વહુજીના સ્મરણ ચિહ્ન તરીકે એ શ્રીમતીજીના જ નિવાસસ્થાનમાં બ્રહ્મવાદ મંદીર ખોલી ત્યાં પધરાવ્યાં

દ્વિતીય વિવાહ અને ઉપપદ પ્રદાન

કનિષ્ઠ ભ્રાતા આદિ સંબંધીઓના સમજાવવાથી આપશ્રીએ દ્વિતીય લગ્ન સં ૧૯૮૮ના કાર્તિક સુદી ૧૫ ના રોજ શ્રીમહાલક્ષ્મીવહુજીની સાથે કર્યું. તે વખતે નડીઆદના વૈષ્ણવોએ એક સભા ભરી, જેમાં પરિણીત યુગલને પધરાવવામાં આવ્યું અને આપશ્રીએ ગોપાલતાપિની ઉપનિષદ્ દ્વારા શ્રીકૃષ્ણચંદ્રાભ્યુદય નાટકનું ખંડન કરેલું હોવાથી મહારાજશ્રીને 'પણ્ડિતેન્દ્ર'ના ઉપપદ સાથે સુવર્ણપદક ઉપપદથી વિભૂષિત કર્યા.

સનાતનધર્મ પ્રવૃત્તિ તથા ઉપપદ પ્રદાન

ગુરૂવાયુરમાં મહાત્મા ગાંધીજી દ્વારા અછુતોના મંદિર પ્રવેશ સંબંધે જ્યારે સત્યાગ્રહ શરૂ કરાવ્યો ત્યારે આપશ્રીએ એ પ્રવૃત્તિ ધર્મવિધ્વંસક હોવાથી સક્રિય ફાળો આપવાનાજ હેતુથી

પોતાના શાસ્ત્રી હરિશંકરજીને પાઠવ્યા હતા. નડીઆદમાં વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘની શાખા સ્થાપી. દિવાન બહાદુર ચીમનલાલ મહેતા, શેઠ શ્રીઝીણાભાઇ તથા ભાઉસાહેબ તાતાસાહેબ વિગેરેની સલાહથી ખેડા જીલ્લા વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘનું અધિવેશન ભર્યું, જેમાં આપશ્રીનેજ અધ્યક્ષસ્થાન સોંપવામાં આવ્યું હતું.

થોડા સમય પછી પૂ. ગો. શ્રીગોકુલનાથજીની અધ્યક્ષતાએ તથા આપની સ્વાગતાધ્યક્ષતાએ મુંબાઈ પ્રાન્તીય સંમેલન ભરવામાં આવ્યું હતું તે સમયે શ્રીગોકુલનાથજી ઉપરાંત ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ, ગો. શ્રીરણછોડલાલજી મહારાજ, શ્રીશંકરાચાર્ય ભારતીકૃષ્ણતીર્થજી, શ્રીજયેન્દ્રપુરીજી, શ્રીરામાનુજમતાનુયાયી શ્રીદેવનાયકાચાર્યજી પણ પધાર્યા હતા. શ્રી અનિરૂદ્ધાચાર્યજીનું સ્વાગતનું અને ઉપસંહારનું સંસ્કૃત ભાષામાં લલિત વ્યાખ્યાન સાંભળીને મહારાજશ્રીના પાંડિત્યથી આકર્ષાઇ શ્રીશંકરાચાર્યજી શ્રી ભારતીકૃષ્ણતીર્થજીએ આપને કુંકુમ તિલક કરી, પુષ્પમાલા કંઠમાં આરોપી અને 'સર્વતન્ત્ર સ્વતન્ત્ર'ના ઉપપદથી વિભૂષિત કર્યા. નોંધવા જેવી વસ્તુ એ છે કે શ્રીકૃષ્ણદેવરાજાની સભામાં શ્રીમદ્વલ્લભાચાર્યજીને સર્વ આચાર્ય સમક્ષ 'મહાપ્રભુ' ઉપપદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. ત્યારપછી આ બીજોજ દાખલો છે કે સર્વ આચાર્યોની સમક્ષ આપશ્રીને આ પદવી અર્પણ કરવામાં આવી છે.

પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયનો રજત મહોત્સવ

સંવત ૧૯૯૧માં શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયનો રજત મહોત્સવ ઉજવાયો, સાતેય દિવસનું પ્રમુખસ્થાન સ્વીકારી વૈષ્ણવોને તથા બહારગામના આવેલા વૈષ્ણવોને ઉપદેશનો લાભ આપ્યો હતો.

સ્વભાવ ને સાદું જીવન

આપશ્રી આશ્રય લેનારને સારા આશ્રયી, દૃઢ નિશ્ચયી અને શ્રીબાલકૃષ્ણૈક આશ્રયી હતા. ખપ જેટલુંજ બોલતા. ભગવન્નામનો જપ સર્વથા ચાલુજ રહેતો, સાહિત્ય વાંચવાનો એટલો બધો શોખ હતો કે પોતે ઘણીય વાર જાહેર કરતા કે જે 'દિવસે હું વાંચું નહિ તે દિવસ મ્હારે માટે દુર્દિન સમજવો.' આપ નીતિજ્ઞ (Political) હતા ને કહેતા કે 'લોકોને Politics શીખવા માટે ઘણીય મહેનત પડે છે. પણ હું તો પૈસાના ભોગે Politics શીખ્યો છું.' વાર્તાલાપમાં સ્વસંપ્રદાયનું ગોપન કરતા. યોગ્ય સ્થળે વિવેકી અને મળતાવડા હતા. આપનો ખોરાક બહુજ સાદો ને પહેરવેશ પણ તેવોજ હતો. અને આપશ્રી પૈસા કરતાં પ્રભુ સેવાને વધારે પ્રાધાન્યતા આપતા તથા શાસ્ત્ર મર્યાદાએ રહી પોતાના દિવસો નિર્ગમન કરતા.

લીલા પ્રવેશ

આપશ્રી જામનગર પધાર્યા. કોણ જાણતું હતું કે આચાર્યશ્રી હવે નડીઆદના વૈષ્ણવોથી આધિભૌતિક દૃષ્ટિએ હંમેશને માટે વિદાય

થાય છે. કેટલોક વખત માંદગી ભોગવ્યા બાદ એક નિઃસંતાન વિધવા વહુજીને મૂકીને સંવત ૧૯૯૨ના માગશર વદ ૭ ને દિવસે લીલાપ્રવેશ કર્યો સાંપ્રદાયિક ભાવનાએ આધિદૈવિક દૃષ્ટિથી આપણી વચ્ચેજ બીરાજે છે; પણ આપણા દૈવદુર્વિપાકને લીધેજ પ્રકટ દર્શન આપતા નથી.

પૂ. પા. મહારાજશ્રીએ વૈષ્ણવોના લાભાર્થે જે સંસ્કૃત ગ્રન્થો લખ્યા છે તેનું મુદ્રણ કરાવી શકાય તોજ આપણે તેમના પાંડિત્યની યોગ્ય કદર તથા યત્કિંચિત સેવા કરી શકયા છીએ એમ મનાય.



પુસ્તક કેમ છપાયું?

न हि कश्चित क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत એ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાકારના સિદ્ધાન્તેજ અનુસરીને આ પ્રવૃત્તિ આરંભાયેલી છે એમ કહીએ તોપણ અતિશયોક્તિ નથીજ. સારા કર્મોમાં અને નિષ્કામ કર્મોમાં આ યોજના થાય તો કર્મ બન્ધનમાંથી પણ મુક્ત થવાય એ પણ સિદ્ધાન્ત આ ગ્રન્થ છપાવવામાં જળવાય છે.

શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના આદ્ય સંસ્થાપક અને વૈષ્ણવોને તથા ઇતર જનતાને પોતાની વિદ્વત્તાથી આકર્ષી નડીઆદમાં અખંડ જ્યોત પ્રકટ કરી હોય તો શ્રીમદ્ અનિરૂદ્ધાચાર્યજી મહારાજશ્રીજ હતા. તેનો પ્રકાશ દૂર સુધી સંપૂર્ણ પહોંચે તે પહેલાં તો તે જ્યોત તદ્દન બુઝાઈ ગઈ તે એટલે સુધી કે પોતાની પાછળ કોઈ પ્રજા પણ નથી. છેલ્લા દશકાથી નડીઆદમાં તેમની પ્રવૃત્તિ પ્રશંસનીય હતી. આપશ્રીએ પોતાના જાહેર પ્રવચનમાં એમ જણાવેલું કે "શ્રીહરિરાયજીના શિક્ષાપત્રો, તથા તેમના નાના પણ તત્ત્વ ગ્રન્થોના ઉપર ઘણું લખાવું જોઇએ" આ વિચારોનાં બી વાવ્યાં પણ તે અંકુરિત ન થયાં તેવાજ અરસામાં આપે નિત્યલીલા પ્રવેશ કર્યો. આપના તરફની નટપુરના પુસ્તકાલયના વ્યવસ્થાપકોની પૂજ્ય બુદ્ધિને લીધે કંઇ સેવા થાય એ ઉમેદ હતી, પણ દ્રવ્ય સંકોચને લીધે તે વસ્તુને અમલમાં મૂકવાને હિંમત ચાલતી ન હતી.

ઉપકાર સ્મરણ

શ્રી હરિરાયજીના ગ્રન્થોને માટે ઉપરોકત તમન્ના ભ. માતરના પારેખ મંગળદાસ ખીમચંદને તથા ખેડાના શાસ્ત્રી શ્રીયુત વ્રજવલ્લભ શર્માને પણ હતી. પુસ્તકાલય દ્રવ્ય મળે તેનીજ રાહ જોતુ હતું. ચિન્તિત વિષયમાં તે બન્નેના અતુલ ઉત્સાહે અને સહાયે આ પ્રવૃત્તિને અતિશય વેગ આપ્યો છે. તે તેમની ઇચ્છા વિરૂદ્ધ પણ જણાવવું પડે છે, કાર્યની શરૂઆત થઇ અનુવાદ કરવાને માટે પણ સેવાભાવનાની દ્રષ્ટિએ પેઢીગત વૈષ્ણવ માંગરોળ નિવાસી કેશવરામ શાસ્ત્રીએ સરળ અનુવાદ કરી આપવાને બીડું ઝડપ્યું. દ્રવ્યનો હિસાબગણી અમે ૩૦૦ પૃષ્ઠ આપવા માટે જાહેર કર્યું હતું, પણ વૈષ્ણવોએ અણીને વખતે નીચે પ્રમાણે આર્થિક સાહાય્ય કરી કે જેના પરિણામે કંઇક વધુ પાનાં આપી શકયા છીએ જેથી વૈષ્ણવો તે સર્વના ઋણી છે.

આર્થિક સહાય આપનારનાં નામ

૧ ગો. વા. જેકીશનદાસ દામોદરદાસ ગાંધી નવસારી,ના સ્મરણાર્થે હા. જગમોહનદાસ દામોદરદાસ ગાંધી. ૧૨૫-૦-૦

૨ હરજીવનદાસ પુરૂષોત્તમદાસ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ભ. મોતીલાલ ગોવીંદલાલ તથા ભ. માણેકલાલ મણીલાલ અમદાવાદ ૧૦૦-૦-૦

૩	ગો. વા. બાપુજીભાઈ વિઠ્ઠલદાસ ઊમરેઠ,ના સ્મરણાર્થે હા. પટેલ ચુનીલાલ ગોકળદાસ	૫૧-૦-૦
૪	ભ. ચંદુલાલ ત્રીભોવનદાસ બાજુદીવાળા નડીઆદ.	૫૧-૦-૦
૫	ગો. વા. વિઠ્ઠલદાસ છગનલાલ ઘોડાના ટ્રસ્ટી ભ. મોહનલાલ લલ્લુભાઈ ઘોડા	૫૦-૦-૦
૬	ભ. જમનાદાસ લલ્લુભાઈ દેસાઈ અમદાવાદ.	૨૫-૦-૦
૭	ખેડાના એક વૈષ્ણવ	૨૫-૦-૦
૮	ભ. ભાઈલાલભાઈ સાંકળચંદ નડીઆદ	૨૫-૦-૦
૯	ભ. કેશવલાલ ગીરધરદાસ દાણી „	૨૫-૦-૦
૧૦	ભ. મણીલાલ છગનલાલ શાહ. „	૨૫-૦-૦
૧૧	ભ. વિઠ્ઠલદાસ મોતીચંદ માંગરોળ	૫-૦-૦
૧૨	ભ. નાથાભાઇ હરિભાઇ ખરાંટી	૪-૦-૦
		૫૧૧-૦-૦

સદરહુ ગ્રન્થોના અનુવાદોમાં જે અનુવાદો છુટક માસિક વિગેરેમાં છપાયા હતા તે અનુવાદોને પણ એકત્રિત કર્યા છે. વળી બીજા સ્વતંત્ર અનુવાદો પણ આપ્યા છે. બીજા ભાગના સાહિત્ય માટે તૃતીયગૃહ પીઠાધીશ્વર ગો. શ્રીવ્રજભૂષણલાલજીમહારાજ તથા શ્રીગટ્ટુલાલજી સંસ્થા-દ્વારા શ્રીયુત ધીરૂભાઇ વિગેરેએ જે સાથ ને ઉત્સાહ આપ્યો

છે; તે અત્યંત અવકારદાયક ને સ્તુત્ય છે. એ સર્વે ગોસ્વામી મહારાજશ્રીઓ તથા વિદ્વાન્ ગ્રેજ્યુએટો તથા શાસ્રીઓ, મંગળદાસ પારેખ, કમીટીના મેમ્બરો તથા હરિશંકર શાસ્ત્રી વિગેરેનો સહૃદય આભાર માનું છું.

જેટલું સાહિત્ય અમારી પાસે એકત્રિત છે તે સર્વનો અનુવાદ આપતાં ગ્રન્થનું કદ બહુજ વધી જવાની ભીતિ લાગવાથી તથા એક આમટું દ્રવ્યનું રોકાણ નહિ કરવાની ઇચ્છાથી આ ગ્રન્થ ફક્ત ૫૫ ગ્રન્થનો અનુવાદ આપી સમાપ્ત કર્યો છે. પણ જો આ ગ્રન્થના અનુવાદનો શિઘ્ર આદર થશે તથા કોઇ ઉદાર ગૃહસ્થ સેવા ભાવનાએ દ્રવ્યમાં સાહાય્ય કરશે તો બીજો ભાગ પણ બહાર પાડવામાં વ્યવસ્થાપકો પાછી પાની નહીજ કરે એમ હું ખાત્રી આપું છું.

શ્રીયુત કેશવરામ શાસ્રીએ અનુવાદ કરવાનું બીડું ઝડપ્યું ન હોત તો દ્રવ્ય એકલથી અમે આ ગ્રન્થ બહાર પાડી શકત નહિ. તેમની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી ફાજલ સમય પાડીને પણ અનુવાદ ઉપરાંત પ્રૂફ સંશોધન વિગેરેનું જે કાર્ય કર્યું છે તે સર્વને આધારેજ અમે ઝડપથીજ કામ પતાવી શકયા અત એવ વૈષ્ણવો તેમજ પુસ્તકાલયના વ્યવસ્થાપકો તેમના ઋણી છે. પ્રભુ તેમને આવી નિષ્કામ સેવા કરવાને વધુ અનુકુળતા પ્રાપ્ત કરી આપે અને તેમને ત્રિવિધ દુઃખથી મુકત રાખે એ પ્રભુ પ્રતિ અભ્યર્થના.

અંતમાં જેમણે અમને કંઇપણ સાહાય્ય કરી છે તે સર્વનો આભાર માનવાની તક લઉં છું.

ગ્રન્થને બહાર પાડવામાં જાહેરાત પ્રમાણે અમે કંઇક મોડા પડયા છીએ, તેનું કારણ પ્રેસ વિગેરેની અનિયમિતતા છે તે માટે હું કર યુગલ જોડી વૈષ્ણવોની ક્ષમા માગું છું. તે ઉપરાંત જે કંઈ ભૂલ માલુમ પડે તેને વાંચકો સુધારી લેશે અને જો અમને જણાવશે તો બીજી આવૃત્તિમાં સુધારો કરવા પ્રયત્ન કરીશુ. અંતમાં જે કંઇ સેવા આપ સર્વના ચરણમાં રજુ કરૂં છું તે શ્રીબાલકૃષ્ણ પ્રભુની કૃપાથી છે અત એવ એઓશ્રીના ચરણોમાં શીર ઝુકાવી વિરમું છું.

ડોલોત્સવ, સં. ૧૯૯૩	રતિલાલ મોહનલાલ દેશી મન્ત્રી, શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, નડીઆદ.

શ્રી કૃષ્ણઃ શરણં મમ । શ્રીવલ્લભાય નમઃ ।

પુષ્ટિમાર્ગીય સસ્તુ સાહિત્ય.

વૈષ્ણવોને માટે સોનેરી તક !
લગભગ પડતર કિમ્મતે આજેજ ખરીદો.
શ્રીમદ્વલ્લભાચાર્યજી પ્રણીત

ત્રિવિધ નામાવલી.

બાલલીલા પ્રથમ ભાગ. કિં. ૦-૨-૩
પ્રૌઢલીલા દ્વિતીય ભાગ કિં ૦-૨-૦
રાજલીલા તૃતીય ભાગ કિં. ૦-૨-૦

પોસ્ટેજ અલગ. પચીસ પુસ્તક ખરીદનારને પચીસ ટકા કમીશન આપવામાં આવશે,

-: અનુવાદક અને પ્રકાશક :-

ચીમનલાલ કીશોરદાસ શાહ બી. એસ. સી.
બી. એ એલ. એલ. બી. પાડાપોલ; **નડીઆદ.**

(પૂ. પા. ગો. બાલકો તથા સામ્પ્રદાયિક વિદ્વાનો તથા ગુજરાતના પ્રસિદ્ધ પત્રકારોના અભિપ્રાયથી પરિપૂર્ણ)

ધનિક વૈષ્ણવ બન્ધુઓને પણ આ કાર્યમાં મદદ કરવા ખાસ વિજ્ઞપ્તિ છે. જો કોઇ બન્ધુ પચીસ રૂપીઆની મદદ કરશે તો કિમ્મતમાં ૦-૦-૬ ઘટાડી દેવામાં આવશે. પોતાના પૈસા કેટલાય અન્યમાર્ગે વ્યય કરતા હશે, તો તેમને હાથ આ એક ઉત્તમ તક આવી પહોંચી છે. માટે તેનો લાભ લેવા ભૂલવુ નહિ વધુ માટે લખો યા મળો.

ચીમનલાલ કીશોરદાસ શાહ.
પાડાપોલ, નડીઆદ.

अनुक्रमणिका

श्रीकृष्णाय नमः ॥

श्रीगोपीजनवल्लभाय नमः ॥

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

श्रीहरिधनमहाप्रभुचरणकमलेभ्यो नमः ॥

१. अथ मार्गस्वरूपनिर्णयः ।

स्वमार्गः सर्वथा ज्ञेयः सर्वेभ्योऽतिविलक्षणः ।
तत्स्वरूपं तु दुर्ज्ञेयं स्वसामर्थ्येन सर्वथा ॥१॥

બીજા બધા માર્ગો કરતા અતિ જુદાજ પ્રકારનું જેનું લક્ષણ છે, તેવા આપણા પુષ્ટિમાર્ગ–શુદ્ધાદ્વૈત ભક્તિમાર્ગનું દરેક રીતે જ્ઞાન મેળવવું જોઈએ. (જીવ એમ ધારતો હોય કે હું મારા સામર્થ્યથી આ માર્ગના સ્વરૂપનું જ્ઞાન મેળવી લઈશ તો તે ભૂલભરેલું છે:) આ માર્ગના સ્વરૂપનું પોતાના સામર્થ્યથી દરેક રીતે જ્ઞાન મેળવવું તો અત્યન્ત મુશ્કેલ છે. ૧.

इति चिन्ताकृपायुक्तः कृष्णः स्वास्यं चकार ह ।
प्रकटं सर्वसामर्थ्यसहितं विधिवद् भुवि ॥२॥

–(જીવ પોતાના સામર્થ્યથી માર્ગજ્ઞાન મેળવી શકે તેમ નથી) તેવા પ્રકારની ચિન્તાને લીધે પરમકૃપાયુક્ત પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીએ

આ પૃથ્વીનાતલ ઉપર બધાજ ભાગ્યના સામર્થ્યને ધરાવતા પોતાના મુખારવિન્દ (ના અવતાર રૂપ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી)ને વિધિપૂર્વક પ્રાકટ્ય આપ્યું ૨

“रसो वै स” इति श्रुत्या कृष्णो भावात्मको मत ।
तथा तदास्य मन्तव्य भक्तानुभवतोऽनुगै ॥२॥

“રસો વૈ સ। તે પ્રભુ કેવલ રસાત્મક છે” એ શ્રુતિવાક્ય મુજબ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી ભાવાત્મક છે, તેજ પ્રમાણે શ્રીમહાપ્રભુજીના અનુયાયી વૈષ્ણવો શ્રીકૃષ્ણચન્દ્રજીના મુખારવિન્દ (ના અવતારરૂપ ભગવાન શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી) ને ભાવાત્મક માનજો, કારણ કે આપશ્રીના ભક્તોને તેવા આચાર્યશ્રીના ભાવાત્મક સ્વરૂપનો અનુભવ થયેલોજ છે ૩

तेन भावात्मको मार्ग सर्वोऽपि प्रकटीकृत ॥

તે આ શ્રીમહાપ્રભુજીએ આ ભાવાત્મક સમગ્ર ભક્તિમાર્ગને પ્રકટ કર્યો છે– (આવા સ્વરૂપવાળા ભક્તિમાર્ગનો પ્રકાશ શ્રીમહાપ્રભુજીથીજ છે. તે પૂર્વે ભક્તિમાર્ગ ભૂતલ ઉપર હતો પરન્તુ જે સ્પષ્ટ સ્વરૂપવાળો ભક્તિમાર્ગ જોઇયે, તેવો તો નજ હતો) –અપ્રકટ હતો તેને પ્રાકટ્ય આપ્યું. ૩½.

मुख्यो हि ब्रह्मसम्बन्ध , स भावात्मक एव हि ॥४॥

આ માર્ગમા પ્રથમ પહેલા **બ્રહ્મસમ્બન્ધ** (=સ્મૃતિમા જેને પરમાત્મા, શ્રીમદ્ ભાગવતમા જેને ભગવાન અને શ્રુતિ=વેદમા જેને બ્રહ્મ કહેવામા આવે છે, તે પરમકૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્ર પરબ્રહ્મ સાથેનો

સમ્બન્ધ (– આ માર્ગમા નામકરણ દીક્ષાદ્વારા શરણનો અધિકાર થયા પછી માર્ગદીક્ષાના અંતમા ગુરદ્વારા જે કરાવવામા આવે છે, તે જીવોદ્ધારના દ્વારભૂત રૂપવા સમ્બન્ધ) તે ભાવાત્મકજ છે (શા માટે ભાવાત્મક?) ૪

भावो विवाहतो नार्या यथा स्वपुरुष भवेत्।
तथा मम पति कृष्ण इति सम्बन्धतोऽत्र हि ॥५॥

જે પ્રમાણે વિવાહ થતા નારીને પોતાના પુરુષમા ભાવ થાય છે, તેજ પ્રમાણે અહીં તેવા પ્રકારના સમ્બન્ધને લીધે શ્રીકૃષ્ણચન્દ્રજી મારા સ્વામી છે –(હુ તેનો દાસ છુ)– એવો ભાવ જાગે છે ૫

यथा स्वभर्तृसम्बन्धे तस्या निर्दुष्टता तथा।
भगवद्भावसम्बन्धे देहस्वात्मवतामिह ॥६॥

જે પ્રમાણે પોતાના ભરથારની સાથેના સમ્બન્ધમા પત્નીને નિર્દોષપણુ છે, તેજ પ્રમાણે પ્રભુ સાથેના ભાવાત્મક આ બ્રહ્મસમ્બન્ધમા* દેહ–ધનાદિમા જેને અહમ્બુદ્ધિ છે તેવા જીવોને (પણ) નિર્દોષપણુ છે ૬

'चाण्डाली चेद्राजपत्नी'त्यादिना प्रभुणोदितम्।

*અહીં મૂળમા દેહાસ્વા વગેરે પાઠ છે કાનો ક્યા ન જોઈયે, દેહ ધન આત્મામા મમતા રાખનારને પણ બ્રહ્મસમ્બન્ધથી નિર્દોષપણુ પ્રાપ્ત થાય છે એવો સ્પષ્ટ આશય છે

पूर्वदोषस्तदा नैव सम्बन्धः प्रतिबन्धकः ॥७॥

"ચાણ્ડાલી રાજરાણી બની હોય અને વળી રાજાએ તેને માનીતી કરી હોય; તેમ છતાં કોઈવાર રાજા તેનું અપમાન કરે એટલે કે કદાચ તેનો ત્યાગ પણ કરે તો તેથી તેના ચાણ્ડાલીપણા-માંથી શું જવાનું?" — એ શ્લોક વડે શ્રીમહાપ્રભુજીએ ખુલાસો કર્યો છે. આ રીતે પૂર્વ સ્થિતિમાં કોઈપણ દોષ હોય તોપણ (રાજા જેમ ચાણ્ડાલીને પણ રાણી બનાવી શકે છે; ચાણ્ડાલી સાથે સમ્બન્ધ રાખી શકે છે, તેમ) તે* સમ્બન્ધમાં — પ્રભુ સાથેના સમ્બન્ધમાં કોઈપણ પ્રતિબન્ધ લાવનાર થઈ શકતો નથી. ૭.

तस्या यथान्यसम्बन्धे तदनुच्छिष्टभक्षणे ।
स्वस्वामिभुक्तदाने च स्वदेहादन्ययोगतः ।
महान् दोषस्तथात्रापि मन्तव्यो भगवज्जनैः ॥८॥

તે સ્ત્રીને જે પ્રમાણે‡ અન્ય કોઈ સાથે સમ્બન્ધ બાંધતાં, પતિનું ઉચ્છિષ્ટ ન ખાતાં, પોતાના સ્વામીને પોતાનું ખાધેલું દેતા

---

*મૂળમાં અહીં सम्बन्धः એમ પ્રથમા વિભક્તિ છે; પ્રથમા કરતા સપ્તમી વિભક્તિ હોવા વધુ સમ્ભવ છે; કેમકે કોઈ સમ્બન્ધ બાધક હોઈ ન શકે. બાધકતા અર્પે એવી વસ્તુ હોય તો તે પૂર્વદોષ હોઈ શકે.

‡અહીં મૂળમાં तस्यायं थान्यसम्बन्धे એવો પાઠ છે. तस्य નર-જાતિના સર્વનામની અહીં જરૂર નથી, અહીં વાત નારીની છે એટલે तस्या જ જોઈએ. અર્થ કોણ? સ્ત્રીને પતિના આત્મસમ્બન્ધમાં દોષ ક્રિયો? પતિને ખાવાના પદાર્થ પત્ની ખાઈલિયે તો દોષ થાય;

અને પોતાના દેહથી અન્ય પુરુષનો (અયોગ્ય) યોગ થતા મહાન દોષ ઉત્પન્ન થાય છે, તેજ પ્રમાણે આ સ્થળે પણ (બ્રહ્મસમ્બન્ધ થયા બાદ અન્ય કોઈ દેવ સાથે સમ્બન્ધ રાખતા, પ્રભુ-પ્રસાદી ન લેતા, પ્રભુને પોતાનું અર્ધું ખાધેલું-ભોગવેલું સમર્પિત કરતા અને સ્વદેહથી અન્ય દેવની આરાધના ચાલૂ રાખતા) મહાન દોષ ઉત્પન્ન થાય છે, તેવું ભગવદીયોએ જાણવું. ૮½

यथा सम्बन्धिताभिः सार्पयत्यात्मानमुत्तमम् ।
तथा सम्बन्धिभिः कृत्वा सर्ववस्तु समर्पयेत् ॥९½॥

જે પ્રમાણે વચ્ચે રહેલી (દૂતી)યોથી સ્ત્રી પોતાના ઉત્તમ આત્માનું પતિને સમર્પણ કરે છે, તેજ પ્રમાણે સમ્બન્ધી જન-દ્વારા બધી તૈયારી કરાવી બધી વસ્તુ પ્રભુને સમર્પણ કરવું. ૯½.

स्वानन्यतानुसम्बन्धाभावो बाधक इष्यते ॥१०॥

પોતાનું પ્રભુમા જે અનન્યપણું, તે અનન્યપણાના સમ્બન્ધની સ્થિતિજ ન હોય તો તે (આત્મસમર્પણાદિકમા) પ્રતિબન્ધક થઇ પડે છે. ૧૦.

यथा सम्बन्धिभिः साकं स्वपातिव्रत्यरक्षणम् ।

પણ તો બનો મેળ કેમ મેળવવો ? એટલેજ સમ્ભવ છે કે तस्या यथान्यसम्बन्धो એવો પાઠ હોય. अन्ययोगत थी अन्यसम्बन्धः પુનરુક્ત પ્રાય છે, તેમ માનવાનું નથી. સમ્બન્ધ અને યોગ જુદી વસ્તુ છે. સમ્બન્ધ=પરપુરુષ સાથે વાતચીત કરવી યોગ=પરપુરુષ સાથે પત્નીત્વે વર્તન.

तथात्र ब्रह्मसम्बन्धचिन्तनं तादृशैर्जनैः ॥११॥

જે પ્રમાણે અગ્નિ-સાક્ષાઓની મદદથી સ્ત્રી પોતાના પતિવ્રત-પણાનું રક્ષણ કરે છે, તેજ પ્રમાણે જીવે તેવા જનોની સાથે રહી (તેઓની મદદથી) બ્રહ્મસંબંધો (નિ ટકી ન જાય તેનું ખાસ ધ્યાન રાખી) વિચાર કરવો ૧૧

अनस्मन्नैव हि स्थेयं यत्र तत्सङ्गसम्भवः ।
तं दुर्लभं खलु कलौ, तान् परामृश्य सन्वसेत् ॥१२॥

આથી ત્યાંજ રહેવું કે જ્યાં તેવા તાદૃશી ભગવદીયોના સંગની સંભાવના હોય. આવા તાદૃશી ભગવદીયો કલિકાળમાં દુર્લભ છે. તેઓની બરોબર પરીક્ષા કરી પછી તેઓનો સત્સંગ કરવા રહેવું (શ્રીહરિરાયજીએ ભગવદીયલક્ષણનિરૂપણ-ગ્રન્થમાં વચનો અને ભગવદીયોનું તારતમ્ય નિરૂપ્યું છે, તેનું અહીં અનુસંધાન કરવું) ૧૨

“अत्र स्थेयं हरिस्थाने” इति प्रभुवचः स्फुटम् ।
यतो भावः सुसंरक्ष्यो, वर्धनीयश्च सर्वथा ॥१३॥

શ્રીમહાપ્રભુજીનું (ભક્તિવર્ધિનીમાં) – “આથી ફરી જે પ્રમાણે ... તે રીતે હરિભગવાનના સ્થાનમાં ચિત્ત દૂષિત ન થાય ... રહેવું – એ સ્ફુટ વચન છે, કારણકે દરેક રીતે ભાવનું સારી રીતે રક્ષણ કરવાનું છે અને તેને વધારતા જવાનો છે ૧૩

सच्छीलपात्रो वचनैर्व्यावृत्तिरहितैः सदा ।

प्रेमासक्तिव्यसनतां लभते भजनक्रमात् ॥१४॥

(ભક્તિવર્ધિનીમાં શ્રીમહાપ્રભુજીએ) બીજભાવ દૃઢ કરવાનો ક્રમ બતાવી વ્યસન દશા સુધીનો જે ક્રમ બતાવ્યો છે, તેજ પ્રમાણે) રુચિરૂપી બીજ અંકુરિત થયેલો ભાવ દુન્યવી બાધકોની જેમાં અસર નથી, તેવા ભક્તોએ ફરી ભજનના ક્રમે પ્રેમ, આસક્તિ અને વ્યસનની દશાને ભોગવે છે ૧૪ (સામાન્ય વાચકોને આ વિષય સમજવો કઠણ હોય તો ભક્તકવિ દયારામભાઇનું ભક્તિપોષણ અહીં વધુ ઉપયોગી થઇ પડશે અથવા શાસ્ત્રીજી ચીમનલાલ હરિશંકરે રચેલ પુષ્ટિમાર્ગોપદેશિકાના બીજા ભાગમાં તો આ વિષય ઉપરનો પાઠ તેના ક્રમવાર વધુ ઉપયોગી થઇ પડશે)

तदर्थं सेवना प्रोक्ता, सापि भावात्मिका पुनः ।

तत्प्राप्यफलरूपोऽपि प्रभुर्भावात्मको मतः ॥१५॥

तल्लीलापि तथाभूता मन्तव्या रसकोविदैः ॥१५½॥

તે બીજભાવને દૃઢ કરવા માટેજ **સેવા** નિર્દેશવામાં આવી છે. આ સેવા પણ વળી ભાવરૂપજ છે. આ ભાવાત્મક સેવાનો ફલરૂપે રહેલા એવા પ્રભુ પણ ભાવાત્મકજ છે. તે પ્રભુની લીલાને પણ રસિકજનોએ –(રસશાસ્ત્રની મર્યાદા જાણનારા ભક્તોએ)– તેવાજ પ્રકારની ભાવરૂપ જાણવી ૧૫½.

तस्माद्यदेव स्वाचार्यचरणैकप्रकाशितम् ॥१६॥

भावात्मकं हि वेत्तव्यं विद्वद्भिरिह सर्वथा ।

यथा मूलं, ततो जातं कार्यं चापि तथा भवेत् ॥१७॥

તેથી કરીને આપણા આચાર્યચરણો શ્રીમહાપ્રભુજીએ જે કાંઈ પ્રકાશિત કર્યું છે, તેને અહીં દરેક રીતે વિદ્વાનોએ આવશ્યક જાણવું, કારણ કે જેવું મન હોય તેવું જ તે મનમાંથી ઉત્પન્ન થયેલું કાર્ય પણ થાય (પ્રથમથીજ બહાર હોય તો છેવટ સુધી બધું બાહ્યરૂપજ રહે અને પ્રથમથી સ્વચ્છ હોય તો બધું સ્વચ્છ રહે છે) ૧૭

स्वाचार्यास्तत्कृतो मार्गस्तत्प्राप्य· पुरुषोत्तम ।
सर्वमुत्कृष्टभावत्वमिति मन्तव्यमुत्तमे ॥१८॥

આપણા આચાર્યચરણ જે, એમણે વિસ્તારેલો માર્ગ, એ માર્ગથી મેળવાતા પુરુષોત્તમ એ બધુંય અતિ ઉત્કૃષ્ટ ભાવથી શ્રેષ્ઠ છે એમ ઉત્તમ અધિકારીઓએ જાણવું ૧૮

स्वाचार्यशरणैर्नान्तरणैर्भगवज्जने ।
एतावानेव विज्ञेय सिद्धान्तोऽत्र विचक्षणै ॥१९॥

જેમને પોતાના આચાર્ય શ્રીમહાપ્રભુજીનું શરણ પ્રાપ્ત થયું છે, જેમનું ભગવન્માર્ગમાં વરણ થયું છે (પ્રભુએ જેને પોતાના કરી સ્વીકાર્યો છે) તેવા વિચક્ષણ ભગવદીયોએ અહીં આટલોજ સિદ્ધાન્ત જાણી લેવાની જરૂર છે ૧૯



२. स्वमार्गीयकर्तव्यनिरूपणम् ॥

अथ श्रीवल्लभाचार्यकृपया विनिरूप्यते ।
सन्मार्गनिष्ठकर्तव्यं स्वसन्तोषाय सर्वथा ॥१॥

હવે શ્રીમદ્ વલ્લભાચાર્યચરણની કૃપાએ કરી દરેક રીતે આપણને સન્તોષ થાય એ ખાતર સન્માર્ગમાં જેને નિષ્ઠા છે, તેવા જીવોનું કર્તવ્ય સારી રીતે નિરૂપવામાં આવે છે. ૧.

सेव्यः कृष्णः सदानन्दो भक्तैकहृदयाश्रयः ।
तद्भावात्मा तथाभूतः सर्वलीलायुतः सदा ॥२॥

સદાનન્દસ્વરૂપ (=સત્-જડ, ચિત્-ચેતન અને આનન્દ-અન્તર્યામી- તે ત્રણે રૂપ), ભક્તના હૃદયને એકજ આશરારૂપ (અથવા તો માત્ર ભક્તનુંજ હૃદય જેને આશ્રય-સ્થાનરૂપ = પ્રભુ માત્ર ભક્તનાજ હૃદયમાં બિરાજે છે તેવા), વળી ભક્તોના ભાવરૂપ ભાવાત્મક સકળ લીલાઓથી જોડાયેલા એવા શ્રીકૃષ્ણચન્દ્રજીનું સદૈવ સેવન કરવું. ૨.

अनुरागस्त्रिधा लोके श्रवणाद्दर्शनात्तथा ।
× × × ॥३॥

લોકમાં અનુરાગ ત્રણ પ્રકારે ઉત્પન્ન થાય છેઃ- ૧. શ્રવણ, ૨. દર્શન અને ૩. પ્રત્યક્ષ વાતચીતના પ્રસઙ્ગથી. (અહીં મૂળમાં ઉત્તરાર્ધ ત્રુટિત હોય તેમ લાગે છે.) ૩.

तासां यः सहजो रागः स एव भगवानजः ।
नन्दस्य भवने जातः सुखदानाय भूतले ।
तत्स्वरूपं तथा वक्तुं श्रुतयोऽपीह नेशते ॥४॥
यतोऽभिवृत्तिर्वचसां मनसा सहरूपता ।
किञ्चिदाचार्यचरणप्रसादात्तन्निरूपितम् ॥५॥

(અહીં તો લૌકિક સ્થિતિ નથી; અલૌકિક સ્થિતિ છે, તેથી) તે શ્રીગોપીજનોનો જે સહજ અનુરાગ હતો, તે અનુરાગરૂપજ એવા અજન્મા ભગવાન ભૂતલ ઉપર સુખનું દાન કરવા માટે નન્દના ભવનમાં પ્રકટ થયા. તે પ્રભુનું જે સ્વરૂપ, તેનું યથાર્થ વર્ણન કરવાને વેદ પણ સમર્થ નથી; કેમકે વાણી માત્ર બહારની વાત કરી શકે છે; મનજ માત્ર સહરૂપતા મેળવી શકે છે અહીં હું જે કાંઇ નિરૂપું છું, તે માત્ર શ્રીમદાચાર્યચરણોની કૃપાથીજ. ૫.

अर्थं बुध्वा स्वबुद्ध्यैव मया किञ्चिन्निरूप्यते ॥५½॥

મારી અક્કલ પ્રમાણેજ અર્થને સમજીને અહીં મારાવડે કાંઇક નિરૂપવાનો યત્ન કરવામાં આવે છે. ૫½

गोपिकानामिव यो भावः स यशोदाङ्कसंस्थितः ॥६॥
यशोदाऽपि च तद्भावरूपैवेति विबुध्यताम् ।
नन्दस्तदीयास्तद्भूमिस्तद्गृहं तद्वनं च यत् ॥७॥
तदुत्सवस्तथा सर्वं तत्र तद्भाव एव हि ॥७½॥

જે ગોપીજનોને ભાવ, તે ભાવજ યશોદાજીના ખોળામા સ્થિત કરી રહેલ છે (=ભાવાત્મક પ્રભુજ ખોળામા બેસી રહ્યા છે) શ્રીયશોદાજી પણ તે ભાવરૂપજ છે, એમ જાણો. શ્રીનન્દરાયજી, તે વ્રજભૂમિ, તે ઘર, તે ધન, તે જન્મોત્સવ, તેમજ ત્યા જે કાંઇપણ રહેલું, તે સમગ્ર તે ગોપીજનોના ભાવરૂપજ છે.

सोतिऽगुप्तो नहि स्यात्तु न शक्नोतीति मेलनम् ॥८॥

पूर्वरूपेण नैवास्ति, ततो भेदनिरूपणम् ।

उत्पत्तिः केवलस्येति स्पष्ट नैव निरूपिता ॥९॥

તે ભાવ અતિ ગુપ્ત છે, બહાર રહી શકતોજ નથી આવી સ્થિતિ હોવાથી પૂર્વરૂપ સાથે તેનો મેળ નથી. એટલેજ અહીં ભાવનું પૃથક્પણે નિરૂપણ છે. ઉત્પત્તિ માત્ર કેવળ ભાવનીજ હોઇ શકે; એ માટેજ એ ભાવોત્પત્તિ સ્પષ્ટપણે કહેવામા નથી આવી ૯.

अतो हि गोपिकाभाव सामग्रीसहितस्तथा ।

प्रकट सन्व्रजे चक्रे लीलां स्वानन्दरूपिणीम् ॥१०॥

આ માટેજ સર્વ સામગ્રી–પરિકરથી યુક્ત એવા આ ગોપીજનોના ભાવરૂપ શ્રીકૃષ્ણચન્દ્રજીએ પ્રકટ થઇને વ્રજભૂમિમા પોતાના અલૌકિક આનન્દરૂપે રહેલી લીલા કરી ૧૦.

अवतारचरित्रं यत् पूतनामारणादिकम् ।

प्रादुर्भूय स्वय कृष्ण पुन सर्वं चकार ह ॥११॥

પૂતનાને મારી નાખી, તેમજ બીજા અસુરાદિકને માર્યા, તે

વગેરે જે અવતારલીલા તે શ્રીકૃષ્ણચન્દ્રજીએ પોતેજ પ્રકટ થઈને બધી કરી ૧૧.

तदेव सूचितं सर्वं तत्र प्रकरणोत्तमे ।
"कस्याश्चित्पूतनायन्त्या" इति सन्दर्भतस्तथा ॥१२॥

દશમસ્કન્ધના -ઉત્તમ તામસ ફલપ્રકરણમાં "कस्याश्चित् पूतनायन्त्या"- કોઈ પૂતના બની અને કૃષ્ણરૂપ બનેલી બીજી ગોપીને સ્તનપાન કરાવવા લાગી"- એ વગેરે ગ્રન્થસન્દર્ભે કરી તે સમગ્ર અવતારચરિત્રજ સૂચિત કહેવામાં આવે છે. (સ્પષ્ટ છે કે – અહીં જે ગોપીજનોએ વિરહદશામાં તન્મય બની કૃષ્ણલીલા કરી બતાવી, તે ભાવાત્મકજ છે) ૧૨.

अतो हि भावरूपत्वं लीलामात्रस्य युज्यते ।
यथा श्रुत्या गुणद्वाराऽगुणत्वानपि रूप्यते ॥१३॥

तथा भागवतेनापि सहजं तन्निरूप्यते ।
अवतीर्णचरित्रेण विभेदज्ञापनं तयोः ॥१४॥

આથીજ કરીને એટલી લીલા, તે બધીજ ભાવરૂપ હતી, એમ માનવુંજ યોગ્ય છે. વેદમાં એવા કેટલાયે પ્રસંગો છે, કે જે ગુણ રહિત હોવા છતાં ગુણનું નિદર્શન કરાવતી વખતે પ્રભુને નિર્ગુણ કહેવામાં આવ્યા હોય છે; તેજ પ્રમાણે અહીં પણ કોઈ કોઈ એવો પ્રસઙ્ગ હોય તેજ રીતે ભાગવતજીમાં પણ અવતારચરિતથી ભાવરૂપ અને ભાવાતિરિક્તરૂપ ચરિતનો ભેદ બતાવતા **સહજ ભાવરૂપપણું** નિરૂપવામાં આવ્યું છે. ૧૪.

तदपि श्रीमदाचार्यकृपयैव विबुध्यते ।
तस्य सेवैव कर्तव्या भावमेवा हि मानसी ॥१५॥

તે વાત પણ શ્રીમદાચાર્યચરણોની કૃપાથી જ જાણવામાં આવે તેમ છે. માટે તે શ્રીમદાચાર્યચરણોની સેવા જ કરવી. જે ભાવાત્મક શ્રીકૃષ્ણચન્દ્રજીની સેવા છે, તે તો માત્ર માનસી છે. ૧૫

स भावो दुर्लभस्तस्य कथं सेवा भवेदिह ? –
– इति चेत्तत्र युज्येत समाधानमिदं पुनः ॥१६॥

તે ભાવાત્મક પ્રભુ તો દુર્લભ છે. તેની સેવા અહીં આ લોકમાં કવી રીતે થઇ શકે? — આમ જો હોય તો ત્યાં આ સમાધાન યોગ્ય છે — ૧૬

भावो हि सहजः सिद्धः स्वामिनीष्वेव सर्वथा ।
तस्य चान्यस्थितस्यात्र कथं हृद्यागतिर्भवेत् ॥१७॥

સહજ એવો જે ભાવ તે તો માત્ર સ્વામિનીયોમાજ સિદ્ધ છે. આમ છતાં (સ્વામિનીયોમાં) રહેતા તે ભાવનું આવવું આપણા જેવાઓના હૃદયમાં ક્યાંથી થાય? ૧૭

न वा तथाविधान्येषां योग्यता तेन कल्प्यताम् ।
अतस्तासां प्रसादेन कथञ्चित्तु भवेदपि ॥१८॥

તે સ્વામિનીયોમાં જેવા પ્રકારની યોગ્યતા છે, તેવી યોગ્યતા બીજાઓમાં હોઇ શકે તેમ નથી. હા, માત્ર તે શ્રીસ્વામિનીયોની કૃપા થાય તો કાંઈક થાય ખરી. ૧૮

हरेरिव नरस्यास्य कठिन तत्प्रसादनम् ।
तस्मात्कृपानिधि· कृष्ण· स्वास्यमाविश्चकार ह ॥१९॥

પ્રભુની જે પ્રમાણે તે સ્વામિનીયો કૃપા મેળવવા શક્તિમાન થઇ, તે પ્રમાણે આ આપણે માનવીઓને પ્રભુની પ્રત્યક્ષ કૃપા મેળવવી મુશ્કેલ છે. તે ખાતરજ કૃપાના ભણ્ડાર એવા શ્રીકૃષ્ણ-ચન્દ્રજીએ પોતાના મુખારવિન્દના અવતારરૂપ શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભા-ધીશ્વરપ્રભુને પ્રકટ્ય આપ્યૂ. ૧૯.

स्वामिनीहृदयस्थस्य भावरूपस्य यन्मुखम् ।
भावाग्निरूप तद्वाच्य स भावो विरहात्मक ॥२०॥

સ્વામિનીયોના હૃદયમા રહેલા ભાવરૂપ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીનું જે મુખ, તે ભાવાત્મક અગ્નિરૂપ જાણવૂં અને તે ભાવાગ્નિ તે વિરહરૂપ છે ૨૦.

तद्दानाय तदात्मा स्वसान्निध्यफलभावन ।
अस्मत्प्रभु कदा श्रीमदाचार्य शिरसि स्थित ? ॥२१॥

તે વિરહાત્મક ભાવનૂ દાન કરવા ભાવાત્મક, વળી પોતાના સાન્નિધ્યથી ફલભાવ કરનાર આપણા મહાપ્રભુ શ્રીમદાચાર્યચરણો ક્યારે આપણા મસ્તક ઉપર બિરાજે? ૨૧.

तन्निवेदनतस्तस्य सन्निधानाद् भवेदसौ।
भावस्तथाविधो मुख्यसेवासाधनतां गत ॥२२॥

શ્રીમહાપ્રભુજીદ્વારા પ્રભુને આત્મનિવેદન કરાતા તેઓશ્રીના સાન્નિધ્યથી મુખ્ય સેવાના સાધનરૂપે રહેશે એવા પ્રકારનો ભાવ ઉત્પન્ન થાય છે. ૨૨.

तत्सिद्धिर्गोकुलाधीशे सर्ववस्तुसमर्पणात् ।
तत्सिध्यति स्वसर्वस्वविनियोगेन सर्वथा ॥२३॥

તે ભાવની સિદ્ધિ ત્યારેજ થાય કે જ્યારે શ્રીગોકુલાધીશ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીને સર્વ વસ્તુનું સમર્પણ કરવામા આવે. તે સર્વ વસ્તુનું સમર્પણ ત્યારેજ સિદ્ધ થાય કે જ્યારે દરેક રીતે આપણે આપણા સર્વસ્વનું પ્રભુને નિવેદન કરી ચૂકિયે. ૨૩.

तदर्थं कायिकी सेवा तनुवित्तयुतोदिता ॥२३½॥

તે માટેજ તનુજા અને વિત્તજાથી યુક્ત એવી કાયિકી ભગવત્સેવા કહી છે. ૨૩½.

एव तन्मानसः सर्व कुर्वन् चिन्ताविवर्जितः ॥२४॥
सेवापरस्तथा कुर्वन् वियोगानुभवं हृदा ।
सेवानवसरे यद्वद् गोचारणगते हरौ ॥२५॥
सन्न्यासेन विधेया स्यादनुभूतिः परा पुन. ।
आत्यन्तिकवियोगस्य, परा काष्ठा फलस्य सा ॥२६॥

આ પ્રમાણે પ્રભુમાં જેનું ચિત્ત છે, તેવો જીવ ચિન્તાથી તદ્દન રહિત થઈ, સેવામા તત્પર રહી હૃદયથી પ્રભુના વિરહનો

અનુભવ કરતો રહે. જ્યારે પ્રભુ ગોચારણમાં પધાર્યા હોય, સાથે તેવી ભાવના કરી સેવના અનવસરમાં પ્રભુના તેવા પ્રકારના વિરહનો અનુભવ સન્યાસપૂર્વક કરવો, અર્થાત્ દુનિયાના બીજા કાર્યોમાંથી ચિત્તને ઉઠાવી લઈ સેવાના અનવસરમાં પ્રભુના આલૌકિક વિરહનીજ ભાવના કર્યા કરવી, — આજ કૃષ્ણની પરાભક્તિ છેત્રામાં ઠેલી રાય છે. ૨૬.

एवं विज्ञाय विधिना विहिताशी सदादरम् ।
आश्रित्य वल्लभाचार्यान्स्थिरं तिष्ठेत्समाहितः ॥२७॥

આ પ્રમાણે સારી રીતે સમજી વિધિપૂર્વક પ્રસાદી પદાર્થોથી પોતાનું ભોજનાદિક કરી હમેશા પ્રભુમાં આદરયુક્ત રહી બરોબર ધ્યાનપૂર્વક શ્રીમદાચાર્ય શ્રીવલ્લભાચાર્યજીનો આશ્રય કરી સ્થિતિ કરવી. ૨૭

इति श्रीवल्लभाचार्यप्रसादेन निरूपितम् ।
सदा सन्तोषणं स्वान्ते स्थापनीयं प्रयत्नतः ॥२८॥

આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજીની કૃપા વડે આ મેં કહ્યું છે. આને હમેશા પ્રયત્નપૂર્વક પોતાના હૃદયમાં જીવોએ સ્થાપવું. ૨૮.



३. स्वमार्गीयसाधनरहस्यम् ॥

श्रीमदाचार्यमार्गोऽयं निःसाधनफलात्मकः ।
तत्र तद्भावनं भावसाधनं तत्कृपावताम् ॥१॥

આ શ્રીમદાચાર્યવર્ય શ્રીવલ્લભાચાર્યજીનો માર્ગ કોઈપણ સાધન વિનાજ ફલરૂપ છે. શ્રીમહાપ્રભુજીની જેના ઉપર કૃપા છે, તેવા જીવોને આ માર્ગમાં શ્રીમહાપ્રભુજીનું ચિન્તન તે જ ભાવના સાધનરૂપે છે. ૧.

स भावः सङ्गराहित्यान्न भविष्यति सर्वथा ।
सङ्गस्य साधनं सर्वरागाभावो गृहादिषु ॥२॥

તે ભાવ સત્સંગ વિના કદાપિ થઈ શકશે નહી. એ સત્સંગનું સાધન ગૃહ–સ્ત્રી–પુત્ર–ધન વગેરેમાં રહેલા સર્વ પ્રકારના રાગનો અભાવ, એ છે. ૨.

रागाभावस्तु सततं सेवया तत्कृपावताम् ।
तत्कृपासाधनं सा तु भवेत्तत्तोषणेन हि ॥३॥

જેના ઉપર શ્રીમહાપ્રભુજીની કૃપા છે, તેવા ભગવદીયોની સતત સેવા વડે રાગનો અભાવ થાય છે. શ્રીમહાપ્રભુજીના અનુગ્રહમાં સાધનરૂપ એવી તે સેવા શ્રીમહાપ્રભુજી તુષ્ટ થવાથી સિદ્ધ થાય છે. ૩.

तत्पोषणे तु तद्भक्तिभाववर्धनतो भवेत्।
भावो हि मार्गसर्वस्वं कर्तव्यं तस्य रक्षणम्॥४॥

શ્રીમહાપ્રભુજીના પુષ્ટ થવાનો લાભ તેઓથી તદ્ગત ભક્તિના ભાવની વૃદ્ધિ થકી થાય. ભાવ એ ભક્તિમાર્ગના સર્વસ્વ-રૂપે રહેલો છે તે ભાવનું રક્ષણ કરવું. ૪.

सेवापि सतत चित्ते, भावनात्मा तदा भवेत्॥४½॥

ચિત્તમાં સતત સેવા હોય ત્યારે જીવ ભાવનારૂપ બને છે. ૪½.

'निवेदनं तु स्मर्तव्यमि'ति यत्साधनं परम्॥५॥
'तादृशैरि'ति वाक्येन सत्सङ्गस्तत्राप्यपेक्षितः।
स एव साधनं सङ्गो मोक्षोऽस्मिन्मार्ग एव च॥६॥
'नमोत्तमे'ति वाक्येन, तदभावे वृथाखिलम्॥६½॥

"હમેશાં આત્મનિવેદનનું સ્મરણ કર્યા કરવું" એ નવરત્ન ગ્રન્થમાં જે પરમ સાધન કહ્યું છે, ત્યાં 'તે તાદૃશી ભગવદીયોની સાથે રહી કરવું', તેમ કહ્યું છે; તે વાક્યથી આ ભક્તિમાર્ગમાં સત્સંગની પણ જરૂર કહી છે. તેજ સાધનાત્મક સત્સંગ તે આપણા આ માર્ગમાં શ્રીવૃત્રચતુઃશ્લોકીમાં 'ઉત્તમશ્લોક પ્રભુના જનોના સખ્ય-મિત્રતા થાય,' એ વાક્ય પ્રમાણે મોક્ષરૂપ છે; તે ભગવદીયનો સત્સંગ ન થયો તો બધુંજ ફોગટ છે. ૬½.

तस्मात्सर्वं परित्यज्य सत्सङ्गेन सदा हरिम्॥७॥

सेवयेदान्तरेणापि बाह्येन मनसा पुन ।
स्वन फल हि सत्सङ्ग विदित्वा विदधीत हि ॥८॥

તેથી સર્વનો ત્યાગ કરી સત્સંગપૂર્વક સદૈવ અન્દરના અને બ્હારના એમ બન્ને પ્રકારના ચિત્તથી પ્રભુની સેવા કરવી. તે સત્સઙ્ગ જાતેજ ફળરૂપ છે, તેમ જાણી બધું કરવું. ૮.

---

४. भक्तिमार्गे पुष्टिमार्गत्वनिश्चयः।

पुष्टिमार्ग· फल यत्र स्वय साधनता व्रजेत् ।
साक्षात्परोक्षभेदेन स द्विधा विनिरूपित ॥१॥

જ્યાં ફળ જાતેજ સાધન થઇ રહે, તે પુષ્ટિમાર્ગ. આ પુષ્ટિમાર્ગ સાક્ષાત્ફલાત્મક અને પરોક્ષફલાત્મક એમ બે પ્રકારનો કહેવામા આવે છે. ૧

आविर्भावदशायां हि साक्षात्त्वेन निगद्यते ।
अन्यथा तु परोक्षत्वात्तथैव हि निरूप्यते ॥२॥

પ્રભુ જ્યારે ભૂતલ ઉપર બિરાજતા હોય છે, ત્યારે જે પુષ્ટિમાર્ગની સ્થિતિ છે, તે સાક્ષાત્ફલાત્મક છે, પરન્તુ જ્યારે પ્રભુ ભૂતલ ઉપર નથી બિરાજતા હોતા ત્યારે પરોક્ષફલાત્મક છે (શ્રીકૃષ્ણાવતાર સમયનો અનુગ્રહ તે સાક્ષાત્ અને શ્રીકૃષ્ણચન્દ્રજી સ્વધામમા પધાર્યા પછીનો અનુગ્રહ તે પરોક્ષફલાત્મક. અત્યારે આ પાછળનો પરોક્ષફલાત્મક પુષ્ટિમાર્ગ અસ્તિત્વમા છે) ૨

मानातिरिक्तमार्गत्वमेव तत्र व्यवस्थितिः ॥२३॥

– આ માર્ગ પ્રમાણોથી પર છે, એમ વ્યવસ્થા જાણવી (કેમકે તેમાં માત્ર અનુગ્રહ ઉપરજ આધાર છે.) ૨૩.

– સંશય –

तत्राय संशय —कृष्णः फलं साक्षात्कृतः स्वयम् ॥३॥

यायात्साधनतां नूनं रसलीलासु सर्वशः ।

परोक्षे भक्तिमार्गे हि कथं साधनता हरेः ॥४॥

अनाविर्भूतरूपत्वाद्दर्शनस्याप्यभावतः ।

तदभावे कथं तस्य पुष्टिमार्गत्वमुच्यते ॥५॥

अन्यथा साधनैः सिद्धौ मर्यादैव तथा भवेत् ॥६॥

— આમા આ પ્રકારનો સંશય ઊભો થાય છે કે– વાહ! સાક્ષાત્ ફલરૂપ થયેલા પ્રભુ શું જાતેજ બધી રસલીલાઓમા સાધનપણાને પામે છે? (માનો કે સાક્ષાત્ લીલાઓમાં પ્રભુ પોતે સાધનરૂપ બને એરા પણ) પરોક્ષ ભક્તિમાર્ગમા હરિનું સાધનપણુ કેવી રીતે શક્ય હોઇ શકે? કેમકે તેમા પ્રભુના સ્વરૂપનો આવિર્ભાવ પણ નથી હોતો કે પ્રભુના દર્શન પણ નથી થતા; અને આવી સ્થિતિ હોવાથી એટલે પ્રભુ હાજર ન હોવાથી પુષ્ટિમાર્ગ પુષ્ટિમાર્ગ કેમ કહી શકાય? પ્રભુની ગેરહાજરી હોવાથી જો સાધન કરવામા આવે તો પછી પુષ્ટિમાર્ગ રહ્યો ક્યા? આમ થતા તો તે મર્યાદામાર્ગ થઇ ચૂક્યો! ૫-૬.

सिद्धान्तस्तु—हरिः साक्षाद्रसात्मा श्रुतिसम्मतः ॥६॥

सोऽपि शृङ्गार एवास्ति, स चापि द्विविधो मतः ॥६½॥

સિદ્ધાન્ત એ છે કે શ્રુતિયોયે જેને સમ્મતિ આપી છે, તેવા પ્રભુ સાક્ષાત્ રસાત્મક છે; તે પણ શૃઙ્ગારરસરૂપ. તે શૃઙ્ગાર-રસાત્મક પ્રભુના પણ બે પ્રકારઃ ૧. સંયોગ અને ૨. વિપ્રયોગ. (સંયોગ અવતારદશામાંજ અને વિપ્રયોગ અવતારદશામાં તેમજ અનવતારદશામાં પણ.) ૬½.

एवं सति हरेर्भक्तिमार्गे पुष्टयभिधे मतः ॥७॥

वियोगः साधनं यस्मात्स स्वरूपात्मको मतः ॥७½॥

આમ હોવાથી પુષ્ટિમાર્ગ એવું જેનું નામ છે; તેવા ભક્તિ-માર્ગમાં પ્રભુનો વિયોગ-વિપ્રયોગ, એજ સાધન છે; કેમકે તે વિપ્રયોગ ભગવત્સ્વરૂપાત્મક કહ્યો છે. (વિપ્રયોગાત્મક પણ પ્રભુજ છે.) ૭½

तस्य साधनता हि स्वरूपे साधनं मतम् ॥८॥

अतोऽत्र पुष्टिमार्गत्वं निष्प्रन्यूहं विभाव्यताम् ॥८½॥

આ વિપ્રયોગનું જે સાધનપણું, તેજ સ્વરૂપવિષયક સાધન છે. આથીજ આ પુષ્ટિમાર્ગ છે, એમ નિઃસન્દેહ જાણો. ૮½.



५. भक्तिद्वैविध्यनिरूपणम् ।

भक्तिर्द्विधा पद्माम्भोजसद्मनाम्बुजनेत्र ।
प्रथमा शीतला भक्तिर्येन श्रवणकीर्तनात् ॥१॥
तत्र मुख्यसम्बन्ध सुलभो नारदादिषु ॥१½॥

પદ્મભવની અને ચન્દ્રમાની આમ બે પ્રકારની ભક્તિ છે પહેલી ભક્તિ શીતલ છે, કારણકે સહજ શ્રવણ અને કીર્તનથી મુખ્ય સમ્બન્ધ છે (मुख्य सम्बन्ध पाठ लेता –તે સમ્બન્ધ-નિજ તેવા ભક્તો। મુખથી અભિન્ન છે ભક્તો સહજ સુખ માને છે) – આ ભક્તિ ના૨ે વગેરે ભક્તોમાં સુલભ છે ૧½

द्वितीया दुर्लभा यस्मादधरामृतसेवनात् ॥२॥
तद्भावभावनारूपा विरहानुभवात्मिका ।
गोपीभिर्मन्मथोन्नाना च सा दत्ता हरिणा स्वत ॥३॥

દ્વિતીય પ્રકારની ભક્તિ દુર્લભ છે કારણકે તેમાં પ્રભુના અધરામૃતનું સેવન છે તે પ્રભુના ભાવની ભાવનારૂપે રૂપવાળી છે વળી વિરહના અનુભવરૂપ છે હરિએ જાતે તે ગોપીજનોને આપેલી છે

तदर्थं करुण कृष्णो भावात्मा स्वाम्यमुत्तमम् ।
भावाग्निरूप जगति कृपयाविश्चकार स ॥४॥
श्रीवल्लभाख्यानाचार्यान् विश्वोद्धारकृते यत ॥४½॥

તે વિરહાત્મક ને સ્નેહજની ભક્તિ આપવા માટેજ પરમ કારુણિક ભાવાત્મક પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીએ કૃપા વડે કરીને વિશ્વનો ઉદ્ધાર કરવા ખાતર પોતાના ઉત્તમ મુખારવિન્દરૂપ ભાવાત્મક અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીનો આ જગતમાં આવિર્ભાવ કર્યો ૪-૫

दर्शयित्वा स्ववदन वचनामृतबिन्दुभि ॥५॥
वेणुनादैरिव स्वीयान्पाययित्वाधरामृतम् ।
मुखारविन्दरूपा ता भक्ति भावात्मिका ददौ ॥६॥

વચનરૂપી અમૃતના બિન્દુઓએ કરી પોતાના મુખારવિન્દના જનતાને દર્શન કરાવી પ્રભુએ વેણુનાદ વડે જે પ્રમાણે સ્વકીય ગોપ ગોપીજનોને અધરામૃતનું પાન કરાવ્યું તે પ્રમાણે દૈવી જીવોને મુખારવિન્દરૂપ ભાવાત્મક ભક્તિનું દાન કર્યું ૬

तथाविधस्ववदनभक्तिदानेन चाखिलान् ।
दैवजीवानन्तरगान् कृतार्थान् विदधे हरि ॥७॥

તેવા પ્રકારના પોતાના વદનારવિન્દના અવતાર શ્રીમહાપ્રભુજીની ભક્તિના દાને કરી હરિભગવાને અન્તરંગ સકલ દૈવી જીવોને કૃતાર્થ કર્યા ૭

एवंविधस्वरूपान् श्रीवल्लभाख्यान् कृपानिधीन् ।
आश्रितोऽहं विनिश्चित्य ऐहिके पारलौकिके ॥८॥

આ લોક સમ્બન્ધી અને પરલોક સમ્બન્ધી દરેક કાર્યમાં પાકો નિશ્ચય કરી આવા પ્રકારના કૃપાના સાગર શ્રીવલ્લભાચાર્યજીનો મેં આશ્રય કર્યો છે ૮

६ स्वमार्गीयभक्तिद्वैविध्यविवेकः ।

अथ श्रीकृष्णवदनाचार्यसंश्रितचेतसा ।
निरूप्यते तन्मार्गीयभक्तिद्वैविध्यमद्भुतम् ॥१॥

શ્રીકૃષ્ણચન્દ્રજીના વદનાવતાર શ્રીમહાપ્રભુજીને આશ્રરે છે ચિત્ત જેનું એવો હું શ્રીમહાપ્રભુજીના માર્ગમાં રૂહેલી અદ્‌ભુત બે પ્રકાર ભક્તિનું અહીં નિરૂપણ કરૂં છું ૧

वेदसिद्धा स्वतन्त्रा च द्विधा भक्ति प्रतीयते ।
सृष्टिवाक्यैस्तया भेदबोधकै श्रुतिमूर्धभि ॥२॥

સૃષ્ટિની ઉત્પત્તિ બતાવનારા વાક્યો અને ભેદને બતાવનાર ઉચ્ચતમ શ્રુતિવાક્યોથી વેદસિદ્ધ અને સ્વતન્ત્ર એવી બે પ્રકાર ભક્તિ છે ૨

૧. વેદસિદ્ધ ભક્તિ

माहात्म्यज्ञानभावाख्या प्रथमा प्रतिपद्यते ।
पुमर्थप्रतिपाद्यत्वाच्चतुर्मोक्षोपयोगिनी ॥३॥

પહેલી વેદસિદ્ધ ભક્તિ પ્રભુના માહાત્મ્યજ્ઞાન અને ભ ન એમ તેથી સિદ્ધ થાય છે વેદ એ પુરુષાર્થનું પ્રતિપાદન કરનાર હોવાથી આ ભક્તિ મોક્ષ નામના ચતુર્થ પુરુષાર્થની સિદ્ધિ આપવામાં ઉપયોગી છે ૩

आत्मवत्प्रियता तत्र बोध्यते मद्बोधनात् ।
माहात्म्यज्ञापनं चापि सृष्टिकर्तृत्वबोधनैः ॥४॥

તેમાં એપણાનો ખ્યાલ હોવાને લીધે જેમનું ભજન કરવામાં આવે છે, તે પ્રભુ આત્મા જેટલાજ વહાલા હોય છે. તેવી સમજ છે. પ્રભુએ સૃષ્ટિ વગેરેની રચના કરી છે, એ વગેરેના જ્ઞાનને લીધે પ્રભુના માહાત્મ્યનું તેમાં જ્ઞાન છે. ૪.

शब्दार्थोऽपि तथैवात्र प्रकृतिप्रत्ययोदितः ।
प्रत्ययार्थः प्रेम चोक्तं स्त्रीभावे तद्विधानतः ॥५॥

भजधातोः प्रकृत्यर्थः स्पष्ट एव हि सेवनम् ।
'सायुज्यकाम्यये'त्युक्तेः परं तत्साधनं मतम् ॥६॥

અહીં 'ભક્તિ' શબ્દમાં મૂળ ધાતુ भज् અને क्तिन् પ્રત્યય જે અર્થ કહે છે, તેજ અર્થ છે. સ્ત્રીભાવમાં પ્રેમનું વિધાન હોવાથી અહીં પ્રત્યય क्तिन् નો અર્થ (જે ક્રિયાવાચક પ્રત્યય લાગ્યો છે તેનો અર્થ) પ્રેમ છે. भज् ધાતુનો મૂળ અર્થ તો સ્પષ્ટ રીતે 'સેવા કરવી' તે છે. 'ભજન સાયુજ્યની કામનાથી કરે છે,' એવું શ્રીમહાપ્રભુજીએ જે કહ્યું છે, તે હેતુએ તે સેવા કરવી; એજ મોટામાં મોટું સાધન છે. ૬.

प्रेमापि साधनं कृष्णप्राकट्यैकप्रयोजनात् ॥६½॥

શ્રીકૃષ્ણચન્દ્રજીના પ્રકટ થવામાં પ્રેમ પણ કારણરૂપ હોવાથી તે પ્રેમ સાધન છે. ૬½.

एतद्विलक्षणा चान्या तादृग्लक्षणलक्षिता ॥७॥
अन्यथा नैव भक्तिः स्यादतः सात्र निरूप्यते ।
वेदेन बोधिता सापि श्रुतिरूपाभिरेव हि ॥८॥

ઉપર જે વેદસિદ્ધ ભક્તિ કહી, તેવાજ લક્ષણો ધરાવતી છતાં તેનાથી જુદા પ્રકારની બીજી ભક્તિ છે. એવાં લક્ષણવાળી ન હોય તો ભક્તિજ ન થાય એ માટેજ તે બીજી સ્વતન્ત્ર ભક્તિનું નિરૂપણ અહીં કરવામાં આવે છે. આ ભક્તિનો પ્રકાર વેદેજ જણાવ્યો છે અને શ્રુતિરૂપા ગોપાઙ્ગનાઓએ તે કરી બતાવી છે. ૮.

सृष्टिवाक्यैरिवात्रापि माहात्म्यं प्रतिपादितम् ।
'मैवं विभोऽर्हती'त्याद्यैः सर्वभावनिरूपकैः ॥९॥
'गतिस्मिते'त्यादि वाक्यैरभेदाद्भावबोधनम् ॥१०॥

પ્રથમ ભક્તિમાં ઉપનિષદોમાં આવતા 'પ્રભુએ સૃષ્ટિની રચના કરી' તેવા આશયનાં વાક્યોની માફક અહીં પણ આ સ્વતન્ત્ર ભક્તિમાં પ્રભુના માહાત્મ્યનું પ્રતિપાદન છે; વળી રાસપંચાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં ગોપાઙ્ગનાઓએ પ્રભુનાં, ઘેર ચાલ્યા જવાનાં કથનના જવાબમાં પૂર્ણ ભાવનું સૂચન કર્યું છે. જે મૈવં વિભોઽર્હતિ (ભા. ૧૦-૨૯-૩૧) તેમજ ગતિસ્મિત (ભા. ૧૦-૨૮-૨૨) એ વગેરે વાક્યોમાં સ્પષ્ટ દેખાય છે; એ સર્વ ભાવને જણાવનાર વાક્યોથી ગોપાઙ્ગનાઓ જે અભિન્નતા દર્શાવે છે, તેનાથી તેઓના ભાવનું બોધન છે. ૯-૧૦.

भावोऽप्येवंविधस्तत्र यत्रात्मस्फूर्तिनाशनम् ॥१०॥
शब्दार्थोऽपि तथाभूतः सेवाप्रेमसमाहृतः ॥१०३॥

અહીં આ બીજા પ્રકારમાં જેમાં આત્મસ્ફૂર્તિ –આત્માના અહમ્ભાવ– નો તેવો પ્રથમ પ્રકારની ભક્તિ જેવોજ ભાવ રહેલો છે; પ્રથમ પ્રકારની માફકજ મનુ=સેવા અને તિ=પ્રેમ એવો શબ્દાર્થ પણ રહેલો છે. ૧૦રૂ.

બન્ને ભક્તિનો તફાવત

परन्तु मानसी सेवा स्त्रीभावः प्रेमशब्दितः ॥११॥
अस्ति तद्भाववैजात्यं सर्वभावप्रपोषणात् ।
अत एवात्र सायुज्यसदृशं कामभोजनम् ॥१२॥

મોટો તફાવત એ છે કે પ્રથમ પ્રકારમાં સેવા ક્રિયાત્મક (practical) છે, જ્યારે અહીં માનસી સેવા (theoratical-mental) છે. પ્રેમ શબ્દ ત્યાં સામાન્ય છે, જ્યારે અહીં પ્રકારમા સ્ત્રીભાવે છે, (અહીંનું ભજન ગોપાઙ્ગના જેવું છે, જેમાં ભક્તમા સ્ત્રીત્વ અને પ્રભુમાં પતિત્વની ભાવના છે.) ત્યાં ભાવ સામાન્ય છે, જ્યારે અહીં સર્વાત્મભાવ–ગોપાઙ્ગના જેવો છે, આથીજ અહીં ભગવાન સાથે યથેચ્છ લીલાનુભવ છે, તેને સાયુજ્યની સાથે સરખાવેલ છે. ૧૨

नैवास्ति सर्वभावेनाभेदे तदनुभावनम् ।
स्वतन्त्रता च विज्ञेया वेदाबोधनतस्तथा ॥१३॥
फलानपेक्षतातोऽपि मन्तव्यातिविचक्षणैः ॥१३॥

અવાંતમભ્ર હોવાને લીધે અભેદ હોવાથી ભેદભાવનર અહીં નથી. વેદમાં આવા પ્રકારના સર્વાત્મભાવનું સૂચન હોવાથી આ ભક્તિ સ્વતન્ત્ર છે. અહીં વળી ફલની અપેક્ષા નથી (ત્યાં તો એટલે પહેલા પ્રકારમાં તો સાયુજ્યાત્મક ચતુર્થ પુરુષાર્થ મોક્ષની ફલ તરીકે અપેક્ષા રહેલી છે;) તેથી અતિ વિચક્ષણ એવા વિદ્વાનોએ આને સ્વતન્ત્ર જાણવી. ૧૩–૧૪.

द्वैविध्यमिदमेवात्र चरणाभ्यधिमेरत ॥१४॥
भक्तिभेदप्रकथनात्सर्वत्र विनिरूपितम् ।
श्रीमदाचार्यदासानां हृदये भासते परम् ॥१५॥

પ્રથમ ભક્તિ ચરણભક્તિ છે, જ્યારે બીજી ભક્તિ મુખકમલની છે. આ બે ભેદે ભક્તિના ભેદ કહેવાથી સર્વત્ર જે આ બે પ્રકાર કહેલા છે, તે શ્રીમદાચાર્યચરણોના સેવકોના હૃદયમાં જણાય છે. ૧૫.



स्वमार्गीयमुक्तिद्वैविध्य निरूपणम् ।

जीवानां कृष्णसम्बन्धो भक्तिमार्गे विमोचनम् ।
स द्वेधा जीवविहितो भगवद्विहितस्तथा ॥१॥

જીવોને શ્રી કૃષ્ણચન્દ્રજી સાથે સમ્બન્ધ થાય તેતેજ ભક્તિમાર્ગમાં મોક્ષ કહે છે. તે મોક્ષ-ભક્તિમાર્ગીય મોક્ષ બે પ્રકારનો છે: ૧. જીવકૃતિથી સાધ્ય અને ૨. પ્રભુકૃતિથી સાધ્ય. ૧.

जीवस्य कृष्णसम्बन्धे मार्गनिष्ठतया क्रमात् ।
प्रवेशः परमानन्दे, तद्धि सायुज्यशब्दितम् ॥२॥

માર્ગમાં નિષ્ઠા રાખી ક્રમે કરી જીવને કૃષ્ણસમ્બન્ધ થતાં પરમાનન્દમાં જે પ્રવેશ તેજ સાયુજ્ય. ૨.

कृष्णप्रवेशाख्या मुक्तिः सा सद्योमुक्तिरुच्यते ।
न तत्र भक्तसहितः कश्चिद्वै साधनक्रमः ॥३॥

શ્રી કૃષ્ણચન્દ્રજીનો જીવમાં પ્રવેશ થવાથી જે મોક્ષ તેજ **સદ્યોમુક્તિ** કહેવાય છે. આ સદ્યોમુક્તિમાં ભક્તને સાધન તરીકે કહેલો કોઇ સાધનક્રમ નથી હોતો. ૩.

अत्यन्तकृपया कृष्णो विशते स्वप्रमेयतः ।
तदैव तत्र भवति मुक्ततावेशनक्षणे ॥४॥

अन्तर्गृहस्थासु यथा पुण्यपापक्षयः क्रमात् ।
रासस्थासु तथावेशाद्भवन्मुक्तताक्षणात् ॥५॥

પોતાના પ્રમેય-બળે કરી પ્રભુ **શ્રી** કૃષ્ણચન્દ્રજી અત્યન્ત કૃપાએ કરી ભક્તમાં પ્રવેશ કરે છે, ત્યારેજ પ્રવેશ કરવાની પળે ત્યાં મુક્ત-મુક્તપણું થાય છે. દાખલા તરીકે—

વેણુનાદ થતાં પણ જે ગોપીજનો પોતાના ઘરમાંથી બ્હાર ન નીકળી શક્યા તેમને ક્રમે કરી પુણ્ય અને પાપનો ક્ષય થયો, પરન્તુ જેઓ શ્રી કૃષ્ણચન્દ્રજી પાસે પ્હોંચી ગયા તેવા રાસમાં રહેલા ગોપીજનોને પ્રભુના આવેશમાત્રથી ક્ષણમાત્રમાં મુક્તપણું થયું. ૪-૫

अनेनैव प्रकारेण ज्ञातव्या मोक्षयोर्भिदा ।
जीवस्य भगवत्प्राप्तिः पूर्वा भगवतः परा ॥६॥

આજ પ્રકારે બન્ને મોક્ષનો ભેદ જાણવો; આમાં પહેલા પ્રકાર તે જીવને પ્રભુની પ્રાપ્તિ થવી તે મોક્ષ, તેજ સાયુજ્ય, અને જેમાં પ્રભુનો જીવમાં પ્રવેશ થવો તે પર મોક્ષ–તેજ સદ્યોમુક્તિ. ૬.

अत एवास्मदाचार्यैरुक्त सान्न्यासनिर्णये ।
'बहिश्चेत्प्रकटः स्वात्मे'त्यादिना मुक्तिलक्षणम् ॥७॥

આથીજ શ્રીમદસ્મદાચાર્યવર્યોએ સન્ન્યાસનિર્ણયમાં " बहिश्चेत्प्रकट स्वात्मा એને આત્મા બહાર પ્રકટ હોય અને તે અગ્નિની માફક જ્યારે પ્રવેશ કરે, ત્યારે સકલ બન્ધ નાશ પામી જાય છે," એ વગેરે શ્લોકે કરી મુક્તિ–મોક્ષનું લક્ષણ બાંધ્યું છે–(તેજ આ સદ્યોમુક્તિ). ૭

---

८. स्वमार्गीयसेवाफलरूपनिर्णयः।

अथ श्रीवल्लभाचार्यमार्गसर्वस्वरूपिणी ।
सेवा ससाधना सर्वा रूप्यते सनिदर्शना ॥१॥

હવે શ્રી વલ્લભાચાર્યજીના માર્ગમાં સર્વસ્વ–રૂપ એવી સમગ્ર સેવા સાધન સાથે અને સ્વરૂપ સાથે કહેવામાં આવે છે: ૧.

चेतस्तत्प्रवणं सेवा मानसी फलरूपिणी ।
प्रोक्ता निरोधरूपा सा व्रजस्थेष्वेव दृश्यते ॥२॥

પ્રભુમાં ચિત્તને પરોવી દેવું, તેનું નામ સેવા (ત્રણે પ્રકારની સેવામાં જે છેલ્લી 'માનસી' તે સ્વરૂપ છે નિરોધ સ્વરૂપે કહેવામાં આવેલી તે માનસી સેવા) તે ગાઢ વ્રજવાસીઓમાંજ દેખાય છે ૨.

प्रमेयबलमस्तेषु निरोध प्रभुणा कृत ।
तत्स्वरूप तु भावनानुभावस्तु तदात्मन ॥३॥

પ્રમેય-બલને લીધે ઉત્પન્ન થયેલો એવો જે નિરોધ તે પ્રભુયે તે વ્રજવાસીઓમાં સ્થાપ્યો. તે નિરોધનું સ્વરૂપ ભાવથી તેનો અનુભવ જે ભાવાત્મક હોય તેનેજ. ૩.

भावस्तु विप्रयोगेण तापक्लेशैर्विचारणम् ।
तदोद्भव प्रभोस्तत्र हृदये स्याद्रसात्मन ॥४॥

વિરહે કરી તાપક્લેશથી (પ્રભુથી હું વિયુક્ત પડ્યો છું, પ્રભુ ક્યારે મળે, એ વગેરેની તાલાવેલીથી પ્રભુસમ્બન્ધી) વિચાર કરવામાં આવે તે ભાવ આવી ભાવાત્મક સ્થિતિ જ્યારે થાય ત્યારે રસાત્મા પ્રભુનો ભક્તના હૃદયમાં આવિર્ભાવ થાય ૪.

बाह्यास्फूर्तौ वियोगेन रसे हृदयदेशगे ।
रसात्मकप्रभोस्तत्र प्रादुर्भाव स्वतो भवेत् ॥५॥

વિરહે કરી બાહ્ય કોઈપણ પદાર્થોની સ્ફુરણા ન થતા વિપ્રયોગ-રસ હૃદયમાં પ્રકટે ત્યારે રસાત્મા પ્રભુનો મેળે ત્યાં પ્રાદુર્ભાવ થાય ૫

तेनैव प्रभुणा सर्वलीलानुभवतो हृदि ।
रसात्मकस्वरूपस्य स्थितिस्त्रैकालिकी भवेत् ॥६॥

તેજ પ્રભુ હૃદયમાં સકલ લીલાનો અનુભવ કરાવે એટલે રસાત્મકસ્વરૂપ પ્રભુની હૃદયમાં સ્થિતિ સર્વકાળમાં રહે. ૬.

एवमेव स्थितिर्ज्ञेया स्वामिनीहृदयेषु हि ।
सेवास्मदाचार्यवर्यैर्'नमामी'त्यत्र रूपिता ॥७॥

આવાજ પ્રકારની સ્થિતિ શ્રીસ્વામિનીઓ–વ્રજાઙ્ગનાઓના હૃદયોમાં જાણવી. શ્રીમહાપ્રભુજીએ 'नमामि हृदये शेषे (सु. १०–१–१ कारिका) હૃદયરૂપી શેષનારાયણ ઉપર લીલારૂપી ક્ષીરસાગરમાં શયન કરતા અને સહસ્ર લીલાઓ–રૂપી લક્ષ્મીથી સેવાતા કલાનિધિ પ્રભુને નમન કરું છું"–આ તેજ ભાવાત્મક સ્થિતિ કહી છે ૭.

स्वतन्त्रभक्तास्ते वाच्या येष्वेव भगवत्स्थितिः ।
एवमेव हि तद्भक्तेः स्वातन्त्र्य नान्यथा भवेत् ॥८॥
यतो न हि प्रभोस्तत्र बहिः प्रकट्य मिष्यते ॥८३॥

જેઓમાં આવા પ્રકારની પ્રભુસ્થિતિ હોય છે, તેને સ્વતન્ત્ર ભક્તો કહેવા. આજ રીતે તે ભક્તિ પણ સ્વતન્ત્ર; બીજી રીતે તે સ્વતન્ત્ર ન થઇ શકે; કારણકે આ પ્રકારની ભક્તિમાં પ્રભુ હૃદયમાંજ પ્રકટે; બહાર પ્રાકટ્ય નજ હોય. ૮૩.

स्वतन्त्रा भक्तिरधुना व्रजस्त्रीष्वेव दृश्यते ॥९॥

रासस्थापु तथान्यत्र स्थापिता स्वमुखाम्बुजे ।
तदाश्रयवतां नृणां तत्कृपातो भविष्यति ॥१०॥
यतो भगवता प्रोक्तं तान्प्रत्येव समर्पणम् ॥१०½॥

તે સ્વતન્ત્રભક્તિ શ્રીમદ્ભાગવતમાં રાસલીલાના મહાનુભાવોમાંજ દેખાય છે, તેમ ઇતર સ્થળે પણ છે તે સ્વતન્ત્ર ભક્તિ પ્રભુના મુખારવિન્દના અવતાર શ્રીમહાપ્રભુજીમાં પ્રભુએ સ્થાપી છે શ્રીમહાપ્રભુજીને આશરે ગયેલા ભગવદીયોને શ્રીમહાપ્રભુજીની કૃપાથી થાય, કેમકે તેના આશરે આવેલા જીવોને ઉદ્દેશીનેજ પ્રભુએ સમર્પણની આજ્ઞા કરી છે ૧૦½

श्रीमत्प्रभोस्तु तद्दानमाचार्येभ्यो न संशय ॥११॥
अन्येषु तत्कृपातस्तु भविष्यति न संशय ॥११½॥

શ્રીગુસાંઇજીને જે ભાવપ્રાપ્તિ-સ્વતન્ત્ર ભક્તિ થઇ તે અસ્મદાચાર્યવર્ય શ્રીમદ્વલ્લભાધીશ્વર પ્રભુદ્વારા થઇ, તેમાં કશો શક નથી. બીજાઓમાં શ્રીગુસાંઇજીની કૃપાથી તે પ્રાપ્તિ થશે, તેમાં કશી શંકા નથી ૧૧½.

कृपा हि मार्गरुच्यैव निश्चिता भवति ध्रुवम् ॥१२॥
तत्रादावधिकारत्वात्प्रथमं यत्समर्पणम् ।
तदाचार्येभ्य एवोक्तमनस्तद्द्वारकं भवेत् ॥१३॥

આપણા ઊપર કૃપા નક્કી નિશ્ચિત થઇ ત્યારે સમજવી કે જ્યારે આપણી માર્ગમાં રુચિ થાય તેના આરમ્ભમાં અધિકાર પ્રાપ્ત કરવા

માટે જે આત્માસમર્પણ—બ્રહ્મસમ્બન્ધ થાય છે, તે શ્રીમહાપ્રભુજી દ્વારાજ કરવું તેમ કહેવામાં આવ્યું છે; કેમકે શ્રીમદાચાર્યચરણદ્વારા થાય તેજ ફળે. ૧૩.

अतस्तेभ्यस्तद्विधाय प्रेमसेवां प्रसाधयेत् ।
तस्याधिकाररूपत्वादाधिकारिकरूपिणी ॥१४॥
तनुवित्तयुता सेवा समर्पणफला हि सा ॥१४½॥

માટે શ્રીમદાચાર્યવર્ય શ્રીમહાપ્રભુજીદ્વારા આત્મસમર્પણ દીક્ષા લઇ પ્રેમસેવાની સિદ્ધિ કરવી. તેવા જીવને અધિકાર પ્રાપ્ત થતા અધિકારને અનુરૂપ એવી તનુજા–વિત્તજા સેવાથી યુક્ત માનસી સેવા, તે સમર્પણને અન્તે પ્રાપ્ત થાય છે. ૧૪½.

समर्पणं तु भवति विनियोगेन सार्थकम् ॥१५॥
विनियोगाद्धवेदेव प्रेमासक्त्यादि चाखिलम् ।
कृपाविशेषाद् व्यसन प्रपञ्चे विस्मृते भवेत् ॥१६॥

સર્વ વસ્તુના વિનિયોગથી સમર્પણ સાર્થક થાય છે, આમ કૃપા થતા પ્રપઞ્ચ–જગતનું વિસ્મરણ થતા વ્યસન–દશા પ્રાપ્ત થાય છે. ૧૬.

अयमेव निरोधो हि मानसी सेवनापि वा ।
आसक्त्यव्यसनादौ तु कारणत्वं हि गम्यते ॥१७॥

આજ નિરોધ અથવા આજ માનસી સેવા. વ્યસન વગેરે દશામા આસક્તિ એ કારણરૂપ છે; (પ્રથમ રુચિ, પછી પ્રેમ અને

જ્યારથીમાં પ્રભુ સુખદાન દેવા સમર્થ થાય અને ફરી સમર્પણનું ફલ મળે ત્યારથી વચ્ચેના સમયમાં વ્રજાઙ્ગનાઓને તાપ-ક્લેશ કહેવામાં આવ્યો છે. ૨૧.

आविर्भावो हि बाल्येऽपि स्वेष्टरूपस्य, तेन हि ।
सर्वाभिरग्रे भाव्याभिर्लीलाभिः सुखसम्भवः ॥२२॥

પોતાને ઇષ્ટ એવા રૂપનો આવિર્ભાવ બાલ્યકાલમાં થઇ શકે છે; તેથીજ હવે પછી થવાની સમગ્ર લીલાઓથી સુખનો સમ્ભવ છે ૨૨.

'यर्ह्यङ्गने'त्यादिभिस्तु तदेव विनिरूपितम् ।
अग्रे क्रमेण सर्वोऽपि निरोधः सुनिरूपितः ॥२३॥

'યર્હ્યઙ્ગના'-(ભા. ૧૦—૭ મો) વગેરે પ્રકરણે કરી તેજ વાત સારી રીતે નિરૂપવામાં આવી છે. આગળ જતાં ક્રમે કરી સમગ્ર નિરોધનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે ૨૩

निरोधेऽपि न यास्विच्छा तासां मुक्तिर्निरूपिता ।
अन्तर्गृहगतानां तु तथा देहविधारणम् ॥२४॥
प्रभ्विच्छातः स्वतो नेति ख्यापयित्वेति चोदितम् (!) ॥२४३॥

નિરોધ છતાં રમણ કાજે જેઓ વિશે પ્રભુની ઇચ્છા હતી તેવા ગોપાઙ્ગનાઓને મોક્ષ આપ્યો, તેમ કહેવામાં આવ્યું છે વેણુનાદ થયે જે ગોપાઙ્ગનાઓ ઘરમાંથી બહાર ન નીકળી શક્યાં તેઓમાંનાં બધાંજ મોક્ષ નથી પામ્યાં; તેઓના દેહ છૂટી ગયા તે પ્રભુઇચ્છાથીજ, તેઓની ઇચ્છાથી નહીં. ૨૫

मुक्तिस्तु प्रभुणा स्वस्मिन्निजदासस्य योजनं कृतम् ॥२५॥
स्वयोगानुभवार्थं हि ततो निष्कासनं क्वचित् ।
अनुभूय तथा लीलां स्वस्वरूपे व्यवस्थिति ॥२६॥

પ્રભુ વડે ભક્તોનો અનુભવ કરવાના માટે જાતે પોતામાં સમાવી જોડી દયુ પછી ક્યારેક પોતામાથી બ્હાર કાઢી લીલાઓનો અનુભવ કરાવી પોતાના સ્વરૂપમા વ્યવસ્થા કરી દેવી તેનૂ નામ મુક્તિ (—સાયુજ્ય મુક્તિ) ૨૬

स्वभक्तिस्ततो भिन्ना प्रभोर्भक्तहृदि स्थिति ।
यावज्जीवं कृतीनां च पूर्वरूपनियोजनम् ॥२७॥

સ્વાત્મક ભક્તિ તો આ મુક્તિ કરતા જુદાજ પ્રકારની છે, તે એ કે પ્રભુ પોતે ભક્તના હૃદયમા સ્થિતિ કરી રહે વળી જેટલી લીલાઓ કરી હોય તે બધી ફરીને ભક્તના હૃદયમા જોડી દે ૨૭

आत्यन्तिको वियोगोऽस्य सर्वत्र विनिरूपित ।
एतत्फल तु नहुधा सेवायामपि सर्वथा ॥२८॥
दानाभ्यासत प्रोक्त दाने चाद्य इति स्फुटम् ।
ज्ञानमानन्दहेतुस्तु प्रादुर्भावाद्विनिश्चितम् ॥२९॥

આ આત્યન્તિક વિયોગનું ફળ એનો નિરૂપણ છે આને ભાગે સેવામા પણ આવે છે આ માટે [illegible] અભ્યાસથી સિદ્ધ કરી રાખવું તેનૂ ફળ છે દાન સિદ્ધ કરવામા વિપ્રયોગની જરૂર છે આ

દાન-સમર્પણ પ્રભુના મુખારવિન્દાત્મક આધિદૈવિક અગ્નિસ્વરૂપના આશ્રયથી નક્કી થયું છે. ૨૯

तदाश्रयः सदा कार्यः सर्वभावेन सर्वथा ।
भविष्यति तदैवात्मविश्वासवतां नृणाम् ॥३०॥

સમ્પૂર્ણ ભાવથી દરેક રીતે ત શ્રીમહાપ્રભુજીનો સદૈવ આશ્રય કરવો ને શ્રીમહાપ્રભુજીમાં આત્મવિશ્વાસવાળા મનુષ્યોને તેથી આશ્રય સિદ્ધ થશે ૩૦.

कृपासाध्यमतः सर्वं, तथा चेन्न कृपा भवेत् ।
मुक्तिरेव फलं तस्य सायुज्यमिति निश्चयः ॥३१॥

આથી સર્વ માત્ર કૃપાથીજ સાધી શકાય તેમ છે હવે જો તેવા પ્રકારની કૃપા ન થાય તો તેવા મનુષ્યને સાયુજ્ય મુક્તિ એજ ફલ મળે, એમ ચોક્કસ જાણવું. ૩૧

सायुज्यमक्षरे नैव किन्तु तत्पुरुषोत्तमे ।
भक्तिमार्गफलं चैतन्मध्यम फलमीर्यते ॥३२॥

આ સાયુજ્ય (જ્ઞાનમાર્ગીયોની જેમ) અક્ષરબ્રહ્મમાં નથી, પરન્તુ શ્રીપુરુષોત્તમમાં થાય છે ભક્તિમાર્ગીય ફળ રૂપોમાં આ મધ્યમ પ્રકારનું ફળ કહેવાય છે. ૩૨.

'सायुज्यकाम्यये'त्यादि निबन्धेऽपि निरूपितम् ।
भक्तैर्दुर्लभता प्रोक्ता 'दुर्लभे'ति न सोच्यते ॥३३॥

તત્તુલ્ય વાક્યમાં (त–नि–) એ વાક્યમાં त-ત્ત્વાર્થદીપનિબન્ધમાં આ વાત બતાવી છે. તેમજ 'दुर्लभा (त–नि–) એ વાક્યમાં ત્યાંજ ભક્તિની દુર્લભતા કહી છે, તેની વાત અહીં કરવી નથી. ૩૩.

तस्मात्कृपातारतम्यात्फलमुक्तमनेकधा ।
फलद्वयाधिकारी हि योग्यगेहादिकं पुन. ॥३४॥

भक्तिमार्गीय सेवायाःसाधारणकृपाफलम् ।
फलत्रयेऽपि नैवास्ति कालादिकनियम्यता ॥३५॥

તેથી અનુગ્રહના ભેદથી અનેક પ્રકારનું ફળ કહેવાયું છે. બન્ને ફળનો અધિકાર અને યોગ્ય ગૃહ–દ્વાર વગેરે હોવાં, એ ભક્તિમાર્ગીય સેવાના સાધારણ અનુગ્રહથી મળતાં ફળ છે. પ્રભુ ત્રણેય ફળ આપે, તેમાં કિયું પ્રથમ આપે, કિયું પછીથી આપે, એવો નિયમ નથી. (કૃપા એટલે ગમે તેવા પ્રકારનું ફળ ગમે તે સમયે આપે છે.) ૩૫.

एवं विज्ञाय च फलं फलसंसाश्रितैर्जनैः ।
फलदाचार्यचरणौ शरणीक्रियतां सदा ॥३६॥

આ પ્રમાણે ફળ વિશે વિશેષ પ્રકારનું જ્ઞાન મેળવી ફળ અને સેવાને આશરે ગયેલા જીવોએ ફળને દેવાવાળા એવા શ્રીમદાચાર્યચરણોનો સદૈવ આશરો કરવો. ૩૬.



१०. स्वमार्गीयस्वरूपस्थापनप्रकारः।

समानीय स्वयं हृद्यांमूर्तिं सर्वाङ्गशोभनाम्।
कृष्णस्य बालकैशोरावस्थापन्नां विशेषतः ॥१॥
बाल्यस्यैकाकिनीमन्यां सद्वितीयामथापि वा।
यतो मूल्चरित्रं हि बाल्यकैशोरयोः कृतम् ॥२॥
स्नापयित्वा तु विधिवत्पञ्चामृतजलादिभिः।
शङ्खेन च ततः पश्चाच्चन्दनेनानुलेपनम् ॥३॥
पुनरुष्णजलेनापि स्नापयित्वा तदुत्तरम्।
सम्प्रोक्ष्य सूक्ष्मवस्त्रेण स्थापयेदासनोपरि ॥४॥

મનુષ્યચિત્ર આવશ્યક જ તેમજ કિશોરાવસ્થાનું છે, તેથી શ્રીકૃષ્ણ ચન્દ્રજીની આમ કરી આપે અને કિશોર અવસ્થામાં સુંદરી અને બાલ્યાવસ્થાની એક અથવા તો સ્વામિનીની સહિત એવી બીજી, બધા અંગોમાં સુશોભિત મૂર્તિ અને આનંદમાં લઈ આવી, પછી વિધિ મુજબ શંખે કરી પંચામૃત જલ વગેરેથી સ્નાન કરાવી એ પછી ચન્દનનો લેપ કરવો. ફરી ગરમ જલ વડે સ્નાન કરાવી તે બાદ ઝીણા વસ્ત્રથી પ્રોક્ષણ કરી (લોહી) આસન ઉપર સ્થાપવી ૧-૪.

प्रार्थयित्वा निजाचार्यान् ध्यात्वा तद्हृदयस्थितम्।
भावात्मकं प्रभो रूपं सर्वलीलायुतं मतम् ॥५॥

लक्ष्मीसहस्रसंसेव्यं तापक्लेशयुतात्मना ।
बद्धाञ्जलि तथाभूतः पठेच्च तदनन्तरम् ॥६॥
'अव्यादजोऽङ्घ्रिमणिमा'नित्यादिन्यासपूर्वकम् ।
विभाव्य स्वामिनीरक्षां प्रत्यङ्गे स्थापिताङ्गुलिः ॥७॥

શ્રીમદાચાર્યચરણોની પ્રાર્થના કરી, તેઓના હૃદયમાં રહેલું, સકલ લીલાઓથી યુક્ત એવું પ્રભુનું હજારો લક્ષ્મીયોથી સેવાયેલું ભાવાત્મક જે રૂપ તેનું સદૈવ તાપક્લેશયુક્ત હૃદયે ધ્યાન ધરી અને બે હાથ જોડી ઉભા રહી ત્યારબાદ ભા. ૧-૬-૨૨ થી, એ રક્ષાના શ્લોકોથી કરન્યાસાદિપૂર્વક એકે એક અઙ્ગોમાં અઙ્ગુલિ મૂકી તેજ પ્રમાણે સ્વામિનીજીની રક્ષાની પણ ભાવના કરવી, પાઠ કરવો. ૬-૭

रक्षामिषेण विहितं भावात्मस्थापनं प्रभौ ।
स्वाचार्यसंश्रितैर्भक्तैर्मूर्तावपि हरिस्थितिः ॥८॥

પોતાના આચાર્યને આશ્રયે રહેલા ભક્તોથી આ રક્ષાને બહાને પ્રભુમાં ભાવાત્મક સ્વરૂપની સ્થાપના કરાવવામાં આવે છે. તેજ રીતે મૂર્તિમાં પણ પ્રભુની સ્થિતિ થાય છે. ૮.

इदमेवोक्तमाचार्यैर्भक्तिमार्गप्रकारतः ।
'तत्र च स्थित'मित्यादि, स भावात्मा हरिः स्मृतः ॥९॥

ભક્તિમાર્ગના પ્રકારે કરી તત્ત્વાર્થદીપનિબન્ધ-સર્વનિર્ણય પ્રકરણમાં મૂર્તિવિષયક જે વિધાન કર્યું છે, તેમાં 'तस्मात् तत्र च

स्थितम् (त-नि-सर्वनि)-ने रूप तेमा स्थिति करी रहे। होय छे,' एम श्रीमहाप्रभुजीए कह्युं छे, ते आज ते हरिभगवान भावात्मक कह्या छे. ९

पठित्वा तु त्रिरावृत्त्या शृङ्गारं रचयेत्तदा ।
वस्त्रैराभरणैश्चापि प्रेम्णा सौन्दर्यसूचकैः ॥१०॥
आग्नीयं वस्त्रैर्विचित्रमासनं तत्र भावयेत् ।
तदुत्तरीयवस्त्राणि ततस्तामुपवेशयेत् ॥११॥
'तद्दर्शने'तित्रयं पद्ययुग्ममुदीर्य च ॥११½॥

ત્યારબાદ ઉપરના સ્તોત્રનો પાઠ કરી પ્રેમપૂર્વક સૌન્દર્યને ખીલાવનારાં વસ્ત્રો અને આભૂષણોથી પ્રભુનો શૃંગાર કરવો, વસ્ત્રો બિછાવી વિધિપૂર્વક આસન તૈયાર કરવું અને પછી ઉત્તરીય-પિછોડી વગેરે વસ્ત્રો ધરાવી 'तद्दर्शने' એ શ્લોકનો પાઠ કરી એ સ્વરૂપને પધરાવવું. ૧૧½.

ततः सज्जीकृते सम्यगोदनव्यञ्जनादिके ॥१२॥
भावयित्वा तु तत्रान्यस्वामिनीविहितार्चनम् ।
हृदि कृत्वा निजाचार्यान् दैन्यवानेकतत्परः ॥१३॥
स्वयं समर्पयेत् कामामाचार्यद्वारकं जनः ॥१३½॥

ત્યારપછી સારી રીતે તૈયાર કરેલા ભાત-શાક-પકવાનાદિમાં ત્યાંજ બિરાજતા સ્વામિનીજી અર્ચન કરતા હોય તેવી ભાવના કરી હૃદયમાં આપણા આચાર્ય શ્રીમહાપ્રભુજીને રાખી દીન અને એકતાન થઈ આચાર્યદ્વારા જાતેજ આત્મસમર્પણ પ્રભુને કરવું. ૧૨½

ताम्बूलमुत्तमं दद्यादाचम्य प्रोञ्छ्य चाननम् ॥१४॥
तत उत्थाय च करौ संयोज्य विधिवत्पठेत् ।
कृष्णाश्रयाभिधं स्तोत्रं प्रणमेद्दण्डवद् भुवि ॥१५॥

તે પછી આચમન કરાવી મુખ પોંછી ઉત્તમ પ્રકારનું નાગરવેલનું પાન ધરાવવું. પછી ઉભા થઇ બે હાથ જોડી શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રનો વિધિપુર્વક પાઠ કરવો અને પૃથ્વી ઉપર દંડવત્પ્રણામ કરવા. ૧૫.

अदम्भः सर्वथापेक्षारहितः करुणापरः ।
विचार्य वरणं श्रीमदाचार्यपदसंश्रयः ॥१६॥
स्वसेवकाय शुद्धाय सततं प्रयतात्मने ।
प्रयच्छेत्तत्स्वरूपं तु फलरूपतया पुनः ॥१७॥

દમ્ભરહિત, સર્વથા કોઇપણ જાતના બદલાની આશા વિનાના, કરૂણામય અને શ્રીમદાચાર્યજીના આશ્રયવાળા તેવા જને ભક્તિમાર્ગીય વરણનો વિચાર કરી હમ્મેશાં જેનો આત્મા નિયમમાં છે, તેવા શુદ્ધ પોતાના સેવકને ફલરૂપે તે સ્વરૂપ પધરાવી આપવું. ૧૭. (ગોસ્વામિબાળકોએ કિયા વિધિયે પોતાના સેવકને વિધિસ્વરૂપ પધરાવી આપવું, તેનું આમાં સૂચન દેખાય છે.)

भक्तिमार्गस्थितैः श्रीमदाचार्यपदसंश्रितैः ।
सेव्यमानं सदाभावैर्निरोधं साधयेद् ध्रुवम् ॥१८॥

ભક્તિમાર્ગમાં સ્થિતિ કરી રહેલા, વળી શ્રીમદાપ્રભુજીના ચરણને આશ્રયે રહેલા મહાનુભાવી ભક્તોએ સેવાતા નિરોધની હમ્મેશ નક્કી સાધના કરવી. ૧૮.

---

११. श्रीमत्प्रभोश्चिन्तनप्रकारः ॥

अथ श्रीवल्लभाचार्यचरणाब्जप्रसादतः ।
स्वमार्गसेव्यरूपस्य चिन्तने रीतिरुच्यते ॥१॥

શ્રીમદ્વલ્લભાચાર્યજીનાં ચરણકમલોની કૃપાથી આપણા માર્ગમાં સેવ્યરૂપ પ્રભુના ચિન્તનની રીતિ કહેવામાં આવે છે. ૧.

विपिने विपिने वृक्षकुञ्जादिषु विशेषतः ।
परिभ्रमन्ती विरहे विकला गोपबालिका ॥२॥
विस्रस्तवसना शुष्करसना रसनायिका ।
विकीर्णकेशा सद्वेषा नाथ नाथेति वादिनी ॥३॥
स्खलत्पदयुगा दुःखान्मुहुर्मीलितलोचना ।
उल्लसत्कुङ्कुमपदाम्भोजचिह्नदर्शनकातरा ॥४॥
वृन्दावनविनिर्विण्णा निःश्वासग्रसनातुरा ।
धरणीपतिताऽत्यन्तविरहाकुलचेतना ॥५॥
हृदि प्रादुर्भवद्भावदृष्टगोकुलनायका ।
नाथोत्थाय मामेवं मुहुर्विह्वलवादिनी ॥६॥
विचाररहिता चित्तचिन्ताकुलितमानसा ।
मनोऽनुभावात्प्रियप्राकट्यकांक्षिणी ॥७॥
समस्तलीलानुकृतिकृतिस्तत्प्रियभावुका ।

પ્રભુના ગોપ-બાળિકા—સ્વામિનીજી, રસનાયિકા તેનૂ હમેદ બાન કરવૂ ૭-૯ફે.

तदेव हृदयस्थायी तद्भावः कृष्ण एवहि ॥१०॥
लीलासहस्रवलित सामग्रीसहितस्तथा ।
भावनीय सदानन्द सदानन्दादिलालित ॥११॥

તે એક સ્વામિનીજીનાજ હૃદયમા સ્થાયી ભાવાત્મક પ્રભુ શ્રીકૃષ્ણ છે. તે હજારો લીલાઓથી યુક્ત તેમજ લીલાની સામગ્રી વાળા સદાનન્દરૂપ નન્દ વગેરેથી સદા લાડ લડેલા પ્રભુ શ્રીકૃષ્ણ-ચન્દ્રજીની ભાવના કરવી ૧૦-૧૧

इदमेवोक्तमाचार्यै सिद्धान्तस्य निरूपणे ।
'आत्मानन्दसमुद्रस्थ कृष्णमेवे'ति यच्च ॥१२॥

'સિદ્ધાન્ત મુક્તાવલી'મા આજ વાત "आत्मानन्दसमुद्रस्थ कृष्णमेव विचिन्तयेत् (सि-मु-१६) આત્માનન્દરૂપી સમુદ્રમા રહેલા શ્રીકૃષ્ણચન્દ્રજીનીજ ભાવના કરવી,' ત્યા શ્રીમદાચાર્યચરણોએ આજ્ઞા કરી છે ૧૨

तदाशयन्तु विवृत कृपयैव प्रभोर्मया ।
अवगत्य जना सर्वे चिन्तयन्तु हरि सदा ॥१३॥

તે વાક્યોનો આશય પ્રભુની કૃપાથી મે કહ્યો છે. આને જાણી સકલ મનુષ્યોએ સદૈવ હરિભગવાનનૂ ચિન્તન કરવૂ ૧૩



१२. स्वमार्गीयशरणसमर्पणसेवादि-निरूपणम् ।

(અનુવાદક—વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી.)

(જે માર્ગમાં જે જીવનો અંગીકાર થયો હોય તે જીવે તે માર્ગનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઈએ, એટલા માટે જે જીવોને અંગીકાર પુષ્ટિભક્તિમાર્ગમાં થયેલો છે, તેમણે પોતાના પુષ્ટિભક્તિ માર્ગના શરણ એટલે શું, સમર્પણ અને સેવા એનું સ્વરૂપ શું વગેરે જાણવું જોઈએ. એ જાણવા માટે શ્રીહરિરાયજીએ स्वमार्गीयशरणसमर्पणसेवादिनिरूपण નામનો એક ગ્રંથ પ્રકટ કરેલો છે. એ ગ્રંથના શ્રવણમનનથી સ્વમાર્ગવિષયક સર્વ સંદેહો ટળી જાય છે)

अथ स्वकीयबोधाय सूक्ष्मरीत्या विचार्य च ।
स्वमार्गीयप्रकारोऽयं सर्वोऽपि हि निरूप्यते ॥१॥

હવે જેનો અંગીકાર પુષ્ટિભક્તિમાર્ગમાં થયેલો છે એવા નિજ જનોને બોધ થવા માટે, સૂક્ષ્મ રીતે વિચાર કરીને આ સ્વમાર્ગનો સર્વ પ્રકાર સ્પષ્ટ કરવામાં આવે છે ૧.

गृहीत्वा नामशरणं गत्वा सर्वं समर्प्य च ॥
सेवासाधनतासिद्ध्यै देहादीनां तथा पुनः ॥२॥
अन्यत्राविनियोगाय क्रियता तनुवित्तजा ॥ ||
तथा तु मानसी सिध्येत् सैवात्र फलरूपिणी ॥३॥

માનસી સેવા ત્રણ પ્રકારે થાય છે, તેથી તેના અધિકારી ત્રણ પ્રકારના છે ઉત્તમ[1], મધ્યમ કનિષ્ઠ એ ત્રણે અધિકારીના ભેદથી માનસીસેવાના એ ત્રણ પ્રકારો છે તે ત્રણ પ્રકારો માનસી સેવામા આવી જતા હોવાથી ફલરૂપ છે, એટલા માટેજ તે તે પ્રકારો કહ્યા છે [2]સેવામા ત્રણ ક્રમ છે ૪

सेवा तु सा समानत्वात् सैवान्ते न विलक्षणा ॥
फलनात प्रकाराणा पश्चाद् नावितयोच्यते ॥५॥

સેવા તો માનસી એક સરખીજ છે માટે, ફલરૂપ થયા પછી પણ તેવીજ રહેવાની, વિલક્ષણ થશે નહિ. જે સેવા નિરંતર કરવામા આવતી હોય તેજ સેવા પ્રભુની કૃપાથી ફલરૂપ બને છે, એટલે સેવામા કાંઇ તફાવત પડતા નથી એટલા માટે સેવાના બધા પ્રકારો ફલરૂપ છે, કેમકે આ પ્રકારો ફલરૂપ માનસી સિદ્ધ થયા પછી થાય છે ।

यादृशा वरण तादृग्प्रकारापन्नसत्वना ॥
मानसी फलरूपेति तारतम्येन चोच्यते ॥६॥

---

૧ ઉત્તમ અધિકારી શ્રીનન્દસુંદરીજ છે મધ્યમ અધિકારી તે - જે માર્ગની રીતિને અનુસરીને ભાવપૂર્વક સેવા કરનારા છે કનિષ્ઠ અધિકારી પોતાના સ્વાર્થ માટે ભાવ વિના માર્ગની રૂઢિ પ્રમાણે સેવા કરનારા છે

૨ આ સવિસ્તર જાણવા માટે સિદ્ધાન્તમુક્તાવલી અને સેવા ફલવિવરણ ગ્રન્થ માટે વાચવા જોઇએ

પ્રભુએ જેવું સ્વરૂપ કહ્યું તેમ જ્યારે સેવા [illegible] થાય છે, એટલે કે પ્રભુએ કૃપા કરીને જેના ઉત્તમ, મધ્યમ અથવા કનિષ્ઠ અધિકારનું દાન કર્યું હોય તેવીજ સેવા તે જીવ કરી શકે છે તેજ સેવા પછીથી સ્વરૂપ માનસી થાય છે, માટે સ્વરૂપ માનસી સેવા અને તે પહેલાની સેવા એ બન્ને તરતમ ભાવે કહેવાય છે, એટલે કે અધિકાર પ્રમાણે જે સેવા સ્વરૂપ માનસી બને ત્યારે એ સેવા વિલક્ષણ છે એમ સમજવું પહેલાની સેવાજ સ્વરૂપ માનસી થઇ જાય ત્યારપછી સેવાના સંબંધમાં ફેરફાર થઇ જાય કે જેમ ભાવાર્થ છે ૬

तं प्रकारान्तु विज्ञेया अन्यान् सेवाफलाभिधान् ॥
अलौकिकं हि सामर्थ्यं सायुज्यं पुरुषोत्तमे ॥७॥
वैकुण्ठादिषु सेवाया शरीरमधिकारकृत् ॥७॥

સેવાના એ ત્રણ પ્રકારો [1]સેવાફલ નામના ગ્રંથમાં શ્રીઆચાર્યચરણે પ્રકટ કરેલા ગ્રંથથી સમજી લેવા સેવાના ત્રણ ફલ છે એક તો લોકમાં કોઇ પણ સ્થલે ન જોવામાં આવે તેવું અલૌકિક અદ્ભુત સામર્થ્ય, બીજું ફલ સાયુજ્ય છે. શ્રીપુરુષોત્તમની સાથે તન્મય થવાનું ને, પુરુષોત્તમમાં લીન થવું તે પણ સાયુજ્ય, વૈકુંઠ આદિના ધામમાં દિવ્ય શરીર મળે તેથી પણ સેવાનો એ પ્રકાર બને છે એવો અધિકાર વૈકુંઠમાં દેહ મળવાથી પ્રાપ્ત થઇ શકે છે ૭

एतावानेव मार्गेऽस्मिन् सूक्ष्मः सिद्धान्तसङ्ग्रहः ॥८॥

---

૧ આ માર્ગમાંજ આ પદના છપાયેલો सेवाफलविवरणस्वरूप निरूपणनिर्णय ગ્રન્થ જુવો

આ પુષ્ટિમાર્ગમાં ટૂંકમાં સંગ્રહ કરવામાં આવે તો આટલોજ સિદ્ધાન્તોનો સંગ્રહ છે. ૮

શરણે જવાનો પ્રકાર

જીવ જ્યારે શરણે જાય છે, ત્યારે પ્રભુ તેનો અંગીકાર પુષ્ટિભક્તિમાર્ગમાં કરે છે. માટે પહેલાં પ્રભુને શરણે જવું જોઈએ. પ્રભુ પણ ગીતામાં આજ્ઞા કરે છે, કે—

[1]'સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને શરણે આવ.' આ શરણ તે સંપ્રદાયમાં શ્રીવલ્લભકુલના બાલકના મુખારવિંદથી શ્રીકૃષ્ણઃ શરણં મમ એ અષ્ટાક્ષરનું ગ્રહણ કરવું એજ છે. એનો પ્રકાર શ્રીહરિરાયજી પંદર શ્લોકમાં વર્ણવે છે:—

तत्रादौ शरणं यातः किं कुर्यादिति चोच्यते ॥
श्रीमदाचार्यमार्गीयगुरूणां शरणं गतः ॥९॥
स्वामित्वेन हरिं स्वं तु सेवकत्वेन भावयेत् ॥
लौकिकं वैदिकं वापि विदध्याद् भक्तिसिद्धये ॥१०॥

તેમાં પહેલા શ્લોકની શરણાગતિ સિદ્ધ થયેલી છે, એટલે કે જે જીવ પ્રભુને શરણે ગયેલો છે, તેણે શું કરવું જોઈએ તે કહેવામાં આવે છે. શરણે ગયેલો એમ જણાવ્યું કે એ શ્રીમદાચાર્યના માર્ગના ગુરુઓને શરણે ગયેલો હોય. શ્રીમદ્ વલ્લભ આપ પુષ્ટિભક્તિમાર્ગના આચાર્ય છે. આપનો માર્ગ તે પુષ્ટિભક્તિમાર્ગ છે. એ

1 सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । गीता.

માર્ગના ગુરુ શ્રીમહાપ્રભુજીનાજ વંશમાં પ્રકટ થએલા મહાનુભાવી શ્રીગોસ્વામિબાળકો છે, માટે પરંપરાથી અને માર્ગની રીતને અનુસરીને તેમના દ્વારા પ્રભુને શરણે જાય તે શરણે ગએલા કહેવાય

શરણે ગયા પછી શું શું કરવું તે જણાવે છે –

ઉપર પ્રમાણે શરણે ગયા પછી અને પ્રભુએ શરણે લીધા પછી પોતાના સ્વામી માલીક, નાથ સર્વેશ્વર શ્રીહરિજ છે, અને હું એમનો સેવક છું, દાસ છું, એવી ભાવના કરવી જોઈએ ભક્તિ એટલે સેવા સેવાની સિદ્ધિ માટે લોકના વ્યવહારના કાર્યો કરવા અને વેદમાં કહેલા વર્ણાશ્રમના નૈમિત્તિક ધર્મો પણ આચરવા ॥ ૯-૧૦

શું ન કરવું ?

શું કરવું જોઈએ, તે તો જણાવ્યું હવે શું શું ન કરવું તે જણાવે છે –

नान्यमार्गाश्रयो नैव देशांतरसमाश्रय ॥
नैव तीर्थाश्रयो नैवाभिमतं वर्तनाश्रय ॥११॥

બીજા માર્ગનો આશ્રય નજ કરવો. પ્રભુ જ્યાં ન બિરાજતા હોય તેવા દેશનો આશ્રય ન કરવો. ગામનો પણ એજ છે કે જ્યાં પોતાના સ્વામી હોય ત્યાંજ રહેવું જોઈએ માટે પ્રગટ સ્વરૂપે પ્રભુ જ્યાં દર્શન ન આપતા હોય, તે દેશનો ક્યારે પણ આશ્રય કરવો નહિ. એટલે ભગવાનને છોડીને તીર્થમાંજ રહેવાથી મારું કલ્યાણ

થશે એમ માનીને તીર્થનો આશ્રય કરવો નહિ. વળી અભિમાનથી હુંજ કર્તા છું, જે કરું છું તે હુંજ કરું છું એમ ન માનવું. વૈદિક, તાંત્રિક માંત્રિક મંત્રો ઉપર પોતાનો બધો આધાર રાખવો નહિ. મંત્રોથી પ્રભુ મને મળશે એમ ધારીને તે મંત્રોનો આશ્રય કરવો નહિ તેમજ યજ્ઞયાગાદિક કર્મ કરીશ તોજ પ્રભુ મળશે માનીને બીજાં કર્મોનો આશ્રય ન કરવો. ૧૧.

ઉપર એમ કહેવામાં આવ્યું કે સર્વ ધર્મનો ત્યાગ કરવો. કોઈનો આશ્રય કરવો નહિ, એમ કરવાથી તો દોષ લાગે, કેમ કે જ્યારે સર્વનો ત્યાગ થાય ત્યારે દોષ લાગ્યા વિના કેમ રહે ? એ સંશય પ્રાપ્ત થતાં આપશ્રી આજ્ઞા કરે છે.

ચાર પુરુષાર્થો

नैव मंत्रसमाधारो न च कर्मादिकाश्रयः ॥
सर्वदोषनिवृत्त्यर्थं धर्मत्वेन हरौ दृशिः ॥१२॥

બધા દોષોની નિવૃત્તિ થઈ જવા માટે પ્રભુની સેવા, પ્રભુનું સ્મરણ કરવું. પ્રભુમાજ ધર્મની દૃષ્ટિ કરવી. ઉપર બતાવેલા દોષનો નાશ થવા માટે ધર્મસ્વરૂપ પ્રભુ શ્રીહરિજ છે એમ સમજવું. શ્રીહરિ વિના બીજો કોઈ આશ્રય નથી, બીજો કોઈ ધર્મ નથી, એમ સમજવું. બીજા ધર્મો ઉપરથી આસક્તિ ઊઠી જાય તો પણ સર્વ દોષો ચાલ્યા જાય. મુખ્ય ધર્મરૂપ પ્રભુજ છે, એમ દૃઢ થઈ ગયા પછી બીજાનો આશ્રય વગેરે છોડવાથી કોઈ પણ દોષ લાગે નહિ. દોષની નિવૃત્તિ થવા માટે શ્રીહરિને ધર્મસ્વરૂપ જોવા એટલે કૃતાર્થ છે. ૧૨

પ્રભુમાં ચાર પુરુષાર્થમાંના ધર્મરૂપ પુરુષાર્થની સિદ્ધિ માટે ઉપર કહ્યું હવે, અર્થરૂપ પુરુષાર્થ પણ શ્રીહરિ છે, તે આપશ્રી બતાવે છે. પુરુષાર્થ ચાર પ્રકારના છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મરૂપ પ્રભુજ છે, તે ઉપરના અર્ધા શ્લોકથી સિદ્ધ થયું. હવે અર્થરૂપ જે બીજો પુરુષાર્થ છે, તે પણ શ્રીહરિરૂપજ છે, એમ આજ્ઞા કરે છે—

विवेकधैर्यभावेन दैन्येनार्थस्वभावनम् ॥
स्वकामपूरणार्थाय पूर्णानन्दत्ववेदनम् ॥ ३ ॥

'પ્રભુ પોતાની ઇચ્છાથી જ સર્વ કરશે' એ સિદ્ધાંત દૃઢ કરવો તે વિવેક. વિવેક, ધૈર્ય અને આશ્રય એ પ્રાપ્ત ન થયા હોય તો દીનતાથી એમ સમજવું કે પ્રભુ અર્થરૂપ છે. અર્થ નામનો બીજો પુરુષાર્થ પણ માત્ર પ્રભુજ છે એમ સમજવું. 'ભક્તો પામે પ્રભુને પ્રસન્ન કરવાનું કોઈ પણ સાધન હોય તો તે માત્ર દીનતાજ છે.' એમ શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે. વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરેથી રહિત અને પાપ કરવામાં આસક્ત થયેલા જીવોને માટે શ્રીકૃષ્ણજ શરણરૂપ છે. એટલે સાંસારિક દુઃખ એવા જીવોનાં પ્રભુ વિના બીજો કોણ મટાડે?

ત્રીજો પુરુષાર્થ કામ છે, માટે તે પુરુષાર્થરૂપ પણ પ્રભુ છે, એમ આજ્ઞા કરે છે—

દરેક જનને સુખની આશા અને અનિષ્ટ દુઃખ મટે અને સુખ કેમ મળે અને તે કાયમ રહે નષ્ટ ન થાય તેવો આનંદનો લહાવો કેવી રીતે હું લઈ શકું એવી કામના દરેકના મનમાં થાય છે,

અને તે માટે જીવ અનેક પ્રયત્નો કરે છે પણ તે બધા નકામા છે. પોતાની એ કામના સફળ કરવા માટે પૂર્ણ આનન્દસ્વરૂપ શ્રીહરિજ સમર્થ છે, એમ જાણવું જોઇએ. જે પોતે આનંદથી પૂર્ણ હોય તેજ આનંદ મેળવવા માટે થતી કામનાઓ પૂરી શકે પ્રભુ વિના બીજું કોઇ પૂર્ણાનન્દ નથી એમ જાણીને, તેજ બધી કામના પૂરશે એમ નિશ્ચય કરીને કામરૂપ પુરુષાર્થ પણ શ્રીહરિજ છે એમ જાણવું ૧૩

મોક્ષરૂપ પણ પ્રભુજ ? એમ આજ્ઞા કરે છેઃ—

न साधनैर्मैवन्मोक्षो हरिरेव तदात्मकः ॥१३ ३॥

સાધનો કરવાથી મોક્ષ થતો નથી કેમકે શ્રીહરિજ મોક્ષસ્વરૂપ છે. તે શ્રીહરિના દાસ થઇ જઇએ તો મોક્ષજ મળી ગયો એમ સમજી લેવું. જ્યારે એ દયાળુ પ્રભુ કૃપા કરીને પોતાના દાસ તરીકે જીવનો અંગીકાર કરે, ત્યારે ભગવદીયપણું પ્રાપ્ત થઇ જાય. તે પ્રાપ્ત થતા મોક્ષ મળીજ ગયો એમ સમજવું. સદાનંદ શ્રીકૃષ્ણના દાસાનુદાસ અનુચરો મોક્ષની આકાંક્ષા કદાપિ રાખતાજ નથી. સારાંશ કે પ્રભુના દાસ થવુ એજ મોક્ષ છે. અને મોક્ષરૂપ પુરુષાર્થ પ્રભુ છે એમ જાણવું તેજ ખરું જ્ઞાન છે ૧૩ ૩

સાધન પણ શ્રીકૃષ્ણ

દેશ વગેરે સાધનો અને ચાર પ્રકારના પુરુષાર્થો પણ શ્રીકૃષ્ણજ છે એમ શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે:—

तदीयनाया संयुक्ता मुक्तन्वेनैव चिन्तनम् ॥१४॥
अत एव निराकांक्षा मोक्षतः कृष्णसेवकाः ॥१४ १॥

देशादिसाधनं कृष्ण पुरुषार्थश्चतुर्विधं ॥१३॥

દેશ વગેરે સાધનરૂપ શ્રીકૃષ્ણજ છે એમ ૧૧ મા અને બારમા શ્લોકથી સિદ્ધ કર્યું છે. બીજા માર્ગનો આશ્રય ન કરવો એ આપશ્રીએ ૧૧-મા શ્લોકમાં કહ્યું જ. તથી એમ સિદ્ધ થાય છે કે કલિમાં સર્વ માર્ગો દોષયુક્ત છે, અને તેના દોષ સર્વને લાગે છે માટે તેમાં ઉત્પન્ન થયેલા બીજા દોષવાળા માર્ગ કરતાં આ નિર્દોષ પ્રભુના નિર્દોષ ભક્તિમાર્ગમાંજ રહેવું એ વિશેષ કલ્યાણકારક છે એ ઉપરથી એમજ સમજવું કે ભક્તિમાર્ગના પ્રભુનું શરણ લેવામાં કાળ બાધ નથી કરતો. કેમ કે એ કાળરૂપ સાધન શ્રીહરિજ થાય છે બીજા દેશનો આશ્રય ન કરવો એમ કહેવાથી દેશરૂપ પણ પ્રભુજ છે અને બધું શ્રીહરિજ કરે છે એમ કહેવાથી કર્તા પણ શ્રીકૃષ્ણજ છે એમ સિદ્ધ થાય છે તીર્થનો આશ્રય ન કરવો એથી સાબીત થયું કે, દ્રવ્યરૂપ સાધન પ્રભુજ છે. માટે તેનો આશ્રય કરવો મંત્રનો આધાર ન રાખવો એમ કહેવાથી મંત્રરૂપ સાધન પણ શ્રીકૃષ્ણજ છે એમ સિદ્ધ થયું બીજા કર્મોનો આશ્રય ન કરવો પણ પ્રભુની સેવા તે કર્મ છે એમ માનવું એમ કહેવાથી કર્મરૂપ સાધન પણ શ્રીકૃષ્ણજ છે એમ સાબીત થાય છે એ પ્રમાણે ૧૧-૧૨ શ્લોકમાંથી એ રહસ્ય નીકળે છે કે, દેશ, કાળ દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ એ છ સાધનો * દોષવાળા થઇ ગયેલા છે, પરંતુ

* સાધનો છ પ્રકારના છે. દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર કર્મ. એ છ સાધનો જ્યારે શુદ્ધ હોય તોજ મોક્ષ સિદ્ધ થાય છે આ સમયમાં દેશ પણ દોષવાળો છે, તેમજ સમય વગેરે પણ દુષ્ટ છે, માટે ભક્તિમાર્ગનોજ આશ્રય કરવો, તેનો આશ્રય કરવાથી એ પ્રભુજ સાધનરૂપ બની જાય છે પ્રભુ નિર્દોષ છે, એટલે એ સાધનો પણ નિર્દોષ થાય છે

ભક્તિમાર્ગ નિર્દોષ પ્રભુનો નિર્દોષ માર્ગ હોવાથી તે માર્ગનો આશ્રય કરતા, એ જ સાધનરૂપ શ્રીકૃષ્ણજ છે એવો દઢ નિશ્ચય થતાં સર્વ દોષો દૂર થઇ જાય છે. તેમજ ચાર પુરુષાર્થરૂપ શ્રીકૃષ્ણજ છે, એ પ્રમાણે પ્રયાસપૂર્વક નિરંતર મનમાં સ્મરણ કરવું કે મારા સર્વ સાધનરૂપ અને મારા સર્વ પુરુષાર્થરૂપ સદાનંદ શ્રીકૃષ્ણજ છે. ૧૪–૧૫

કેમ બચશો ?

હવે બાધક વસ્તુથી કેવી રીતે બચવું, એ આપશ્રી આજ્ઞા કરે છે —

एव मनसि सतत चिन्तनीय प्रयत्नत. ॥
प्रायश्चित्तादिषु मनिर्न कार्या शरण मजेत् ॥१६॥
उपस्थितेषु दोषेषु सर्वेष्वथ विशेषत. ॥
सुशस्येष्वप्यशस्येषु हरेर्गतिमथ स्मरेत् ॥१७॥

પ્રભુનું શરણ ગ્રહણ કર્યા પછી પ્રાયશ્ચિત્ત વગેરેમાં બુદ્ધિ રાખવી નહિ મતલબ કે પ્રાયશ્ચિત્ત કરવાથીજ હું પવિત્ર થઈશ, એવી ભાવના શરણે ગયા પછી રાખવી નહિ. સર્વ દોષો ઘણા પ્રમાણમાં પણ પ્રાપ્ત થયા હોય અને તે દૂર કરી શકાય તેવા ન પણ હોય, તોપણ 'મારું શરણ માત્ર શ્રીહરિજ છે' એમ સ્મરણ કરવું. એથી એમ નિશ્ચય કરવો કે પ્રભુનું શરણ લીધા પછી પણ જો નાના કે મોટા દોષ પડે, તો તેને દૂર કરવા માટે પ્રાયશ્ચિત્તો ન આચરતા, પ્રાયશ્ચિત્તથીજ મારા દોષ દૂર થશે એમ ન માનતા, પ્રભુને હું શરણે છું, સર્વ દોષથી રહિત એવા માર્ગમાં પ્રભુએ મારો

અંગીકાર કર્યો છે, એમ સ્મરણમાં રાખવું. શ્રીમહાપ્રભુજીએ એટલા સુધી આજ્ઞા કરી છે કે "અશક્ય હો અથવા ભારી પેરે શક્ય હો, પણ સર્વથા પ્રભુજ મારું શરણ છે" એ સૂત્રનું દિ ૧૬–૧૭

બાધક શું છે?

શરણ સિદ્ધ થયા પછી શું કરવું તે સૂક્ષ્મમાં જણાવીને, હવે બાધક થઈ પડનારા કાર્યોની સૂચના કરે છે —

अन्याश्रयो नैव कार्यो नैवान्यत्र स्मृतो व्रजेत् ॥
प्रार्थना नैव कुत्रापि कर्तव्या भगवत्यपि ॥१८॥

અન્યાશ્રય એટલે પોતાના સ્વામી પ્રભુ વિના બીજા કોઈનો આશ્રય કરવો તે એવો અન્યાશ્રય કદાપિ નહિ કરવો. અર્થાત્ પોતાના પ્રભુ વિના બીજા કોઈનો આશ્રય કદાપિ ન કરવો. શ્રીમહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે કે, અન્યાશ્રય કદાપિ કરવો નહિ, કેમકે તે સર્વથા બાધ કરનારો છે. શ્રીગુસાંઈજી પણ આજ્ઞા કરે છે કે- "અન્ય દેવતાઓના સંબંધનો ગંધ પણ ગણે તો બાધા કરે છે. અર્થાત્ ઘણું કપાવે છે પોતે પોતાની મરજીથી બીજે સ્થળે જવું નહિ. જ્યાં પોતાના સ્વામી બિરાજતા ન હોય ત્યાં જવું નહિ. જેમ સ્ત્રી પોતાની ઇચ્છા મુજબ સ્વચ્છંદપણે પોતાના પતિનું ઘર છોડી બીજે સ્થળે જતી નથી, તેમ પોતાના સ્વામીનું ઘર છોડીને બીજે સ્થળે પોતાની ઇચ્છા પ્રમાણે જવું નહિ, તેમજ બીજે કોઈપણે જઈને પ્રાર્થના કરવી નહિ. કોઈપણ મુશ્કેલી આવી પડે તો બીજાની પાસે તે મુશ્કેલી દૂર કરવા માટે પ્રાર્થના કરવી નહિ. ત્યારે તો શું

પણ પ્રભુ પાસે પ્રાર્થના કરવી નહિ. પ્રભુ સર્વ વ્યાપક છે, અન્તર્યામી છે, તો આપણા મનની વાત શું નથી જાણતા ? આપણા દુઃખો શું નથી સમજતા ? પ્રભુ બધું જાણે છે, સમજે પણ છે, તો આપણા દુઃખો પોતેજ દૂર કરશે, એમ માનીને પણ પ્રભુ પાસે પ્રાર્થના કરવી નહિ વળી એ કરણાના નિધિએ આપણને ઉત્તમોત્તમ ફળ આપવાનો સંકલ્પ કર્યો હોય, અને એ પ્રભુ દુઃખો દઇને આપણી પરીક્ષા પણ કરતા હોય, અને એ વખતે ધીરજ ન રાખતા જીવબુદ્ધિથી કાઇ પ્રાર્થના કરીને દ્રવ્ય, ઘરબાર જેવી તુચ્છ વસ્તુ માગી લઇએ તો પ્રભુ તો તે પણ આપશેજ, પણ તેથી ઉત્તમોત્તમ ફળ મળવાનો લાભ જતો રહેશે. અને એટલાજ ફળથી એ જીવ પોતાને કૃતાર્થ માને છે એમ માનીને સાધારણ ફળ તત્કાળ પ્રભુ આપશે અને મુખ્ય ભજનાનંદનું દાન કરશે નહિ; માટે પ્રભુ પાસે પ્રાર્થના કરવી નહિ, પોતાના સ્વામી અંતર્યામી છે, સર્વ જાણે છે, એ વાતમાં અશ્રદ્ધા હોય તોજ પ્રાર્થના થઇ શકે અને એ વાત ચોક્કસ રીતે બુદ્ધિમાં દૃઢ થઇ હોય કે પ્રભુ સર્વ સમર્થ છે તો કોઇપણ દિવસે પ્રાર્થના કરવાની ઇચ્છાજ ન થાય. શ્રી મહાપ્રભુજી પણ એજ આજ્ઞા કરે છે. ૧૮.

પ્રભુમાં અવિશ્વાસ ન કરવો, તે ઉપદેશે છે—

अविश्वासो न कर्तव्यो ब्रह्मास्त्रस्य निदर्शनात् ॥
लौकिके वैदिके वापि कार्ये भक्तं विवर्जयेत् ॥१९॥

પોતાના સ્વામીમાં કોઇ દિવસ અવિશ્વાસ ન લાવવો. રાવણના પુત્ર ઇન્દ્રજિતે હનુમાનજીને બાંધવા માટે બ્રહ્માસ્ત્ર મોકલ્યું, અને તેને

માન આપી હનુમાનજી બળિયા છતાં બંધાયા. પછી રાક્ષસોએ બ્રહ્માસ્ત્રની ઉપર હનુમાનજીને મજબૂત રીતે બાંધવા માટે મોટા દોરડા વગેરે વીંટયા. ઇન્દ્રજિતે વિચાર કર્યો કે મેં ગાંઠેલો બ્રહ્માસ્ત્રના બળનો કાંઇ પ્રભાવ ન આવ્યો, અને તેના ઉપર દોરડા બાંધી લીધા! હવે બ્રહ્માસ્ત્રનું માન જાળવ્યું ગયું અને હવે બીજું શસ્ત્ર વાપરીશ તો પણ કાંઇ કરી શકશે નહિ. આ દૃષ્ટાન્તથી એમ સમજવું કે જેવી તેમ થાય તો પણ આપણા પ્રભુ ઉપર અવિશ્વાસ લાવવો નહિ. જે જે કરે છે તે સારું કરે છે, એમ દૃઢ નિશ્ચય રાખવો. લૌકિક અને વૈદિક કાર્યોમાં આસક્તિ રાખવી નહિ. વૈદિક કાર્યો કરીને મોક્ષ મળશે, માટે ભગવાન મળશે એવી પણ કલ્પના રાખવી નહિ તેમજ વૈદિક કાર્યો કરીને સ્વર્ગ મળશે એવી પણ કલ્પના રાખવી નહિ. ૧૯.

લૌકિક વૈદિક

લૌકિક વૈદિક કાર્ય કેવી બુદ્ધિથી કરવા, તે જણાવે છે –

यथाकथञ्चित्कर्तव्ये भारवत्तत्र भावनम् ॥
सर्वत्र ममतां त्यक्त्वा सर्वं कार्यं प्रसाधयेत् ॥२०॥

લૌકિક વૈદિક નછૂટકે કરવાં પડે તો તે કરવાં, પણ કાર્ય કરતી વખતે તેમાં આસક્ત થવું નહિ. જેમ મજૂર ગમે તેવો કીમતી માલ ઉપાડી જતો હોય પણ તે માલ સાથે તેનો જેમ સંબંધ નથી, તે તો માત્ર તેને ભારરૂપ સમજે છે, તેમ તે કાર્યો બોજારૂપ માની કરવાં. બધે થતી મમતાનો ત્યાગ કરવો. જેમ મજૂર પોતે ઉપાડેલા બોજામાં મમતા-મારાપણું-માની લે તો દુઃખી થાય તેમ તે લૌકિક

વૈદિક કાર્યોમાં મમતા ગણવી નહિ. અને એવી રીતે એ કાર્યો ઠીક ઠીક સાધી લેવાં જેમ મજૂરને પોતાના માથેનો બોજો ઠેકાણે પાડયા વિના ચેન પડતું નથી તેમ એ કાર્યરૂપ બોજો બરાબર સાધીને સંતોષ માનવો, પોતે અવશ્ય રહીને કાર્ય કરવું ૨૦

लोभं च हृदये नैव कुर्यात्, प्राप्तं हि सेवयेत् ॥२०½॥

હૃદયમાં લોભ ન કરવો દ્રવ્યનો લાભ થવાથી તેની પ્રાપ્તિ માટે અનેક પ્રયત્નો કરવા પડે છે, અનેક પ્રવૃત્તિઓમાં જોડાવું જોઈએ છે, અને તેથી પ્રભુની સેવાથી વિમુખ થવું પડે છે, માટે લોભ કદી કરવો નહિ જે આવી મળે તેમાં સંતોષ માનવો પ્રભુએ જેટલું આપ્યું હોય તેમાં સંતોષ માનીને તે ધનનો વિનિયોગ પ્રભુની સેવામાં કરવો અથવા તો પ્રભુની સેવામાં લોભ ન કરવો. એટલે પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ ઉત્તમ પદાર્થના ભોક્તા છે, માટે એમની સેવા માટે જે પદાર્થો આવશ્યક હોય, તે ઉત્તમમાં ઉત્તમ લઈ આવીને અંગીકાર કરાવવા, તેમાં દ્રવ્યની કરકસર કે લોભ કરવો નહિ પ્રભુની ઇચ્છાથી જે મળ્યું હોય તેનાથી પ્રભુની સેવા કરવી ૨૦½

शरणस्यापि ये धर्मास्तत्सिद्धौ शरणं व्रजेत् ॥२१॥
निरुधेर्येऽपि सदा श्रीकृष्णाश्रयपोषके ॥
तद्ग्रन्थेभ्योऽन्यान्यपि प्रयत्नाद् हृदि भावयेत् ॥२२॥

૨૧. ॥ જે ધર્મો હોય તે સિદ્ધ થતા શરણે જવું ઉપર જે ધર્મો બતાવવામાં આવ્યા છે તે શરણે ગયેલા જનોના ધર્મો છે

શરણે ગયા પછી શું કરવું એ તેમાં જણાવ્યું. શરણે ગયા પહેલાં કેટલાક ધર્મો* સિદ્ધ થવા જોઈએ, અને તે સિદ્ધ થયા પછી શરણે જવું. શ્રીકૃષ્ણના આશ્રયનું પોષણ કરનાર વિવેક એટલે 'શ્રીહરિ પોતાની ઇચ્છા મુજબ કરશે' એમ જાણવું તે, 'મારે હઠ ન કરવો, સહન કરવું' તે ધૈર્ય, એ બન્ને શ્રીકૃષ્ણનો દૃઢ આશ્રય થવામાં નિરંતર કારણરૂપ છે. શ્રીકૃષ્ણના આશ્રયનું નિરંતર પોષણ કરનાર વિવેક અને ધૈર્ય છે. એ વિવેક અને ધૈર્યનું, શ્રીકૃષ્ણ અને તેમના આશ્રયનું સ્વરૂપ વિવેકધૈર્યાશ્રયગ્રન્થમાંથી સમજવું. પ્રયાસ કરીને વિવેક ધૈર્ય અને આશ્રય હૃદયમાં ભાવના કરવી. ૨૧ ૨૨

एवमाश्रितधर्मोऽयं सर्वेषां निरूपितः ॥
आश्रित्य वल्लभाचार्यान् कुर्वन्नेव कृष्णमाश्रयेत् ॥२३॥

ઉપર પ્રમાણે વિવેક ધૈર્ય અને શ્રીકૃષ્ણનો આશ્રય જેનો સિદ્ધ થયો હોય તેણે ધર્મો સ્વરૂપથી જાણ્યા ન હોય તો પણ જો કલિકાળ આવે તો શ્રીકૃષ્ણનો આશ્રય કરીને રહેવું એ આ મુખ્ય ધર્મ છે, તે એ છે કે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરીને શરણે જવું, શરણે ગયા પછી ધર્મો ઉપર પ્રમાણે જાણીને શ્રીકૃષ્ણનો આશ્રય કરવો જોઈએ. ૨૩

---

* શરણે ગયા પહેલાં શો નિશ્ચય કરવો તે શ્રીહરિરાયજી स्वमार्गाचारणद्वयनिर्णय નામના ગ્રંથમાં જણાવે છે. 'કલિયુગમાં શુદ્ધ પુષ્ટિ ભક્તિમાર્ગ આદિ માર્ગ જીવના પોતાના સાધનથી સિદ્ધ થતા નથી. એ ભક્તિ આદિ માર્ગો કલિયુગમાં પ્રભુ કૃપા કરે તોજ સિદ્ધ થાય, માટે પ્રભુને શરણે જવું જોઈએ. એમ નિઃસાધનપણું અને દીનતા એ ધર્મો સિદ્ધ થાય ત્યારે શરણે જવું.'

શરણે ગયા પછી શું કરવું ?

શ્રીપ્રભુનો આશ્રય કર્યા પછી શું કરવું, તે આપશ્રી નીચેના પંદર શ્લોકમાં જણાવે છે –

अतः परं क्रमेणैव जीवः कृतसमर्पणः ॥
तत्साधनाय सततं किं कुर्यादिति चोच्यते ॥२४॥

ઉપર કહ્યા પ્રમાણે શરણધર્મ સિદ્ધ થયા પછી જીવે સમર્પણ કરવું. જીવને બ્રહ્મસંબંધ થાય અને તે સર્વ પ્રભુને સમર્પે અને અહંતામમતા છોડી દે તે સમર્પણ કહેવાય. તે સમર્પણ કર્યા પછી, સમર્પણના સાધન માટે, સમર્પણ સાર્થક થવા માટે શું કરવું જોઈએ, તે કહેવામાં આવે છે. ૨૪

બ્રહ્મસંબંધથી શો અધિકાર મળે છે, તે જણાવે છે.–

બ્રહ્મસંબંધ-સંસ્કાર

सेवासंस्काररूपत्वाद्विदध्यात् सेवनं सदा ॥
ब्रह्मसम्बन्धिता जीवदेहसम्बन्धिवस्तुषु ॥२५॥

બ્રાહ્મણના બાળકને વૈદિક કર્મો કરવાનો અને વેદ ભણવાનો અધિકાર જ્યારે તેને ગાયત્રીમંત્રનો ઉપદેશ કરીને યજ્ઞોપવીત (જનોઈ) સંસ્કાર કરવામાં આવે છે ત્યારે મળે છે. ગાયત્રીમંત્રથી યજ્ઞોપવીત સંસ્કાર થયા પછી તે બ્રાહ્મણ બાળક વૈદિક કર્મો કરવાનો અધિકાર ધરાવે છે. એજ દૃષ્ટાંત પ્રમાણે જીવને જ્યારે બ્રહ્મસંબંધ થાય છે,

ત્યાર તે જીવ સેવાનો અધિકારી બને છે. શ્રીવલ્લભકુલદ્વારા બ્રહ્મનો સંબંધ થવો એ એક સંસ્કાર છે. એ સંસ્કાર અલૌકિક છે, અને તે થયા પછીજ સેવા કરવાનો અધિકાર મળી શકે છે, માટે સેવાના સંસ્કારરૂપ બ્રહ્મસંબંધ થયા પછી નિરંતર સેવા કરવી. ગાયત્રીમંત્રનો ઉપદેશ થયા પછી, યજ્ઞોપવીત ધારણ કર્યા પછી, જો બ્રાહ્મણ બાલક સંધ્યાદિક ન કરે તો જેમ બ્રાહ્મણપણામાંથી ટળી જાય છે, તેમ બ્રહ્મસંબંધ થયા પછી સેવા ન કરે તો વૈષ્ણવપણું રહે નહિ, માટે બ્રહ્મસંબંધરૂપી સંસ્કાર થયા પછી સેવા અવશ્ય કરવી. ઉત્તમા, દેહમાં, દેહની સાથે સંબંધ થયેલો છે, માટે એ સર્વનો વિનિયોગ નિરંતર સેવામાંજ કરવો. ૨૫.

सर्वदोषविमुक्तत्वं स्वस्मिन्नपि विभावयेत् ॥
सर्वथा सर्वदैवापि न चाद्यादसमर्पितम् ॥२६॥
तद्भक्षणे भवेदेवाब्रह्मसम्बन्धिवस्तुत. ॥
सर्वत्र ब्रह्मसम्बन्धभावनानाश एव हि ॥२७॥

શ્રીમદાચાર્યજી સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં આમાં કહે છે કે–"બ્રહ્મસંબંધ કરવાથી સર્વ દોષો દૂર નાશ્યા જાય છે. સર્વ લોકોના જીવ અને દેહના સર્વ દોષો નાશ પામે છે, કોઈથી લાગતા નથી." એ આજ્ઞા પ્રમાણે પોતાનામાં પણ એવી ભાવના કરવી કે, હું સર્વ દોષથી મુક્ત થઈ ગયેલો છું. જીવ પોતે સ્વભાવથીજ દુષ્ટ છે, પરંતુ શ્રીગીતાજીમાં કહ્યા પ્રમાણે પ્રભુ દોષરહિત અને સમ હોવાથી, તેમનો સંબંધ થયા પછી કોઈપણ સમયે પ્રભુને સમર્પ્યા વિનાની વસ્તુ પોતાના ઉપયોગમાં કદાપિ લેવી નહિ. સેવકનો ધર્મ એજ છે

ક પોતાના સ્વામીની આજ્ઞાથી પોતાના સ્વામીના ઉપયોગમા આવી ગયા પછી જે કાઇ મળી જાય તેજ ઉપયોગમા લેવુ જોઇએ. તેવીજ રીતે પ્રભુને સમર્પ્યા પછી પ્રસાદી અન્નજ લેવુ અસમર્પિત પદાર્થનુ જો ભક્ષણ કરવામા આવે તો બ્રહ્મસબધની ભાવનાનો નાશ થાય, પ્રભુને જે વસ્તુ ન સમર્પાયેલી હોય તે વસ્તુ બ્રહ્મસબધ વિનાની ગણાય છે પોતાને બ્રહ્મસબધ થયો છે, અને પોતે બ્રહ્મસંબધ વિનાની વસ્તુને ઉપયોગમા લે. તો બ્રહ્મસબધની જે ભાવના છે કે, હુ દોષથી રહિત થયો છુ, એ ભાવનાનો નાશ થઇ જાય મતલબ કે દોષવાળો તે જીવ થાય માટે સર્વથા કોઇપણ સમયે અસમર્પિત અન્ન લેવુ નહિ. ૨૬–૨૭

બધુ પ્રભુને સમર્પવુ એની સૂક્ષ્મ-બારીક સમજણ આપે છે –

लौकिक वैदिक वापि कुर्यात् सर्वं समर्पितम् ॥

अत सर्वेषु कार्येषु कुर्यादादौ समर्पणम् ॥२८॥

લોકના વ્યવહારના કાર્યોમા જે વસ્તુ વાપરવાની હોય, વિવાહાદિક કાર્યોમા, જ્ઞાતિભોજન વગેરે કાર્યોમા જે વસ્તુ વાપરવાની હોય તે બધી વસ્તુ પ્રભુને સમર્પણ કરીને પછી તે વસ્તુનો ઉપયોગ કરવો વેદના યજ્ઞ વગેરે કાર્યોમા પણ પહેલા પ્રભુને સમર્પ્યા પછીજ જોઇતી વસ્તુઓ ઉપયોગમા લેવી, એટલા માટેજ સર્વ કાર્યમા પહેલા પ્રભુને સમર્પણ અવશ્ય કરવુ જોઇએ. શ્રાદ્ધાદિક વૈદિક કાર્યોમા વિષ્ણુને નિવેદન કરેલા અન્નથી બીજા દેવતાઓનુ પૂજન કરવુ એમ પદ્મપુરાણમા કહ્યુ છે. શ્રીમદ્ભાગવતમા તે સિદ્ધાત પ્રકટ છે. વળી જે વસ્તુ જેવી રીતે સમર્પણ કરવાને યોગ્ય હોય તે વસ્તુ તેવી રીતે સમર્પવી. જેમ વસ્ત્ર વગેરે તે વિષે વધારે ખુલાસો આગળ આપવામા આવશે ૨૮

यथा समर्प्य योग्य यत्तया तत्तन्निवेदयेत् ॥
यज्ञादिषु विवाहादौ प्रदर्श्य निखिलं हरेः ॥२९॥
गृहीत्वैव तदादेशं पश्चात् कार्याणि साधयेत् ॥२९½॥

યજ્ઞયાગાદિકમાં અને વિવાહાદિકમાં સર્વ પદાર્થો પ્રભુ સમક્ષ ધરવા, અને પ્રભુની આજ્ઞા લીધા પછી યજ્ઞયાગાદિક અને વિવાહાદિક કાર્યો સાધી લેવાં. સેવકનો ધર્મ એજ છે કે પોતાના સ્વામીને દેખાડ્યા વિના અને તેની આજ્ઞા થયા વિના કાંઈ પણ કાર્ય સ્વતંત્ર રીતે કરવું નહિ એજ પ્રમાણે અહીં પણ પ્રભુને નિવેદન કર્યા વિના નાહ્યપણ લૌકિક વૈદિક કાર્યો સ્વતંત્ર રીતે ન કરવા, પરંતુ સર્વ નિવેદન કરીને આપની આજ્ઞા મેળવીનેજ સર્વ કાર્ય કરવું એ સેવકનો મુખ્ય ધર્મ છે. ૨૯½

પોતે જે પદાર્થનો ઉપયોગ કર્યો હોય, તે પદાર્થ પ્રભુને સમર્પવો નહિ એમ આપશ્રી આજ્ઞા કરે છે —

न स्वार्थभुक्तं कृष्णाय समर्प्यमिति निश्चयः ॥३०॥

અર્ધભુક્ત એટલે જે પદાર્થ આપણા ઘરમાં હોય, જેમ કે ફૂલ, વસ્ત્ર વગેરે, તેમાંથી થોડો ભાગ પોતાના ઉપયોગમાં લીધેલો હોય તો, તે વધેલો—બાકી વધેલો અર્ધભુક્ત પદાર્થ મહાનંદ શ્રીકૃષ્ણને કદાપિ સમર્પવો નહિ એમ નિશ્ચય કરવામાં આવ્યો છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે—દેવના દેવ શ્રીઠાકુરજીને અર્ધભુક્ત કદાપિ સમર્પવું નહિ. આ ઉપરથી અર્ધભુક્ત પ્રભુને ધરવાની હરિરાયજીએ ના કહી તેમાં મુખ્ય કારણ પણ સહજમાં જાણી શકાય છે. ૩૦

આ સ્થળે એવો સંશય થાય છે-પહેલા કહ્યું કે પ્રભુને સમર્પ્યા વિના કાંઇ પણ લેવું નહિ પ્રભુને ન સમર્પાયેલી વસ્તુ તજી દેવી, ત્યારે ઘરમાં જે વસ્તુ આવશે તે પ્રભુને સમર્પાશેજ, પ્રભુને સમર્પ્યા વિના પોતાના ઉપયોગમાં આવી જતા બાકી રહેલો પદાર્થ પ્રભુને સમર્પવાનો વખતજ ન આવવો જોઇએ. જ્યારે વખતજ નહિ આવે તો પછી એમ કહેવાની શી જરૂર છે કે અર્ધભુક્ત વસ્તુ પ્રભુને નજ ધરવી ? વૈષ્ણવના ઘરમા દરેક પદાર્થ પ્રભુને નિવેદન કર્યા પછીજ બીજા કાર્યોમા વપરાય છે પહેલા વપરાતોજ નથી. પહેલા વપરાય તો અર્ધભુક્ત થયેલો કહેવાય, અને તે પ્રભુને ન ધરવો એમ કહેવું પણ યોગ્ય કહેવાય, પરંતુ પ્રભુને સમર્પ્યા વિના કાંઇ લેવુંજ નહિ એમ પહેલા કહ્યુ છે, તેથી પ્રભુને નિવેદન કર્યા વિના વૈષ્ણવો કાંઇ લેતાજ નથી, તો પછી તેમના ઘરમા અર્ધભુક્ત કોઇ વસ્તુ થશેજ નહિ, અને નહિ થાય તો પછી તે પ્રભુને ન ધરવી એમ શા માટે કહેવુ ? જે વસ્તુ અર્ધભુક્ત થવાની નજ હોય તે પ્રભુને ન ધરવી એમ કહેવાની શી જરૂર છે ? અર્ધભુક્ત વસ્તુ થવાની હોય તો ન ધરવી એમ કહેવુ જોઇએ. પણ અર્ધભુક્ત થવાનીજ ન હોય તો તેની ના પાડવાની કાંઇ જરૂરજ નથી આ સંશય પ્રાપ્ત થતા સમાધાન કરે છે —

न सामिभोग सम्प्राप्तो ह्यसमर्पितवर्जनात् ॥
तथापि मानसं पूर्वमादाय च समर्पणम् ॥३१॥

अभुक्तमप्यतो ब्रह्मसम्बन्धिनि विभ्रमात् पुरा ॥
गृह्णीयादवशिष्टं तु प्रभवेऽपि समर्पयेत् ॥३२॥

જો કે અર્ધભુક્ત પદાર્થ જ ન હોવાથી તેના અસમર્પણનો નિરાસ કરવાની શી જરૂર છે, એ શંકા ઊભી થાય છે, તોપણ એ રીતે બારીકીથી જોતાં અર્ધભુક્ત પદાર્થ મળી પણ શકે છે. જેમ કોઈ વૈષ્ણવ, બ્રહ્મસંબંધ જેને થયેલો છે એવો કોઈ ભાગવદીય, પહેલાંજ પોતે બધું પ્રભુને બ્રહ્મસંબંધ વખતે સમર્પણ કરી દીધું છે, એવું મનમાં લાવીને પહેલાં ઉપયોગમાં નહિ લીધેલા પણ પદાર્થ ઉતાવળથી, ભ્રાન્તિથી જો પોતાના ઉપયોગમાં લઈ લે અને બાકી રહેલા જો પ્રભુને સમર્પવા તૈયાર થાય તો તે ન સમર્પવો એમ રહસ્ય છે. શ્રીમહાપ્રભુજી જે અર્ધભુક્તનો નિષેધ કરે છે, તે ઉપર કહેલી રીત પ્રમાણે થયેલા અર્ધભુક્તનો કરે છે. વસ્તુત: અસમર્પિત પદાર્થ ન લેવો, એમ કહેવાથી કોઈ પદાર્થ પ્રભુને સમર્પ્યા વિના લેવાયજ નહિ અને લેવાય તો અર્ધભુક્ત ઉપયોગમાં લીધા પછી બચેલો પદાર્થ પણ ગણાયજ નહિ, તો પછી તે પ્રભુને સમર્પવો કે નહિ, તેવો પ્રશ્નજ ન ઉઠાવાય, પણ કોઈ વૈષ્ણવ એમ મનમાં માની બેસે કે મેં પહેલાં બધું પ્રભુને સમર્પ્યું છે, હવે પ્રભુને સમર્પવાની શી જરૂર છે, એવી ભ્રાન્તિ તે વૈષ્ણવને થાય અને કોઈ પદાર્થનો પોતે ઉપયોગ કરે અને બાકી વધેલો જો ભગવત્સેવામાં વાપરે તો તે વાપરવો નહિ એમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું સૂક્ષ્મ ઊંડું રહસ્ય છે, તેથીજ અસમર્પિત અને અર્ધભુક્ત એમ બે ભેદ કરીને તેનો નિષેધ કર્યો છે. ૭૪–૨

સિદ્ધાન્તરહસ્ય ગ્રંથમાં અસમર્પિત વસ્તુ વર્જવી અને અર્ધભુક્ત પદાર્થ પ્રભુને ન સમર્પવો એમ જે આજ્ઞા છે, તેનું ઊંડું રહસ્ય શ્રીહરિરાયજી બતાવે છે –

तदर्थे वर्जितं भेदेनार्धभुक्तमसमर्पणम् ॥
असमर्पितवस्तूनामत्र सामान्यमुच्यते ॥२३॥
भुक्तमित्यनेनात्र भोग्यो वस्तुभोगो निरूप्यते ॥
स चोपयोगरूपो हि तस्माद्भेदो विबुध्यताम् ॥२४॥

સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં અસમર્પિત વસ્તુ વર્જવી એમ સામાન્ય રીતે આજ્ઞા કરી છે, એટલે કે એમ વર્જવી, કેવી રીતે વર્જવી, કયા કાર્યમાં વર્જવી, એ સ્પષ્ટ નથી, માટે અર્ધભુક્ત પદાર્થ પ્રભુને ન સમર્પવો એમ બીજી વાર આજ્ઞા કરી, એમાં અર્ધ એટલે અર્ધા પ્રમાણમાં ભુક્ત એટલે ભોગવેલી વસ્તુ, તે અર્ધભુક્ત કહેવાય છે. ભોગ કરવા લાયક વસ્તુનો ભોગ પ્રભુને તે વસ્તુ સમર્પ્યા વિના કરવો નહિ, એમ પણ આશય છે ભોગ એટલે ઉપયોગ, મતલબ કે જે વસ્તુનો પોતે ઉપયોગ કર્યો હોય તે વસ્તુ પ્રભુને સમર્પવી નહિ, તેમજ જે વસ્તુ પ્રભુને સમર્પેલી નથી, તેનો ઉપયોગ પોતે પણ કરવો નહિ, એવી રીતના ભેદનો સ્પષ્ટ ખ્યાલ રહેવાથી ભાવાર્થ સંદેહ રહિત થશે, એમ જાણવું. ૨૩–૨૪.

પ્રભુને નિવેદન કર્યા પછી તે પદાર્થ પોતાના ઉપયોગમાં કેટલાક લેતા નથી, તેનું કારણ બતાવે છે:—

निवेदितपदार्थानां ग्रहणं मार्गभेदतः ॥
पूजामार्गनिषेधानामज्ञानवशतो मतः ॥२५॥

પ્રભુને નિવેદન કરેલા પદાર્થોનું ગ્રહણ કરવું, કારણ કે આ સેવામાર્ગ પૂજામાર્ગથી જુદો છે. સેવામાર્ગમાં પરાત્પર પૂર્ણ પુરુષો-

ત્તમની સેવા છે, માટે નિવેદન કરેલા પદાર્થો પોતાના ઉપયોગમાં લઇ શકાય છે. પૂજામાર્ગમાં એ પુરુષોત્તમના અંશની, અવતારોની, કલાઓની પૂજા કરવામાં આવે છે, માટે તેમાં નૈવેદ્ય લઇ શકાતું નથી. સેવામાર્ગ અને પૂજામાર્ગ એવી રીતે જુદા હોવાથી પૂજામાર્ગની રીતિ સેવામાર્ગમાં આવી શકે નહિ. દૃષ્ટાંતઃ-પૂજામાર્ગમાં એવું લખ્યું છે કે-'મારી પાસે ધરેલા ચીજનો ઉપયોગ બીજા કાર્યમાં કરવો નહિ' એમ ભગવાન આજ્ઞા કરે છે, તો તે આજ્ઞા પૂજામાર્ગ માટેની છે, પણ તે સેવામાર્ગમાં લાગુ પડી શકે નહિ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે-નિવેદન કર્યાં પછી તે ઉપયોગમાં ન લેવું એમ જે કહ્યું છે, તે પૂજામાર્ગ માટે છે એમ સમજવું, સેવામાર્ગમાં પ્રભુને સર્વ નિવેદન કરવામાં આવે છે, 'પુત્રાદિ, સ્ત્રી, પ્રાણ વગેરે બધું પ્રભુને નિવેદવું.' વળી 'જે આ લોકમાં બહુજ ઇષ્ટ હોય, પોતાને અત્યન્ત પ્રિય હોય, તે સર્વ પ્રભુને અર્પણ કરવું.' વગેરે વાક્યોથી સર્વ સમર્પણ કર્યા પછી પોતાના ઉપયોગમાં તે લઇ શકાય છે, માટે સેવામાર્ગમાં પૂજામાર્ગની રીતિ સ્વીકારાતી નથી. ૩૫.

एवं जन्मावधि नृणां भावनातो भविष्यति ॥
सर्वत्र ब्रह्मसम्बन्धो गङ्गातोऽन्यजलेष्विव ॥३६॥

જન્મપર્યન્ત એવી ભાવના થવાથી મનુષ્યોને સર્વ સ્થળે બ્રહ્મસમ્બન્ધ થશે. જેમ ગંગાજીથી બીજા જલમાના દોષો દૂર થાય છે, અર્થાત્ તે જલ ગંગારૂપ થાય છે, તેમ ઉપર કહ્યા પ્રમાણેની ભાવના કર્યાથી મનુષ્યોને સર્વ સ્થલે બ્રહ્મનો સમ્બન્ધ થશે, એટલે નિર્દોષપણું પ્રાપ્ત થશે સર્વ રીતે તે દોષરહિત બનશે ૩૬.

चिन्ता निवेदिभिर्नैव नवरत्ने निरूपिताः ॥
तत एवावगत्येद् कार्या इति विनिश्चयः ॥३७॥

નવરત્ન ગ્રન્થમા જેવા જેવા પ્રકારની ચિન્તાઓ શ્રીમહાપ્રભુજીએ નિરૂપણ કરેલી છે, તે નવરત્ન ગ્રન્થથી સમજીને કદાપિ તે ચિન્તાઓ વૈષ્ણવોએ કરવી નહિ એવો નિશ્ચય છે. જે જે ચિન્તાઓ થાય તે ન કરવી. ૩૭.

ततो हि जातसंस्कारः सर्वचिन्ताविवर्जितः ॥
साक्षिवत् तत्कृति पश्यन् सुख सेवापरो भवेत् ॥३८॥

એ પ્રમાણે બ્રહ્મસમ્બન્ધરૂપ સંસ્કાર થયા પછી સર્વ ચિન્તાઓથી રહિત થઇને સાક્ષીની પેઠે ભગવાનની કૃતિને જોતાં જોતા સુખેથી સેવામા તત્પર થવું. ૩૮.

સેવા કેમ કરવી ?

ઉપર પ્રમાણે શરણ અને સમર્પણનું વિવેચન કરીને હવે સેવાવિધિનું નિરૂપણ આપશ્રી કરે છે:-

सेवाविधिः समग्रोऽपि क्रमेणैव विलिख्यते ॥
प्रकारान्तमतः पूर्व मूर्तौ सेवा विधीयते ॥३९॥

સમગ્ર સેવાવિધિ પણ અનુક્રમે લખવામા આવે છે. સેવાને અંગે જે જે કાંઇ કરવાનું છે, તે સર્વ લખાય છે. પહેલા ઉત્તમ

પ્રકારની મૂર્તિ નિરસેવા કરી એમ કહેવામાં આવે છે ભક્તવત્સલની
ઉત્તમ પ્રકારથી સેવા કરી જોઇએ એમ જણાવવામાં આવે છે ૩૯

मूर्तौ भगवतो ज्ञानं साकारावेशतो मतम् ॥
भक्तिमार्गप्रकारेण ज्ञानतस्तु तथा मता ॥४०॥

મૂર્તિમાં ભગવાનનું જ્ઞાન સાકાર ભગવાન મૂર્તિમાં પ્રવેશ કરે છે તેથી થાય છે એમ મનાય છે અર્થાત્ મૂર્તિમાં ભગવાનનો આવેશ થાય છે એ આવેશ સાકાર આવેશ છે કેમકે મૂર્તિ સાકાર છે ત્યારે સાકાર મૂર્તિમાં ભગવાનનો સાકાર આવેશ થયેલો હોવાથી મૂર્તિમાં ભગવાનનું જ્ઞાન થાય છે એમ જણાય છે માટે ભક્તિમાર્ગની દૃષ્ટિએ તે માનવાનું છે તેથી ભક્તિમાર્ગની રીતે જેમ એના મૂર્તિ પ્રભુસ્વરૂપ છે મૂર્તિ જુદી છે અને તેમાં ભગવાનનો જુદો આવેશ થાય છે એમ માનવાનું નથી મૂર્તિ સાક્ષાત્ જ મૂર્તિ જણાય છે તે પ્રભુસ્વરૂપજ એમ જાણવાનું છે ૪૦

पूजामार्गे भवेन्मन्त्रविधानात् पूज्यसेवनम् ॥
विशेषो भक्तिमार्गेऽस्य पुरुषोत्तमरूपिणः ॥४१॥
मणिस्पर्शेन ताम्रादिः सौवर्णमिव तत्त्वतः ॥
जायते कृतं सर्वं साक्षात् कृष्णे कृतं भवेत् ॥४२॥

પૂજામાર્ગમાં મંત્રવિધિથી પૂજ્ય દેવતાઓનું સેવન થાય છે વેદમાં જે જે દેવતાઓ ગાયેલા છે તે તે મંત્રો કહ્યા છે તે તે મંત્રોથી તે તે દેવતાઓનું પૂજન પૂજામાર્ગમાં કરવામાં આવે છે પૂજામાર્ગ કરતાં ભક્તિમાર્ગમાં વિશેષતા છે ભક્તિ માર્ગમાં ...

પુરુષોત્તમ-સ્વરૂપ થાય છે. જેમ પારસમણિના સંગથી લોખંડ વગેરે ધાતુ સુવર્ણરૂપ બની જાય છે, તેમજ મૂર્તિ પણ સાક્ષાત્ શ્રીકૃષ્ણ-સ્વરૂપ થાય છે. એ કારણથીજ ભક્તિમાર્ગમાં સેવા મુખ્યતે કરીને ભાવ વડેજ થાય છે, અને એ ભાવ વડે એ સ્વરૂપમાં જે કાંઇ સેવા કરવામાં આવેલી હોય તે સાક્ષાત્ શ્રીકૃષ્ણનીજ સેવા થઇ, એમ જાણવું. ૪૧-૪૨

સેવા બે રીતે થાય

સેવાના બે પ્રકારો આપશ્રી વર્ણવે છે-

सेवा तु तस्य द्विविधा त्यागात्यागविभेदतः ॥
अत्यागेऽपि तथात्वं हि व्यावृत्तेस्त्यागतः पुरा ॥४३॥

પ્રભુની સેવા બે પ્રકારની છે. એક સેવા તો સર્વનો ત્યાગ કરીને થઇ શકે છે અને બીજી સેવા સર્વનો ત્યાગ કર્યા વિના થઇ શકે છે, માટે ત્યાગ અને અત્યાગ એવા ભેદથી સેવા બે પ્રકારની છે. વ્યાવૃત્તિ એટલે ગૃહસ્થધર્માનુસાર સર્વ પ્રવૃત્તિ કરવી તે. એ વ્યાવૃત્તિનો ત્યાગ કર્યા પહેલાં અત્યાગ દશામાં પણ ત્યાગ કરવાપણું તો છેજ, તે આગળ શ્લોકમાં સ્પષ્ટ કરે છે. ૪૩.

व्यावृत्तावपि च मोक्षो मानसस्त्याग उत्तमः ॥
अत्यागपक्षे गार्हस्थ्यमनुकूलं हि साधने ॥४४॥
गृहे स्थित्वा सेवनार्थं स्वधर्मेणैव सर्वथा ॥
कृष्णं भजेद्यतोऽर्मेऽकरणाद्विनियोजिता ॥४५॥

જ્યારે ગૃહસ્થાશ્રમમાં પણ સ્થિતિ હોય એટલે કે ગૃહસ્થ ધર્મની પ્રવૃત્તિ ચાલુ હોય તો પણ મનથી ગર્વનો ત્યાગ કરવો એ નિયમ છે. ગાર્હસ્થ્ય છતાં પણ તેમાં આસક્તિ ન રાખતાં પ્રભુમાં મન જોડી દેવું તે મનથી ગર્વનો ત્યાગ કહેવાય છે અને તે કરવો ઉત્તમ છે. ગર્વનો ત્યાગ ન કર્યો હોય તો પણ ગૃહસ્થાશ્રમ નકામો ... અનાદર ન જોઈએ. એટલે કે સેવાદિક સાધનોમાં સ્ત્રીપુત્રાદિક અનુકૂળ હોવા જોઈએ. ગૃહમાં રહીને સેવા કરવા માટે સ્વધર્મ વડે નિરંતર શ્રીકૃષ્ણનું ભજન કરવું. જો ગૃહધર્મ કરે તો નિ-યોનિમાં એનો જન્મ થાય છે. માટે ગૃહમાં રહીને પોતાના ધર્મ વડે નિરંતર શ્રીકૃષ્ણસેવા કરવી ૪૪-૪૫

कृष्णमूर्तौ यथालब्धैर्द्रव्यैः सम्पूजयेद्धरिम् ॥
पूर्वं स्थान मन्दिरादि तथा सिंहासनादि च ॥४६॥

ભગવાનની મૂર્તિમાં યથાયોગ્ય પ્રાપ્ય થયેલા દ્રવ્યો વડે શ્રીહરિનું પૂજન કરવું શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે-જેટલા અને જેટલા ઉપયોગ-પદાર્થો મળી આવ્યા હોય તે વડે શ્રીકૃષ્ણનું ભક્તિપૂર્વક પૂજન કરવું' અર્થાત્ ભક્તિમાર્ગની મર્યાદા પ્રમાણે જે પદાર્થો મળી આવે તે પદાર્થો વડે ભગવાનની પ્રતિમામાં બિરાજતા શ્રીહરિનું પૂજન કરવું, ૪૬

પૂજનનો પ્રકાર સેવાના પ્રમાણ સાથે બતાવે છે-

सम्पाद्य भोगसामग्रीं हरिमुत्थाप्य मज्जनं ॥
प्रारभ्य सर्वापि सेवा पूजा विधीयताम् ॥४७॥

પહેલાં તો સ્થાન એટલે મંદિર-આદિ અને સિંહાસન-આદિ સંપાદન કરીને અને ભોગ ધરવાની સામગ્રી પણ તૈયાર કરીને

શય્યામધ્યે શ્રીહરિને જગાડવા સુધારી મંદિરવસ્ત્ર કરીને પ્રભુને બિરાજવાનું મંદિર, અને સિંહાસન પણ સ્વચ્છ રીતે તૈયાર રાખવું ભોગ ધરવાની સામગ્રી પણ તૈયાર રાખવી. પછી પ્રભુને જગાડવા. પ્રભુને શય્યામાંથી જગાડીને સવારથી સાયંકાલ પર્યંત બધી સેવા કરો. સ્નાન કાળથી સેવાનો અને પૂજાનો જે ક્રમ છે, તે પ્રમાણે કરો આપશ્રીએ તો પ્રાતઃપ્રકરણમાં પ્રારંભમાં સેવાનો ક્રમ કેવી રીતે છે, તે સાર સંક્ષેપમાં શરૂઆતના ભાગ તરીકે જણાવીને, એમ આજ્ઞા કરી કે સેવાપૂજાના તે ક્રમ પ્રમાણે સેવાપૂજા કરો. ૪૭.

સેવામાં અને પૂજામાં જે ભેદ છે, તે આપશ્રીએ પ્રથમ જણાવ્યો છે તો પણ અને તેનું કરીને વિશેષ સ્પષ્ટીકરણ કરે છેઃ-

सेवायां लौकिकी युक्तिस्तथा स्नेहो नियामकः ॥
पूजायां तु विधिः स्नेहविरुद्ध इति निश्चयः ॥४८॥

સેવા કરવામાં લૌકિક યુક્તિ જાણવી જોઈએ. જેમ કોઈ લૌકિક બાળક સવારમાં જ્યારે ઊઠે છે, ત્યારે તેની માતા પુત્રસ્નેહને લીધે તે બાળકને માટે આગળથીજ તૈયાર કરી રાખેલા ખાવાના પદાર્થો આપે છે, તેમ પ્રભુમાં બાલભાવ રાખીને પ્રભુને જગાડ્યા પહેલાં ભોગસામગ્રી સ્નેહભાવથી સિદ્ધ કરી રાખવી. એ સેવા કર-વામાં લૌકિક યુક્તિ અને સ્નેહ મુખ્ય છે. એ સેવામાં સ્નેહજ સર્વે નિયમો કરી આપે છે. જેમ માતા પુત્રને સ્નેહથી લાડ લડાવે છે, પાળે છે, પોષે છે, તેમ તેજ ભાવથી પ્રભુની સેવા કરવી. પૂજા કરવામાં આવે છે, ત્યારે તેમાં મુખ્ય શાસ્ત્રના વિધિને માનવામાં આવે છે. શાસ્ત્રમાં ઠંડા જલથી પ્રભુને સ્નાન કરાવવાનું લખ્યું છે, માટે ગમે

તેવી રીતનકારની સ્તુમા પણ પ્રભુને ... જલદીથી જ મના કરા-
વવું, એમ પૂજામાર્ગમાં છે ત્યાં વિધિને એટલે શાસ્ત્રમાં જે લખેલું
છે, તેને મુખ્ય માનવામાં આવે છે, એટલે વિધિ સ્નેહથી વિરુદ્ધ છે
કે સ્નેહપૂર્વક છે, એમ વિચાર કરવામાં આવતો નથી. સ્નેહથી
વિરુદ્ધ વિધિને મુખ્ય નિશ્ચય માનીને ભગવાનની પૂજા પૂજામાર્ગીય
લો ... ૪૮

ગુરુ કેવા હોય?

ગુરુ કેવા કેવા જોઈએ, તેના સંબંધમાં મહાપ્રભુજીએ નિબ-
ધમાં જેવી રીતે આજ્ઞા કરી છે તેવી રીતે શ્રીહરિરાયજી પણ આદિ
આજ્ઞા કરે છે —

गुरुश्च भक्तिमार्गीयः कृष्णसेवापरायणः ॥
श्रीभागवततत्त्वज्ञो दम्भादिरहितो नरः ॥४९॥

ગુરુ ભક્તિમાર્ગને અનુસરનાર જોઈએ, તથા શ્રીકૃષ્ણની
સેવામાં પરાયણ જોઈએ, તેમજ શ્રીભાગવતના તત્ત્વને જાણનાર
અને દંભ-લોભ કપટ વગેરેથી રહિત એવા નર તે ગુરુ
કહેવાય ૪૯

ઉપર જણાવેલા ગુરુ ન મળે તો શું કરવું તે આ પછી
જણાવે છે —

तदभावे तथाभूतोपदेशोऽत्र निगमः ॥४२॥

ઉપર જણાવેલા સદ્ગુરુ ન હોય તો તેવા સદ્ગુરુએ જે ઉપદેશ કરેલો હોય તે પ્રમાણે ચાલવાથી સર્વ કાર્ય સિદ્ધ થશેજ. અર્થાત્ ઉપર જેમનું સ્વરૂપ વર્ણન કરવામા આવ્યું છે તેવા ગુરુના અભાવમાં એવા ગુરુએ જે ઉપદેશ આપેલો હોય તેજ નિયમરૂપ છે એમ માનવું. નિયમમા રાખનાર ગુરુ ન હોય તો તેમના ઉપદેશને નિયામક તરીકે માનવો.

अथाधुनिकतीर्थानामतथाभूततोऽपि हि ॥५०॥
उपदेशस्तथाभूतगुरोरिव फलिष्यति ॥
यदि दुःसङ्गदोषेण नान्यथा चेद्भवेन्मतिः ॥५१॥

હવે જો આધુનિક તીર્થરૂપ ગુરુઓ ઉપર જણાવેલા ગુરુ જેવા નથી, તો પણ તેઓ જે ઉપદેશ આપે છે, તે તો પહેલા વર્ણવેલા સદ્ગુરુએજ કહેલો ઉપદેશ આપે છે, માટે હાલના ગુરુઓ તેવા ન હોવા છતાં પણ તેમની પાસેથી જો ઉપદેશ લેવામાં આવે તો તે ઉપદેશ, જો દુઃસંગરૂપી દોષથી બુદ્ધિ ભ્રમિત થઇ નહિ હોય તો, પહેલા બતાવેલા મુખ્ય સદ્ગુરુના ઉપદેશની પેઠેજ ફળશે. જો ખરાબ પુરુષોની સંગતિથી બુદ્ધિ દુષ્ટ થઇ હશે, તો તે ઉપદેશ ફલિત થશે નહિ. ગુરુ ગમે તેવા હોય પણ તેઓ જે ઉપદેશ આપે છે, તે ઉપદેશને પ્રગટ કરનારા ગુરુ જેવા કે તેજ વિચારવું જોઇએ, અને દુઃસંગથી બચવું જોઇએ. ૫૦-૫૧.

तेषामपि यस्तादृग्गुरुगोक्तः परो विधिः ॥
स एव सर्वथा नान्यः कल्पितः फलभाक् ॥५२॥

અને વિધિ પણ જેમ વિધિ વગર ન્યૂન ઓછો હોય તેમ
વિધિ સમજવો ઉદ્વેગ જણાવેના લક્ષણો જેમાં હોય તેમ ગ્રન્થ ને
અનાદી જે પ્રણાલિકા થી હોય તેજ પ્રમાણે જાણવું (શ્રીમહાપ્ર
ભુએ શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલનાથજીએ, શ્રીહરિરાયજી, આ
આચાર્યોએ સેવા ની રીતે જરી જોઈએ એ પ્રમાણે પ્રથા
પ્રગટ કરીને જે આજ્ઞા કરી હોય તે વિધિ ૫ સમજવો અનગ વુ
ખરા વિધિ તેજ છે બીજે ત્યાંથી બીજે કરી દેના ફલાદિ
કરી શકતા નથી પોતાની રૂચિ પ્રમાણે હોય તદિ આ ર
રીતે સેવામાં જળ લેવો પ્રકાર ઉદ્ભવે છે તેથી સિદ્ધ
થાય છે ૯૨

अनुद्वेगाय सप्रेम कृष्णमृतावनन्तरं ॥
वस्त्राभरणैश्चापि तथोपहरणैरपि ॥९३॥
यथा स्वरूपयोग्यं स्यात्तथैवोपकल्पयेत् ॥१०३॥

ઉદ્વેગ ન થાય તેમજ સ્નેહે પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણના સ્વરૂપ
ને યોગ્ય વસ્ત્ર તથા આભરણ અને સિંહાસન પીછવાઈ
આદિથી પ્રભુને શણગારવા તેમજ ભોગ આદિની સેવા
કરી પ્રભુના સ્વરૂપની સેવા કરવાના તેમના હૃદયમાં
પ્રભુના સ્વરૂપની અનુભવને નિરખીને ત્યાંથી પાછું વળવાનું મન
થાય નહિ ૫૦૩

यतो हि सफला प्रोक्ता चेतस्तत्प्रवणं हरे ॥१०४॥
सौन्दर्यविशिष्टरूपं हि तदर्थं सर्वतोत्तम ॥
अत साधनता प्रोक्ता तनुवित्तजसेवने ॥१०५॥

શ્રીહરિના લીલામુક્ત સ્વરૂપમા ચિત્તનું પરોવાવું, તેનુ નામ સેવા છે, એમ સિદ્ધાંતમુક્તાવલીમા કહ્યુ છે તેથી પ્રભુની સુંદરતાથી પોતાનુ મન પ્રભુમા રહે તેવી રીતે શૃંગાર કરવા. સેવાનો ઉદ્યમ તેને માટેજ છે સેવા એવી રીતે કરવી જોઇએ કે પ્રભુમા મન પરોવાયેલુ રહે તેવી ફલરૂપ સેવાના સાધન તરીકે, દેહથી અને દ્રવ્યથી કરવામા આવતી સેવાને માનવામા આવે છે. તનુજાવિત્તજા સેવા માનસી ફલરૂપ સેવાનુ સાધન છે, એમ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમા શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે. ૫૮–૫૫

एवमन्नादिवस्तूनामुपयोगे प्रसाधिते ॥
भार्यादीनामानुकूल्ये तै सेवामेव कारयेत् ॥५६॥

એ પ્રમાણે અન્ન વગેરે વસ્તુનો પ્રભુમા ઉપયોગ સિદ્ધ કરી બતાવના સ્ત્રી વગેર જો સેવાને અનુકૂળ હોય તો તેઓ પાસેજ સેવા કરાવવી. શ્રીગુસાંઇજી શ્રીનાથજીની પ્રાર્થના કરે છે કે –'હે [1]કમલલોચન, અમારા ઘરના પદાર્થનો ભોગ આપે કરવોજ જોઇએ. જો નહિ કરો તો પુષ્ટિમાર્ગીય મર્યાદા નષ્ટ થઇ જશે' અન્ન વગેર વસ્તુનો એવી રીતે જ્યારે પ્રભુમાંજ ઉપયોગ સિદ્ધ થયો, તો સ્ત્રી વગેરે પણ જો અનુકૂળ હોય તો તેમની પાસે પણ પ્રભુની સેવાજ કરાવવી ૫૬

स्वयं कुर्यादुदासीनतया नैषां पुनः स्थितौ ॥
अपकीर्तिभयात् कृष्णसेवावैगुण्यसम्भवात् ॥५७॥

१. अस्मदीयपदार्थानां भोग कार्यस्त्वयैव हि । अन्यथा मार्गमर्यादा नश्यत्यम्भोजलोचन ॥ (नामरत्न)

स्वकृतब्रह्मसम्बन्धं विभाव्य हृदि सर्वथा ॥
तत्पोषणं प्रकुर्वीत स्वपादेहवदातुरः ॥९८॥

ભાર્યા આદિની સ્થિતિ જો ઉદાસીનપણાવાળી જણાતી હોય તો પોતે સેવા કરી જોઈએ. સ્ત્રીપુત્ર આદિ સેવા ન કરે તોથી ઉદાસીન ન થવું, પોતે જ સેવા કરવી, કેમકે ઉદાસીન થયેલાઓને આગ્રહ કરીને સેવામાં જોડવાથી સેવા અપરાધયુક્ત થાય છે, અને સેવા ઉદ્વેગ ન થઈ રહે તો સ્વધર્મની હાનિ થવાથી થનારી અપકીર્તિનો ભય પણ થાય છે. માટે જો સેવાથી વિમુખ થાય તેને તેમ તેને નવીજ રીતે દેવા દઈને પોતે સેવા કરી પરવા કરવાના હેતુ તે પણ બીજા કોઈક સાથે પણ લઈ શકાય છે. એટલે કે ભાર્યા આદિ સેવાથી ઉદાસીન હોય તો તેમનો ત્યાગ ન કરવો પણ પોષણ કરવું, કેમકે ત્યાગ કરવાથી લોકમાં અપકીર્તિ થાય તે અપકીર્તિના ભયથી ત્યાગ ન કરવો. અપકીર્તિનો જો ભય હોય તો સેવામાં પણ વ્યગ્રતા એટલે ઊંચું મન રહે. માટે તેઓનું પોષણ કરવું. રોગી દેહધારીની પેઠે આતુર થઈને દુખી થઈને તેનું પોષણ કરવું. સ્ત્રી આદિ સેવા ન કરે તેથી દુખ તો થાય, પરંતુ તેનો ત્યાગ કરવો દરકાર નથી એમ અને પોતે બ્રહ્મસંબંધ કરેલ છે એવો હૃદયમાં વિચાર કરીને તેનું પોષણ કરવું. (૯૭-૯૮)

यद्यासुरा कृष्णसेवां कर्तुं न ददति स्वतः ॥
तदा तेषां परित्यागः कर्तव्य इति निश्चयः ॥९९॥

જો તે આસુર હોય અને પોતાને કૃષ્ણસેવા ન કરવા દે, તો તેનો પરિત્યાગ જ કરવો એવો નિશ્ચય છે. સ્ત્રી આદિ જો

ભાવવાળા હોય, પોતે સેવા કરે નહિ અને આપણને સેવા કરવા દે પણ નહિ, તો તેવા ગુરુનો ત્યાગજ કરવો, એ સિદ્ધાંત છે. ૫૯.

भक्तिमार्गे न वर्त्तव्यमभक्तैः सह सर्वथा ॥
अंगीकृत्यापि च स्मार्तवर्जनं भक्तिमार्गिभिः ॥६०॥

ભક્તિમાર્ગમાં એવો નિયમ છે કે, જેઓ ભક્ત ન હોય તેઓ સાથે કદાપિ ભક્તોએ વર્તવું નહિ. સ્વીકાર કરીને પણ સ્મૃતિમાં કહેલા ધર્મનો ત્યાગ ભક્તિમાર્ગીય જનોએ કરવો; કારણ કે ધર્મશાસ્ત્રથી પણ ભક્તિશાસ્ત્ર બલવદ્ છે એવી મર્યાદા છે, મન્વાદિપ્રોક્ત શાસ્ત્રથી પણ ભક્તિશાસ્ત્ર બલવદ્ હોવાથી ભક્તિમાર્ગમાં જેનો અંગીકાર થયેલો છે, તેઓએ સ્માર્ત ધર્મો ત્યજવા. ૬૦.

धर्मशास्त्रात्तु बलवद् भक्तिशास्त्रमितिस्थितिः ॥
चित्तं हरौ प्रतिष्ठाप्य वृत्तियत्नं च कारयेत् ॥६१॥
सर्वथा वृत्त्यभावे तु यामं सेवापरो भवेत् ॥
वृत्तेः सहजतासिद्धौ कृष्णमाचरतो भवेत् ॥६२॥

ચિત્ત શ્રીહરિમાં રાખીને વૃત્તિ મેળવવા માટે પ્રયત્ન કરાવવો. પોતાનો જો વ્યાવહારિક ઉદ્યમ ચાલી રહ્યો હોય, તો તેને માટે પોતે પ્રયાસ ન કરતાં બીજા પાસે તે યત્ન કરાવવો; અને પોતાનું ચિત્ત શ્રીહરિમાં રાખવું. જો વૃત્તિ મુદ્દલે હોયજ નહિ, તો એક પહોર સુધી સેવાપરાયણ થઈને રહેવું. એટલે કે બીજા સમયમાં વૃત્તિ (રોજગાર) માટે ઉદ્યમ કરવો. જો વૃત્તિ સહજમાંજ સિદ્ધ

થતી હોય તો માત્ર શ્રીકૃષ્ણમ્ આશ્રમિ નામનિવેદન કરવું જોઇએ તો પછી તૃપ્તિ માટે થોડો પણ પ્રયાસ કરવો યોગ્ય નહિ ૬૧-૬૨

વિમુખતા

ईर्ष्यायामपि यत्नेन ज्ञातवैमुख्यवारणे ॥
श्रीभागवतपाठं च विदध्यान्नियमेन हि ॥६३॥

શ્રીહરિની સેવા માટે પ્રયાસ કરતાં જેટલો સમય શ્રીહરિથી વિમુખ થવાયું તેથી વૈમુખ્ય દોષ ઉત્પન્ન થયો અને તેના નિવારણ માટે નિયમપૂર્વક શ્રીમદ્ભાગવતનો પાઠ કરવો ૬૩

चित्तक्षोभाच्च वैमुख्याभावाय परम् सहेत ॥
मानयेदपि कृष्णोक्तमित्येवोत्तमाहमितीरयेत् ॥६४॥

ચિત્ત ખળભળી ઉઠવાથી શ્રીહરિથી વિમુખ થઇ જવાય છે, જેથી પણ વૈમુખ્ય દોષ લાગે છે તેનો નાશ કરવા માટે જે કાંઈ આપત્તિ આવી પડે તે સહન કરવી કોઇ મોટું વચન કહી જાય કોઇના તરફથી કામ વાંકું કરવામાં આવે તો પણ તે સહન કરવું[1] કોઇ અગાઉ પુરુષોએ નિંદા કરી હોય અથવા અપમાન કર્યું હોય, કોઇ દુષ્ટ પુરુષે કપટ આચર્યો હોય કે ઘા કરેલો હોય અથવા માર્યો હોય કે બાંધ્યો હોય, વૃત્તિ-આજીવિકા ગાળી-નાખી

---

१ क्षिप्तोऽवमानितोऽसद्भिः प्रलब्धोऽसूयितोऽथवा । ताडितः सन्निबद्धो वा वृत्त्या वा परिहापितः ॥ निष्ठितो मूत्रितो वाऽज्ञैर्बहुधैवं प्रकम्पितः । श्रेयस्कामः कृच्छ्रगत आत्मनाऽऽत्मानमुद्धरेत् ॥

દીધી હોય, કોઈ થૂંક્યું હોય, મૂત્ર કરી ગયું હોય, નૂરીએ એવી રીતે ઘણે પ્રકારે હેરાન કર્યો હોય તો પણ દુઃખમાં આવી પડેલા અને કલ્યાણની ઇચ્છાવાળા માણસે પોતા વડે પોતાનો ઉદ્ધાર કરવો; એમ શ્રીમદ્ભાગવતમાં ઉદ્ધવ પ્રત્યે ભગવદ્વાક્ય છે. માટે પ્રભુના એ વાક્યને ઉત્સાહની સિદ્ધિ માટે અવશ્ય માનવું. પ્રભુએ કહ્યું છે કે:–'હે [1]અર્જુન,' મારો ભક્ત નાશ પામતો નથી.' ૬૪.

वैराग्यं परितोषं च लीलाभावान् भावयेत् ॥
जन्मनोऽप्यन्तिमत्वं वै कृतार्थत्वं च चिन्तयेत् ॥६५॥

લોભ ન રહે માટે વૈરાગ્ય અને સંતોષની ભાવના કરવી, કારણ કે કામ અને લોભ પ્રભુની પ્રાપ્તિની આડે આવનાર બે મહાન પદાર્થો છે, તેને દૂર કરવા માટે વૈરાગ્ય અને સંતોષની ભાવના કરવી વળી મારો આ છેલ્લો જન્મ છે એમ જાણવું, તેમજ પ્રભુ મારે માથે બિરાજે છે માટે હું કૃતાર્થ છું એમ પણ સ્મરણ કરવું. બ્રહ્મસંબંધ કરવાથી સર્વ દોષો દૂર થઇ જાય છે, મારો છેલ્લો જન્મ છે, હજારો વર્ષના વિયોગ પછી પ્રભુનો સંબંધ થયો, માટે હું કૃતાર્થ છું એમ દૃઢતાથી માનવું. ૬૫.

સેવાવિચાર

एवं निश्चित्य चित्तेन निरपेक्षो दृढान्तरः ॥
स्थिरान्तःकरणं कृत्वा विश्रामं पितृवद्गृहे ॥६६॥

---

१. कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥ (गीता)

सेवयेत्तत्परो भूत्वा युक्त्या लौकिकया पुरा ॥
देशकालौ विचार्यैवमवस्था च प्रभोरपि ॥६७॥

ઉપર કહ્યા પ્રમાણે ચિત્ત વડે નિશ્ચય કરીને આ લોક અને પરલોકની અપેક્ષા રાખ્યા વિના અંતઃકરણ સ્થિર કરીને શ્રીહરિમાં માતાપિતાવત્ વિશ્વાસ રાખવો. જેમ માતાપિતામાં બાળકને એવો વિશ્વાસ હોય છે કે તે મારું બૂરું નહિ કરે, તેમ પ્રભુમાં પણ વિશ્વાસ રાખવો કે એ મારું સારું જ કરશે એવો દૃઢ વિશ્વાસ રાખીને તત્પર થઈને પહેલાં લૌકિક યુક્તિ વડે સેવા કરવી. લૌકિક યુક્તિ એટલે કે પ્રભુને બાળભાવથી સેવવા અથવા તો એક પતિવ્રતા સ્ત્રી જેમ પતિની સેવા કરે છે, તેમ પ્રભુની સેવા કરવી. દેશકાળનો પણ વિચાર કરવો. જેવો દેશ હોય, જેવો સમય હોય, શીતકાળ, ઉષ્ણકાળ કે ગમે તે હોય તેનો પણ સેવામાં વિચાર કરવો અને પ્રભુની અવસ્થાનો વિચાર કરવો. જે અવસ્થાનું સ્વરૂપ હોય તે અવસ્થાને અનુસાર સેવા કરવી. બાલાવસ્થા કે કિશોરાવસ્થા એના વિચાર કરીને તદનુરૂપ સેવા કરવી. ૬૬—૬૭.

तदर्थं व्यर्थवचनं कृतिसाध्यं परित्यजेत् ॥
कृष्णे समर्पयेन्नैव क्लिष्टं क्वापि प्रयत्नतः ॥६८॥

સેવા માટે વ્યર્થ વચન કહેવું નહિ; ખોટું બોલવું નહિ જે મુખરતા હોય છે એ દોષ મોટામાં મોટો છે. મારી કૃતિથીજ આ બધું બને છે, એમ પણ માનવું નહિ જે સ્વકૃતિથીજ સિદ્ધ થતું હોય તેનો પરિત્યાગ કરવો. જેમ કે 'સાધનસંપત્તિથી પ્રભુ કદાપિ પ્રસન્ન થતા નથી,' એમ શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે, તેમજ

બહુજ ક્લેશ કરીને પ્રયત્નથી જે મેળવ્યું હોય તે પ્રભુને સમર્પવું નહિ, જે મેળવતાં સેવાથી વિમુખ થઇને ઘણોજ ક્લેશ પ્રાપ્ત કરીને પ્રયાસ કરવો પડ્યો હોય તે પ્રભુને સમર્પવું જોઇએ નહિ. ભગવાન કહે છે કે:–'ભક્તો થોડું પણ પ્રેમ વડે મને જે ધરે છે, તે મને ઘણું થઇ પડે છે. અભક્ત હોય અને મને ઘણું ધરે તો તેથી મને સંતોષ થતો નથી; એટલે કે ભક્તિ વિના જે મને ઘણું પણ ધરાય છે, તે મને સંતોષ આપવા પુરતું નથી.' ૬૮.

इष्टं लोके तथा स्वस्य प्रियं नित्यचिन्तितम् ॥
तद्धि समर्पयेद् भक्त्या भक्तिमन्वन्वि सर्वथा ॥६९॥

લોકમાં જે બહુ ઇષ્ટ હોય, લોકો જેને બહુ ઇચ્છતા હોય, અને પોતે ઘણા સમયથી ચિત્તમાં વિચારી રાખેલી હોય તે વસ્તુ પ્રભુને ભક્તિથી સમર્પવી. એ વસ્તુ સર્વથા સેવાસંબંધીજ હોવી જોઇએ, બીજી નહિ, એ ખાસ ધ્યાનમાં રાખવું. 'જે ઇષ્ટ હોય, દત્ત (આપેલું) હોય, હુત (હોમેલું) હોય, જપેલું હોય, જે આચર્યું હોય, જે પોતાને પ્રિય હોય, તે મને અર્પવું; મને આપવાથી તે અનન્તરૂપ થાય છે.' એમ શ્રીભગવાન કહે છે. ૬૯.

यथावसरं सेवा वहिरंगेऽपि तुल्यवत् ॥
कार्या बुद्धिः कृष्णार्थे वस्त्रप्रक्षालनादिके ॥७०॥

જ્યારે જ્યારે બીજાની સેવાનો સમય ન હોય ત્યારે બહારની સેવા પણ મુખ્ય સેવાની પેઠે કરવી. પ્રભુનાં શીંગોરના અને બીજાં બિછાવવાનાં વસ્ત્રોનું પ્રક્ષાલન કરવું–આદિ સેવા પણ મુખ્ય સેવારૂપજ માનીને કરવી. ૭૦.

काले कालद्वये कालत्रये कुर्वीत सेवनम् ॥
स्वधर्ममाचरेदङ्गं नित्य नैमित्तिकं तथा ॥७१॥

એક વેળાએ, બે વેળાએ અથવા તો ત્રણ વેળાએ પ્રભુસેવા કરવી. જેટલી વાર પ્રભુની સેવા બને તેટલી વાર કરવી. સ્વધર્મનું આચરણ કરવું. નિત્ય અને નૈમિત્તિક કર્મ પણ સ્વધર્મનું અંગ હોવાથી કરવું. નિત્યકર્મ સંધ્યાવંદન વગેરે છે. નૈમિત્તિક કર્મ કોઈ પણ નિમિત્તને લીધે કરવામાં આવે છે, જેમ કે પોતાને ત્યાં પુત્રનો જન્મ થાય તો તેને અંગે જે જાતકર્મ આદિ સંસ્કારો કરવાના છે તે કરવા. નિત્ય અને નૈમિત્તિક કર્મો એ બન્ને મુખ્ય છે; સ્વધર્મનું અંગ હોવાથી તેનું આચરણ પણ કરવું. ૭૧

निवृत्तिराग्रहेणैव विधर्मादिति निश्चयः ॥
धर्मसिद्धावपि पुनर्वैशिष्ट्यात् कृष्णवर्त्मनः ॥७२॥

પોતાના ધર્મથી જે વિલક્ષણ ધર્મ, જે કાર્યથી પોતાના ધર્મને બાધ નડે, તે ધર્મથી આગ્રહપૂર્વક નિવૃત્તિ રાખવી, એવો નિશ્ચય છે. વૈષ્ણવોનો મુખ્ય ધર્મ ભગવત્સેવા છે, સેવામાં જે પ્રતિબંધ નાખનારો ધર્મ હોય તે વિધર્મ કહેવાય. એ વિધર્મને આગ્રહથી ત્યજી દેવો, એમ સિદ્ધાન્ત છે. કદાચ તેવા ધર્મથી ધર્મની સિદ્ધિ થાય તો પણ મુખ્ય ભગવદ્ધર્મ છે, તેથી ભગવદ્ધર્મનું સર્વ ધર્મથી વિશિષ્ટપણું છે. એ ભગવદ્ધર્મનું આચરણ કરતાં સર્વ ધર્મો સિદ્ધ થઈ જાય છે. જેમ મૂળમાં જલસેચન કરવાથી શાખા વૃક્ષને પુષ્ટિ મળે છે, તેમ સર્વ ધર્મનું મૂળ જે ભગવદ્ધર્મ, તેનું આચરણ કરવાથી સર્વ ધર્મોની વૃદ્ધિ થાય છે; માટે જ સર્વથી શ્રેષ્ઠ ભગવત્સેવા છે. ૭૨.

इन्द्रियाश्वविनिग्राह कर्तव्य सर्वथा मत ॥
परोपकारधर्माणां दौर्बल्य च विभावयेत् ॥७२॥

ઇન્દ્રિયરૂપી ઘોડા સહજ બળવાન હોય છે, માટે તેનો ભારી નિગ્રહ સર્વથા કરવો એવો મત છે. મનનજ કે પોતે ઇંદ્રિયોને વશ થવું નહિ પણ ઇંદ્રિયોને પોતાને સ્વાધીન રાખવી. શ્રીમહાપ્રભુજી આના ઉપર કહે છે કે-'વિષયોનો આવેશ જેના ચિત્તમાં થયો છે, તેના પુરુષમાં પ્રભુનો આવેશ થતો નથી' વળી કહ્યું છે કે -' હરણ રાગની લાલસાથી કર્ણેન્દ્રિયને વશ થઇને માર્યો જાય છે, પતંગિયો દીવાનું રૂપ જોઇને નેત્રેન્દ્રિયથી માર્યો જાય છે, ભમરાઓ સુગંધ માટે નાસિકેન્દ્રિયને વશ થઇને મરે છે, મીન-માછલાં રસના સ્વાદથી માછીમારોથી મરે છે, એ પ્રમાણે એક એક ઇંદ્રિયની ગફલતથી ઉપરના એકેક પ્રાણીઓ મરે છે, તો જે માણસ પાંચે ઇંદ્રિયોને ગફલતમાં રહેવા દે અને એનો નિગ્રહ કરે નહિ તેની શી દશા થાય?' તેમજ પરોપકારના જે ધર્મો જેવા કે કૂવા, ધર્મશાળા, સદાવ્રત વગેરે ભગવત્સેવારૂપ ધર્મ પાસે દુર્બળ છે, કારણ કે એ પરોપકારના ધર્મનું ફળ સ્વર્ગ છે, એ સ્વર્ગનું સુખ તો જ્યાંસુધી પુણ્ય હોય છે, ત્યાંસુધીજ મળે, પછીથી આ લોકમાં આવવું પડે છે. ભગવાન શ્રીગીતાજીમાં આજ્ઞા કરે છે કે-'તે પુણ્યશાળી લોકો વિશાળ એવા સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ખૂટી જતાં મૃત્યુલોકમાં પ્રવેશે છે.' તો એવા નાશવંત ફળ આપનાર પરોપકાર આદિ ધર્મો અવિનાશી અને શ્રેષ્ઠ ફળ આપનાર ભગવત્સેવારૂપ ધર્મ પાસે દુર્બળ હોયજ, એમનું આશય છે. ૭૨

કરવો કોઇનિમિત્તને અર્થે પણ ન કરવો, એટલે કે કોઈ સ્વાર્થ માટે શ્રીભાગવતનો પાઠ ન કરવો. પોતાના પ્રયત્નથી, પોતેજ નિરંતર શ્રીભાગવતનો પાઠ કરવો. આજ આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં કરી. ૭

તિલકમાલા

> अर्चनानिमित्तेन स्वप्रयत्नेन सर्वथा ॥
> सेवान्तर्गतमुद्राङ्कशङ्खचक्रादि धारयेत् ॥७८॥

સેવામાં પણ અન્તર્ગત અને પૂજાની પણ અંગરૂપ શંખ ચક્ર આદિ મુદ્રાઓ ધારણ કરવી. શંખચક્રાદિ મુદ્રાઓ સેવામાં પણ આવશ્યક છે અને પૂજામાર્ગમાં તે અંગરૂપ છે, માટે તે અવશ્ય ધારણ કરવા. તુલસીકાષ્ઠની માળા પણ ધારણ કરવી. તેમજ તિલક પણ ભગવચ્ચિહ્ન હોવાથી અવશ્ય ધારણ કરવું. શ્રીમહાપ્રભુજી નિબંધમાં આ વિષયપરત્વે વિશેષ વિસ્તારપૂર્વક આજ્ઞા કરે છે— 'શંખ, ચક્ર આદિ મુદ્રાઓ ગોપીચંદનથીજ ધારણ કરવી એ પૂજાનું અંગ છે. તેમજ તુલસીકાષ્ઠની માળા અને તિલક પણ ધારણ કરવા, કેમકે તે વૈષ્ણવના ચિહ્નરૂપ છે.'

ઉપરના શ્લોકના પ્રકાશમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, 'શંખ, ચક્ર આદિ મુદ્રાઓ ધારણ કર્યા વિના જે પુરુષ પૂજા કરે છે, તેણે કરેલું પૂજન નિષ્ફળ થાય છે અને શ્રાદ્ધ પણ પ્રમાણ થતા નથી.' તુલસીકાષ્ઠમાળા જો ધારણ ન કરે તો તેને માટે વચન છે કે— 'જે લોકો તુલસીકાષ્ઠમાળા ધારણ કરતા નથી, તે ત્યાંથી

લાભ અને પાપબુદ્ધિઓ (શ્રીહરિના) ક્રોધરૂપી અગ્નિથી બળીને ઉદયથી પાછા ફરતા નથી આવા અનેક વચનોથી સિદ્ધ થાય છે

તુલસી ! માળા યજ્ઞોપવીતની પેઠે ધારણ કરવી

તિલક આ પ્રમાણે કરવું — દસની મધ્યથી લીટીથી ગરુ(નદિ॰॥ આકાર જેવું તિલક લલાટમાં કરવું છાતીમાં મધ્યમાં આ આકારનું તિલક કરવું વાગ॥ પાંદડા જેવું તિલક ભુજા ઉપર કરવું બીજા તિલ। ની॥ આકાર જે। ॥ ૭૮

જયંતી વ્રત

चिह्लाद्गमीमाला भारा तिलकमा न ॥
वैष्णवा मननैराल्यमाल्मिनमारेत् ॥७९॥

उ सात्विन धण्याष्टम्यागामा व्रतमानगत् ॥
तन्वेष्यप्नुत्सवत्पन रिशाा सवथा मनम् ॥८०॥

એકાદશી આદિ વ્રત વૈષ્ણવ મત પ્રમાણેજ કરવા દશમીનો વેધ । આવે એવી રીત એકાદશી વ્રત કરવુ એટલે દશમ પંચ-પંચાવન ઘડી ઉપર તે એક પલ પણ જો વધે તો તે એકાદશી દિવસ વ્રત ન । કરતા દ્વાદશીને દિવસે વ્રત માનવુ એ પ્રમાણે વૈષ્ણવમત પ્રમાણે એકાદશી આદિ વ્રતો કરવા જન્માષ્ટમીનુ વ્રત સપ્તમી વાળી ઉદયમાં માનીને કરવુ આજે વ્રતજન્માષ્ટમીનુ નામ થયુ છે, અને મહાઅનર્થ થાય છે, એમ મારી ન કરવુ ગામ સૂર્યોદય વખતે હોય નોમ તે દિવસે વ્રત કરવું આઠમ ઓછી હોય અને પછી આઠમ હોય તો તે

તિથિ ન માનતા બીજી તિથિએ ઉત્સવ માનવો એ પ્રમાણે રામ નવમી, નૃસિંહચતુર્દશી અને વામનદ્વાદશીને દિવસે ઉત્સવ માનીને વ્રત કરવું અને જન્માષ્ટમીની પેઠે સૂર્યોદય વ્યાપિની જ તિથિ ગ્રહણ કરવી. બીજા પણ જન્મદિન આદિ દિવસો પણ ઉત્સવો તરીકે જાણવા, જેવા કે શ્રીમહાપ્રભુજીનો પ્રાગટ્ય-મહોત્સવ, શ્રીગુસાંઈજીનો ઇત્યાદિ એ બધા દિવસો ઉત્સવ તરીકે માનવા. ૭૯-૮૦

निर्णयोऽपि तथा कार्यो जयन्तीव्रतवन्न हि ॥
एवं कुर्वन् गृहस्थस्तु कृतार्थः स्यान्न संशयः ॥८१॥

[illegible] તિથિ પણ સૂર્યોદય [illegible] જ નથી એ સિવાય બીજા ઉત્સવો શરદપૂર્ણિમા આદિમાં [illegible] એટલે કે તેનો નિર્ણય જયન્તીવ્રતવત્ ન થાય. જન્માષ્ટમી આદિ ઉત્સવોમાં જેમ ઉદયા[illegible] તિથિ માનવામાં આવે છે, તેમ તે ઉત્સવમાં નથી. એ ઉત્સવોમાં કોઈક વેળાએ નક્ષત્ર મુખ્ય છે, સમય-મુખ્ય છે, તિથિ પણ કલ્પિત [illegible]

એ પ્રમાણે ઉપર કહ્યા પ્રમાણે આચરણ કરનાર ગૃહસ્થ કૃતાર્થ થાય છે એમાં કશો સંશય નથી. ૮૧

બ્રહ્મચારી-વાનપ્રસ્થ-સંન્યાસીના ધર્મો

सम्भवे साधनाना स्याद्वनस्थब्रह्मचारिणो ॥
वनस्थयागात्मको मार्गस्तीव्राग्निविशेषण ॥८२॥

ગૃહસ્થાશ્રમીનો ધર્મ ઉપર કહ્યો, હવે બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસીનો ધર્મ બતાવે છે. ગૃહસ્થાશ્રમ પછીનો આશ્રમ તે વાનપ્રસ્થ આશ્રમ જે ગૃહસ્થાશ્રમ પહેલાં તો બ્રહ્મચર્યાશ્રમ છે, એ બન્ને આશ્રમવાળાઓને સાધનો મળતા હોય તો ઉપર જણાવેલો સેવામાર્ગ તેઓને માટે અનુકૂળ છે, એટલે કે સાધનોનો સંભવ હોય તો બ્રહ્મચારી અને વાનપ્રસ્થે સેવા કરવી જોઈએ. ચોથો આશ્રમ સંન્યસ્તાશ્રમ છે. સન્યાસ્તાશ્રમમા રહેનારા સન્યાસીનો માર્ગ ત્યાગરૂપ છે. સર્વ છોડીને એકલાજ રહેવું એવો ત્યાગરૂપ માર્ગ સન્યાસીનો છે તે માર્ગમા મુખ્ય તીર્થાટન છે; અર્થાત્ સર્વનો ત્યાગ કરીને તીર્થની યાત્રા કરવી, એ સંન્યાસીનો મુખ્ય ત્યાગરૂપ માર્ગ છે ૮૨

સંન્યાસીના બીજા ધર્મોનું વર્ણન કરે છે:—

स्वतन्त्र सङ्गरहितो नित्यपर्यटनस्तथा ॥
तद्दिनान्नप्रतिग्राही निर्लज्जो नाम कीर्तयेत् ॥८३॥

સંન્યાસીએ સ્વતંત્ર રીતે રહેવું જોઈએ. કોઈને વશ ન રહેતા પોતાનીજ સ્વતંત્ર રહેવું, સંગથી રહિત થવું કોઈનો સંગ ન કરવો અને આસક્તિ ન રાખવી નિત્ય પર્યટન કરવું. એકનો એક ઠેકાણે રહેવું નહિ, પરંતુ દેશોદેશ ફરતા રહેવું. જે દિવસે જેટલું અન્ન જોઈએ, તે દિવસે તેટલુંજ અન્ન લેવું, એક દિવસ ચાલે તેટલુંજ અન્ન ગ્રહણ કરવું, સાથે વધારે અન્ન રાખવું નહિ. કોઈની પણ લાજ—શરમ રાખ્યા વિના ભગવાનના ગુણોનું કીર્તન કરવું. ૮૩

पश्यन् गुह्यानि च हरेः शान्तः कृष्णपरायणः ॥
अव्यग्रचित्तः कृष्णैकप्रादुर्भावप्रयोजनः ॥८४॥

શ્રીહરિની ગુપ્ત લીલાના સર્વત્ર દર્શન કરવા, તથા તે પ્રભુનાં રહસ્યમય ચરિત્રો જોવા. સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ રાખીને શાન્ત થઈને રહેવું. ક્રોધ વગેરે ન કરવાં. શ્રીકૃષ્ણમાંજ તત્પર થઈને રહેવું. ચિત્તને આકુલવ્યાકુલ થવા દેવું નહિ. સ્થિરચિત્ત થઈ, સ્વાર્થ પણ એજ રાખવો જોઈએ કે શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય કેમ જલદી થાય? મનમાં એજ પ્રયોજન હોવું જોઈએ કે પ્રભુ પ્રકટ થાય. એ પ્રમાણે પોતાનો સ્થૂલ દેહ પડે ત્યાંસુધી વિચક્ષણ યતિએ કરવું. પોતાનો દેહ પડે ત્યાંસુધી જ્ઞાનવાળા સંન્યાસીએ ઉપર કહ્યા પ્રમાણે વર્તવું. ૮૪.

સર્વ આશ્રમ માટે એક બીજો ધર્મ બતાવે છે –

एवमादेहसम्पातं यतिः कुर्याद्विचक्षणः ॥
विक्षेपाद्यदि दोषाणां सम्भवे सकलाश्रमे ॥८५॥

ચિત્તનો વિક્ષેપ થવાથી જો દોષ ઉત્પન્ન થવાનો સંભવ થતો હોય તો દરેક આશ્રમમાં ઉપર કહ્યા પ્રમાણે તીર્થપર્યટન કરવું. ચિત્ત સ્થિર ન રહેવાથી કાંઈ દોષ લાગશે એમ જો જણાય તો. ઉપર જે તીર્થાટન સંન્યાસી માટે કહ્યું છે, તેજ તીર્થાટન બીજા પણ બ્રહ્મચારી, ગૃહસ્થ અને વાનપ્રસ્થ જનો માટે પણ સમજવું. એટલે કે સંન્યાસી માટે બતાવેલો તીર્થાટનનો પ્રકાર ચિત્ત વિક્ષેપ પામે અને દોષ લાગે તો બીજા પણ આશ્રમવાળાઓએ ગ્રહણ કરવો. ૮૫.

સ્ત્રી આદિ જો પ્રતિકૂળ હોય, તો ગૃહાદિકનો ત્યાગ જુદી રીતે કરવામાં આવે છે. સંન્યાસીએ ત્યાગ કેવી રીતે કરવો, તેનું વર્ણન ઉપર કરી ગયા હવે સ્ત્રી, પુત્ર આદિ જો સેવામાં વિઘ્ન કરતા હોય, સેવાને અનુકૂળ ન હોય તો તેના ત્યાગનો પ્રકાર જુદો છે. તે ત્યાગ કેવી રીતે કરવો અને ત્યાગ કર્યા પછી શું કરવું, તે પ્રકાર નીચેના શ્લોકોમાં આપશ્રી જણાવે છે:–

ગૃહત્યાગ ક્યારે ?

अनेनैव प्रकारेण तीर्थपर्यटनं मतम् ॥
भार्यादिप्रातिकूल्ये तु भिन्नस्त्यागो विधीयते ॥८६॥

त्यक्त्वा स्वभवनं गत्वा यत्र भागवता जनाः ॥
हरिस्थाने तदीयाश्च कृष्णसेवाकथाप्रियाः ॥८७॥

कृष्णार्थी सर्वथा त्यक्त्वा गृहं भजनबाधकम् ॥
तैः सहैव वसेत् कृष्णसेवाकृतिकथादिभिः ॥८८॥

સેવાથી પ્રતિકૂળ ભાર્યાદિકનો ત્યાગ કરીને, અર્થાત્ પોતાના ઘરનો ત્યાગ કરીને, જે સ્થળે ભગવદીય જનો રહેતા હોય તેવા હરિના સ્થાનમાં જઈને, શ્રીકૃષ્ણની સેવા અને કથા જેને અત્યન્ત પ્રિય છે તેવા ભગવદીયો જ્યાં હોય તે સ્થાનમાં જઈને શ્રીકૃષ્ણરૂપ પ્રયોજનવાળા થવું, તથા ભગવદીયો જ્યાં હોય તેવા ભગવન્મંદિરમાં રહીને માત્ર શ્રીકૃષ્ણરૂપ અર્થની અભિલાષાવાળા થવું. સેવાનો બાધ કરનાર ગૃહનો તો સર્વથા ત્યાગ કરીને તેવા ભગવદીયો સાથે શ્રીકૃષ્ણની સેવા રાખનાર પુરુષે ભજનમાં બાધ કરનારા ઘરનો

તો અનર્થ ત્યાગજ કરવો અને તદા ભગવદીયોની સાથેજ રહેવુ સાથે રહીને શ્રીકૃષ્ણની સેવા આ રિતિથી તદાકાર થવુ ૮૬ ૮૭ ૮૮.

दुःसङ्गाद्दुष्टकार्यान्नमज्जनस्थमथान्मना ॥
यत्र ममाघनम्निष्वन् भावनामतया हरौ ॥८९॥

એમ ગોત્ર રતિથી જે સ્ત્રિ હાથ નેવાનો સંગ, ... નવ, તે માર્ગનુ પરરતુ, અગમ વિનાનુ, નગીનુ ... વગેરે દુષ્ટ નથી દુષ્ટ આ ...પાસાદી નહિ તેનુ ... આ બધાના સબંધથી ભરનામાં ... એ બધા સેનામાં બાધક હેવાથી તેના સંગથી બીતા રહેવુ એજ ... સાધન ... સાથેજ રાખતા ... આરરનપણે શ્રીહરિમાં ... થવાને ... ૮૮

तत्र सर्वावस्थासरत्था सर्वथा प्राप्तिरुत्तमा ॥
नैकान्त सन्निधि ... हादवाधकमस्त्व ॥९०॥

તેની રીતે સે... ... અભિમિ થવાથી ઉત્તમ પ્રાપ્તિ થાય એવી રીતે સેવામાં ... કથામાં ... તે પ્રેમ થવાથી તેમ રીતે ભગવત્પ્રાપ્તિ થાય ... ભાવો બાધ થવાનો સંભવ હોય તો એકાન્તમાં ... ન રહેવુ એકાન્તમાં રહેવાથી ચિત્તની અસ્થિરતા વગેરે થાય તો એકાન્તમાં સ્થિતિ ... ૯૦

रक्षकस्त्व हरेरेव स्वसङ्गेऽपि च यास्यति ॥
अथवा केवल शास्त्र श्रीभागवतमादरात् ॥९१॥

શ્રીહરિ રક્ષણહાર છે, માટે એકાંતમાં ન રહેતાં બીજે સ્થળે જાય અને ત્યાં બીજાનો સંગ થતાં પણ શ્રીહરિનું રક્ષણહારપણું તો પ્રાપ્ત થશે. એકાંતમાં ભય લાગવાથી બીજાનો સંગ કરે અને બીજાના સંગથી જો કોઈ બીજો રંગ લાગે તો શ્રીહરિ તેથી રક્ષણ કરશે, એટલે કોઈપણ પ્રકારનો ભય રાખવો નહિ અને ભગવત્સેવા-પરાયણ થઈને રહેવું.

જો ઉપર કહેલા ધર્મો ન બની શકે તો માત્ર શ્રીભાગવત શાસ્ત્રનું આદરપૂર્વક ત્રણે કાલમાં સેવન કરવું. જેમ પ્રભુનાં સ્વરૂપની સેવા કરવામાં આવે છે, તેમ ઘણાજ યત્નથી શ્રીભાગવતની સેવા કરવી. શ્રીભગવાનની સેવા બે પ્રકારની છેઃ એક સ્વરૂપસેવા અને બીજી નામસેવા. રૂપસેવા ઉપરના શ્લોકોમાં વર્ણવી છે. નામસેવાનું સ્વરૂપ આ શ્લોકોમાં જણાવ્યું છે. એ પ્રમાણે સ્વરૂપસેવાની પેઠે ઘણાજ પ્રયાસથી નામસેવા ત્રણે કાળમાં કરવી. तव कथामृतं એ ગોપિકાગીતના શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ એજ આજ્ઞા કરી છે કે શ્રીભાગવત ભગવાનનાં સ્વરૂપનો પરિચય કરાવે છે, માટે તેની સેવા તે ભગવત્સેવાજ સમજવી.

ઉપર જણાવેલા ત્રણ ઉપાયોમાંથી એક પણ ઉપાયનું અવલંબન ન થઈ શકે તેમ હોય તો છેવટે એક છેલ્લો ઉપાય સૂચવે છેઃ—

त्रिकालं सेवयेद्रूपसेवावदतियत्नतः ॥
प्रकारत्रितयाभावे प्रपत्तिरपि चोच्यते ॥२२॥

ત્રણે પ્રકારનો જો અભાવ હોય તો પ્રપત્તિ–શરણે જવું એ પણ એક પ્રકાર છે. ઉપર ત્રણ પ્રકારો કહ્યાઃ એક ગૃહમાં રહીને

તો અવશ્ય ત્યાગજ કરવો અને તેના ભગવદીયોની સાથેજ રહેવું નાથે કરીને શ્રીકૃષ્ણજીની સેવા- થા આદિમાં લાગી રહેવું ૮૬ ૮૭ ૮૮.

दुःसङ्गदुष्टदुष्टान्नमन्नं तमसया मना ॥
यत्र समाधनान्निप्तेन् सावधानतया हरौ ॥८९॥

દુઃસંગ એટલે નઠારી જે સ્ત્રિ વગેરેનો સંગ, દુષ્ટ અન્ન, તે મળતું પરંતુ, અનન્ય વિનાનું, નઠારૂં રાંધેલું વગર દુષ્ટ અન્ન દુષ્ટ અન્ન-અપ્રસાદી નહિ તેનું અન્ન, આ બધાના સંબંધથી ભજનમાં થતું નહું, એ બધા સેવામાં બાધક હોવાથી તેના સંગથી બીતા રહેવું, એજ હેતુથી સાધનો પણ સાથેજ રાખવા અને સાવધાનપણે શ્રીહરિમાં તત્પર થઈને રહેવું ૮૯

तत्र सेवाकथासक्त्या सर्वथा प्राप्तिरुत्तमा ॥
नैकान्ते सम्भवति त्वायां हादबाधकसम्भव ॥९०॥

તેની રીતે સેવા અને કથામાં આસક્તિ થવાથી ઉત્તમ પ્રાપ્તિ થાય જેની રીતે સેવામાં અને કથામાં ના તેમ પ્રેમ થવાથી તેમ રીતે ભગવત્પ્રાપ્તિ થાય વળી જો કદાચ ભારે બાધ થવાનો સંભવ હોય તો એકાન્તમાં કદાપિ ન રહેવું એકાંતમાં રહેવાથી ચિત્તની અસ્થિરતા વગેરે થાય તો એકાંતમાં સ્થિતિ નકરવી ૯૦

रक्षकत्व हरेरेव स्वसङ्गोऽपि च यास्यति ॥
अथवा केवलं शास्त्रं श्रीभागवतमादरात् ॥९१॥

શ્રીહરિ રક્ષણ કરનાર છે, માટે એકાતમા ન રહેતા બીજે રહેવા
જો જાય અને ત્યા બીજાનો સગ થતા પણ શ્રીહરિનુ રક્ષણહારપણુ
તો પ્રાપ્ત થશે એકાતમા ભય લાગવાથી બીજાનો સગ કરે અને
બીજાના સગથી જો દુ બીજાને રગ લાગે તો શ્રીહરિ તેથી રક્ષણ
કરશે, કેમ કે દુષ્પણ પ્રકારના ભય રાખવો નહિ અને ભગવત્સેવા
પરાયણ થઈને રહેવુ

જો ઉપર કહેના ધર્મો ન મળી શકે તો માત્ર શ્રીભાગવત
શાસ્ત્રનુ આનન્દપૂર્વક ત્રણે કાળમા સેવન કરવુ જેમ પ્રભુના સ્વ
રૂપની સેવા કરવામા આવે છે તેમ ઘણાજ યત્નથી શ્રીભાગવતની
સેવા કરવી શ્રીભગવાનની સેવા બે પ્રકારની છે એક સ્વરૂપસેવા
અને બીજી નામના રૂપસેવા ઉપરના શ્લોકામા વર્ણવી છે. નામ
સેવાનુ સ્વરૂપ આ શ્લોકમા જણાવ્યુ છે એ પ્રમાણે સ્વરૂપસેવાની
ર વણજ પ્રમાણથી નામસેવા ત્રણે કાળમા ની તત્ત્વ સુધામૃત
ને ભાગીકાગીતાના શ્રીસુબોધિનીજીમા શ્રીમહાપ્રભુજીએ એજ આજ્ઞા
કરી છે કે શ્રીભાગવત ભગવાનના સ્વરૂપનો પરિચય કરાવે છે,
માટે તેની સેવા તે ભગવત્સેવા જ સમજવી

ઉપર જણાવેલા ત્રણ ઉપાયામાથી એક પણ ઉપાયનુ અવલ
બન ન થઈ શકે તેમ હોય તો છેવટે એક છેલ્લો ઉપાય સૂચવે છે -

त्रिकाल सवयेद्रूपसवावद्धतियत्नत ॥
प्रकारत्रितयाभाव प्रपत्तिरपि चाच्यत ॥९॥

ત્રણે પ્રકારનો જો અભાવ હોય તો પ્રપત્તિ-શરણે જવુ એ
પણ એક પ્રકાર છે ઉપર ત્રણ પ્રકારો કહ્યા એક ગૃહમા રહીને

પ્રભુસેવા કરવી તે, બીજો પ્રકાર કૃષ્ણસેવા કરવામાં તત્પર એવા ભગવદીયો સાથે રહીને પ્રભુની ટહેલ કરવી એ છે; ત્રીજો પ્રકાર શ્રીમદ્ભાગવતનો પાઠ છે. એ ત્રણેનો અભાવ હોય તો છેલ્લો પ્રકાર પ્રભુના શરણે જવાનો છે ૯૨

પૂજાના પ્રવાહમાં

महास्थाने यत्र पूजाप्रवाहो जायते पुनः ॥
तत्र तत्परता स्थित्या कृतार्थत्वं सदा स्थितौ ॥९३॥

મોટા સ્થાનોમાં જે ઠેકાણે પૂજામાર્ગનો પ્રવાહ છે, તે સ્થળે તેમાંજ તત્પરપણું થઈને સ્થિતિ કરવામાં આવે તો કૃતાર્થપણું છે. શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે—'જગન્નાથજીમાં, શ્રીવિઠ્ઠલનાથજીમાં, શ્રીરંગજીમાં, વ્યંકટેશ બાલાજી આદિમાં જ્યાં પૂજાનો પ્રવાહ ચાલી રહ્યો હોય, ત્યાં પૂજામાં તત્પર થઈને રહેવું'' ૯૩

नन्वत्र भक्तिमार्गीयफलाद् भेदो न विद्यते ॥
कृष्णसेवात्परत्वात् सर्वथा देहयोगत ॥९४॥

ઉપર જણાવેલા માર્ગમાં, જે સ્થળે પૂજાનો પ્રવાહ ચાલી રહ્યો છે, તે માર્ગમાં જે ફળ છે તે ફળ ભક્તિમાર્ગના ફળ કરતાં જુદું નથી, કારણ કે, તે ઠેકાણે કૃષ્ણસેવામાં તત્પરતા તેવીજ છે, અને સર્વથા દેહનો યોગ કૃષ્ણસેવામાં થાય છે, તેથી ભક્તિમાર્ગના ફળથી તે માર્ગનું ફળ જુદું નથી. ૯૪.

તો પણ તે માર્ગમાં ભક્તિમાર્ગના જે ધર્મો છે, તેથી ઊલટા ધર્મો છે, કારણ કે એ ઠેકાણે (પૂજામાર્ગમાં) પ્રીતિની દશા

નથી. ભક્તિમાર્ગમાં સ્નેહ અને પ્રીતિ છે, પણ તે દૃઢ નથી, માટે તે માર્ગમાં કેટલાક ઉલટા ધર્મો પણ છે.

तथापि मार्गवैधर्म्यं प्रीतेरदृढतोऽत्र हि ॥
चिरकालं सेवितापि मूर्तिर्वैयग्र्यसम्भवे ॥९५॥

तद्दोषदर्शनादाशु त्यजते तद्ग्रामहात् ॥
स्थानान्तरगतौ नैव फलं ब्रह्माङ्कदर्शनात् ॥९६॥

પૂજામાર્ગમાં ઘણા કાલ સુધી જે મૂર્તિની સેવા કરેલી હોય તે મૂર્તિ, જો ચિત્તમા થોડી પણ વ્યગ્રતા, આકુલવ્યાકુલપણું આવે અને તેને લઇને દોષ દેખાય તો તત્કાલ ત્યાગ કરે છે; કેમકે તે સ્થલે થોડો પણ આગ્રહ નથી. પૂજામાર્ગમાં ઘણાકાળ સુધી એક મૂર્તિની સેવા કરી. કોઈ વખતે ચિત્ત વ્યગ્ર થઈ ગયું, અને તે ચિત્ત સ્થિર ન રહેવારૂપ દોષ દેખાવાથી એ મૂર્તિ સેવકને ત્યજી દે છે, કેમકે તેનો આગ્રહ નથી, તેમ થવાથી બીજા સ્થાનમાં પણ જાય તો પણ કાંઇ ફલ પ્રાપ્ત નહિજ થાય; કારણ કે એક ઠેકાણે વિશ્રામ ન રહ્યો તો બીજે ઠેકાણે ક્યાંથી રહેશે ! એમાં દૃષ્ટાંતરૂપ બ્રહ્માસ્ત્ર છે. એ દૃષ્ટાંતનું રહસ્ય પહેલાં સમજાવ્યું છે. ૯૫-૯૬.

अतो न मार्गस्योत्कर्षो भक्तिमार्गस्य सम्भवे ॥
न बुद्धिमांस्तत्र पतेत् अन्यथा तु स दुस्तमः ॥९७॥

ઉપર જણાવેલા કારણથી એ પૂજામાર્ગનો ઉત્કર્ષ સિદ્ધ થતો નથી. જો ભક્તિમાર્ગનો સંભવ હોય, ભક્તિમાર્ગમાં રહી

નડતું હોય તો બુદ્ધિમાન પુરુષ પુષ્ટિમાર્ગમાં યત્ન ન કરવો. જો ભક્તિમાર્ગમાં રહી શકાય એમ ન હોય તો પૂજામાર્ગ જ ઉત્તમ છે ૯૭

ઉપર પ્રમાણે સેવામાર્ગ-સંબંધી આજ્ઞા કરીને હવે ગ્રંથનો ઉપસંહાર કરતા કહે છે કે-

एवं समाश्रयं धर्मस्तथा सर्वसमर्पणे ॥
सेवायामपि कृष्णस्य सक्षेपेण निरूपित ॥९८॥

એવી રીતે આશ્રય સિદ્ધ થયા પછીના ધર્મ સર્વસમ-આત્મનિવેદન થયા પછીના ધર્મ અને શ્રીઠાકોરજીની સેવામાં જે ધર્મ છે તે સંક્ષેપથી નિરૂપણ કર્યાં છે આશ્રયધર્મ એટલે શરણે ગયેલાનો ધર્મ, સર્વ સમર્પણ કર્યા પછીનો ધર્મ અને સેવાધર્મ એ ત્રણ ધર્મનું આ ગ્રંથમાં નિરૂપણ કરવામાં આવ્યું છે ૯૮

श्रीमदाचार्यचरणशरणमस्तु मदुक्तिभि ॥
अनुवादकरूपाभिर्ज्ञात्वा सर्वं विधीयताम् ॥९९॥

આ મારું કથન તે શ્રીમહાપ્રભુજીની વાણી નિબંધ આદિ ગ્રંથોમાં જે છે તેના અનુવાદરૂપ છે શ્રીમહાપ્રભુજીની વાણી જ આ મારી વાણીમાં સમાયેલી છે તે વાણી વડે, બધું જાણીને શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં શરણે આવેલા જીવોએ તે પ્રમાણે કરવું. ૯૯

समुदितनिजमार्गबोधकत्व
शरणगताखिलजीवमङ्गलत्व ॥

निरवधिरसात्मैकरूपं
कृपयतु मे मयि वल्लभ प्रभुः स ॥१००॥

અમર્યાદરસરૂપે જે અગ્ર જનોનો જે સ્વમાર્ગનો બોધ, તેથી સંતુષ્ટ થયેલા અને જગતમાં આવેલા સર્વ જીવોના સમૂહથી સેવાયેલા અને નિઃસ્વાર્થ એવી જે કરુણા, તે રૂપ જે એક રસ, તેથીજ પુષ્ટ એવા જે શ્રીવલ્લભ મારા ઉપર કૃપા કરો. ૧૦૦



१३. पुष्टिपथमर्मनिरूपणम् ॥

(અનુવાદ--વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો આશરો એક દ્રઢ શ્રીવલ્લભાધીશકો એ પદનો પ્રતિદિન પાઠ કરે છે અને 'પુષ્ટિમાર્ગના મર્મ' એ ધોળનો પણ પાઠ કરે છે, પરંતુ એના મૂળ પ્રકટકર્તા કોણ છે, તે વિષે અચિંતજ માહિતી જોવામાં આવશે. એક ભગવદીય તરફથી શ્રી હરિરાય પ્રભુપ્રણીત 'પુષ્ટિમાર્ગમર્મનિરૂપણ' એ ગ્રંથ મળ્યો, ત્યારેજ તે ગ્રંથ પ્રકટકર્તાનો અને શ્રીદ્વારકેશપ્રભુનો તેનેજ અનુસરીને પદ રચનારનો નિર્ણય થયો. શ્રીદ્વારકેશપ્રભુ માત્ર મર્મની અપેક્ષા અને તેના નામજ સૂચવે છે, ધોળમાં પણ પાયશ તેમજ છે. એ હજુ સુધી પણ આ ધોળ માત્ર ગાનારનેજ સંતોષ માનવો પડતો હતો જે માટે અનુભવી ચિરંતન ભગવદીયના મુખથી એ પદ ...

ર્થનું શ્રવણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતો હતો, તથાપિ શ્રીહરિરાય-પ્રભુચરણકૃત મર્મ ગ્રન્થ ઉપલબ્ધ થયા પછી જે સંતોષ થાય છે, તે અવર્ણનીયજ છે

अथ श्रीश्रीमदाचार्यकृपया वर्ण्या मया ॥
मार्गमर्माणि रूप्यन्ते यत कृष्णो वशो भवेत् ॥१॥

ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એવી શ્રીશ્રીમદાચાર્ય શ્રીવલ્લભાધીશની કૃપા વડે માર્ગના-પુષ્ટિમાર્ગના-મર્મોના—રહસ્ય નિરૂપણ કરવામાં આવે છે, જે નિરૂપણ કરવાથી સાક્ષાત્ ભગવાન્ પ્રભુ વશ થાય ૧.

आदौ दृढो निजाचार्यचरणाम्बुरुहाश्रयः ॥
पुष्टिमार्गफलं नैव लभ्यते तावदन्तरा ॥२॥
तद्दानार्थं हि सर्वेषामाचार्यप्रकटीकृति ॥
अत साधननिष्ठां हि सर्वामुत्सृज्य सर्वतः ॥३॥
स्वाचार्यचरणाम्भोज भावना शरणं हि ॥
तथापि साधनकृतिरपाषण्डित्वसिद्धये ॥४॥

मर्म 1–'आदरो ... श्रीवल्लभाचार्याश्रय.'

પ્રથમ મર્મ એ છે કે, પ્રથમ શ્રીમદાચાર્ય ચરણકમળનો આશ્રય કરવો. સર્વથી પહેલાં શ્રીમદાચાર્યચરણારવિંદનો આશ્રય કરવાનું કારણ શું, એમ આકાંક્ષા થતાં આજ્ઞા કરે છે કે, પુષ્ટિ-માર્ગનું ફળ પ્રભુના આપ્યા વિના મળતું નથી, અર્થાત્ સ્વર્ગ વગેરે ફળ જેમ યત્ન કરવાથી મળી શકે છે, તેમ પુષ્ટિમાર્ગીય ફળ-

ભગવત્સ્વરૂપમાં રહેલા અગાધ આનંદનો સેવાદિથી અનુભવ કરવો તે, જ્યારે પ્રભુ દાન કરે ત્યારેજ મળે છે. અમુક કાર્ય કરવાથી મળતું નથી; માટે તે ફલનું સર્વ દૈવી જીવોને દાન કરવાને શ્રીમહાપ્રભુજીને પ્રભુએ ભૂતલ ઉપર પ્રગટ કર્યા છે, એ હેતુથી પુષ્ટિમાર્ગીય ફલ કૃપા કરીને આપે છે, ત્યારેજ મળે છે, એ કારણથી, બીજા સાધનોમાં રહેલો ગર્વ નિષ્ઠાને, આસક્તિને ચોતરફથી કાઢી નાખીને, લેશ પણ તે નિષ્ઠાનો અંકુર ન રહે તેમ તેનો સર્વાંગે ત્યાગ કરીને શ્રીમદાચાર્ય-ચરણારવિંદની હૃદયમાં ભાવના કરો. પ્રથમ શ્લોકમાં 'સાધનનિષ્ઠા' શબ્દ છે, તેનો અર્થ એ જણાય છે કે સાધનોમાં નિષ્ઠા એટલે એ સાધન કરવાથી મને ઉત્તમોત્તમ ફલની પ્રાપ્તિ થશે અથવા મારું કલ્યાણ થશે, એવી નિષ્ઠા-ભાવના ત્યજી દેવી, એથી કાંઇ સાધનોનો ત્યાગ કરવાનો નથી. તેજ વાતને પોતે આગળ શ્લોકથી સ્પષ્ટ કરે છે. જો એકદમ સાધનો ઉપર નિષ્ઠા છોડીને સાથેજ સાધનોને પણ જો તિલાંજલિ આપે તો પાખંડી ગણાય; માટે પાખંડોમાં ન પડવા માટે કોઇપણ નિષ્ઠા-ભાવના રાખ્યા વિના બધાં સાધનો પણ કરે જવાં. ચોંટ માત્ર શ્રીમદાચાર્ય-ચરણારવિંદમાં રાખવી. ૨-૩-૪.

मर्म २-'मानसी सेवाकी मुख्यमेव व्यसन.'

द्वितीयं कृष्णसेवैव मानसी फलरूपिणी ॥
यतोऽन्यनिरपेक्षस्य किं देयं प्रभुणापि हि ॥५॥
सर्वभावेन सा कृष्णस्वरूपानन्ददायिनी ॥
तथा निरुद्धो भवति हृदये रसरूपतः ॥६॥

બીજું મર્મ શ્રીકૃષ્ણસેવા છે. તનુજા અને વિત્તજા સેવા પછી માનસી સેવા પ્રાપ્ત થાય છે. તેજ અહિં સમજવી. માનસી સેવા ફલરૂપા છે. પ્રેમ, આસક્તિ અને વ્યસન એ ત્રણ અવસ્થાઓ છે. સ્વાતિનક્ષત્રના મેઘજલપ્રતિ ચાતકને જેવો પ્રેમ છે, તેવો પ્રેમ પ્રભુમાં પ્રાપ્ત થાય ત્યારે તનુજા સેવા થાય. તનુજા સેવા અને પ્રેમ અવસ્થા એ ગણાય છે, બન્ને એકજ અવસ્થામાં હોય છે. તેમજ ચન્દ્ર અને ચકોરપક્ષી જેવી આસક્તિ પ્રભુ પ્રત્યે થાય ત્યારે ધનનો વિનિયોગ પોતાના પ્રેમના સ્થાનરૂપ પ્રભુની સેવામાં થાય છે, અને તેનેજ વિત્તજા સેવા પ્રભુ માની લે છે. જ્યારે પ્રેમ અને આસક્તિ, તનુજા અને વિત્તજા સિદ્ધ થાય છે, ત્યારે એ ભગવદીયને કશી અપેક્ષા રહેતી નથી. ન સાવધૂષ્ટ ન ચ એ ચતુઃશ્લોકી પ્રમાણે તે સર્વથી નિરપેક્ષ બને છે, જ્યારે તેને કશાની અપેક્ષા રહેતી નથી, ત્યારે પ્રભુએ એને શું આપવું જોઇએ? એજ ફલરૂપ માનસી સેવાજ પ્રભુએ આપવી જોઇએ તે ફલરૂપા માનસી સેવા અને વ્યસનાવસ્થા જ્યારે પ્રાપ્ત થાય છે. ત્યારે વ્રજ-સ્ના જેવો સર્વાત્મભાવ પણ અનુભવાય છે, અને તે વડે માનસી સેવા કરતા તેજ સેવા ભગવત્સ્વરૂપના આનંદનું દાન કરે છે-પ્રભુ સ્વરૂપલાવણ્યનું પાન કરાવે છે; તેથીજ તેવી માનસી સેવા અલૌકિક શૃંગારાત્મા પ્રભુને હૃદયમાં રોકી રાખે છે, અને પ્રભુ પણ તે માનસી સેવાને આધીન બનીને ભક્તના હૃદયમાં સ્વસ્વરૂપે બિરાજે છે. ૫-૬.

मर्म ३–'लोक-वैदिकत्याग शरण गोपीशको'

तृतीयं लोकवेदस्वत्यागेन शरणागतिः ॥
शरणस्थसमुद्धारो यत्र कृष्णो निरूपितः ॥७॥

एवं स्थिते स्वमात्रैकशरणे चिन्तया युत. ॥
कृष्णः स्वरूपमेव स्वं ददात्यन्यानपेक्षणात् ॥८॥

ત્રીજું મર્મ લૌકિક અને વૈદિકનો ત્યાગ કરીને પ્રભુને શરણે જવું એજ છે. सर्वधर्मान् परित्यज्य એ શ્રીમુખની આજ્ઞાને અનુસરીને લૌકિકવૈદિકને તિલાંજલિ આપીને એટલે તેમાની નિષ્ઠા–ભાવનાનો ત્યાગ કરીને પ્રભુને શરણે જવું; કારણ કે પ્રભુ શ્રીકૃષ્ણ પોતાના શરણમાં ગયેલાઓના ઉદ્ધારક છે, એમ શ્રીમહાપ્રભુજીએ शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहं એ શ્લોકથી શ્રીકૃષ્ણાશ્રયગ્રંથમાં નિરૂપણ કર્યું છે, તેથી સદાનંદ પ્રભુ શરણાગતવત્સલ છે, એટલે શરણે ગયેલા જીવોનો ઉદ્ધાર કરે છે જ. એ પ્રમાણે જ્યારે જીવ માત્ર પ્રભુનુંજ અથવા પ્રભુના શરણમાર્ગનુંજ શરણ ગ્રહણ કરે છે, ત્યારે પ્રભુને ચિંતા થાય છે કે આ જીવને શું દાન કરવું? શરણાગત ભક્ત તો માત્ર પોતાનુંજ શરણ પકડી રહ્યો છે, તેથી તેને બીજા કોઇ પદાર્થની ઇચ્છા નથી એમ સ્પષ્ટજ થાય છે, તેમાં પણ પ્રભુ અપાર કરુણાના સમુદ્ર છે, તેથી તેને પોતાના સદાનંદમય, કોટિકંદર્પલાવણ્યમય, અલૌકિક માધુર્યકભાજન સ્વરૂપનું દાન કરે છે, એવા પરમ દયાળુ છે. ૭–૮.

મર્મ–૪ 'दीनता'

चतुर्थं दीनता मर्मसाधनाभावबोधत. ॥
परमार्तिप्रकाशेन कृष्णः कोमलमानसः ॥९॥
भक्तदुःखासहः शीघ्रं स्वरूपं प्रापयेत् पुनः ॥
अपारकरुणासिन्धुर्दुःखिनाश ह्युपेक्षते ॥१०॥

ચતુર્થ મર્મ દીનતા છે. જ્યારે સર્વ સાધનોથી હું રહિત છું, મેં એવા એકે સાધન કર્યાં નથી, કે જેને લઈને પ્રભુ મને ફળ દાન કરે, એવી રીતે જ્યારે તનથી પોતાની નિઃસાધનતા સ્ફુરે ત્યારે દીનતા પ્રાપ્ત થાય છે. વ્રજાંગનાઓએ પ્રભુના અંતર્ધાન પછી પ્રભુને પ્રાપ્ત કરવાને અનેક પ્રયાસો કર્યાં, પ્રભુલીલાનું અનુકરણ કર્યું, પણ જ્યારે એકે પ્રયાસ પ્રભુસ્વરૂપના સંયોગ જેવો આનંદજનક થયો નહિ, ત્યારે નિઃસાધનતાની સ્ફૂર્તિ થઈ અને રોદનરૂપ દૈન્ય પ્રાપ્ત થયું, ત્યારે પ્રભુ પ્રકટ * થયા. જ્યારે જીવને પ્રભુપ્રાપ્તિ માટે અત્યંત આર્તિ પ્રકટ થાય છે, પ્રભુ ન મળવાથી જ્યારે તે અત્યંત પીડાય છે, ત્યારે પ્રભુ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે; કેમકે આપનું અંતઃકરણ અત્યંત કોમળ સુકુમાર છે, અને તેમાં પણ ભક્તના દુઃખોને તો કદી સહી શકતા નથી. ભક્તોના દુઃખોને જ્યારે સહન કરવાનું સામર્થ્ય પ્રભુમાં નથી, કેમકે અત્યંત કોમળ અને કરુણાળુ છે, તેથી જ્યારે જ્યારે ભક્તને આર્તિ થાય છે, ત્યારે પોતે સ્વરૂપાનંદનું દાન કરે છે. કેમકે પોતે અપાર કરુણાના સિન્ધુ-સાગર છે, તો એક બિંદુરૂપ કરુણા ભક્ત ઉપર કરવાથી કાંઈ ન્યૂન થશે નહિ, માટેજ દુઃખિત ભક્તોની ઉપેક્ષા-બેદરકારી પ્રભુ કરી શકતા નથી. ૯-૧૦.

મર્મ ૫ 'ભાવસંબંધ'

पञ्चमं कृष्णचित्ताया भावनं हृदि सर्वथा ।
तद्भावेन प्रभुः प्राप्तो भावात्मा तदभेदतः ॥११॥

---

* આ વિષય ઉપર વધારે જિજ્ઞાસા હોય તો જુઓ દશમ સ્કંધ સુબોધિની ભગવાન્ દૈન્યમેવૈકં હરિતોષણસાધનમ્

न हि लीला विचारे तु स्वरूपादतिरिच्यते ॥
स्वसर्वधर्मरूपत्वात् प्रभोर्भेदो न युज्यते ॥१२॥
तथाप्याविष्कृते रूपे भेदबुद्धिर्निजेच्छया ॥
लोकदृष्ट्या तथा सूर्ये किरणैरुदिते सति ॥१३॥
धर्मधर्मिप्रतीतिर्हि प्राकट्ये रूपलीलयोः ॥
अन्तःस्थितौ तु लीनैव स्वरूपमिति निश्चयः ॥१४॥
गुणगाने तथाचार्यैरासक्तिवशतो हरौ ॥
जाता तन्मयता क्रीडामयतैव निरूपिता ॥१५॥
लीला स्वरूपतो नैव भिन्ना किरणसूर्यवत् ॥
प्रतीतिमात्रतो भेदः स्वरूपेण न वस्तुतः ॥१६॥
कृष्णः प्रविशति प्रीतो लीलाया हृदयस्थितौ ॥
तदात्मा भवतैः स्वीयस्वरूपमिति निश्चयः ॥१७॥

પંચમ મર્મ ભાવોદ્બોધ છે. સદાનંદ પ્રભુની નિત્ય નવ લીલાની નિરંતર હૃદયમાં ભાવના કરવી, એ પાંચમું મર્મ છે. એ લીલાની ભાવના કર્યાથી પ્રભુ પ્રાપ્ત થાય છે, અથવા પ્રસન્ન થાય છે, કેમકે પોતેજ તે ભાવરૂપ છે. જ્યારે તે ભાવ હૃદયમાં આવે ત્યારે તે ભાવસ્વરૂપ પણ હૃદયમાં પધારે, એમાં આશ્ચર્ય શું ? વળી પ્રભુથી પ્રભુની લીલા પણ જુદી નથી. લીલા પણ સ્વરૂપજ છે, એથી પણ એ લીલાની ભાવના કર્યાથી તે લીલાત્મક અને લીલાભાવાત્મક પ્રભુ હૃદયમાં બિરાજે એ અર્થ અત્યંત સુઘટ છે.

જ્યારે લીલાના સ્વરૂપનો વિચાર કરીએ છીએ, ત્યારે લીલા પ્રભુના સ્વરૂપથી જુદી પાડી શકાતી નથી પ્રભુ જુદા અને તેમની લીલા જુદી એવા ભેદભાવને સ્થાન મળતું નથી. જો પ્રભુમાં ભેદ હોય તો તેમની લીલામાં પણ ભેદ હોય. તેમ તો બની શકે નહિ કે પ્રભુ પણ જુદા જુદા હોય, પ્રભુ તો એકજ છે. પણ તેમના ધર્મો અનન્ત છે. તે ધર્મો પણ ભગવત્સ્વરૂપથી જુદા નથી, પણ પ્રભુરૂપજ છે પોતાના સર્વધર્મરૂપ પણ પ્રભુજ હોવાથી જુદા જુદા ધર્મોને લઈને પ્રભુસ્વરૂપમાં ભેદની કલ્પના કરવી યોગ્ય નથી. સ્વસર્વધર્મરૂપ પ્રભુજ જ હોવાથી તેમાં ભેદ ગણવો એ ઠીક નથી, પરંતુ પ્રભુ પોતાનાજ સ્વરૂપો પ્રકટ કરે છે, તેમાં જે ભેદબુદ્ધિ જણાય છે, જેમકે આ સ્વરૂપ જુદું, તે ભેદ, પ્રભુની ઈચ્છાથીજ જણાય છે તેમાં દૃષ્ટાંત—જેમ સૂર્ય ઉદય પામે તે વખતે તેના કિરણોમાં અને સૂર્યમાં ભેદબુદ્ધિ લોકની દૃષ્ટિમાં થાય છે; સૂર્ય ઊગે છે ત્યારે તે જુદો અને તેના કિરણો જુદાં એમ લોકની દૃષ્ટિમાં દેખાય છે, એવી રીતે જ્યારે પ્રભુ પોતાનું સ્વરૂપ અને તે સ્વરૂપથી કરવાની લીલા પ્રકટ કરે છે, ત્યારે પ્રભુના તે લીલારૂપ ધર્મો અને તે લીલાયુક્ત ધર્મિસ્વરૂપ એમ ભેદબુદ્ધિ થાય છે; જેમ શ્રીનવનીતપ્રિયજીના પ્રકટ સ્વરૂપમાં બાળલીલાની સ્ફૂર્તિ મુખ્યતઃ થાય છે અને શ્રીગોકુલેન્દ્રના સ્વરૂપમાં મુખ્યતે રાસલીલાની સ્ફૂર્તિ થાય છે, અને તેથી બન્ને સ્વરૂપમાં ભેદભાવ થાય છે. આ બધું જ્યારે તે તે સ્વરૂપથી તેવી તેવી ભિન્ન ભિન્ન લીલાઓ પ્રકટ કરેલી હોય, ત્યારેજ તેવી લીલાઓના આધારે તે તે સ્વરૂપમાં ભેદભાવ મનાય છે. लीलाभेदे स्वरूपभेदः એ સિદ્ધાંત એને અનુસરીને લાગે છે. આ ભેદભાવ જ્યારે તે સ્વરૂપ અને તેવી લીલા પ્રકટ થાય છે ત્યારેજ જણાય છે. જેમ સૂર્ય ઉદય પામે છે ત્યારેજ તેમાં

અને તેના કિરણોમાં જુદાપણું ભાસે છે, ઉદય પામેલા નથી હતા ત્યારે તો કિરણો અને સૂર્ય જુદા છે એવું જ્ઞાન થતું જ નથી, તેવી જ રીતે જ્યારે સદાનંદ પ્રભુ–પોતાની સદાનંદમય લીલા અને પોતે—પ્રકટ થાય છે ત્યારે તે લીલા અને તે સ્વરૂપમાં ભેદ-ભાન ભાસે છે જ્યારે પોતે અંતર્ગમણ કરે છે, ત્યારે તો લીલા સ્વરૂપાત્મક જ ગણાય જે એવો નિશ્ચય છે ત્યારે લીલા સ્વરૂપની ભીતર રહે છે, ત્યારે તો લીલા સ્વરૂપથી અલગ ભાસતી નથી. તે વખતે લીલા જ સ્વરૂપ છે એમ નિશ્ચય સિદ્ધાંત થાય છે. શ્રીવેણુ-ગીતની સમાપ્તિમાં શુકદેવજી કહે છે કે "[1]શ્રીવૃન્દાવનવિહારી પ્રભુની એવા પ્રકારની લીલાઓનું પરસ્પર વર્ણન કરનાર વ્રજભક્તો તન્મયતાને પ્રાપ્ત થયા" શ્રીમદાચાર્યચરણ આ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં તન્મયતા શબ્દનો એવો અર્થ પ્રકટ કરે છે કે, તન્મયતાને પ્રાપ્ત થયા એટલે "શ્રીકૃષ્ણલીલારૂપ થઈ ગયા." અભિપ્રાય કે ધ્યાનાવસ્થામાં પ્રભુલીલાનું જ દર્શન કરતા કરતા, કીટ જેમ ભ્રમર-રૂપ થઈ જાય છે, તેમ પ્રભુલીલારૂપ થઈ ગયા. એથી જ પ્રભુની લીલા પ્રભુના સ્વરૂપથી કંઈ પણ ભિન્ન નથી જ. જેમ સૂર્યના કિરણો સૂર્યથી જુદા નથી, તેમ માત્ર તે લીલા જ્યારે બહાર પ્રકટ દૃષ્ટિગોચર થાય છે, ત્યારે જ તેમાં ભેદ જણાય છે. વસ્તુતઃ સ્વરૂપથી તો ભિન્ન નથી જ. દર્શન કરતી વેળાએ ભગવાનનું સ્વરૂપ અને તેથી પ્રકટ થતી અનંત લીલાઓમાં તારતમ્ય જણાય છે, પરંતુ વસ્તુતઃ ભગવાનનું સ્વરૂપ તે જ લીલા અને લીલા તે જ પ્રભુનું સ્વરૂપ એવો સિદ્ધાંત છે એ હેતુથી જ પ્રભુની લીલા હૃદયમાં

---

१. एवंविधा भगवतो या वृन्दावनचारिण । वर्णयन्त्यो मिथो गोप्य क्रीडास्तन्मयतां ययु ॥ सुबोधिनी । त श्रीकृष्णमय एव जाता ।

तत्प्रविष्टतया नैव स्वरूप भिद्यते तत ॥
अतोऽन्त स्थितकृष्णात्मा सतत हृदि भावयेत् ॥२०॥

છઠ્ઠું મર્મ કળજસુંદરીનો ભાવ છે તે પણ વિરહી વ્રજસુંદરીનો જે ભાવ તેનું સ્મરણ કરવું એ છઠ્ઠું મર્મ છે हा नाथ रमण प्रेष्ठ क्वासि क्वासि महाभुज એમ સતત ઉચ્ચારણ કરતા વ્રજરત્નાઓના નિગૂઢભાવનું સ્મરણ કરતા સ્વતઃ ભાવની પ્રાપ્તિ થશે. હૃદયમાં પ્રભુલીલાની નિરંતર ભાવના પણ વ્રજાંગનાઓના ભાવનું સ્મરણ કર્યાથીજ થશે અર્થાત્ પ્રભુની પણ સમ્પ્રાપ્તિ–સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ થશે, વિપ્રયોગથી સંયોગ થશે આ ફલ પ્રાપ્ત કરવા માટે વ્રજભક્તોની વિરહાવસ્થાનું ચિન્તન કરો, વિરહાવસ્થામાં પ્રાપ્ત થતા ક્લેશભાવનું વિશેષ સ્મરણ કરો પ્રભુની લીલાથી પ્રભુનું સ્વરૂપ જુદું નથી, જેમાં ત્યાં મનનો પ્રવેશ થતો નથી. જ્યારે વ્રજસુંદરીના ભાવમાં પ્રભુલીલામાં મનનો પ્રવેશ થાય છે, ત્યારે તેથી સ્વરૂપનો ભેદ થતો નથી, વ્રજભક્તોના હૃદયમાં પ્રભુ રીતના નિરંતર ઉભારે છે લીલાથી સ્વરૂપ ભિન્ન નથી, માટેજ સ્વરૂપમાં મન પ્રવેશ કરતું નથી, પણ લીલામાં પ્રવેશ કરે છે, અને લીલામાં મન પ્રવિષ્ટ થવાથી સ્વરૂપનો ભેદ રહેતો નથી એટલા માટે જેમનામાં નિરંતર બિરાજે છે, એવા વ્રજભક્તોની નિરંતર ભાવના કરવી

ઉપરના શ્લોક ઉપર મનન કરતા આ આશય પ્રગટ થાય છે. શ્રીવલ્લભાચાર્યચરણ પહેલા ભગવલ્લીલાની ભાવના કરવાની આજ્ઞા કરે છે પછી એમ આજ્ઞા કરે છે કે – વ્રજભક્તોના ભાવનું સ્મરણ કરવું, તેથી જ લીલાની ભાવના અથવા તો સર્વાત્મભાવ સિદ્ધ થશે. લીલા અને સ્વરૂપ એકજ છે, જેથી મન સ્વરૂપમાં પ્રવેશ ન

પ્રભુના સ્મરણથી જે આર્તિ થાય છે, તેને ગુણોજ પાછી ઉ-દૂર કરે છે; અથવા તો ગુણો પ્રભુનું સ્મરણ કરાવીને વિરહાવસ્થામા થતી અસહ્ય પીડાને શાંત કરે છે. ભગવાન્ પોતે આનન્દમય છે. એમની લીલા આનન્દમય છે, અને ગુણો, ધર્મો પણ આનન્દમયજ છે તો તે ગુણોનું ગાન કરવાથી, તે ગુણોનું સ્વરૂપ જાણવાથી આનંદ પ્રાપ્ત થાય, એમા કાંઇ આશ્ચર્ય નથી. ૨૧-૨૨-૨૩.

मर्म ८ 'कृष्णनाम स्फुरे'

अष्टमं नाममाहात्म्यस्फूर्ति सर्वांशतो हरे ॥
तदन्यसाधनेष्वल्पबुद्धि स्फुरति चेत्तदा ॥२४॥

આઠમું મર્મ શ્રીહરિના નામોના માહાત્મ્યની સ્ફૂર્તિ થવી એ છે. અજામિલાદિ મહાદુષ્ટોનો ઘોર પાતકપંકમાથી ઉદ્ધાર કરનાર ભગવન્નામજ છે. એવી નામની મહત્તા સર્વાંશે સ્ફુરે. નામ સિવાયના બીજાં સાધનોમા અલ્પ બુદ્ધિ થાય. નામ જેવા ચિંતામણિ પાસે બીજાં સાધનો તુચ્છ ભાસે. નામ પણ ભગવદ્રૂપજ છે. પ્રભુ નામ અને રૂપ, એ બન્ને સ્વરૂપે પ્રકટે છે. નામ પણ સ્વરૂપાત્મક હોવાથી તેની મહત્તા પ્રભુસ્વરૂપથી ન્યૂન હોય નહિ. ૨૪.

मर्म ९ 'पल न आश करे'

नवमं वाक्यमात्रैकनिष्ठता ह्यविचारणात् ॥
यतो वाक्यप्रवृत्तस्तु साधनं वाप्यसाधयन् ॥२५॥
विपरीतं च विदधन्तृष्णीं निष्ठेश्च सर्वदा ॥
स्वतो भगवता नूनं कृतार्थीक्रियते जन ॥२६॥

નવમું મર્મ ભગવદ્વાક્યમાત્રમાં નિષ્ઠા એ છે. કોઇ પણ પ્રકારનો વિચાર કર્યા વિના પ્રભુની જે કાંઇ આજ્ઞા થાય તેમાં તત્પર થવું; ભલે તેવી વિપરીતતા જણાતી હોય તો પણ 'પ્રભુ જે કરે છે તે મારા સારા માટેજ કરે છે,' એવા દૃઢ વિશ્વાસથી તેમની આજ્ઞાને આધીન બની જવું. એમ થવાથી, પ્રભુના વાક્યને અનુસરવા માત્રથી સાધનો ન બની શકે, અથવા કાંઇ વિપરીત બની જાય, નહિ તો કાંઇ કરી શકાયજ નહિ, અને માત્ર સદા મૌન સ્થિતિજ થાય તોપણ ભગવાન પોતે તે જનને કૃતાર્થ કરે છે. સ્વામીની આજ્ઞાનું સર્વાંગે અવલંબન કરવું એ સેવકનો મુખ્ય ધર્મ છે. એ મુખ્ય ધર્મને પકડી રાખતાં કદાચિત બીજા ગૌણ દેહધર્મોને તિલાંજલિ આપવી પડે તો તેથી કાંઇ હાનિ થવાની નથી. સાધનો ન બને, વિપરીત ઉલટુંજ કાર્ય થઇ જાય, અથવા તો સારું નરસું કાંઇ પણ ન કરી શકાય તો પણ ભગવાન તો નિશ્ચય કૃતાર્થ કરવાનાજ, એમાં કાંઇ પણ સંશય નથી. દૃષ્ટાન્ત તરીકે ૮૪ વૈષ્ણવની વાર્તામાં વાંચો શ્રીકૃષ્ણદાસ મેઘનની વાર્તા. માત્ર શ્રીવલ્લભાધીશ્વરની આજ્ઞા માત્રને આધીન થઇને ૩ દિવસ સુધી એકજ ઠેકાણે એમને એમ ઊભા રહ્યા હતા! ૨૫

मर्म १० 'गुरु-वचन-विश्वास सब सिद्ध आनि'

मारगहीन ज्ञान राजताके अनुसरे,
ना देखे देव अरु कछु नाखे,

दुर्लभ धर्म दास मम यह निश्चय करे
सदा चित्तमें श्रीहरिचरण धरे ॥

दशम मर्म विश्वासो भगवत्यखिलात्मनि ॥
तत्सम्बन्धिष्वपि पुन कृते रूपे तथाविधे ॥२७॥

यादृशो यत्र हि प्रोक्त कृष्णस्तत्र हि तादृश ॥
तदीयास्तत्समा ज्ञेया प्रतीता अपि नान्यथा ॥२८॥

यत्करोति हरि कृष्ण स्वकीयेषु कृपापर ॥
तथा तदीया स्वीयेषु यत कुर्वति कृपापर ॥२९॥

तस्माद्विविक्ते च मन्तव्य यथा पितो कृतौ सुत ॥
एतानि दश मर्माणि वेत्ति य सर्वथा जन ॥३०॥

श्रीमदाचार्यकृपया भक्तिमार्गे महामति ॥
तस्य मार्गेश्वर कृष्णो वशो भवति तत्क्षणात् ॥३१॥

દશમું મર્મ વિશ્વાસ છે. અખિલના અંતર્યામી આત્મા એવા ભગવાનમાં અખંડ વિશ્વાસ રાખવો, એ દશમ મર્મ છે. જેવો વિશ્વાસ તેના પ્રકટ ભગવત્સ્વરૂપમાં છે, તેવો જ વિશ્વાસ રાખવો. અથવા તે પ્રભુએ જ તેનું રૂપ ધર્યું છે, માટે ભગવદીયોમાં તેવો જ વિશ્વાસ રાખવો. અથવા તો તેનું લૌકિક રૂપ જોવામાં આવે તો પણ ભગવદીયોમાં ભગવતુલ્ય વિશ્વાસ રાખવો. જે સ્થળે જેવા કૃષ્ણ કહ્યા છે તે સ્થળે તેવા જ ભગવદીયો છે. ગાયવા તો જે સ્થળે જેવા ગાયા હોય તે સ્થળે શ્રીકૃષ્ણ તેવા થાય છે એમ સમજવું. જે ભગવદીયો જુદી રીતે જણાતા હોય તોપણ તેઓ ભગવદીય હોવાથી ભગવત્ સદૃશ જાણવા ... ભાવમાં ભક્ત તરીકેના જે

લક્ષણો હોવા જોઇએ તે આપણાથી જોઇ ન શકાય અને બીજા કેટલાક વિપરીત લક્ષણો જોવામા આવે તો પણ તેમને સ્વામીનો સબંધ થયેલો હોવાથી સ્વરૂપાત્મકજ સમજવા કૃપાપરાયણ સહાનંદ નંદનંદન પોતાના નિજ જનો માટે જે કાંઇ કરે છે તે સારૂંજ કરે છે એમ માનવું. જેમ માબાપનાં દરેક કાર્ય પુત્રના હિતને માટેજ હોય છે અને માબાપના દરેક કાર્યો પોતાનાજ હિતને અર્થે છે એમ માનવાની પુત્રની પણ ફરજ છે, તેમ જીવોએ પણ એમજ માનવું કે પ્રભુનો સંબંધ ધણાનાજ સહાનભાવી ભગવદીયો જે કાંઇ કરે છે તે સારૂંજ કરે છે, માટે સર્વથી પહેલા ભગવદીયોમા વિશ્વાસ રાખવો; તેમના દોષ ન જોવા. એમના દરેક કાર્યોમા ઉત્તમતા જોવી. એમ કર્યાથીજ નવમ, અષ્ટમ વગેરે મર્મો સિદ્ધ થશે.

આ સ્થલે એટલું લક્ષ્ય સમજવાનું કે મર્મની ગણનાનો જે ક્રમ શ્રીહરિરાયચરણે બતાવ્યો છે, તે ચડતો ઉતરતો છે. અર્થાત્ પહેલું મર્મ સર્વથી શ્રેષ્ઠ અને ફલાત્મક છે અને ત્યારે બીજું મર્મ સિદ્ધ થાય ત્યારજ તે પણ સિદ્ધ થાય. બીજું મર્મ ત્રીજું સિદ્ધ થયા પછી, ત્રીજુ ચોથા પછી, એમ ઉત્તરોત્તર કાર્ય–કારણભાવ છે. એ ઉપરથી પહેલું મર્મ પહેલા સિદ્ધ થાય અને બીજું તે પછી અને ત્રીજું તેથી અનંતર. એમ ક્રમ ન લેતા, પ્રથમ દશમું મર્મ–વિશ્વાસ–અને ભગવદીયોમા ભગવદ્‌બુદ્ધિ અને પછી અનુક્રમે નવમું, આઠમું, સાતમું વગેરે સિદ્ધ થાય એમ અવધારવું, ૨૯-૩૧.

શ્રીહરિરાયચરણ ગ્રન્થનો ઉપસંહાર કરતાં ફલશ્રુતિ વર્ણવે છે

विज्ञायैतानि मर्माणि श्रीमदाचार्यसेवकैः ॥
भक्तिमार्गे स्थितिः कार्या सर्वदातिविचक्षणैः ॥३२॥

આ દસ મર્મને જે જે જન સર્વાંશે સમજે છે, તે શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભક્તિમાર્ગમાં મહાબુદ્ધિમાન્ થાય છે, ભક્તિમાર્ગમાં તેની બુદ્ધિ સારી પેઠે પ્રવર્તે છે અને તેને માર્ગના ઈશ્વર-માલીક શ્રીકૃષ્ણ તત્કાલ વશ થાય છે. શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવકો અત્યંત-વિચક્ષણ હોય છે, તેઓએ આ દશ મર્મો સમજીને, અનુભવીને ભક્તિમાર્ગમાં સ્થિતિ કરવી. ૩૭.



૧૪. શ્રીપુષ્ટિમાર્गलक्षणानि (सटीकानि)॥

ટીકાકાર-ગો. શ્રી ૬ અનિરૂદ્ધાચાર્યજી મહારાજ.

મંગલાચરણ

श्रीकृष्णचन्द्रपादाब्जे लभ्ये प्रीत्या त्वनन्यया ॥
प्रणमामि कृपापूर्णे मनोमिलिंदमोददे ॥१॥

अनेकैर्मित्रैर्यो हृदयबहलध्वान्तनिकरो
न नष्टो जीवानां बहुजननकारी दृढतरः ॥

मुदा तूर्णं चूर्णं तमपि विदधुर्वेदध्वरा
नुमस्तानाचार्यान् विबुधवरवन्द्यान् प्रणयतः ॥२॥
श्रीकृष्णपादपाथोजे सततं लग्नमानसम् ।
निजभक्तकृपापूर्णं हरिरायं नमामि तम् ॥३॥
तुलसीकाष्ठमालाभिः सर्वदा भूषितान् नरान् ।
हरिनामाक्षरमुखान् नमामि भगवत्परान् ॥४॥



मूलम्—सर्वसाधनराहित्यं फलाप्तौ यत्र साधनम् ॥
फलं वा साधनं यत्र पुष्टिमार्गः स कथ्यते ॥१॥

મૂલ—જે માર્ગમાં લૌકિક તથા અલૌકિક અને સકામ અથવા નિષ્કામ સર્વે સાધનોનો અભાવજ પૂર્ણ-આનન્દ-સ્વરૂપ શ્રીકૃષ્ણ ચન્દ્રની પ્રાપ્તિમાં સાધનરૂપ છે, અર્થાત્ પ્રભુ પ્રાપ્તિમાં દૈન્યજ સાધન જ, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ છે.

વિવેચન—શંકા—લૌકિક તથા વૈદિક સાધન કદાચ ન હો, તથાપિ દૈન્ય પણ સાધન છે, તેથી પ્રભુ નિઃસાધનતાથી મળે છે; અર્થાત નિઃસાધનતાનું ફળ ભગવાન્ છે એમ નહિ કહી શકાય.

ઉત્તર—જે ફલરૂપ ભગવાન તેજ ફલપ્રાપ્તિમાં સાધનરૂપ છે અર્થાત્ સાધ્ય ભગવત્સ્વરૂપના લાભ પહેલાં ભગવાન્જ સાધન છે. પણ ભગવદ્‌-વ્યતિરિક્ત એવો બીજા પદાર્થના સાધનપણાથી ગ્રહણ કરવામાં આવતું નથી તેથી તે શંકા રહી નહિ

શંકા—પુષ્ ધાતુનો અર્થ જાડા થવુ તેવો છે ને તેને ક્તિ પ્રત્યય ભાવમા થાય છે, તો પુષ્ટિ શબ્દનો અર્થ પુષ્ટ થવું થશે. ત્યારે પુષ્ટિમાર્ગનો અર્થ જાડા થવાનો માર્ગ થશે પણ પુષ્ટિ શબ્દથી ભગવદનુગ્રહજન્ય ભક્તિ કેમ કહો છો?

ઉત્તર—શ્રીમદ્ ભાગવતમા ભગવદ્જ્ઞાનાવતાર શ્રીમદ્વ્યાસચરણે લ્યુટ્ પ્રત્યયાન્ત પુષ્ ધાતુનો અર્થ ભગવદનુગ્રહ કર્યો છે.

"पोषण तदनुग्रह" શ્રીમદ્ભગવદ્ગીતામા પણ શ્રીકૃષ્ણચન્દ્ર શ્રી મુખથીજ આજ્ઞા કરે છે કે "तेपामेवानुकम्पार्थ" તેમા જે અનુકંપા કહી છે તેજ પુષ્ટિ અને ઉત્તર મીમાંસાના ત્રીજા અધ્યાયમા પણ કહ્યુ છે. "विशेषानुग्रहश्च" એ સૂત્રમા સ્પષ્ટ રીતે ભગવદનુગ્રહનુ જ અને ભગવત્ કૃપાનુ જ પ્રતિપાદન કરેલુ છે અને તેજ સૂત્રના ભાષ્યના પ્રકાશમા પણ શ્રીપુરુષોત્તમજીએ આજ્ઞા કરી છે કે આ અનુગ્રહજ પુષ્ટિશબ્દ વડે કહેવાય છે. અર્થાત્ ભગવદનુગ્રહ તેજ પુષ્ટિ. અને શ્રુતિ પણ કહે છે, "नायमात्माप्रवचनेन" આ શ્રુતિથી જે જીવના ઉપર ભગવત્ કૃપા થાય, ભગવદનુગ્રહ થાય, આ મારો દાસ છે એમ જીવનો ભગવાન્ અંગીકાર કરે, તેજ ભગવત્પ્રાપ્તિ કરી શકે છે આ પ્રમાણે શ્રુતિ–ગીતા–સૂત્ર–શ્રીમદ્ભાગવતાદિના વાક્યોથી નિશ્ચય થાય છે કે પુષ્ટિનો અર્થ ખાવુ પીવુ ને પુષ્ટ થવુ તેવો નથી, પણ ભગવદનુગ્રહ, ભગવત્કૃપાજ છે. તે કૃપાયુક્ત જે ભક્તિમાર્ગ તે પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે માટેજ શ્રીમદ્વૈશ્વાનરાચાર્યજીએ પણ ભાષ્યમા આજ્ઞા કરી છે કે "कृतिसाध्य साधनं ज्ञानभक्तिरूप शास्त्रेण बोध्यते ताभ्यांविहिताभ्यां मुक्तिर्मर्यादा; तद्रहितानामपि स्वरूपबलेन स्वप्रापण पुष्टिरुच्यते" જીવને માટે શાસ્ત્રે જ્ઞાન અને

કરે છે કે " अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते । तेषां नित्या भियुक्तानां योगक्षेमं वहाम्यहम् " કેવલ મારું જ (મદ્વ્યતિરિક્ત દેવની ભાવના છોડી) સ્મરણ કરનાર મારા અનુગ્રહથી જેણે ભક્તિ મેળવેલી છે એવા ભક્તો જે મારીજ સેવા કરે છે. તેવા ભક્તોનું યોગ (આ લોકમાં સેવા માટે ધનધાન્ય વસ્ત્ર ઇત્યાદિ) તથા ક્ષેમ (અત્યન્ત શ્રેયોરૂપ મોક્ષ) હું આપી આપું છું. એ પ્રમાણે ગીતા-વાક્યથી મારા સિવાય બીજું કોઇ પણ સાધન ભક્તના ઇચ્છિતાર્થને સિદ્ધ કરી શકનાર નથી તેમજ શ્રીમદ્આચાર્યચરણે ભાષ્યમાં કહ્યું છે કે ભગવાન્ જીવનો અંગીકાર મર્યાદા અને પુષ્ટિ એમ બે ભેદ વડે કરે છે. જે માર્ગમાં યજ્ઞ-આદિ સાધનોનો ઉપદેશ કરવામાં આવે છે તે મર્યાદા માર્ગ કહેવાય છે પુષ્ટિમાર્ગમાં તો પ્રભુવ્યતિરિક્ત કોઇ પણ પદાર્થની અપેક્ષાજ નથી બીજું દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, કર્મ, મન્ત્ર એ છ પદાર્થ શુદ્ધ હોય ત્યારેજ યજ્ઞની સિદ્ધિ થાય છે. તે કર્મના ઉપભોગ માટે પુનર્જન્મ પ્રાપ્ત થાય છે, પણ અતિ સુખસાધ્ય હરિના ભજન કરનારને નિર્વિઘ્ને પ્રભુપ્રાપ્તિ થાય છે. માટે કહ્યું છે કે મહાનંદ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને એક પણ નમસ્કાર કર્યો હોય તો તે નમસ્કાર નિર્વિઘ્ને પૂર્ણ થયેલા દશ અશ્વમેધની સમાન છે. દશ અશ્વમેધ કરનારને પુનર્જન્મ પ્રાપ્ત થાય છે. પણ કૃષ્ણ-પ્રણામીને પુનર્જન્મ પ્રાપ્ત થતોજ નથી. માટેજ શ્રીમદ્વલ્લભાચાર્યજી નિબંધમાં આજ્ઞા કર છે કે એવું જોયું પણ નથી તથા એવું સાભળ્યું પણ નથી - કૃષ્ણભક્તને પુન સંસાર પ્રાપ્ત થયો હોય. માટે અનન્યાશ્રયી ભક્તોના વિઘ્ન શ્રીહરિજિ દૂર કરે છે માટે પ્રભુભજન-વ્યતિરિક્ત સાધન નહિ કરનારને વિઘ્નનો અભાવ જે માર્ગમાં છે તેજ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે ૨.

मूलम्—यत्राङ्गीकरणेनैव योग्यतादिविचारणम् ॥
अविलम्ब प्रभुकृत पुष्टिमार्गः स कथ्यते ॥३॥

જે માર્ગમાં પ્રભુ જ્યારે ભક્તનું વરણુ (અંગીકાર) કરે છે ત્યારે જ તેને નિં. યોગ્યતા છે કે નહિ તે વિષે વિચાર કરતા નથી. અને વરણુ કરવામાં વિલંબ કરતા નથી, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ છે ૩

मूलम्—स्वरूपमात्रपरता तात्पर्यज्ञानपूर्वकम् ॥
धर्मनिष्ठा यत्र नैव पुष्टिमार्गः स कथ्यते ॥४॥

જે માર્ગમાં શ્રુતિ સ્મૃતિ પુરાણ ઇતિહાસમાં પ્રતિપાદન કરેલા ધર્મોનું તાત્પર્ય ભગવાનમાં જાણીને ભગવત્સાક્ષાત્કારના અંતરાયભૂત ધર્મોનો ત્યાગ કરી કેવળ પ્રભુસ્વરૂપને વિષેજ પ્રેમ તાન ચિત્તથી રહેવું, તે શુદ્ધપુષ્ટિમાર્ગ કહેવાય છે.

શંકા—શાસ્ત્રો ધર્મનિષ્ઠાનો ઉપદેશ કરે છે પણ ધર્મનિષ્ઠાનો ત્યાગ કરવો તેમ ઉપદેશ કરતા નથી. મનુસ્મૃતિમાં કહ્યું છે કે જો આપણે ધર્મનું રક્ષણ કરીએ તો રક્ષણ કરાયેલો ધર્મ આપણું રક્ષણ કરે છે, અને જો આપણે ધર્મને હણીએ તો તે હણાયેલો ધર્મ આપણને હણે છે તેથી એમ સિદ્ધ થાય છે કે ધર્મનિષ્ઠામાંજ શ્રેય સમાયેલું છે ત્યારે ધર્મનિષ્ઠા જે માર્ગમાં નથી તે પુષ્ટિમાર્ગ કહેવાનો હેતુ તો તે માર્ગ અશાસ્ત્ર કેમ કહેવાય ?

ઉત્તર—ધર્મ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે પરન્તુ પુષ્ટિપથમાં તો તમામ ધર્મોનું તાત્પર્ય પ્રભુમાંજ જાણી મન, વાણી

અને દેહ વડે શ્રીકૃષ્ણચન્દ્રજી સેવના શ્રીકૃષ્ણ ભગવાન્ ગીતામા આજ્ઞા કરે છે કે, "सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज। સર્વ ધર્મના ત્યાગ કરીને (શરણમાર્ગમા વિરાધી ધર્મનો ત્યાગ કરી) મારજ શરણે આવ" એ સ્થલે ભક્તોનુ ભગવાનનેજ અધીનપણુ સૂચવ્યુ છે, પણુ ધર્માધીનપણુ કહ્યુ નથી વળી શ્રીભાગવતમા પ્રભુ પોતેજ આજ્ઞા કરે છે કે તે ભક્તો મારા સિવાય કાઈ પણ જાણુતા નથી, અને હુ પણ તે ભક્તો સિવાય કાઇ પણ જાણતો નથી

વળી ગુણાતીત માર્ગમા વિચરનારા ભક્તોનુ કાલકર્મ-સ્વભા વાધીનપણુ નથી એ વિષે શ્રીવલ્લભપ્રભુ નિબધમા આજ્ઞા કરે છે કે કૃષ્ણના અનુગ્રહરૂપ પુષ્ટિ કાલ કર્મ સ્વભાવનો પણ બાધ કરે છે એટલે જે માર્ગમા કાલ કર્મ સ્વભાવનો પણ બાધ કરનાર ભગવદનુગ્રહ છે, ભગવત્કૃપા છે તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે તેથી નિર્ગુણ માર્ગમા વિચરનાર ભક્તોની નિષ્ઠા હરિ સિવાય બીજા કોઇ પણ પદાર્થમા હોતી નથી તેથી, ધર્મનિષ્ઠા ક્યાથી હોય ? ૩ ? ૪

मूलम्—यत्र प्रभुकृतौ नैव गुणदोषविचारणम् ॥
तत्कृतावुत्तमत्वज्ञा पुष्टिमार्गः स कथ्यते ॥५॥

જે માર્ગમા પૂર્ણ પુરુષોત્તમની આવવુ, રુદન કરવુ, ભોજન કરવુ તથા પાનાદિ ક્રિયા લૌકિકના તુલ્ય દેખાવથી તે લીલામા હીનબુદ્ધિ નથી, અને કાલીય-દમનાદિ તથા ગિરિરાજ-ધારણાદિ લીલામા અન્ય લીલાથી ઉત્તમ બુદ્ધિ નથી પરન્તુ પ્રભુકૃત સર્વ

શીતાના ઉત્તમ જાણવામા આવે છે, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૫

मूलम्——न लोकवेदसापेक्ष्य सर्वथा यत्र वर्तते ॥
सापेक्षता स्वामिसुखे पुष्टिमार्गः स कथ्यते ॥६॥

જે માર્ગમા સ્વામિસુખને ઇચ્છનાર ભક્તોને સ્મૃતિ કે વેદ (કર્મકાંડ)ની અપેક્ષા નથી, જ્યારે ભગવાન્ જે ભક્ત પર અનુગ્રહ કરે છે, તે ભક્તોની લોકમા અને વેદમા નિષ્ઠા રહેતી નથી, પણ કેવળ પ્રભુના સુખનીજ અપેક્ષા છે, તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ છે ૬.

मूलम्——वरणे दृश्यते यत्र हेतुर्नाणुरपि स्वतः ॥
वरणं च निजेच्छातः पुष्टिमार्गः स कथ्यते ॥७॥

જે માર્ગમા પ્રભુ જે જીવનો અંગીકાર કરે છે, તે વરણમા તે જીવના સાધનનું જરા પણ કારણ નથી, પણ પ્રભુ પોતાની સ્વેચ્છાથીજ જીવોનો પોતાના દાસપણાથી અંગીકાર કરે છે, તે બાબત 'नायमात्मा प्रवचने' આ શ્રુતિથી સ્પષ્ટ થય છે, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે ૭

मूलम्——यत्र स्वतन्त्रता भक्तेराविर्भावानपेक्षणात् ॥
पूर्णानुभवरूपत्वं पुष्टिमार्गः स कथ्यते ॥८॥

જે માર્ગમા વિપ્રયોગાવસ્થામા અનુગ્રાહ્યની અપેક્ષા સિવાય સ્વરૂપાનન્દ દાન આપવામા ભગવદ્ગુણગાનાદિ ભક્તિનીજ સ્વતંત્રતા છે, સ્વરૂપાવિર્ભાવ સંબંધી રસની બિલકુલ અપેક્ષાજ નથી પ્રેમથી

કરેલા શ્રવણ-કીર્તનાદિનેજ સર્વ લીલાના સુખનો અનુભવ કરાવનારપણું છે, મર્યાદા કૃષ્ણાધીન છે, ને પુષ્ટિ ભક્તિ સ્વતંત્ર છે; પુષ્ટિ શબ્દથી કોઇ સ્થલે ભગવદ્-અનુગ્રહ કહેવાય છે ને કોઇ સ્થલે પુષ્ટિ શબ્દથી અનુગ્રહજનિત ભક્તિ કહેવાય છે તે શુદ્ધ પુષ્ટિભક્તિ-માર્ગ છે ૮

मूलम्—लोकवेदभयाभावो यत्र भावातिरेकत ॥
सर्वबाधकतास्फूर्ति पुष्टिमार्गे स कथ्यते ॥९॥

જે માર્ગમાં પ્રભુને વિષે પ્રેમાધિક્ય થવાથી સ્ત્રી પુત્ર ઇત્યાદિ લૌકિકથી અને "यावज्जीवमग्निहोत्रं जुहुयात्" જીવિત પર્યન્ત અગ્નિહોત્ર હોમવું, "अहरहः सन्ध्यामुपासीत" પ્રતિદિન સંધ્યા કરવી. ઇત્યાદિ વૈદિક કર્મથી પણ બિલકુલ ભય રહેતું નથી, જ્યારે ભગવદ્ભાવ પ્રાપ્ત થાય છે, ત્યારે કાલ કર્મ સ્વભાવ આદિનું ભય તેની આગળ ચાલતુંજ નથી, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે, નારાયણ-પરાયણ ભગવદ્-ભક્તો કોઇનાથી ડરતા નથી તથા સ્વર્ગ, મોક્ષ અને નરકમાં પણ તુલ્ય દૃષ્ટિવાળા હોય છે ૯

मूलम्—सम्बन्ध साधन यत्र फल सम्बन्ध एव हि ॥
सोऽपि कृष्णेच्छया जातः पुष्टिमार्गः स कथ्यते ॥१०॥

જે માર્ગમાં ભગવાનની સાથે દેહથી ઉત્પન્ન થયેલ સંબંધ તથા ભાવથી ઉત્પન્ન થયેલ સંબંધ તે હરિને વિષે સર્વ ઇન્દ્રિયના સંબંધાત્મક રસને વિષે સાધન છે અને તે સંબંધ પણ પ્રભુની ઇચ્છાથીજ થાય છે. તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે.

છે એવા અમો આપને ખોળીએ છીએ, તેથી શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૧૨

मूलम्—भजने यत्र सेव्यस्य नोपकारकृति क्वचित् ॥
पोषण भावमात्रस्य पुष्टिमार्गः स कथ्यते ॥१३॥

જે માર્ગમા સેવ્ય શ્રીકૃષ્ણની સેવામા પ્રભુકૃત ઉપકારની અપેક્ષા રાખવામા આવતી નથી, પણ શ્રીહરિજી સેવકના હૃદયસ્થિત ભાવની વૃદ્ધિ કરે છે, તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૧૩.

मूलम्—भजनस्यापवादो न क्रियते फलदानत ॥
प्रभुणा यत्र तद्भावात् पुष्टिमार्गं स कथ्यते ॥१४॥

જે માર્ગમા પ્રભુ ભજનનુ ફલ આપતા હોવાથી ભજનનો નિષેધ કરતા નથી, કારણ કે ભક્તનો હરિને વિશે દૃઢ સ્નેહ હોય છે, તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૧૪

मूलम्—यत्र वा सुखसम्बन्धो वियोगे सगमादपि ॥
सर्वलीलानुभवत पुष्टिमार्गं स कथ्यते ॥१५॥

જે માર્ગમા ભગવદ્-વિપ્રયોગ-અવસ્થામા ભગવલ્લીલાના સ્મરણ માત્રથીજ હૃદય વિશે સમગ્ર લીલાનો અનુભવ થવાથી સયોગાવસ્થા કરતા વધારે સુખ વિપ્રયોગાવસ્થામા છે, કારણ સયોગાવસ્થામા અર્થાત્ પ્રભુના સાક્ષાત્કારની દશામા પ્રભુ જે લીલા કરે છે, તેજ લીલાનો અનુભવ ભક્તને થાય છે, પણ વિપ્રયોગ-અવસ્થામા તો

ભક્તનુ ચિત્ત પ્રભુગાન તલ્લી। હોવાથી પ્રભુએ કરી તમામ લીલાનો અનુભવ થાય છે તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૧૫

मूलम्—फले च साधने चैव भवत्र विपरीतता ॥
फलम्भाव साधन स पुष्टिमार्ग स कथ्यते ॥१६॥

જે માર્ગમા સાધન અને ફળની વિપરીતતા છે, તેજ શુદ્ધ પુષ્ટિમાર્ગ કહેવાય છે, જેમકે સાધનરૂપ ભાવને ફળપણ છે વૃત્રાસુર ... ભગવાનની પ્રભુ-વિષયક પ્રેમની જ પ્રાર્થના કરે છે

' अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूय ।
मन स्मरेतासुपते गुणास्त गृणीत वाक कर्म करोतु काय " ॥

"હે ... ભક્તના ... હુ ... આપના ચરણારવિંદના દાસનો દાસ થાઉં મારૂ મન આપના ગુણોનુ સ્મરણ કરે મારી વાણી આપના ગુણોનુ ગૃણન કરે મારી કાયા આપની સેવા કરે પરમ પુરુષાર્થરૂપ ... ॥ ... ભગવદ્-વિષયક પ્રેમની યાચના કરવાથી પ્રભુ સાક્ષાત્કાર થયા ... ભગવાન્ થયા ત્યારે ... પ્રેમપ્રાપ્તિના સાધનરૂપ ... વિપરીતતા સ્પષ્ટ થાય છે ૧૬

मूलम्—पश्चात्ताप सदा यत्र तत्सम्बन्धिकृतावपि ॥
दैन्योद्बोधाय सतत पुष्टिमार्ग स कथ्यते ॥१७॥

જે માર્ગમા ... ... થતા હોય છતા ... અભિમાનનો સ્પર્શ ન થાય ... દૈન્ય જાગૃત ...

એટલા માટે અન્ય લીલાનો અનુભવ ન હોવાથી તાપ રહે છે, તે શુદ્ધ પુષ્ટિમાર્ગ કહેવાય છે ૧૭.

मूलम्—आविर्भावे न सापेक्ष दैन्य यत्र हि साधनम् ॥
फल वियोगज दैन्य पुष्टिमार्गं स कथ्यते ॥१८॥

જે માર્ગમાં બીજા કોઈ પણ સાધનની અપેક્ષા સિવાય જીવને દૈન્ય પ્રગટ થાય છે, તે પ્રભુના આવિર્ભાવનું કારણ છે, તે દૈન્ય સાધન છે ભગવદાવિર્ભાવ થયા બાદ વિયોગથી જે દૈન્ય થાય છે તે ફલરૂપ છે તેજ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે તાત્પર્ય કે પ્રભુ-પ્રાપ્ત્ય પહેલા જે દૈન્ય છે તે દૈન્ય સાધન છે, અને પ્રભુના પ્રાપ્ત્ય અનંતર જે દૈન્ય છે તે ફલરૂપ છે ૧૮.

मूलम्—समस्तविषयत्याग सर्वभावेन यत्र वे ॥
समर्पण च देहादे पुष्टिमार्गं स कथ्यते ॥१९॥

જે માર્ગમાં સર્વભાવે સકલ લૌકિક વિષયોનો ત્યાગ, પ્રભુને સર્વભાવે દેહાદિકનું સમર્પણ રહેલા છે, તેજે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય ૧૯

શંકા —શ્રીમદ્વલ્લભાચાર્યજી સન્યાસનિર્ણય નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે "कौण्डिन्यो गोपिका प्रोक्ता गुरव साधन च तत्" ગોપિકાઓ પુષ્ટિમાર્ગના ગુરુ છે અને તે કામી હતા ત્યારે સમસ્ત વિષયોનો ત્યાગ આ માર્ગમાં ઇષ્ટ છે એમ તમે કેમ કહો છો?

ઉત્તર—ગોપીજનો કામી હતા કે નહિ તેનો નિશ્ચય તે ગોપીજનોના શ્રીમુખના વચનોથી કરવો યોગ્ય છે. શ્રીમદ્ભાગવતમાં શ્રીગોપીજનો આમ શ્રીમુખથીજ આજ્ઞા કરે છે

'મૈવં વિભોऽર્હતિ ભવાન્ ગદિતું નૃશંસં
સન્ત્યજ્ય સર્વવિષયાંસ્તવ પાદમૂલમ્॥
ભક્તા, ભજસ્વ દુરવગ્રહ મા ત્યજાસ્માન્
દેવો યથાદિપુરુષો ભજતે મુમુક્ષૂન્ ॥'

'હે વિભો ! હે સમર્થ ! અમે એકાદશ ઇન્દ્રિયોના વિષયોને સારી રીતે એટલે ફરીથી ઉદય ન થવા પામે તેવી રીતે ત્યાગ કરી અમોએ આપનું ચરણારવિંદ પ્રાપ્ત કર્યું છે, માટે આપે આવા નિર્દય વચન બોલવા યોગ્ય નથી"

આ વાક્યમાં વિષય લેશ પણ દેખાતો નથી બીજે સ્થળે પણ ગોપીજનોએ કહ્યું છે

"આહુશ્ચ તે નલિનનાભ પદારવિંદ
યોગેશ્વરૈર્હૃદિ વિચિન્ત્યમગાધબોધૈ ॥
સંસારકૂપપતિતોત્તરણાવલમ્બં
ગેહજુષામપિ મનસ્યુદિયાત્સદા ન ॥"

'હે નલિનનાભ ! યોગીશ્વરોએ હૃદયને વિષે ચિંતન કરવા લાયક સંસારરૂપી કુવામાં પડેલા જીવોને બહાર નીકળવા માટે

ટેકારૂપ આપનું ચરણારવિંદ ગૃહને સેવા કરતા એવા પણ, અમારા મનમાં સદા ઉદય પામે." આ જગ્યાએ બિલકુલ કામની યાચના નથી, પણ કામનાશક ભગવદ્ચરણની માગણી છે.

તેમજ આવી શંકા કરતાં પહેલાં શ્રીમદ્ભાગવત દશમ સ્કંધનો ૩૩ મો અધ્યાય જોવો કે ભક્તશિરોમણિ શ્રીશુકદેવજી શી આજ્ઞા કરે છે. શ્રીશુકદેવજી કહે છેઃ

"विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनुशृणुयादथ वर्णयेद्यः ॥
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः" ॥

"શ્રીકૃષ્ણચંદ્રની ગોપિકા સાથે કરેલી લીલાને જે શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે કિંવા ગાન કરે, તે પ્રભુને વિશે પરા ભક્તિને પ્રાપ્ત કરીને હૃદયના રોગરૂપી કામનો જલદી નાશ કરશે." જો શુકદેવજી ગોપિકાઓને કામી માનતા હોત તો રાસપંચાધ્યાયીના શ્રવણ-કીર્તનથી કામની નિવૃત્તિ અને ઉત્તમોત્તમ પરા ભક્તિની પ્રાપ્તિ કેમ માનત? શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણચન્દ્ર અર્જુનને સ્પષ્ટ આજ્ઞા કરે છે

"तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ॥
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥"

'હે ભરતકુલોત્તમ અર્જુન ! આના હેતુ માટે ઇન્દ્રિયોને પ્રથમ નિયમમાં લાવીને સર્વ પાપના મૂળભૂત કામને તું અવશ્ય હણ" આ હેતુ માટે શ્રીવલ્લભાચાર્યજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે, 'विषयाविष्टचित्तानां विष्ण्वावेशः सुदूरतः" જેઓનું ચિત્ત વિષયાવિષ્ટ છે, તેઓથી પાપનાશક પુરુષોત્તમ સર્વ પાપનાશન શ્રીહરિનો આવેશ સર્વથા દૂર જ છે.

બીજે સ્થળે શ્રીસુબોધિનીજીમાં સ્પષ્ટ કહ્યું છે

'कामाद्यसक्तशिथिलत्वे भक्तिर्नोत्पद्यत इति' 'જ્યાંસુધી કામાદિ દોષો શિથિલ થતા નથી ત્યાંસુધી ભક્તિ ઉત્પન્ન થતી જ નથી.'

આ સર્વ સિદ્ધ આશય ધ્યાનમાં લઈ શ્રીહરિરાયજી પણ કામખ્યાન વિવરણમાં આજ્ઞા કરે છે.

" दोषेषु प्रथमं कामो विविच्य विनिरूप्यते ।।
यस्मिन्नुत्पद्यते तस्य नाशकः सर्वथा मत ।।१।।
विषयावेशहेतुत्वात् विक्षेपोत्पत्तिकारणम् ।।
रजोगुणसमुत्पन्ना रज प्रक्षेपको मुखे" ।।२।।

'સર્વ દોષમાં કામ પ્રથમ છે એ કામ જેમાં ઉત્પન્ન થાય છે, તે જીવનો સર્વથા નાશ કરે છે. વિષયાવેશનું કારણ કામ છે. એ કામ રજોગુણમાંથી ઉત્પન્ન થયેલો હોવાથી જેમાં પ્રકટ થાય છે, તેના મુખમાં ધૂળ નખાવે છે.'

તેમજ સન્યાસનિર્ણયમાં આચાર્યશ્રી આજ્ઞા કરે છે

'विषयाक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः'

'જે જીવોના દેહ વિષયાક્રાંત થયેલા હોય છે, તે જીવોના દેહમાં કદાપિ પણ શ્રીહરિનો આવેશ થતોજ નથી તો જેની આગળ શ્રીહરિ પરાત્પર પુરુષોત્તમ સ્વરૂપ શ્રીકૃષ્ણચન્દ્ર સાક્ષાત્-પ્રત્યક્ષ લીલા કરે છે, રમણ કરે છે તેમાં કામ-સંભાવના કહેવી તેનાથી નિર્બુદ્ધિત્વ અન્ય શું હોઈ શકે? તે ગોપીજનો માટે બ્રહ્માજી પોતેજ આજ્ઞા કરે છે

'न स्त्रियो व्रजसुन्दर्यः पुत्र ताः श्रुतयः किल ॥
नाहं शिवश्च शेषश्च श्रीश्च ताभिः समाः क्वचित् ॥१॥
षष्टिवर्षसहस्राणि मया तप्तं तपः पुरा ॥
तथापि न मया प्राप्तास्तासां वै पादरेणवः' ॥२॥

'હે પુત્ર હે નારદ! વ્રજસુંદરીઓ-ગોપિકાઓ તે સ્ત્રીઓ નથી, પણ તે શ્રુતિઓ છે અને હું તથા મહાદેવજી તથા શેષજી તથા લક્ષ્મીજી કોઈપણ વખત તેઓની બરોબર નથી મેં પૂર્વે સાઠહજાર વર્ષ સુધી તપ કર્યું હતું, પરન્તુ તે ગોપિકાઓની ચરણરજ મને મળી ન હતી, અને ઉદ્ધવજી પણ તે ગોપિકાઓને માટે આવી રીતે કહે છે

'वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः ॥
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥'

'તે નજસ્ત્રીઓને ઙ વાર ાર નમા કર છુ. કે જે નર્વનિ
તાનુ હરિકીર્તન ત્રણુ ભુવનને પવિત્ર કરે છે'

તેમજ શ્રીદ્દષ્ણુ પોતે ગોપિકાઓ માટે આજ્ઞા કરે છે

" ता नाविदन्मय्यनुसगबद्ध-
धिय स्वमात्मानमदस्तथेदम् ॥
यथा समाधौ मुनयोऽब्धितोये
नद्य प्रविष्टा इव नामरूपे ॥"

"જેમ સમદ્રમા પ્રવેશ કરતી નદીઓ પોતાના નામ, રૂપને જાણતી નથી, અને જેમ સમાધિમા મુનિઓ પોતાના નામને તથા રૂપને જાણતા નથી, તેવીજ રીતે પ્રેમ વડે કરીને મારામા જેની બુદ્ધિ બધાયેલી છે, તેવી તે ગોપિકાઓ મારા સિવાય કશુ માત્ર પણ જાણતીજ નથી" તો આવા પરમ પવિત્ર પ્રેમાત્મિકા ભક્તિની પરાકાષ્ઠા પ્રાપ્ત કરનાર ગોપીજનોમા કામનો લેશ પણ કહેવો એ મહાન્ અયોગ્ય છે માટે પુષ્ટિમાર્ગમા સમસ્ત વિષયનો ત્યાગ કહ્યો, તે યોગ્યજ છે ૧૯

मूलम्——विषयत्वेन तत्त्याग स्वस्मिन्निविषयताम्मते ॥
यत्र वै सर्वभावेन पुष्टिमार्ग स कथ्यते ॥२०॥

જે માર્ગમા વિષયોનો વિષયત્વ વડે કરીને સર્વ ભાવેથી ત્યાગ કરવામા આવે છે, ભગવાન પૂર્વક વિષય-સેવા કરવાથી તો બધા પ્રાપ્ત થાય પ્રપચ-ભગવપાતી તમામ પદાર્થ બ્રહ્મરૂપ છે તે શ્રુતિ સ્પષ્ટ કરે છે

"स एतावानास ।। यतो वा इमानि भूतानि जायन्ते"

ઇત્યાદિ શ્રુતિઓ તથા "तत्तु समन्वयात् । जन्माद्यस्य यत शास्त्र-योनित्वात्" ઇત્યાદિ બ્રહ્મસૂત્રોથી પણ પ્રપંચનું અભિન્ન નિમિત્તો-પાદાન કારણ બ્રહ્મ હોવાથી, પ્રપંચ ભગવદ્રૂપ હોવાથી પ્રપંચવર્તી પદાર્થોનો ત્યાગ થઈ શકતા નથી

'एकाकी न रमते। स द्वितीयमैच्छत्' 'एकोऽहं बहु स्याम्' 'क्रीडार्थमात्मन इद त्रिजगत्कृत ते । स्वाम्य तु तत्र कुधियोऽपर ईश कुयु' 'क्रीडाभाण्डमिद जगत्'

એકથી ક્રીડા થઈ શકે નહિ તેથી તે પ્રભુએ બીજાની ઇચ્છા કરી એમ હું બહુ થાઉં, વળી આત્મા (એટલે પરાત્પર પુરુષોત્તમની ક્રીડા માટે આ જગત કર્યું છે, તે જગતને જે મમતાસ્પદ ગણે છે તે પુરુષો દુષ્ટ બુદ્ધિવાળા છે તથા વળી બીજી જગ્યાએ કહ્યું છે કે આ જગત્ પ્રભુની ક્રીડા માટે છે, ઇત્યાદિ શ્રુતિ-સ્મૃતિથી સિદ્ધ થાય છે કે પ્રભુ પોતે પ્રપંચરૂપ થઈ પોતે ક્રીડા કરે છે અને તેજ શ્રીવલ્લભાચાર્ય નિબંધમાં આજ્ઞા કરે છે કે "रूपनामविभेदेन जगत्क्रीडति यो यत' અને વળી 'प्रपचो भगवत्कार्यस्तद्रूपो माययाभवत्" રૂપ નામના ભેદ વડે કરીને જે જગતરૂપે થયેલ છે અને રૂપ-નામના ભેદ વડે જે ક્રીડા કરે છે તથા બીજે સ્થળે કહેલ છે પ્રપંચ ભગવત્કાર્ય છે, અને પ્રભુ તે પ્રપંચરૂપે પોતાની શક્તિ વડે થયેલ છે તો તે પ્રાપંચિક પદાર્થનું ભગવદીયત્વે કરીને ગ્રહણ કરવું કારણ મન વડે ભગવદ્ભાવથી ભાવના કરાયેલા પદાર્થો ઉત્તમ છે 'इन्द्रियेभ्य पराह्यर्था' આ શ્રુતિથી ભગવદ્ભાવ-ભાવિત પદાર્થોનું

ઉત્તમતર સ્પષ્ટ કહેલું છે એટલા માટે ભગવદનુગ્રહ-યુક્ત વૈષ્ણવોની નેત્ર વાણી ઇત્યાદિ ઇન્દ્રિયો ભગવત્સંબંધી વિષયોનું સેવન કરે છે તે ભાગવત અંબરીષના ચરિત્રથી સ્પષ્ટ જણાશે

" स वै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने ॥
करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युतसत्कथोदये ॥१॥
मुकुन्दलिङ्गालयदर्शने दृशौ तद्भृत्यगात्रस्पर्शेऽङ्गसङ्गमम् ॥
घ्राणं च तत्पादसरोजसौरभे श्रीमत्तुलस्या रसनां तदर्पिते ॥२॥
पादौ हरेः क्षेत्रपदानुसर्पणे शिरो हृषीकेशपदाभिवन्दने ॥

(ભા. ૯ અ. ૪)

પરમ ભક્ત રાજા અંબરીષ એ પોતાના મનો શ્રીકૃષ્ણચંદ્રના પદારવિંદમાંજ રાખેલું હતું ને વાણીનો વૈકુંઠ ભગવાનના ગુણગાનમાંજ વિનિયોગ કરેલો હતો, તથા હાથનો પ્રભુના મંદિરની માર્જન ઇત્યાદિ ક્રિયામાં વિનિયોગ કરેલ હતો

નેત્રોનો પ્રભુસ્વરૂપના દર્શનમાં વિનિયોગ કરેલો હતો, પ્રભુભક્તોના ગાત્રોના સ્પર્શ થવામાં પોતાના અંગોનો વિનિયોગ કરેલો હતો, નાસિકાનો પ્રભુના ચરણારવિંદની સુવાસમાં વિનિયોગ કરેલો હતો, ચરણોનો ભગવન્મંદિરે જવામાં વિનિયોગ કરેલો હતો, મસ્તકનો હૃષીકેશના ચરણારવિંદના વંદન કરવામાં વિનિયોગ કરેલો હતો

પરંતુ જીવને બાધકરૂપ સ્થળ ન રહેવાથી એવી આસક્તતા ભગવાનનોજ ત્યાગ કરવો તેજ ઉચિત છે કારણ ' एकस्यैव ममांशस्य इतिवाक्यात् " ભાગ અંશરૂપ જીવને અવિદ્યાથી બંધન છે તે

અવિદ્યા અસારરૂપ છે. તેનો જ્ઞાનથી નાશ થઈ શકે છે; માટે લાભ માત્ર આનંદના અમૃતાનોજ થઈ શકે છે.

જે માર્ગમાં ભગવત્સ્મૃતિનો વિષય રૂઢ થાય છે, તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે ૨૦

मूलम्——एवंविधैर्विशेषेण प्रकारैस्तु सदाश्रितैः ॥
हृदि कृत्वा निजाचार्यान् पुष्टिमार्गो हि बुध्यताम् ॥२१॥

સર્વદા હરિના ચરણકમલ-મકરંદનોજ આશ્રય કરનાર ભક્તોએ હૃદયાન્ધકાર નાશ કરવામાં નિપુણ શ્રી અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભપ્રભુને હૃદયમાં રાખીને આવા પ્રકારોએ વિશેષ પુષ્ટિમાર્ગને જાણવો

અર્થાત્ પુષ્ટિમાર્ગ વિશે જાણવા ઇચ્છા હોય તો આચાર્યશ્રીના ભાષ્ય સુબોધિન્યાદિ ગ્રંથો જાણવા

જેની દેવમાં ઉત્તમ ભક્તિ છે અને જેની દેવમાં ભક્તિ છે તેવીજ ગુરુમાં પણ દૃઢ ભક્તિ છે, તેવા મહાત્માને આ કહેવાયેલા અર્થો પ્રકાશ કરે છે. (૧)

પોતાના બાળકના ચપલ આલાપ સાંભળવામાં ઉત્કંઠાવાળા માયાવાદરૂપી અંધકારનો નાશ કરનાર શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ મારા પર કૃપા કરો (૨)

શ્રીમદ્વલ્લભાચાર્યના કૃપાબળથી હું અજ્ઞાની પણ રોકી શકાયો નથી, તેથી મારા હૃદયમાં જે સ્ફુર્યું છે, તેનો પ્રકાશ ભગવાન કર્તા એ કર્યો છે (૩) ૨૧.

कामजातस्तु यः क्लेशः स शाम्येत्स्पर्शनादिभिः ।
सर्वात्मभावसम्भूतस्तैर्भवेद् द्विगुणस्तथा ॥८॥

કામથી ઉત્પન્ન થનારો જે ક્લેશ છે, તે પ્રભુ વસ્તુના સ્પર્શ વગેરેથી ટાળી શકાય છે, જ્યારે આ સર્વાત્મભાવથી ઉત્પન્ન થનારો ક્લેશ સ્પર્શ વગેરેથી બમણો થઇ જાય છે ૮.

विरहे भावनास्पर्शः क्लेशवृद्धिकरो यतः ।
लीलोदये तापभावाद् द्विगुणः सोऽनुभूयते ॥९॥

વિરહમાં પ્રભુસમ્બન્ધી થોડો વિચાર આવવો, તે પણ ક્લેશને વધારનારો થઇ પડે છે; પરન્તુ જ્યારે પ્રભુની લીલાઓનો અનુભવ થવા માંડે છે, એટલે તાપ તો રહેવોજ છે, તેથી ક્લેશ બમણો અનુભવાય છે. ૯

अतो विलक्षणक्लेशादानन्दोऽपि तथाविधः ।
कामाप्तितः परं कृष्णसायुज्यं नित्ययोगयुक् ॥१०॥
पुरुषोत्तमसम्बन्धो ह्यन्तर्गृहगतास्विह ॥१०½॥

એથીજ આ જુદીજ જાતના ક્લેશથી જે આનન્દ ઉત્પન્ન થવાનો તે પણ જુદીજ જાતનો. કામથી ઉત્પન્ન થયેલા ક્લેશથી પ્રભુનું સાયુજ્ય થાય છે, એટલે કે જે પ્રમાણે વેણુનાદ થતાં પતિ-પુત્રાદિકના વિઘ્નથી જે ગોપાઙ્ગનાઓ ઘર બહાર ન નીકળી શકી અને દેહત્યાગ કર્યો, તે ગોપાઙ્ગનાઓના નિત્યસાયુજ્યાત્મક પ્રભુ-સમ્બન્ધ થયો, તેવા પ્રકારનો નિત્યસાયુજ્યાત્મક પ્રભુસમ્બન્ધ થાય. ૧૦½

सर्वात्मभावक्लेशेन संयोगेन कृतार्थिता ।
क्लेश एव हि संयोगाधिकानन्दानुभूतितः ॥११३॥

સર્વાત્મભાવથી ઉત્પન્ન થનારો કલેશ, જેમા છે, તેવા સંયોગથી જીવ કૃતાર્થ થઇ જાય છે; ત્યારે પણ સંયોગના અધિક આનન્દનો અનુભવ થતા થાય છે તે કલેશજ. ૧૧ ૩/૪.

यथा प्राकृतदेहेषु नियता कामसंस्थितिः ।
तथाऽलौकिकदेहेषु सर्वभावप्रतिष्ठितिः ॥१२३॥

જે પ્રમાણે લૌકિક સ્ત્રીપુરુષોમા કામ (ઇન્દ્રિયોના વિષયો) ની સ્થિતિ ચોક્કસજ હોય છે, તેજ પ્રમાણે લોકાતીત દેહધારીયોમાં સર્વાત્મભાવની સ્થિતિ રહેલી છે. ૧૨ ૩/૪.

अत एव निरूप्यन्ते निष्कामास्ते व्रजस्थिताः ॥१३॥

तादृशैर्भगवल्लीला सर्वथैव हि युज्यते ।
तस्मादेव हि सम्पन्नः सर्वोऽप्यर्थो विचारणे ॥१४॥

આથી કરીનેજ વ્રજની અન્દર રહેલાં ગોપીજનોમા સર્વાત્મભાવની સ્થિતિ રહેલી હોવાથી તેઓ નિષ્કામ હતા. (કામ માત્ર લૌકિક જીવોમાજ હોઇ શકે, અલૌકિકમાં નહીં.) તેમા સર્વાત્મભાવયુક્ત નિષ્કામ જીવો સાથે પ્રભુની લીલા દરેક રીતે યુક્ત થઇ શકે છે. તેથી કરીનેજ આ સમ્બન્ધમા જે કાંઇ અહીં વિચાર કર્યો. તેનાથી સર્વાત્મભાવ-વિષયક જે કાંઇ ખુલાસો જોઇતો હતો, તે પ્રાપ્ત થયો છે. ૧૪.

धर्मादिलक्षणः सर्वभावेन-कृष्णसेवनम् ।
संयोगविप्रयोगाभ्यां तदानन्दोऽपि भिद्यते ॥१५॥

બન્નેથી ઉત્પન્ન થનાર ફળરૂપ તાત્પર્ય [illegible] સર્વાત્મભાવ એ ક્રમથી તદ્દન જુદા પ્રકારનો જ છે. તેના બે પ્રકાર એ સંયોગાત્મક છે અને સર્વાત્મભાવ વિપ્રયોગાત્મક છે, તેથી સર્વાત્મભાવના પરિણામે થનારો આનંદ પણ જુદા પ્રકારનો છે ૧૫.

एतद्वेदोक्तमाचार्यैः फलं सर्वं समर्पितं ।
'तापक्लेशानन्द'रूप तद्रूपेऽपि विवेचितः ॥१६॥

શ્રીમદાચાર્યજીએ આ જ ફળને ઉદ્દેશી 'તાપ-ક્લેશ-આનંદ'ના ગ્રંથરૂપે સર્વ ફળ સમર્પણના વિષયમાં નિર્દેશ્યું છે, તે ખ્યાલ અહીં સર્વાત્મભાવવિષયક ખુલાસો મેં કર્યો છે. ૧૬.

तद्दासदासदासोक्त्या तदीया गतसंशयाः ।
ब्रह्मसम्बन्धवाक्यार्थं विदधन्तु कर्मनि ॥१७॥

શ્રીમદાચાર્યજીના દાસાનુદાસના પણ દાસ આ હરિદાસના વચનથી સંશયોથી મુક્ત થઈ બ્રહ્મસંબંધમંત્રના અર્થને જાણી વૈષ્ણવો આપશ્રીના કથનો જ ભાવના ઉપર ધ્યાન દઈ. ૧૭



१६. अष्टाक्षरशरणमन्त्रपूर्वपक्षनिरासः।

પૂર્વપક્ષ

अष्टाक्षरमहामन्त्रः शरणैकप्रकाशकः ।
तन्त्रसिद्धः कथं पुष्टिमार्गे साधनमिष्यते ॥१॥

માત્ર એક શરણનેજ પ્રકાશાવનારો **તન્ત્ર શાસ્ત્રો**માં સિદ્ધ થયેલો એવો 'श्रीकृष्णः शरणं मम' એ અષ્ટાક્ષર મહામન્ત્ર પુષ્ટિ-માર્ગમાં સાધનરૂપ કેવી રીતે કહી શકે? ૧.

विभूतिवाचिनस्तस्मान्न सिद्धिः पौरुषोत्तमी ।
भक्तिहंसे प्रपद्येत, विरोधः स्पष्ट एव हि ॥२॥

વિભૂતિનો બોધ કરનારા તે મન્ત્રથી ભક્તિહંસમાં જેવા પ્રકારની પુરુષોત્તમ-પ્રાપ્તિ કહેવામાં આવી છે, તેવી મળી શકે તેમ નથી. નીચે મુજબનો વિરોધ સ્પષ્ટ છેઃ— ૨.

उपासनाद्यगम्यत्वं तत्रोक्तं पुरुषोत्तमे ।
निःसाधनत्वभङ्गः स्याद् भक्तिमार्गस्य सर्वथा ॥३॥

ભક્તિહંસમાં શ્રીગુસાંઇજીએ પ્રભુ શ્રીપુરુષોત્તમ, ઉપાસના વગેરેથી પ્રાપ્ત કરી શકાતા નથી, એમ સ્પષ્ટ કહ્યું છે; અને આ મન્ત્રથી પ્રભુ પ્રાપ્ત કરી શકાય છે, એમ જો કહેવામાં આવે તો સર્વ-સાધનથી રહિત છે, છતાં આ મન્ત્રરૂપી સાધન આ માર્ગમાં હોય તો તેની નિઃસાધનતા ખણ્ડિત થાય છે. ૩.

अनुग्रहे तथा चान्यमपेक्षाद् भगवद्धृतेः ।
एवं कृते पूर्वपक्षे सिद्धान्तस्तत्र चोच्यते ॥४॥

પ્રભુનો પ્રેમ તો માત્ર પ્રભુના અનુગ્રહથીજ સિદ્ધ કરી શકાય તેમ છે, તે વાત આ રીતે હાથ તાળી દઇ છટકી જાય છે. આવા પ્રશ્નનો પૂર્વપક્ષ છે. તેના સમાધાન માટે સિદ્ધાન્તનો નિર્દેશ કરવામાં આવે છે:— ૪.

સિદ્ધાન્ત

पुष्टिमार्गप्रभोरास्यादयं हि पुनरुद्गतः ।
मन्त्रानुग्रहमूलत्वाद् वरणात्मा ततो मनुः ॥५॥

પુષ્ટિમાર્ગના પરમ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીના મુખારવિન્દાવતાર શ્રીમદાચાર્યજીદ્વારા આ મન્ત્ર ફરીવાર પ્રકાશિત થયો છે. આ મન્ત્ર મૂળ જ પ્રભુનો અનુગ્રહ હોવાથીજ આ મન્ત્ર વરણ (પ્રભુએ આપણો પુષ્ટિમાર્ગમાં સ્વીકાર કર્યો છે, તે)ના આત્મારૂપે રહેલો છે. ૫

तस्य साधनताया हि नापेक्षा हेतुता पुनः ।
विभूतिमात्रवाच्यत्वं चात एव न युज्यते ॥६॥
अत एवात्र न प्रोक्ता तस्य काचिदुपासना ॥६½॥

આ મન્ત્ર સાધનરૂપ બને, તેથી વરણ આ માર્ગમાં હેતુરૂપ છે, આ વાતને કશો બાધ આવે તેમ નથી. આ કારણેજ આ મન્ત્ર માત્ર વિભૂતિપરત્વે છે, એમ જો કહેવાય છે, તે તદ્દન અયુક્ત છે. અને તેથીજ આ માર્ગમાં આ મન્ત્રને અંગે કોઇ ઉપાસનાનો વિધિ બતાવવામાં આવ્યો નથી. ૬½.

यथा हि श्रवणादीनां भिन्नत्वं मार्गभेदतः ।
तथैव वक्तृभेदेन मन्त्रभेदो निरूपितः ॥७॥

જુદા જુદા માર્ગોમાં જેમ શ્રવણાદિ નવધા ભક્તિની પણ ભિન્નતા રહેલી છે, તેમ આ મન્ત્રના વક્તાના ભેદે કરીને મન્ત્રના સ્વરૂપમાં ભેદ રહેલો છે ૭.

स्तोत्रे कृष्णाश्रये चोक्तमिति श्रीवल्लभोऽब्रवीत् ॥८॥
यथा शुकमुखं प्राप्य पीयूषद्रवतोन्यते ।
श्रीभागवतशास्त्रस्य, तथात्रापि विबुध्यताम् ॥९॥

આ મન્ત્રનું સ્વરૂપ ખુદ શ્રીમહાપ્રભુજીયે 'આ વલ્લભે કહ્યું' એ પ્રમાણે શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રમાં વિવેચ્યું છે ભાગવતશાસ્ત્રના વક્તા અધિકારભેદે અનેક હતા, પરન્તુ ભાગવતની અમૃતરસાત્મકતા જે થઈ, તે તો શ્રીશુકદેવજીના મુખમાંથી તે રસઝરણો છૂટવા માંડ્યા એટલેજ, તેજ પ્રમાણે આ મન્ત્ર એ પૂર્વે ભલે અનેક વક્તાઓયે કહ્યો હોય પણ જ્યારે શ્રીમહાપ્રભુજીયે ખુદે કહ્યો, ત્યારેજ આના સાધર્મ માર્ગીય ચરુ સમ્યા સમજો ૯

श्रीमत्प्रभुभिरप्युक्तमत एव दयालुभिः ।
'यदुक्त तातचरणै'रित्यादिवचनामृतम् ॥१०॥

આ માટેજ પરમ દયાળુ શ્રી ગુસાંઈજીયે મઙ્ગલાચરણમાં 'શ્રી પિતાજીયે શ્રી કૃષ્ણ શરણ મમ એમ જે નિર્દેશ્યું છે, તેનાથીજ આ લોકમાં અને પરલોક-વિષયક વાતોમાં નિશ્ચિન્તતા છે', એવા વચનામૃત કર્યાં છે ૧૦

---

१७. स्वमार्गमर्यादानिरूपणम् ॥

भक्तिमार्गस्य मर्यादा विपरीता विशेषतः ।
विज्ञेया सर्वथा विज्ञैः पूर्वधर्मविनाशनम् ॥१॥

બુદ્ધિશાળી પુરુષોએ દરેક રીતે ભક્તિમાર્ગની મર્યાદા બીજા માર્ગો કરતા ખાસ કરીને ઉલટી છે, તેમ જાણવું. આથી આ પૂર્વધર્મની મર્યાદાથી તેને જુદ પડે છે. ૧.

धर्मस्त्यागात्मको ज्ञेयः प्रवृत्तौ शरणं मतः ।
सेवा च मानसी ज्ञेया पूजा कर्मविलक्षणा ॥२॥

આ માર્ગમા ધર્મ તે ત્યાગસ્વરૂપે રહેલો છે, તેમ જાણવું. તે ધર્મ જ્યારે નિવૃત્તિને બદલે પ્રવૃત્તિમા કરવાનો હોય ત્યારે તે પ્રભુના આશ્રયરૂપે રહેલો છે આ માર્ગમા સેવા માનસી જાણવી અને જે પૂજા છે, તે કર્મમાર્ગ કરતા જુદાજ પ્રકારની જાણવી ૨.

धर्मादिकरणं यत्र तदाज्ञापरिपालनम् ।
प्रमाणं भगवद्वाक्यैराविर्भूयोदितं हि यत् ॥३॥

આ માર્ગમાં પ્રભુની આજ્ઞાને બરાબર પાળવી તેજ ધર્મ વગેરેનું અનુષ્ઠાન; અને પ્રમાણ તરીકે પ્રભુએ શ્રીમહાપ્રભુજી સમક્ષ પ્રકટ થઇને જે આજ્ઞા કરી તેજ. ૩.

प्रमेयो हरिरेवात्र, न स्वर्गादिकमुच्यते ।
साधनं भगवन्मार्गे, फलं साधनमेव हि॥४॥

આ માર્ગમાં પ્રમેયરૂપ માત્ર પ્રભુજ છે; સ્વર્ગ વગેરે કંઈ પ્રમેય નથી (પ્રભુ સિવાય અન્ય કોઈની આ માર્ગના જીવને ઇચ્છા નથી.) એ પ્રમેયપ્રાપ્તિને માટે સાધન પ્રભુનો માર્ગજ છે; અને ફલ અને સાધન એકજ (સાધન અને ફલની આ માર્ગમાં અનન્યતા છે) ૪.

फल प्रथमतो देयमुत्तरं साधनं फलम् ।
सेवाप्रवृत्तिस्त्यागो हि प्रवृत्तेर्दूरवर्तिता ॥५॥

આ માર્ગમાં ફલ એ સાધન પહેલેજ રૂડેરૂં જાણવું. એ પછી સાધનરૂપેજ ફલપ્રાપ્તિ છે. આ માર્ગમાં પ્રભુસેવામાં પ્રવૃત્તિ કરવી, તેજ સાચો ત્યાગ છે; અન્ય સર્વ પ્રવૃત્તિ આ માર્ગથી હજારો ગાઉ દૂર છે ૫.

दैहिकं नास्ति कृष्णसेवार्थे न तथेन्द्रियम् ।
विरुद्धवर्तनं धर्मः कृष्णोक्तिविरोधतः ॥६॥

સર્વ દેહ સમ્બન્ધી તેમજ ઇન્દ્રિય સમ્બન્ધી જે કાંઈ કર્તવ્ય તે કૃષ્ણસેવા માટે છે. (કૃષ્ણસેવા સિવાય દેહ-ઇન્દ્રિયનો અન્ય કંઈ પણ ઉપયોગ નથી, એ આ વાક્યનો ભાવાર્થ છે.) શ્રીકૃષ્ણચન્દ્રજીએ યુદ્ધભૂમિ પર અર્જુનને જે વાત કહી, તે ઉપરથી સ્પષ્ટ થાય છે (બધા ધર્મનો સ્વીકાર કરે, ત્યારે પ્રભુના ઉપદેશે બધા ધર્મનો ત્યાગ થાય) વિરુદ્ધ વૃત્તિ તેજ આ માર્ગમાં ધર્મ છે. ૬.

एतदेवार्जुनायाह भगवान् स्वयमुक्तवान् ।
येनैव कृष्णसम्बन्धो धर्मः सोऽत्र निरूप्यते ॥७॥

યુદ્ધભૂમિ ઉપર અર્જુનને ઉપદેશવાને બ્હાને પ્રભુએ આજ વાત બતાવી છે. એટલુંજ સમજો કે જેનાથી શ્રીકૃષ્ણચન્દ્રજી સાથે સમ્બન્ધ થાય, તેનેજ આ માર્ગમા ધર્મ કહ્યો છે. ૭

दासत्वे भक्तिमार्गे हि तद्धर्मेण विधिर्मत ।
त्यागोऽपि सफलः सोऽपि यथा भगवदिङ्गित ॥८॥

ભક્તિમાર્ગ દાસપણામા રહેલો છે. ને દાસધર્મથી ભક્તિમાર્ગીય વિધિવિધાન છે. જે ભક્તિમાર્ગીય ત્યાગ છે, તે પણ સફળ છે ને ત્યાગ જે પ્રભુએ આચરી બતાવ્યા છે, તેના પ્રકારનો છે. ૮

वस्तुत स्वयमेवास्य मार्गस्य त्याग उच्यते ।
सेवाकृतौ स्वदेहादिनिरपेक्षत्वमादरात् ॥९॥

ખરૂ જોતા આ માર્ગને ત્યાગ આપોઆપજ સ્પષ્ટ છે, કેમકે સેવા કરવામા આદરપૂર્વક પોતાના દેહાદિકની સંભાળને લેશ પણ અપેક્ષા નથી ૯

ज्ञानमार्गपरित्याग शून्यत्वात्स्यान्निरर्थक ।
भक्तिमार्गपरित्यागे सर्वं भगवदर्थकम् ॥१०॥

જ્ઞાનમાર્ગમા જે ત્યાગ રહેલા તે શૂન્યને માટે છે, તે નકીર ન હોવાથી નકામો છે; જ્યાર ભક્તિમાર્ગીય ત્યાગમા તો બધુંજ પ્રભુ માટે છે ૧૦

परमानन्दसम्बन्धि सफल सर्वथा मतम् ।
उपकारोऽपि सान्निध्ये देहादीना महानसौ ॥११॥

જે કાંઇ પણ પરમાનન્દાત્મક પ્રભુના સમ્બન્ધનું થાય, તેની દરેક રીતે સફલતાજ છે; અને દેહાદિક સર્વ ભગવદર્થ થતા તે સર્વની કૃતકૃત્યતા પણ સિદ્ધ થાય છે. ૧૧.

सर्वत्र भगवद्बुद्धिर्भगवद्धर्मभावनात् ।
इन्द्रियाणां तथान्यस्य सम्बन्धस्य विनाशनम् ॥१२॥

ભક્તિજ સ્થલે પ્રભુના ધર્મોનોજ વિચાર આપ્યા કરતો હોવાથી આવા ભક્તને સર્વત્ર ભગવાનજ રહેલા છે, તેવી સમજ સ્ફુરે છે. ઇંદ્રિયોનો સમ્બન્ધ તેમજ અન્ય પદાર્થોનો સમ્બન્ધ આ ભગવદ્બુદ્ધિથી નષ્ટ થઇ જાય છે. (લૌકિક સમ્બન્ધોજ રહેતા નથી.) ૧૨.

प्रपञ्चस्फूर्तिसम्बन्धेऽप्येवं तद्विस्मृतिर्मता ।
तदर्थं भगवद्धर्माः सर्वे सर्वप्रकारतः ॥१३॥

श्रीभागवततो ज्ञेया स्वाचार्यविवृतेरपि ।
अन्यथा न भवेत्स्फूर्तिस्तद्धर्माणां हि संमृतौ ॥१४॥

આ જગદાદિની સ્ફૂર્તિના વિષયની વાત કરતાં પણ તે જગદાદિનું વિસ્મરણજ આ ભક્તિમાર્ગીય સ્વાગમમાં રહેલું છે. તે ખાતરજ દરેક પ્રકારે પ્રભુના જે સર્વ ધર્મો છે, તે શ્રીભાગવતજી માંથી શ્રીસુબોધિનીજીદ્વારા જાણી લેવા; કારણકે પ્રભુના ધર્મોનું જ્ઞાન ન હોય તો જગદાદિમાં પ્રભુના ધર્મોની સ્ફૂર્તિ થઇ ન શકે. ૧૪.

स्वानुभावेन संसारं नाशयित्वा तु सर्वथा ।
ज्ञापयित्वा हरेर्धर्मान् भावं दत्त्वा तथाविधम् ॥१५॥

प्रकारश्चापि विज्ञाप्य भक्तेः सर्वं स्वतो बलात् ।
प्रपञ्चस्फूर्तिराहित्ये विरक्तिनिःस्वार्थसाधकम् ॥१६॥
श्रीभागवतमेवात्र सर्वेषां हि गतिर्मता ॥१६½॥

શ્રીમદ્ ભાગવતજ સર્વ ભક્તોની પરમ્પર ગતિ છે. તે શું શું કરે છે? પોતામાં ભરેલા મહાન અનુભવોથી દરેક રીતે ભક્તના સંસારનો (અહન્તા-મમતા બુદ્ધિથી જે દુન્યવી પદાર્થોમાં આસક્તિ રહેલી હોય છે, તેનો) નાશ કરે છે; પ્રભુના ધર્મોનો બોધ કરે છે, ભગવદ્-ભાવથી ભરપૂર એવા ભાવનું દાન કરે છે; પોતાના બળથી ભક્તિના સમગ્ર પ્રકારનું જ્ઞાન આપે છે અને પ્રપંચ=જગદાદિની જે સ્ફૂર્તિ, તેમાં તેના વિરમણરૂપ ફળ અર્થને સિદ્ધ કરે છે. ૧૬½.

ज्ञाते तत्फलदं, तत्र हेतुस्तद्गुरुसंश्रयः ॥१७॥
तत्र हेतुः कृपा तेषां, तत्र सान्निध्यमिष्यते ।
सान्निध्ये तत्र सम्बन्धः, स तु सेवाकृतौ भवेत् ॥१८॥

"આ શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનું" જો જ્ઞાન થયું તો ફળદાયક થાય છે. પરન્તુ આ જ્ઞાનમાં ગુરુચરણોનો આશ્રય હેતુરૂપ છે. શ્રીગુરુચરણોનો આશ્રય ક્યારે થાય કે જ્યારે તેઓની ભક્ત ઉપર કૃપા થાય. શ્રીગુરુચરણોની કૃપા માટે એઓશ્રીની પાસે રહેવું જોઈએ. પાસે રહીને પણ ગુરુ-શિષ્યના સમ્બન્ધે રહેવું જોઈએ. આ ગુરુ-શિષ્ય સમ્બન્ધ ત્યારેજ શક્ય કે જ્યારે ગુરુચરણોની સેવા કરવામાં આવે. ૧૮.

सेवा तदिङ्गितज्ञैः सर्वथा तत्र सिध्यति ।
दासधर्मेण सेवायां विधिर्नहि नियामकः ॥१९॥

સેવા ત્યારેજ સિદ્ધ થાય, જ્યારે ગુરૂદેવ જે પ્રમાણે આજ્ઞા કરે તે પ્રમાણે કરવામાં આવે. અમુક વિધિથી સેવા કરવી તેવું નથી. આ તો દાસધર્મ છે. એટલે જે પ્રમાણે આજ્ઞા તેજ પ્રમાણે કર્તવ્ય રહે છે; એમા કોઈ શાસ્ત્રોક્ત વિધિ નિયામક નથી. ૧૯.

यथाकथञ्चित्स्वस्वामिसन्तोषोत्पादनं हितम् ।
तस्मिंस्तुष्टे फलं सर्वं सिद्धमेव न संशयः ॥२०॥

કોઇપણ રીતે પોતાના ગુરુદેવ જેવી રીતે પ્રસન્ન રહે, તેવું કરવામાં આવે તેજ હિતકર છે. ગુરુ જો પ્રસન્ન થયા તો સકલ ફલ સિદ્ધજ સમજવાં; એમા કોઇ જાતની શઙ્કા ન લાવવી. (પ્રભુ ગુસ્સે થાય તો ગુરુ બચાવે; પરન્તુ જો ગુરુ ગુસ્સે થાય તો પ્રભુએ છેટા રહે, એ વસ્તુ જગજૂની છે –हरौ रुष्टे गुरुस्त्राता, गुरौ रुष्टे न कश्चन– એ પ્રાચીનકાળથી પ્રસિદ્ધ વાત છે.) ૨૦.

तस्मात्स्वमार्गमर्यादा विज्ञाय च तदाश्रितैः ।
तत्र मार्गे स्थितिः कार्या ह्यन्यथा भ्रश्यते यतः ॥२१॥

તેથી ભક્તિમાર્ગીય જીવોએ પોતાના માર્ગની મર્યાદાઓને સારી રીતે જાણી ભક્તિમાર્ગમાં સ્થિતિ કરવી. જો તે પ્રમાણે ન કરવામા આવે તો ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ થવાનો વખત આવે. ૨૧.

१८. स्वमार्गरहस्यनिरूपणम् ॥

'रसो वै सः' इति श्रुत्या रसरूपो निरूपितः ।
स सन्त्यस्य स्वशास्त्रेण यथा सिद्धस्तथा पुनः ॥१॥
द्विधा पूर्वन्तु सम्योगो विरहश्च तथोत्तरः ॥२॥

'પ્રભુ રસાત્મક છે' એ ઉપનિષદ્-વાક્યમાં જણાવ્યા પ્રમાણે પ્રભુનું સ્વરૂપ રસઘન છે. તેનું સ્વરૂપ આપણા શાસ્ત્ર મુજબ જે પ્રમાણે સિદ્ધ હોય, તે પ્રમાણે વિચારીશું. હવે એ રસ બે પ્રકારનો : પહેલો તે સંયોગરસ અને બીજો વિયોગ. ૧-૨

क्रियाप्रधानसम्योगे रसोद्बोधाय रूपिता ॥२॥
भावास्तथान्तरे युक्तस्वरूपमपि तादृशम् ।
भावात्मकं तु, तत्प्राप्तिर्भावप्राप्तिर्न चेतरत् ॥३॥

ક્રિયા જેમાં મુખ્યત્વે રહેલા છે, તેવા સંયોગાત્મક શૃંગાર રસમાં રસને જાગૃત કરવા માટે ભાવો રહેલા છે. તેજ પ્રમાણે વિયોગાત્મક શૃંગારરસમાં જે સ્વરૂપ છે, તે તેનું જ ભાવાત્મક છે (ભાવ વિના રસનિષ્પત્તિજ નથી) આ વિયોગાત્મક રસની પ્રાપ્તિ એનું નામજ ભાવપ્રાપ્તિ, બીજું કાંઈજ નહીં. ૩

स भावः सर्वथा पूर्वदेहस्वेनानिवर्त्यं च ।
विदध्यान्नूतनं देहं सर्वसामर्थ्यसंयुतम् ॥४॥
निष्प्रत्यूहं यथा तस्य वियोगानुभवो भवेत् ॥५॥

તે ભાવ પ્રથમના શરીરને પોતાને સ્વરૂપેજ રાખીને તેને જે પ્રમાણે કોઇપણ જાતની મુંઝવણ વિના પ્રભુના વિરહનો અનુભવ થાય તેવા પ્રકારના સમગ્ર સામર્થ્યવાળા નવાજ શરીરમાં ફેરવી નાખે છે. ૪૬.

स एव शङ्कितः सर्वमन्ये दोषः प्रभुप्रियैः ॥५॥
निरोधस्तस्य सततं प्रपञ्चस्मरणेन हि ।
तदभावो निरोधैस्तु लीलया गुणगानजः ॥६॥

આ વિયોગાનુભવને બાધક જે સ્થિતિ, તેનેજ શ્રીમહાપ્રભુજીએ નિરોધ એવી સંજ્ઞા આપી છે. સતત પ્રપંચ(જગતાદિ)નું સ્મરણ કરવામાં આવે તો આ નિરોધને બાધા આવે. (દુનિયાદારીમાં રચ્યા પચ્યા રહેનારાઓને આ નિરોધ સિદ્ધ થાયજ નહીં.) આવા પ્રકારનો બાધ ત્યારેજ ઉત્પન્ન ન થાય કે જ્યારે નિરોધપૂર્વક પ્રભુની લીલાઓના સ્મરણપૂર્વક પ્રભુના ગુણનું ગાન કરવામાં આવે. ૬.

दैन्यभावतयैव स्यात्सुलभा भावसंस्थितिः ।
यत्नादिदुर्लभो भावः कथं साध्यो हि तादृशैः ॥७॥
इति चिन्ताकुलायुक्तप्रकारं प्राहुराननम् ।
तत्प्रश्रयादिह प्रायः सर्वेषां तापसम्भवः ॥८॥

જો અતિ દીનતાની ભાવના કરવામાં આવે — જો સર્વદા દીનતાજ ધારણ કરવામાં આવે તો તેવા પ્રકારના ભાવની પ્રાપ્તિ થાય. આવા પ્રકારનો ભાવ તો બ્રહ્માદિ દેવોને પણ મુશ્કેલીથી પ્રાપ્ત થાય તેવો છે. તે સામાન્ય મનુષ્યોને સિદ્ધ કેવી રીતે થાય,

તેવી ચિન્તાવાળા પરમકૃપાળુ પ્રભુએ પોતાના મુખારવિન્દ॥ અવ-
તારરૂપ શ્રીમહાપ્રભુજી પ્રકટ કર્યા તે શ્રીમહાપ્રભુજીને આગળ
જતાથી આગે ભાગે મધાને વિપ્રયોગાત્મક તાપક્લેશનો જન્મ થાય
(કેમકે તાપક્લેશ સિવાય ભાવપ્રાપ્તિ શક્ય જ નથી) ૮

तापेन सर्वथा सर्वपरित्यागो भविष्यति ।
परित्यक्तेऽखिले नूनं प्राप्स्याम्यन्ते भवेत् ॥९॥

જો નવા પ્રકારનો તાપક્લેશ થાય તો જ સર્વ રીતે દુન્યવી
સર્વ પદાર્થોનો ત્યાગ થાય અને સર્વ દુન્યવી પદાર્થોનો ત્યાગ થય
ત્યારેજ પ્રપંચ્ય દુનિયાનું ભ્રમણ ટળી શકે ૯

तदस्मृतौ तदासक्तिः सर्वैर भविष्यति ।
आसक्तौ व्यसनं जाते परं किमवशिष्यते ॥१०॥

હવે જો દુન્યવી પદાર્થોનું વિસ્મરણ સિદ્ધ થઈ કે તરતજ
પ્રભુમાં આસક્તિ દરેક પ્રકારે થાય અને આસક્તિ થતા વ્યસન
થઇ ચૂક્યું તો પાછી બાકી શું રહ્યું ? ૧૦

बाधिका सैव सततं न दुर्लभतमा रतिः ।
अतो विधेयः सुधिया श्रीमदाचार्यसंश्रयः ॥११॥

પ્રભુમાં પ્રેમ સુલભ નથી પરન્તુ દુન્યવી પદાર્થોનું સ્મરણ
એજ ભારે બાધ કરનારું છે માટેજ બુદ્ધિશાળી પુરુષે શ્રીમદ-
પ્રભુજીનું શરણું ગ્રહવું ૧૧

तस्मात्स एव मनुजैरनन्यैः साधनोज्झितैः ।
सर्वदा सर्वभावेन सेवनीयस्तदाश्रितैः ॥१२॥

તેથી શ્રીમહાપ્રભુજીને શરણે આવેલા અનન્ય અને નિઃસાધન જીવોએ હમેશાં સમગ્રભાવપૂર્વક શ્રીમહાપ્રભુજીના ચરણોનેજ સિદ્ધ કરવું (અથવા સ્વરૂપ પ્રભુનું સેવન કરવું) ૧૨



१९. मधुराष्टकतात्पर्यम् ॥

स्वरूपगुणभेदेन द्विविधं गानमुच्यते ।
स्वरूपं तु रसानन्दस्तथा लीलासमन्वितः ॥१॥

સ્વરૂપગાન અને ગુણગાન એવા ભેદે ગાન બે પ્રકારનું કહેવાય છે પ્રભુની લીલાઓથી યુક્ત રસાત્મક જે આનન્દ, તે સ્વરૂપ. ૧.

गुणास्तु भगवद्धर्माः स्वरूपोत्कर्षहेतवः ।
ते परोक्षे हि गीयन्ते स्वाश्रयहेतुतयात्मनः ॥२॥

ગુણો એ તો પ્રભુના ધર્મ છે અને ઉપર જે સ્વરૂપ કહેવામાં આવ્યું, તેની મહત્તાના કારણરૂપે રહેલા છે જીવને પોતાની પ્રભુમાં આસ્થા કરવાના કારણે એ ગુણોનું ગાન પ્રભુની પરોક્ષતામાંજ થાય છે. ૨.

स्वरूपं तु सदानन्दमत्येकान्तपदेऽन्यथा ।
तत्तल्लीलाश्रयत्वेन माधुर्येण विभाव्यते ॥३॥

તે સ્વરૂપની તો પ્રભુના આનન્દાત્મક સ્વરૂપના એકે એક અંગે કરી પ્રભુની તે તે લીલાનો સમાશ્રય કરતા જતા મધુરતાએ કરી ભાવના કરવાની આવે છે ૩.

निरूप्ये तु समाने तु यदा स्यात्तु न शक्यते ।
तदा तेनैव रूपेण विरहे तापसंस्थितौ ॥४॥
निरूपणं रसस्याथ माधुर्येणैव जायते ।
तस्यानुभववेद्यत्वात् रूपेण कथ्यते ॥५॥

નિરૂપણ સ્વરૂપ અને ગુણો, એ બન્નેનું સમજવું હોય છે. હવે જ્યારે એનાં એ અંગોમાં આનંદનું નિરૂપણ સાથે રહી નથી શકતું ત્યારે તેજ રૂપે તાપક્લેશયુક્ત એવા હૃદયે તે મધુરતાએ કરી રસનું નિરૂપણ વિરહમાં લાગે છે. રસ એ માત્ર અનુભવથીજ જાણી શકાય તેવો છે. એટલે માત્ર રૂપદર્શનથી રસનિરૂપણ કોઈપણ રીતે સમજાવી શકાતું નથી ૫

अतः सम्भूय ता सर्वा स्वानुभूतरसात्मकम् ।
वियोगभावे स्वं भावं वर्णयन्ति हरिं तथा ॥६॥

એટલે એ બધી લીલાઓ પ્રકટ થતાં વિપ્રયોગાત્મક ભાવે કરી પોતે અનુભવેલા રસાત્મક ભાવનું નિરૂપણ પ્રભુનું વર્ણન કરવા માંડે છે ૬

तत्तल्लीलान्तरङ्गस्त्याः स्मृत्वा स्मृत्वा तदङ्गकम् ।
अतो माधुर्यरूपेण रूपयन्ति परस्परम् ॥७॥

અને તેથી કરી તે તે લીલાઓમાં રહેલાં ગોપાઙ્ગનાઓ તે તે અઙ્ગનું સ્મરણ કરી તે તે અઙ્ગને મધુરતાના સ્વરૂપમાં પરસ્પર વર્ણવે છે. ૭

एकाधरं तथैवान्या वदनं नयनं परा ।
एवमग्रेऽपि विज्ञेयं सम्पूर्णे मधुराष्टके ॥८॥

એક ગોપાઙ્ગનાએ પ્રભુના અધરનું વર્ણન કર્યું તો બીજાએ મુખનું વર્ણન કર્યું તો ત્રીજાએ નેત્રનું વર્ણન કર્યું. આમ સમ્પૂર્ણ મધુરાષ્ટકમાં આગળના શ્લોકમાંના તે તે અઙ્ગનું પણ જાણવું. ૮.

एतदेवास्मदाचार्यैरतिगुप्तं निरूपितम् ।
तद्भावभावने सिध्येदेतद्ग्रन्थार्थभावनात् ॥९॥

આજ અતિ ગુપ્ત વાત આપણા શ્રીમદ્વલ્લભાધીશ્વર પ્રભુએ બતાવી છે. આ મધુરાષ્ટક ગ્રન્થના અર્થની ભાવના કરવાથી પ્રભુના તે ભાવની ભાવના સિદ્ધ થઈ શકે. ૯.

तद्बोधोऽपि निजाचार्यकृपया प्रभुकारितः ।
तादृशैर्ज्ञापितो वापि भवेन्नैवान्यथा क्वचित् ॥१०॥

તે અર્થનો બોધ પ્રભુનો કરાવ્યો શ્રીમહાપ્રભુજીની કૃપા વડે થાય કે ભગવદીયો જણાવે ત્યારે થાય; એ વિના અન્ય કોઈપણ રીતે ક્યાંય પણ ન થાય. ૧૦.

२०. सर्वात्मभावनिरूपणम् ॥

कृष्णस्य कृपया किञ्चिद् धृदयागतया मया ।
सर्वात्मभावशब्दार्थः कश्चनात्र विविच्यते ॥१॥

હૃદયમાં આવી રહેલી પ્રભુકૃપા વડે **સર્વાત્મભાવ,** એ શબ્દનો કેટલોક અર્થ મારા વડે અહીં વિવેચવામાં આવે છે. ૧.

सर्वेषामिन्द्रियाणां हि देहादीनां तथा पुनः ।
आत्मभावो भगवति सर्वभावः स कथ्यते ॥२॥

બધી ઇન્દ્રિયોનો તેમજ દેહાદિક સર્વનો ભગવાનમાં જે આત્મભાવ=અનન્યભાવ, તેને **સર્વભાવ** કહેવામાં આવે છે. ૨.

आत्मभावश्च सर्वत्र स्वसम्बन्धविचारणम् ।
स्वस्य सम्बन्धिताऽस्फूर्तिरस्माकं भगवानिति ॥३॥

પોતાનો બીજામાં જે સમ્બન્ધ, તેનો જે વિચાર અને 'આ અમારા ભગવાન' એવી જાતનું જે સમ્બન્ધીપણું તેની અસ્ફુર્તિ (વસ્તુસ્થિતિએ સ્વ-પરભેદનોજ અભાવ) તેનું નામ આત્મભાવ. ૩.

देहेन्द्रियाणां प्रत्येकमाकाङ्क्षारहिता हरौ ।
आकाङ्क्षायां तु विषये भावसत्त्वाच्च सर्वता ॥४॥

આપણાં જે દેહ-ઇન્દ્રિયો, તે પ્રત્યેકની પ્રભુને વિશે લેશ પણ આકાંક્ષા ન હોવી જોઈએ (કેમક તેટલો દ્વિધાભાવ આવ્યો.) હવે

જો આકાશા રહે તો ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના વિષય એવી ઇન્દ્રિયોના ભાવની સ્થિતિ રહેવાથી **સર્વપણું** ન થાય. ૪.

अत एव हि तद्भावे देहाद्यस्फूर्तिरुच्यते ।
स्फूर्त्यां तत्रापि वै भावो भवेत्पोषादिहेतुकः ॥५॥

આથી કરીનેજ સર્વાત્મભાવમાં દેહાદિકની સ્ફુરણા ન હોવી જોઇયે, તેમ કહેવામાં આવે છે. હવે જો સ્ફુરણા થયા કરતી હોય તો તેને ઇન્દ્રિયોના પોષણાદિક (તે તેના વિષયની સમ્પૂર્તિ) ના કારણરૂપ રહેલો દ્વૈતજ્ઞાનવાળો ભાવ થાય. ૫.

तथैव विषयत्यागः सर्वतासाधनाय हि ।
कामभावे कामफले भावतो नहि सर्वता ॥६॥

સર્વપણાને સિદ્ધ કરવા માટેજ ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ છે. કામ-વિષય હોય તો કામનું ફળ થાય અને તેના કામભાવથી (જેમાં વિષયાપેક્ષા રહેલી છે, તેવી સ્થિતિથી) **સર્વપણું** સિદ્ધ ન થાય. ૬.

'अहं भगवतः सर्वे' इति सर्वात्मभावनम् ।
'प्रभुर्ममे'ति भावो हि कामभावो यतो मतः ॥७॥

સર્વાત્મભાવનો અર્થ એ કે- 'હું સમગ્ર પ્રભુનો છું.' તેથી ઊલટું **કામભાવ** એ કે- 'પ્રભુ મારા છે.' (પહેલામાં ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ છે, નિઃસ્વાર્થતા છે, જ્યારે પાછલામાં વિષય-સમ્પૂર્તિની ઇચ્છા રહેલી છે.) ૭.

२१. निवेदनतात्पर्यार्थः ॥

अथ निवेदनतात्पर्यार्थस्तु—सृष्ट्यादावेव जीवाः स्वतो भगवता सृष्ट्यर्थं भिन्नाः कृताः; तेषां ततःप्रभृति भगवता सह भगवदंशानां विप्रयोगोऽस्त्येव, न परं तापक्लेशः, सम्बन्धाभावात्; सम्बन्धस्तु प्रपञ्चासक्तिनिवृत्त्या भवति, सा तु यावद्देहसम्बन्धमहन्ताममतयोर-विद्याकार्ययोः सत्त्वान्न भवितुं शक्नोति, अतो यत्राहन्ताममतयोर्भाव-

---

कृष्णमेव विचिन्तयेदितिवाक्योक्तप्रकारेण तद्भावनया संवृद्धौ जातायां सर्वा अपि प्रेमावस्था भवन्ति । ततस्तद्विना स्थातुमशक्त्याऽतिशयिततापोदये जाते 'वाङ् मनसि' इत्यादि (४-२-१) सूत्रोक्तप्रकारेण वागादिलयानन्तरं साक्षात्भगवत्प्रवेशः । ततस्तदिच्छानुसारेण तादृशसेवौपयिकदेहप्राप्त्या साक्षात्तल्लीलावलोकनतद्रसानुभवादिकं भवतीति सेवाफलप्राप्तौ क्रमो ज्ञेय इति दिक् ॥

ત્યારે આધુનિકોને ફલ શી રીતે મળે ?

આ વિષયમા વધારે વિગત Cતરીએ (નિ ૨૩)

एतद्देहावसाने तु कृतार्थः स्यान्न संशयः ।
इति निश्चित्य मनसा कृष्णं परिचरेत् सदा ॥

ભાવાર્થ — જેમ તેમ કરી ભગવાન્ મંતોષના ભગવાન્ પ્રગટ હોય તો કઇ પણ સિદ્ધ ન થાય એ હેતુથી ભગવત્પ્રગટના ઉપાયો દર્શાવે છે જેમ ભાગવતમા કપોત અને પિંગલાના દૃષ્ટાન્તથી જેવો વૈરાગ્ય દર્શાવ્યો છે તેવો વૈરાગ્ય સંપાદન કરવો સર્વ અપેક્ષાઓ ત્યજવી, કારણ કે જે સાપેક્ષ છે તે અસમર્થ છે માટે સર્વ અપેક્ષા ત્યજી પ્રભુમાજ મૂલ—સાધનાપેક્ષાજનક અને કાર્યાપેક્ષાયુક્ત—મનનેજ ભગવાનમા જોડવું અને કંઇ પણ સાધનની પ્રાપ્તિ ન થવાથી બહિર્મુખતામાં વિકલ—નાપાસ—થયેલા ચિત્તને વિચારીને પણ પાછું ભગવાનમાંજ સ્થિર કરવું, અને પિતા માતા જેમ પુત્રનું અહિત નહિજ કરે, હિતજ કરે છે તેમ ભગવાન્ પણ હિતજ કરશે, એવા દૃઢ વિશ્વાસપૂર્વક બહિર્મુખતા ન થાય તેમ સેવા કરે તો આ દેહાવસાને જરૂર પ્રભુ ॥ અનુગ્રહ—જનથી ભાગ્યોક્ત

પ્રકારે અલૌકિક દેહ પ્રાપ્ત થતાં ભગવદીયો સાથે પરસ્પર ભગવદ્‌-ગુણાનુવાદરૂપી અમૃતનું પાન કરતાં સ્નેહધર્મને દૃઢ કરતા ભક્તોની સાથે ભગવદીયોમાં અહર્નિશ ભગવત્સંગ-માં રહેતાં ગતાં આત્મામાં સાક્ષાત્ બ્રહ્માત્મક જ્ઞાન પ્રકટ થાય છે, અને આ જ્ઞાનથી અધિકાર ઉત્પન્ન થતાં પ્રભુ-ની પ્રાપ્તિ અનુભવ થાય છે આ અનુભવથીજ શ્રીપુરુષોત્તમ પ્રકટ થવાની તે ભક્તમાં યોગ્યતા આવે છે અને પ્રભુનો આવિર્ભાવ થાય છે આ સમયે આત્માનંદ સમુદ્રસ્થ શ્રીકૃષ્ણનું જ નિત્ય થાય છે ભાવભાવના (નિરોધલક્ષણોક્ત) પ્રકાર વડે સ્નેહવૃદ્ધિ થાય છે, આસક્તિ થાય છે, વ્યસન થાય છે (ટૂંકામાં કહીએ તો પ્રભુની ત્રણ અવસ્થાઓ આ ભક્તમાં પ્રકટે છે)

ભક્તની વ્યસન થયા પછીની સ્થિતિ—આ જ ભક્તને પ્રભુ વિના જરા પણ ચેન નજ પડે તે ક્ષણિક પ્રભુવિરહ પણ જરા પણ સહન નહી થાય ત્યારે વિરહનો અતિશય તાપ પ્રકટે ત્યારે તાદૃશભગવદીયોક્ત રીતે રાગાદિનો લય થતાં બાદ સાક્ષાત્ ભગવત્પ્રવેશ થાય છે પુ। તે ભક્તની ઇચ્છાનુસાર નવો સેવોપયોગી દેહ પ્રાપ્ત થાય છે અને તે અલૌકિકદેહ દ્વારા સાક્ષાત્ તે તે લીલાનું અવલોકન અને તે તે લીલારસનો અનુભવાદિ થાય છે આ પ્રમાણે સેવાફલની પ્રાપ્તિમાં ક્રમ જાણવો અર્થાત્ શ્રીમહાપ્રભુજીના સ્મરણમાં શ્રીગુસાંઈજી પ્રમેયબલથીજ સ્વરૂપમાં સાનુભવ થતો હાલમાં આપ નિત્યલીલામાં બિરાજે છે તેથી માર્ગમર્યાદાના બલથી ભક્તો ક્રમશઃ સેવાફલની પ્રાપ્તિ થાય છે એ પ્રમાણે સ્વરૂપનું તારતમ્ય જાણવું

સારાંશ (૧) શ્રીમદાચાર્યના ન કટચ સમયે શ્રીમહાપ્રભુજી જ પ્રમેયબલથી સ્વરૂપમાં પ્રભુનો સાક્ષાત્ અનુભવ થતો (૨) હાલમાં

વૈષ્ણવોને જો તેવો સાક્ષાત્ અનુભવ મેળવવો હોય તો સ્વરૂપજ્ઞાન અને સેવાપ્રકારજ્ઞાન મેળવો. (સેવા અને સ્વરૂપજ્ઞાન માટે સામ્પ્રદાયિક ગ્રન્થો વાચવા જોઈએ.) (૩) જેને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન ન હોય તેની સેવા ઉત્તમ ન થાય, અને ભજન છૂટી જાય, દુઃખી થાય. (૪) જે લોકો ભાગવતાર્થ વિચાર કરવામાં પોતાનો સમય ગાળે છે તે મુખ્ય સેવાનિષ્ઠ છે. (૫) જો હાલના વૈષ્ણવોએ સાક્ષાદ્ અનુભવ મેળવવો હોય તો પ્રભુ ઉપર વિશ્વાસ રાખી શરણભાવન કરવું. (૬) આ વિશ્વાસથી ક્રમશઃ હૃદયમા પ્રભુનો આવિર્ભાવ થશે.



२८. अन्तरङ्गबहिरङ्गप्रपञ्चविवेकः ॥

अथान्तरङ्गबहिरङ्गलीलाश्रययोः प्रपञ्चयोर्भेदो निरूप्यते । तत्रान्तरङ्गलीला पुरुषोत्तमरूपेण, इतरा जीवान्तर्यामिरूपाभ्याम् । तत्र तयोराद्यः केवलानन्दमयः, अपरस्तु जडजीवात्मकस्तिरोहितानन्दरूपः । तथा पुरुषोत्तमसमवायिकारणकोऽक्षरसमवायिकारणकश्च । अविकृतो विकृतश्च । विकारश्च मायया कृतः । तथा मायासम्बन्ध रहितस्तत्सम्बन्धी च । तथा नित्योऽनित्यश्च । पूर्वस्य विकृतरूपेणापि नित्यत्वं, तस्या अपि स्वरूपात्मकत्वात् । भगवानेव तया भवति न तु माया । तथा अपरस्य विकृतत्वं माययैव । अत एव ब्रह्मविदां निरस्तमायानां तथा ब्रह्मत्वेन प्रतीतिः । प्रकृते तु

गतदोषाणां लीलारूपेणैव प्रतीतिः तस्यैव च रसत्वात् । अत एव श्रुतयः प्रसन्नात् भगवतो वृन्दावनप्रदर्शितमन्मथलीलातिशयरूपमविशेषेण दृष्टवत्यः । अत एव बृहद्वामनपुराणे, ' नानारत्नमदोन्मत्त नत्र गोपीकदम्बकम् ' इत्यादि । अन्यच्च, पूर्वं प्रकृष्टानन्द, पश्चात्तिरोहितानन्द । तथाच रसात्मकौ, अपरे नीच । तत्रापि भक्तानन्दविषयानन्दाभ्यां विशेष ।

उपक्रम-प्रपंच ने प्रकारना छे अन्तरंगलीलाश्रय प्रकार अने बहिरंगलीलाश्रय प्रपंच आ बन्ने प्रकारना प्रपंचोना वर्णननो उद्देश छे अन्तरंग प्रपंचन वर्णनमां ओज स्वतन्त्र वर्णननो उद्देश छे अन्तरंग प्रपंचमां प्रकट थाय छे प्रभु भक्तो हृदयरूपी आ भागमां प्रकट थाय छे अन्तरंग लीला नित्यलीला आ त्यांज आनन्दनिधि लीला छे अन्तरंग लीला नित्यलीला छे केवुं नित्यलीलावाद विशेषमां यथार्थ वर्णन छे तेमज श्रीपुरुषोत्तमयन्त्री पुष्टिप्रवाहमर्यादामां अन्तरंग पुष्टिसृष्टि नित्य छे, अन्तरंग पुष्टिसृष्टि मथाथीज प्रकट थाय छे अन्तरंग पुष्टिसृष्टिने हवे पण स्वभावथीज प्रभु आपे छे, स्वभावथीज आ सृष्टि साथे प्रकट करी छे । वगेरे सर्वत्र नित्यलीला-अन्तरंग सृष्टिना वर्णनो छे तेमज 'आविर्भूति' पण भगवदाविर्भाव भक्तो ना आधार उपर आधार राखे छे भक्तो भावना कारणभूत छे भक्तना हृदयमां पुरुषोत्तम प्रभु प्रकटे छे, त्यांज लीला छे नथी भक्ते बहार लीन प्रपंचमां आ जगत छे जो आ जगद्-प्रपंच करता नथी, ओज आ वर्णननुं स्वारस्य छे जगतरूपे भगवान करे छे, आन हि गवाता ता जाणे जगतरूपे भगवान करे छे हवे तेनुं पण शुद्धाद्वैत छे । तत्तारा रोट रहस्य छे हवे फरीथी

ત તન્ગ આ સખની જોઈએ

ત તન્ગ આ સખની જોઈએ અ તરગ લીલા મી
અ થારભ-ઉભય પ્રપ ચનું તારતમ્ય અને અન્તર-
પુર ાત્તમ-સ્વરૂપે છે, ત્યારે બહિરગ લીના પ્રપ ચ જીવ અને અન્તર-
યામી રૂપે છ આત્ર અન્તરગ લીના કેવળ આનદમય છે, ત્યારે
બીજી જડ઼જાત્મક હોઇ તિરાહિતાનન્દ છે આદ્યમા શ્રીપુરષોત્તમ
ગમનાથી છે ત્યારે બીજામા અક્ષર સમનાથી છે પહેલો અવિકૃત
, ત્યાર બીજો વિકૃત-વિકારવાળો છે વિકાર માયાકૃત છે, માટે
આદ્યને માયાના સબધ નથી બીજાને માયાનો સબધ છ પૂર્ણ
અવિકૃત અને નિત્ય છે ભગવાનજ તે અન્તરગ લીલારૂપ
પ્રકટ થયા છે માયાથી તે લીલારૂપ થયા એવુ નહિ, માટે અન્ત
રગ લીનાશ્રય પ્રપ ચ સ્વરૂપાત્મકજ છ, અવિકૃત છે બહિરગ
લીલાશ્રય પ્રપ ચ જે વિકારવાળો લાગે છે તે માયાથીજ એમ વિકૃત
લાગ છ વસ્તુતઃતુ માયા દૂર થતા આખ શુદ્ધ બ્રહ્મજ છે
નિરસ્તમાયાવાળા બ્રહ્મજ્ઞાનીઓ બ્રહ્મરૂપેજ આ બહિરગ લીનાશ્રય
પ્રપચનો અનુભવે છે અન્તરગ લીલાશ્રય પ્રપ ચનો તો નિર્દોષદૃષ્ટિ
વાળા ભગવદીયોને લીલારૂપજ અનુભવ થાય છે, અને તેજ યોગ્ય
છે કારણ શ્રુતિઓએ પ્રસન્ન થયેલ ભગવાન્ પાસેથી જ્યારે વર
દાન મેળવ્યુ ત્યાર વરદાનાર્થ પ્રદર્શિત સકલ લીલા વિશિષ્ટ ભગવ
સ્વરૂપનુ દર્શન યથાર્થ નિત્યલીલાવિશિષ્ટ દેખી રહ્યા નાના
ભાવો મદથી ઉન્મત્ત ગોપીકારૂપક જોવાનુ બૃહદ્વામન પુરાણે
વર્ણવ્યુ છે આદ્ય પ્રપચમા પ્રકટાનન્દ છે અપરમા તિરોહિતાનન્દ
છે આદ્ય સ્વાત્મક છ, બીજો નીરસ છે ભજનાનન્દ આદ્ય લીના
પ્રપ ચમા છ બીજામા વિષયાનન્દ હોવાથી ક્ષુલ્લક આનન્દ છે

ननु एव मति विलक्षणयोरपि एनयोर्नित्यत्वमविशिष्टमुभय-

अपि, इति, आविर्भावतिरोभावाभ्यां को विशेषः इति चेद् उच्यते ।

શંકા—આ બન્ને જાતના પ્રપંચ વિલક્ષણ છે, તથાપિ ઉભય પ્રપંચમા નિત્યત્વ સમાન રહ્યું છે. તો આવિર્ભાવ તિરોભાવથી ઉભયમાં કંઇ પણ તારતમ્ય નજ રહ્યું

आविर्भावतिरोभावयोस्तुल्यत्वेऽपि कारणवैलक्षण्यात् तद्विलक्षणत्वम् । कारणं च बहिरङ्गे तस्मिन् भगवदिच्छा, तत्रापि मूलेच्छा, तयैव तत्र तौ । अन्तरङ्गे तु भक्तेच्छा, तत्राप्यन्तरङ्गाणां तेषाम् । अत एव 'यद्यद् धिया त उरुगाय विभावयन्ति तत्तद्वपुः प्रणयसे सदनुग्रहाये'त्यादिवचांसि । अत एव 'कस्याश्चित्पूतनायन्त्या' इत्यत्र सकललीलानां प्रादुर्भावः । युक्तं चैतत् । लीलाप्रपञ्चस्य भक्तहृदयस्थितस्य आन्तरस्य तद्भावनाधीनाविर्भावत्वमिति सर्वमनवद्यम् ।

સમાધાન—આવિર્ભાવ તિરોભાવ સમાન હોય તો પણ કારણ વિલક્ષણતાથી એ ઉભય પ્રપંચમા વિલક્ષણતા આવી છે. બહિરંગ સૃષ્ટિમા કારણ ભગવાનની રમણેચ્છા છે ભગવાનની જગદ્રૂપે આવિર્ભાવ થવાની ઇચ્છા થતા અનેક જીવો વ્યુચ્ચરણ પામ્યા, એટલે તેમા ભગવાનની મૂલેચ્છાજ કારણ છે. અન્તરંગ પ્રપંચમા ભક્તની ઇચ્છા કારણ છે માટેજ અન્તરંગ ભક્તોએ ગાયુ છે કે 'ભક્તો જે જે સ્વરૂપની વિભાવના બુદ્ધિથી કરે છે તે તે સ્વરૂપને આપ ભક્તો ઉપર અનુગ્રહ કરવાને ધારણ કરો છો;' 'કોઇ પૂતના બન્યા અને કોઇ કૃષ્ણ બન્યા' વિગેરે ભાગવતના વર્ણનોમાં સર્વ લીલાનો ત્યાં

પ્રાદુર્ભાવ થાય છે. અને એજ યોગ્ય છે, કારણ કે લીલાપ્રપંચનું સ્થાન ભગવાનનું હૃદય છે. ભક્ત જેવી રીતે ભાવના કરે તે પ્રમાણે લીલાનો આવિર્ભાવ થાયજ. તેથી અન્તરંગ લીલા પ્રપંચ સર્વથા ભક્તેચ્છાધીન અને ભક્તેચ્છાકારણભૂત છે, એ નિર્વિવાદ સિદ્ધ થયું.

आचार्यचरणाम्भोजयुगलैकप्रसादतः ।
प्रपञ्चयोस्तु बोद्धव्यं वैलक्षण्यं स्वरूपयोः ॥१॥

श्रीहरिरायचरणविरचितोन्तरङ्गवहिरङ्गलीलाश्रययोः प्रपञ्चयो-विवेकः समाप्तः ॥

શ્રી આચાર્યચરણ શ્રી વલ્લભાધીશ પ્રભુના ચરણકમલ યુગલની કૃપાથીજ આ અંતરંગ પ્રપંચ અને બહિરંગ પ્રપંચનું સ્વરૂપથી તારતમ્ય જાણવું.



२९. भावसाधकवाधकनिरूपणम् ॥

यदा वैराग्यं स्याद् विषयजसुखे दुःखसदृशे
यदा वा सत्सङ्गो हृदयगतदोषापहरणः ॥
यदैवाचार्याणां चरणयुगले भावविमलं
मनः स्यात्सद्यैव व्रजपतिपदाम्भोजभजनम् ॥१॥

(ભાવાર્થ:) પરમકૃપાળુ શ્રીહરિરાયચરણ કળિકાળના જીવોના

કલ્યાણકારક રહેલો માર્ગ બતાવે છે. જો કે ભક્તિ કરનારાઓ બહુ જીવો જોવાય છે, તથાપિ તે દરેક જીવોને પ્રભુસાક્ષાત્કાર અગર સર્વાત્મભાવ થવા માટે મોટો વિલંબ થવાનું અનુમાન કરી શકાય છે. ભક્તિ કરતા પહેલા ભક્તિમા બાધ કરનાર વર્ગને પહેલા ઓળખવો જોઈએ. જ્યાંસુધી ભક્તિમા વિઘ્ન કરનાર તત્ત્વોને ઓળખી શકાય નહિ, અને ઉપાય લેવામા આવે તો તે ઉપાયો સાધનને બદલે બાધ કરનાર નીવડે છે. તેજ પ્રસંગ સમજાવવા માટે પરમવન્દનીય શ્રીહરિરાયપ્રભુ આ નાનકડા ગ્રન્થમા સચોટ રીતે ઉત્તમોત્તમ પ્રભુભાવ પ્રાપ્ત કરવા માટેના સાધનોની આજ્ઞા કરે છે. જીવો જગતમા લૌકિક સુખ એટલે વિષયસુખની મોટી બાબતમા પ્રબળ રીતે રત જ કરે છે તે પણ નિત્ય સુખમા લાલસા તો નહીંજ કેવળ માની લીધેલુંજ સુખ હોય છે. જ્યારે જીવ પોતે સ્વાર્થી અને સ્વાર્થમા આસક્ત હોય, એટલે તો તેનુ માનેલુ-ધારેલું સુખ પણ સાંસારિકજ હોય સંસારમા મિથ્યા સુખ સિવાય કશું હોયજ નહિં. પરિણામે તે માનેલુ સુખ, દુઃખ-રૂપેજ નીવડે છે. દાખલા તરીકે જીવ પોતે સ્ત્રી, પુત્ર, ધન વિગેરે વિષય સુખના સાધનોમા બંધાય છે. એટલે જે સ્ત્રી પુત્ર વિગેરેનુ સુખ તો ક્ષણિક અને થોડુંજ કામ પરંતુ તેઓને પરિણામે તો દુઃખજ આપનાર હોય છે તેથી તેવા સુખમા જ્યાંસુધી આસક્તિ થવાનો અભાવ ન થાય ત્યાંસુધી, જીવ પોતે શ્રીહરિની ભક્તિ કરી શકતો નથી. પરમકૃપાળુ શ્રીમદાચાર્યચરણે પણ આજ આજ્ઞા કરી છે કે " વૈરાગ્ય પરિતોષ ચ " વૈરાગ્ય અને સંપૂર્ણ સંતોષ પાળનાર જીવને ખરેખર અલૌકિક સુખ મળે છે તેજ આજ્ઞાને પુષ્ટ કરીને અત્રે શ્રીહરિરાયચરણ પણ પ્રથમ તો વૈરાગ્ય પાળવા માટે જોરથી ભલામણ કરે છે. જીવને સંસારના નશ્વર સુખોમા જ્યાંસુધી

વૈરાગ્ય ન થાય ત્યાંસુધી શ્રીહરિમાં આસક્તિ થતીજ નથી; કારણ
કે વિષયોના પાલનથી પરિણામમાં કામ, ક્રોધ, મોહ વિગેરે દરેક
દુર્ગુણો વધતા જાય છે અને કામાક્રાંત યા ક્રોધાક્રાંત શરીર થાય
એટલે હૃદયમાં પ્રભુનું બિરાજવું થતુંજ નથી. શ્રીમદાચાર્યચરણે
પણ આજ્ઞા કરી છે. " विषयाक्रांतदेहानां नावेशः सर्वथा हरेः " ।
જ્યાંસુધી શરીરમાં લૌકિક વિષયોનું સામ્રાજ્ય ચાલતું હોય ત્યાં-
સુધી પ્રભુ સર્વથા તેવા શરીરવાળા ભક્તના અંતઃકરણમાં પધાર-
તાજ નથી, એટલા માટે અહીં શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે
દુઃખપરિણામી વિષય સુખમાં જ્યારે વૈરાગ્ય થાય ત્યારેજ સાક્ષાત્
સર્વેશ્વર પ્રભુના ચરણારવિંદની ભક્તિ થઇ શકે છે; તેમ આગળ
ચાલતા આપ આજ્ઞા કરે છે કે કેવળ વૈરાગ્યથી પણ ભક્તિ ન
થઇ શકે, સાથે સત્પુરુષોનો સંગ પણ જોઇએ. હમેશાં જીવ તો
સ્વભાવથી દુષ્ટ હોઇ મોટી મોટી વાસનાઓ અને દોષોનું ધ્યાન
કરેનારજ છે એ તે દરેક વાસનાઓ અને હૃદયના દોષો દૂર કર-
વાનું સાધન એકજ છે કે જેને શાસ્ત્રોમાં સત્સંગ તરીકે વખાણ-
વામાં આવેલ છે. સત્સંગથી દુર્જના, હૃદયના, દરેક પરનિન્દા,
મુખરતા, (પારકાની નિન્દા કરવી, જેમ આવે તેમ બકવાદ કરવો)
વિગેરે દોષો દૂર થાય છે. શ્રીભાગવતમાં પણ આવીજ આજ્ઞા આપ-
વામાં આવી છે કે " सत्सङ्गेन हि दैतेया. " સત્સંગ કરવાથી આસુર
દૈત્ય જેવાઓનો ઉદ્ધાર થયો છે શ્રીમદાચાર્યચરણોએ પણ ભક્તિ-
વર્ધિનીમાં " अत स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परः. " (ભગવદીય
જનોની સાથે ભગવન્મંદિરમાં રહી સદુપદેશ ગ્રહણ કરવો.) આવી
રીતે આજ્ઞા કરી છે. આગળ જતા શ્રીહરિરાયપ્રભુ આજ્ઞા કરે છે
કે વૈરાગ્ય અને સત્સંગ થયા પછી પણ શ્રીમદાચાર્યચરણોમાં શુદ્ધ
મન થવાની ખાસ આવશ્યકતા છે, કારણ કે જીવ પામે કેટલું સાધન

હોય તથાપિ સાવ તેના ઉદ્વેગ કરનાર ન ગણાવું જોઈએ તો પણ
સ્વાય તથાપિ ભાવના ઉદ્વેગ કરનાર ન ગણાય, તેથી શ્રીઆચાર્યશ્રીના ચરણારવિંદમાં નિશ્ચયપૂર્વક વિશ્રામ-
ભાવ તેટલા માટે આચાર્યશ્રીના ચરણારવિંદમાં નિશ્ચયપૂર્વક વિશ્રામ-
પૂર્વક માન રાખવું જોઈએ, કારણ કે પ્રકટ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ
અને ભાગ્યદુષ્ટ અર્થાત્ જીવ વચ્ચે અવલંબન કરનાર કોઈ તત્ત્વ
નહિ હોય છે કે તે જોડણી કરનાર તત્ત્વ પણ કોઈ બીજું
તો નથી જ, તે પણ શ્રીભગવાનની ઇચ્છાથી વર્તનાર શ્રીમદા-
ચાર્યચરણ જ અન્ય કોઈની સત્તાની વાત નથી કે કોઈ પોતે જ
શ્રીઆચાર્યશ્રીને ઓળખી શકે "स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम"
પુરુષોત્તમ પ્રભુ પોતે પોતાના સ્વરૂપને જાણી શકે, અન્ય કોઈ તેને
ઓળખી શકે નહીં, આવી રીતે શ્રીભગવદ્ ગીતા પણ મોટા સ્વરથી
પ્રભુને સંબોધે છે તો પછી અહીં પણ શ્રીવદનાત્મક શ્રીમહાપ્રભુજી
સિવાય પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપને ઓળખનાર કે ઓળખાવનાર
બીજો કોઈ છે જ નહીં તેથી જ્યાંસુધી જીવને શ્રીઆચાર્યજીના ચરણો
નિ:સાધન શુદ્ધભાવપૂર્વક ચિત્ત લાગે નહીં ત્યાંસુધી પ્રભુસાક્ષાત્
થવો તે અતિના મનોરથ તુલ્ય ગણાય એના માટે શ્રી વૈષ્ણવ
- અનુગ્રહ અને આચાર્યચરણ આશ્રય, આ બંને વસ્તુ પ્રાપ્ત થાય
પછી જ શ્રી વ્રજપતિ શ્રીકૃષ્ણ પ્રભુના સ્વરૂપની ભક્તિ સિદ્ધ
થઈ શકે છે

હવે બીજો શ્લોક શ્રીસ્વામિનીજીના યશોગાનરૂપ બીજી
રીતે થાય છે. તે આજ્ઞા કરવા માટે શ્રીહરિરાય પ્રભુ દ્વિતીય
શ્લોક કહે છે

यदा चिन्ता चित्ते भवति मनत दर्शनकृते
यदा वा हृत्यार्तिर्भवति चरणस्पर्शक णे ॥

यदा वा सन्तापः प्रभवति परीरम्भणविधौ
तदैव स्यात्कृष्णव्यसनजनिभावोभगवति ॥२॥

(ભાવાર્થ.) જીવને લોકસુખ માટેની અને સ્ત્રી પુત્ર પરિવારની ચિન્તા મોટા પ્રમાણમા હોય એમા આશ્ચર્ય ન હોય; પરન્તુ સાક્ષાત્ શ્રીહરિના દર્શન કરવા માટે ચિત્તમા મોટી ચિન્તા સાથે ઉતાવળ થઈ ગઈ હોય, તે ચિન્તા પણ પ્રભુપ્રાપ્તિ માટેની હોવાથી અન્તઃકરણમા આનન્દ રસનું દાન કરનારી હોય છે. ફક્ત વિયોગાનન્દ અને સયોગાનન્દ આમ બે વિભાગ થઈ શકે છે. શ્રીહરિનો સાક્ષાત્કાર થાય અને તે દર્શનથી જે આનન્દ થાય છે, તે સયોગાનન્દ. પ્રભુનો વિયોગ થાય અને તાપથી અંતઃકરણ એકદમ વિહ્વલ બની જતા જે આનન્દાનુભવ થાય તે વિયોગાનન્દ કહેવાય છે. હવે જીવ તો અગણ્ય જન્મોથી પ્રભુના સ્વરૂપથી જુદો થયો છે, અને તે તે જન્મોમા લૌકિક સુખાદિનો અનુભવ કરતો રહ્યોજ છે. પરન્તુ તે અનન્ત કાળના પ્રભુવિયોગથી જે તાપક્લેશ થવાં જોઈએ તે ન થવાથી જીવ દુઃસ્વભાવી બન્યો છે. તેવા સયોગમા ઉપરના શ્લોકમા જણાવેલ શ્રીમદાચાર્યચરણકમળમા સદ્ભાવ થવાથી જીવને પોતાની સ્થિતિ અને કર્તવ્ય સમજાય છે, અને તેમ થતા પ્રભુના સાક્ષાત્કાર માટે જીવને જ્યારે અહર્નિશ ચિન્તા થાય છે ત્યારે શ્રી હરિમા દહનાત્મક ભાવના બીજ રોપાય છે; તેમ જીવ પોતે સ્વભાવથી નિરાધાર હોય છે તે દુરાચાર અને વિષયવાસનાઓ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના ચરણસ્પર્શ સિવાય કોઈનું દૂર કરવાનું સામર્થ્ય નથીજ. પ્રભુના ચરણસ્પર્શથી હૃદયનાં દરેક પાપ અને દોષ નિવૃત્ત થાય છે. દોષ નિવૃત્ત થતા સાક્ષાત્ શ્રીનાથ પ્રભુને મિલન થાય છે. તેથી શ્રીપ્રભુના ચરણ-જવા લાયક હૃદય બિલકુલ નાશ થાય છે.

સ્પર્શ કરવા માટે જ્યારે હૃદયમાં મોટી ચપળતા અને પીડા થતી હોય ત્યારે પ્રભુસમ્બન્ધી ભાવની સ્થિર દશા થાય છે. આગળ વધતાં શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે: પ્રભુદર્શન-ચિન્તા અને ચરણ-સ્પર્શ માટે હૃદયપીડા થાય ત્યારે જીવને પોતાના દેહના ધર્મની પરવા રહેતી નથી; અને આગળ જતાં વ્યસનનો સ્થાયીભાવ સિદ્ધ થાય છે. તે એવી રીતે કે સ્વરૂપનો અનુભવ કરનારા અંશરૂપ જીવો જ્યારે પ્રભુના સ્વરૂપનું અને પોતાની સ્થિતિનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારે તે સર્વ પ્રકારે શ્રીહરિને ભજવા અસાધારણ પ્રયાસ કરે છે, यो यदंशः स तं भजेत् (જે જેમના તાબાનો હોય તે તેમને અનુસરે છે-ભજે છે.) તે શ્રુતિ અનુસાર જીવો પ્રભુ વિના રહી શકવાને સમર્થ થતા નથી; કારણ કે શ્રીમદ્ ભાગવતમાં "ક્ષણ યુગ-शतमिव यासां येन विनाऽभवत्" શ્રી ગોપીજનોનો શુદ્ધ વ્યસની ભાવ વર્ણવતાં જણાવ્યું છે કે શ્રી ગોપીજનોને પ્રભુ વિનાનું એક ક્ષણ માત્ર પણ સેંકડો યુગ જેવું લાગતું હતું. તેથી શ્રીપ્રભુને ભેટવા માટે જ્યારે હૃદયમાં મોટો સન્તાપ થાય ત્યારેજ શ્રીકૃષ્ણ પ્રભુમાંજ એક વ્યસન ઉત્પન્ન કરનારો ભાવ સિદ્ધ થાય છે; એટલે આવો વ્યસનાત્મક ભાવ થવામાં શ્રી હરિરાયપ્રભુએ ઉપર જણાવેલાં ત્રણ કારણો બતાવ્યાં છે. તે સિવાય જીવ કૃતાર્થ થઇ શકતો નથી ૨.

यदा मानाभावो वसति हृदये दैन्यसहितः
प्रतिष्ठा वा लोके यदि न हृदि रोचेत विहिता ॥
यदा वार्त्यैर्दुःखं भवति पुरुषैर्नैव कुधियां
तदा कृष्णे भावो भवति सुखहेतुर्व्रजपतौ ॥३॥

આ જગતમા જીવને જ્યાસુધી અભિમાન હોય છે ત્યાસુધી ચિત્તની નિર્મળતા થતી નથી કેવળ અભિમાનના ત્યાગથી પણ કામ સરવાનુ નથી; દીનતાપૂર્વક અભિમાનનો ત્યાગ કરવામા આવે ત્યારેજ હૃદયને શાંતિ મળે છે. તેમ લોકમા રહેલી 'હુ રાજા છુ, હુ બ્રાહ્મણ છુ, હુ સંપત્તિવાળો છું,' વિગેરે અનેક પ્રકારની પ્રતિષ્ઠાની ઇચ્છા જરા પણ હૃદયમા ન રહે અને ખરાબ બુદ્ધિવાળા પુરુષો પોતાના સ્વભાવ પ્રમાણે કટુ વચનોથી નિન્દા અગર ચિત્તના ઉદ્વેગને કરે તો પણ જ્યારે અંતઃકરણમા થોડું સરખું પણ દુઃખ માનવામા ન આવે ત્યારેજ વ્રજના અધિપતિ સાક્ષાત્ શ્રીકૃષ્ણ પ્રભુના ચરણારવિંદમા ભક્તિનો ઉત્તમ ભાવ સિદ્ધ થાય છે, અને ત્યારેજ, ક્યારે પણ નાશ ન પામે એવુ કાયમનું સુખ જીવને મળે છે; કારણ કે પ્રભુ તો પોતે સર્વ સુખના સમૂહરૂપ છે, શાસ્ત્રમા આનન્દમય સ્વરૂપ શ્રીહરિનુજ વર્ણવેલું, આનન્દમય હોય તેજ આનન્દાનુભવ કરાવી શકે તે અલૌકિક શુદ્ધ નિત્ય અક્ષય આનન્દને મેળવવા માટે તો દૈન્યપૂર્વક અભિમાનનો ત્યાગ અને લોકની પ્રતિષ્ઠાનો ત્યાગ, આ બન્ને ત્યાગ ખાસ કારણ માટે વર્ણવેલા છે. ૩.

यदा यत्नः स्वीयो व्रजति विफलत्वं हि सकलो
यदा वा धर्मादि स्फुरति विहितोऽपि ह्यविहित ॥
यदा विद्या स्वीया वदति वदने नातिकृपया
तदा धर्मत्यागे भवति शरणे निश्चलमति ॥४॥

શરણમાર્ગમા મતિમા કોઈ જાતના ફળને ઉદ્દેશીને ચંચળતા હોય તો શરણ સિદ્ધ થઇ શકતું નથી. તે માટે આપશ્રી ચોથા શ્લોકનો આરંભ કરતા બુદ્ધિની ચપળતા દૂર કરવાનું સાધન

જણાવે છે:

લોકમાં ઘણા પ્રકારના પ્રયાસો કરવામાં આવે છે, પરંતુ તે દરેક પ્રયાસો તૌકિક તુચ્છ સુખને માટેજ સ્થાયેલા હોય છે તેથી જ્યારે લોક સુખ માટેનો દરેક પ્રયત્ન નિષ્ફળ જાય તથા શાસ્ત્રમાં જણાવેલા ધર્મોનું જો કે આગ્રહ રીતે પાળવા માટે વિધિ દર્શાવેલ છે, તો પણ પ્રભુમાંજ એક આશ્રય ને ફળ ગણનારા તદ્દશ જીવને તો શાસ્ત્રોક્ત ધર્મ વિગેરે પણ યાદ આવતા નથી, અને છેવટે ઉત્તમોત્તમ વિદ્યા પણ કોઇ જાતની શક્તિ આપનારી ન થાય અર્થાત્ વિદ્યા તો જ્ઞાનને વધારનારી છે અને મમતાને દૂર કરનારી છે, તો પણ અનન્ય પ્રભુનિષ્ઠ ભક્તને તેવી વિદ્યા કંઇ લાભ આપનારી થતી નથી, કારણ કે વિદ્યા છે તે પણ પરંપરાથી વિદ્યાના બંધનનેજ નિવૃત્ત કરનારી છે, કેવળ પ્રભુદર્શનનું સર્વાત્મા તેમનું સામર્થ્ય ન હોવાથી વિદ્યા તેવા શુદ્ધ પુષ્ટિમાર્ગીય જીવને કંઇ કરી શકતી નથી આથી રીતે લોકસિદ્ધ પ્રયાસ, શાસ્ત્રમાં વર્ણવેલા ધર્મ, અને વિદ્યા આ ત્રણ સાહિત્યની પણ પરવા રાખ્યા સિવાય પ્રભુ-ભક્ત તો ત્યાગ અનન્ય ભાવથીજ દરેક ધર્મનો ત્યાગ કરી હરિના ચરણમાંજ પોતાની બુદ્ધિને સ્થિર કરતો રહે છે ૪

यदा भर्त्तुः स्फूर्तिर्भवति मिलिते स्वार्पणविधे-
र्यदा वान्यैर्योगो न भवति हरेश्चार्पितधिया ॥
यदा वा विश्वास समुदयति मार्गे सुरुचिरो-
स्तदा भावस्थैर्यं भवति न विहन्येत सततम् ॥५॥

જ્યારે સર્વ દુઃખને હરણ કરનારા શ્રીહરિ ભગવાનમાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરી એકલા થઇને પોતાના

કરેલા શ્રીહરિને નિવેદનને ભૂલતા નથી. એટલે શ્રીહરિને દરેક વસ્તુ અર્પણ કરેલી હોઇને કોઇપણ લોકના દુઃખને યા સુખને ધારતા નથી અને જ્યારે પ્રભુમાંજ કેવળ બુદ્ધિને પરોવેલી હોવાથી અન્ય કોઇપણ પુરૂષો યા દેવતાની સાથે સાધારણ પણ સમ્બન્ધ ધરાવતા નથી તેમ દરેક જીવનો ઉદ્ધાર કરનારા પ્રભુના પુષ્ટિમાર્ગમાં અડગ વિશ્વાસ કાયમનો રહે છે. મોટા ભયંકર દુઃખો અને ક્લેશો વખતે પણ જ્યારે પ્રભુનો વિશ્વાસ છોડાતો નથી. ત્યારે તેવા ભક્તોનો ભાર પ્રભુમાં કાયમ માટે સ્થિર રહે છે. ભાવ પણ પ્રભુની નિષ્કામ ભક્તિ આપવા માટે તેમ સર્વાત્મભાવપૂર્વક તેવા ભક્તો પ્રભુનો એકજ આશ્રય રાખીને કયારે પણ હાનિને પામતા નથી. અને કેવળ પ્રભુના અલૌકિક સ્નેહના જોસ્સા થઇને અલૌકિક આનન્દમાં નિમગ્ન થાય છે. ૫

यदा लोके बुद्धिर्भवति भवभीताऽति शिथिला
यदा काचिल्लीला वसति हृदये रोधनपरा ॥
यदा तूष्णीम्भावो नयनयुगसङ्कोचसहितः
तदा तिष्ठेद् बुद्धिर्भगवति ह्यलौकिककला ॥६॥

જ્યારે લોકમાં નિષ્ઠાવાળી બુદ્ધિ સંસારના ભયથી અત્યંત શિથિલ પડી જાય છે, એટલે લોકના ક્ષણો દુઃખ પરિણામી (પરીણામમા દુઃખ આપનારા) હોવાથી ભક્તો તેવા ક્ષણો ગાળવા ઉન્માદ રાખતા નથી. તેમ હૃદયમા પ્રભુની અલૌકિક લીલામાંથી કોઇપણ એક લીલાનું નિત્ય રટન થતું હોય કે જેનાથી સંસારની વિસ્મૃતિ થાય અને પ્રભુમાં નિરંતર આસક્તિ થતી રહે, તેમ જગતમા સુખ અને દુઃખ આપનારી ઘણી વ્યક્તિઓ હોય છે, તોપણ તેવા ભક્તો તો તટસ્થ ભાવને પામીને મૌનજ ધારણ કરે છે સુખ મળે તો પ્રફુ-

૧૫

ક્ષિત થતા નથી અને ...ખ મળવાથી ઉદ્વિગ્ન થતા નથી અર્થાત્ સંસારના સમ્બન્ધમા પોતાના નેત્રોનેજ બંધ કરીને રહે છે તેવા ભક્તોની બુદ્ધિ તે વખતે ... ભગવાનમાજ એ ... થને ... છે અને ... પ્રભુના સાક્ષાત ... અલૌકિક ... લાભ લઇ ... છે

યદા વિત્ત ચિત્ત સ્મરતિ સતત લૌકિકફલ
યદા વા દેહાદિર્ભવતિ વિનિયુક્ત પરકૃતો ॥
યદા સઙ્ગાભાવો ભજનપથસમ્પ્રાપકમતા
તદા કૃષ્ણે ભાવ ક્વ ભવતિ વિનષ્ટેન્દ્રિયધિયામ્ ॥૭॥

જ્યારે ... ... અને ... અસત્સંગનો ત્યાગ કરવામા આવે ત્યારે પ્રભુમા ભાવ થતો નથી એ સિદ્ધ કરવા માટે આપશ્રી ભાવસાધક વસ્તુનુ વર્ણન કરે છે

ચિત્ત પ્રભુનું સ્મરણ કરવા માટેજ છે તે જ્યારે પ્રભુનુ સ્મરણ ... છોડીને નિત્ય લૌકિકનાજ ફળનુ સ્મરણ કરવામા રોકાય, તેમ પ્રભુની સેવા કરવા માટેજ સર્જાયલો દેહ જ્યારે ... ... સાધનમાજ તત્પર રહે તેમ સત્પુરુષોનો સંગ કરવામા ન આવે, તો પછી પ્રભુમા ભાવ કરી રીતે થઇ શકે ? તેથી લૌકિકના ફળનો ત્યાગ કરીને શ્રી-હરિની ભક્તિમાજ મન ... રાખવામા આવે, અને દેહ પણ શ્રી-હરિની સેવામા જોડવામા આવે, તેમ સત્પુરુષોનો નિરતર સંગ કરવામા આવે, કારણ કે સત્પુરુષો પ્રભુની ભક્તિનો માર્ગ દર્શાવનાર હોય છે અને પ્રભુના માર્ગને પ્રાપ્ત કરનાર હોય છે તેવા સત્પુરુષોનો સંગ ઘણો અનુકૂળ થાય છે એવા સારા ઇન્દ્રિયો અને બુદ્ધિ પ્રભુમા રાખનાર જીવોને ભક્તિભાવ મહાન માટે રહે છે ૭

यदा रागाभावो हरिपदसरोजेऽपि भवता
यदा वा समारे विषयसुखरागो हि सुदृढः ॥
यदा वा नोद्योग प्रभवति गुणाना च गृणने
तदा भाव स्वल्पः परिगलितहेतुर्भजपतौ ॥८॥

જ્યાં સુધી જીવોના હૃદયને વિષે પ્રભુના ચરણારવિંદમાં સ્નેહ હોય નહિ અને લોકમાં તુચ્છ દેખવાના પુત્ર સ્ત્રી વિગેરેમાં અત્યંત સ્નેહ હોય, તેમ જ્યાંસુધી રાગ વિનાના આ સંસારમાં ઇન્દ્રિયોના ક્ષુદ્ર સુખ માટે દૃઢતાપૂર્વક ઇચ્છા રહેતી હોય અને સર્વ સંતાપને હરનારા પ્રભુના ગુણગાન કરવામાં ઉદ્યોગ જાતનો પ્રયાસ કરવામાં ન આવે, ત્યાંસુધી સાક્ષાત્ વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણ ભગવાનમાં ઉત્તમ તેમ ભાવ થતો નથી કારણ કે પ્રભુમાં ભાવ એવા પ્રકારનો હાનો જોઇએ કે જગતના પદાર્થોમાં ક્યાંય ના ફળો આવે ક્યારે પણ થવી. જોઇએ જો સંસારિક સુખમાં આસક્તિ સહ ભાવ કરવામાં આવે તો તે સંસાર દુઃખ નહિ થતા જન્મ મરણના ચક્રમાં જ પડે છે, અને ક્યારે પણ અક્ષય સુખને પામતો નથી તેના કારણસર પ્રભુમાં સંપૂર્ણ સ્નેહ અને સમાગમમાં નિત્ય રહેવાથી ભક્તિભાવ સિદ્ધ થાય છે. ૮.

यदा वासो देशे हरिविमुखलोकैरनुमतो
यदा गेहासक्तिर्भवति न विरक्तिश्च मनसा ॥
यदा कृष्णासक्ते न विशति कदाचिन्निजगुणे—
तदा भाव कस्मात् भवति नटहेतोरिह नृणाम् ॥९॥

પ્રભુભાવ સાધવામાં સંગ દેશની પણ ખાસ આવશ્યકતા છે તે દેશ પણ પ્રભુથી વિમુખ થએલા જીવો નિવાસ કરતા ન હોય

જોઈએ ઈન્દ્રિયોથી વિમુખ થએલા જીવો જેમાં રહેતા હોય તે દેશમાં વાસ કરવાથી ભક્તિ સિદ્ધ થતી નથી લોકની આસક્તિનો ત્યાગ કરીને પણ વૈરાગ્ય પ્રાપ્ત કરવાનું કર્તવ્ય છે અને તે વૈરાગ્ય પણ કેવળ વચનથી ન હોવું જોઈએ મનથીજ દરેક વસ્તુના ફળની ઈચ્છા ન રાખવી તેજ ખરેખર વૈરાગ્ય છે શ્રીમદ્ ભગવતગીતામાં શ્રીભગવાને આજ્ઞા કરેલી છે કે ઈન્દ્રિયોનો સંયમ કરીને પણ મનથી ઈન્દ્રિયોના વિષયોનું ધ્યાન કરવામાં આવે તો તેવા આચરણ કરનાર જીવને તો મિથ્યાચારી કહેલો છે. તેથી વૈરાગ્ય પણ મનની શાન્તિપૂર્વક હોવું જોઈએ અને કદાપિ પણ જો ચિત્ત પ્રભુના ગુણમાં આકર્ષાઈને પ્રભુમાં પ્રવેશ ન કરે તો પછી આ લોકમાં પ્રભુભાવ કેવી રીતે થઈ શકે ? માટે પ્રભુના ગુણમાં સતત ચિત્ત આકર્ષાઈને પ્રવેશ કરે ત્યારે પ્રભુમાં સ્થાયીભાવ સિદ્ધ થતાં અન્ય કોઈપણ સાધનની પરવા રહેતી નથી ઉપક્રમ કરતાં શ્રીહરિરાયચરણ જીવને સંબોધીને આજ્ઞા કરે છે કે હે જીવ ! તું પોતેજ કહે કે જો મનથી વૈરાગ્ય અને પ્રભુમાં ચિત્તનો પ્રવેશ ન થાય તો પછી પ્રભુભાવ કેવી રીતે સ્થિર રહી શકે ? અર્થાત્ શરીરથી અને વાણીથી કરેલ વૈરાગ્ય અને ભક્તિ ત્યારેજ સફળ થાય છે કે, જ્યારે મનની ઉત્તમ અવસ્થા અને પ્રભુ પરાયણતા થાય એટલા માટે દરેક જીવોએ પોતાના મનને શુદ્ધ કરીને પ્રભુમાં લગાડવું અને દરેક લોકોની વસ્તુઓમાં મન કરવું નહીં



३०. श्रीकृष्णशब्दार्थनिरूपणम् ।

स्वाचार्यकृपया कृष्णशब्दार्थो विनिरूप्यते ।
' रसो वै स ' इति श्रुत्या रसात्मा स निरूपितः ॥१॥

આપણા આચાર્ય શ્રીમદ્વલ્લભાચાર્યજીની કૃપાએ કરી ' કૃષ્ણ ' શબ્દનો અર્થ કહેવામાં આવે છે ' रसो वै सः '–' પ્રભુ રસરૂપ છે,' એ ઉપનિષદ્-વાક્ય પ્રમાણે ભગવાન રસરૂપ કહેવામાં આવ્યા છે. ૧.

' कृषिर्भूवाचकः शब्द ' इति श्रुत्यन्तरेण च ।
सदानन्दो हि भगवान् स्फुटं कृष्णो निरूपितः ॥२॥

' कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः '–કૃષ્ણ શબ્દમાં કૃષ્ ધાતુનો અર્થ સત્તા અને ણ નો અર્થ આનન્દ થાય છે; ' એ એક બીજા ઉપનિષદ્-વાક્ય પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રજીને સ્પષ્ટ રીતે સત્ અને આનન્દરૂપ કહેવામાં આવ્યા છે. ૨.

सत्ता तथानन्द इति विवृतं नैव कुत्रचित् ।
इत्युक्तमस्मदाचार्यैस्ततो विवरणे मतिः ॥३॥

કૃષ્ણ શબ્દમાં કૃષ્ નો અર્થ સત્તા અને ણ નો અર્થ આનન્દ થાય છે, એ હકીકત કોઈએ ક્યાંય વિગતથી સમજાવી નથી; માટેજ શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં એ ઉપર વિવરણ લખ્યું છે. (ભા ૧૦-૮-૧૪ વગેરે સ્થાને ઉપરના સુબોધિનીજી) એ માટેજ એ અર્થનો વિસ્તારે ખુલાસો કરવા શ્રીમહાપ્રભુજી તત્પર થયા. ૩.

न भवेदेव जीवस्य तथापि तदुदीरितम् ।
'क्वैमा' स्त्रिय' इति श्लोकेऽवगत्याचार्यसंश्रयात् ॥४॥
वदामि कृष्णशब्दार्थं वस्तुतोऽनुवदामि हि ।
एकतास्यत्वमुभयोः श्रुत्योरेव हि सम्मतं ॥५॥

આપણે સામાન્ય જીવો હોવાને કારણે શ્રીમદાચાર્યચરણોએ (તેમજ શ્રીગુસાંઈજીએ) બતાવેલી હકીકત સમજી ન શકીએ, એટલે 'ક્વૈમા સ્ત્રિય' (ભા. ૧૦-૪૬-૬૦) એ શ્લોક ઉપરના શ્રીસુબોધિનીજીનો આશય શ્રીમદ્વલ્લભાધીશ પ્રભુના આશ્રયે કરી સમજી અહીં કૃષ્ણ શબ્દનો અર્થ બતાવું છું. ખરું જોતા આચાર્યશ્રીએ (અને તેજ શ્લોક ઉપર ત્યાં શ્રીગુસાંઈજીએ) કેટલુંક વિવેચન કર્યું છે, તેનોજ અહીં સાર કહી જાઉં છું— 'રસો વૈ સઃ' અને 'કૃષિર્ભૂવાચક:' એ બે ઉપનિષદ્ વાક્ય એકજ હકીકત કહે છે. ૪-૫.

रसवत्ता रसवतां हृदि सम्भवति स्फुट ।
भगवद्रसवत्त्वस्तु स्वामिन्यो नात्र संशयः ॥६॥
अतस्तद्हृदये सत्ता कृषिशब्दान्नन्दायते ।
रसानन्दश्च तत्रैव णकारेण बोध्यते ॥७॥

જેઓ રસિક હોય છે, તેઓને રસિકના હૃદયમા પોતાની મેળેજ ઉત્પન્ન થાય છે. જે ગોપીજનો રસ, તે પ્રભુવિષયક રસ ધરાવનારા હતાઃ એમ કહેવા સંશય નથી એટલે શ્રીગોપીજનોના હૃદયમા કૃષ્ શબ્દથી ભગવદ્-રસરૂપની સત્તા (હોવાપણું) કહેવામા આવેલી છે પ્રભુ હૃદયમા બિરાજતા હોવાથી એજ રીતે ણકારથી રસાત્મક આનન્દ રૂપે જણાવી શકાય છે ૬-૭.

अतः कृष्णः सदानन्दः स्वामिनीहृदयस्थितः ।
सत्ता भगवतो वाच्या नित्या त्रैकालिकी यतः ॥८॥
आनन्दश्च तथोपाधिरहितो नित्य एव हि ।
अतो हि स्थायिभावात्मा प्रभुर्वाच्यः श्रुतेर्मतः ॥९॥

એટલેજ સત્ અને આનન્દરૂપ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી શ્રીગોપીજનોના હૃદયમાં બિરાજી રહેલા છે. પ્રભુની સત્તા (પ્રભુનું અસ્તિત્વ) ત્રણે કાળમાં રહેતી નિત્ય છે. તે રીતે કોઇપણ જાતની ઉપાધિવિનાનો આનન્દ પણ નિત્યજ છે. એટલેજ ઉપનિષદોએ જેનું વર્ણન કરેલું છે, એવા તે સ્થાયિભાવાત્મક પ્રભુ છે ૮-૯.

भरतोऽप्याह तद्रूपं स्थायिभावो रस स्मृतः ।
स भावः प्रकृते वाच्यो यशोदोत्सङ्गलालितः ॥१०॥
अतो हि परमं तत्त्वमेतदेव निरूपितम् ।
'जानीत परमं तत्त्वं'मिति मत्प्रभुभिर्मुदा ॥११॥

નાટ્યશાસ્ત્રકાર ભરતાચાર્યે પણ આનું સ્વરૂપ તેજ કહ્યું છે. નાટ્યશાસ્ત્રમાં જે સ્થાયી ભાવ તે રસ એમ કહેવામાં આવે છે. (શૃઙ્ગારરસનો સ્થાયીભાવ 'રતિ' છે, તો જે 'રતિ' તેજ શૃઙ્ગારરસ) એ જે સ્થાયીભાવ એ શ્રીગોપીજનોના પ્રસઙ્ગમાં શ્રીયશોદાજીના ખોળામાં લાડ પામેલા ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર છે. એટલેજ મારા પ્રભુ શ્રી ગુસાંઇજીએ અણુભાષ્યના અન્તમાં 'શ્રીયશોદાજીના ખોળામાં લાડ પામેલા તેજ શ્રીકૃષ્ણચન્દ્રરૂપ પરમ તત્ત્વને જાણો' એમ કહી એજ શ્રીકૃષ્ણચન્દ્રરૂપ પરમ તત્ત્વ છે, એમ બતાવ્યું છે. ૧૦-૧૧.

तत्त्वं हि सकलो भावः स्थायी स परमो मतः ।
अतो वेदान्तभाष्यान्ते पञ्चमेतन्निरूपितम् ॥१२॥

વેદાન્ત ભાષ્ય શ્રીઅણુભાષ્યના અન્તમાં ' आनीत परम तत्त्वं ' એમ શ્રીગુસાંઈજીએ નિરૂપ્યું છે, તેનું કારણ પણ એજ છે કે સમગ્ર પરમ એવો સ્થાયીભાવ (એ રૂપ શ્રીકૃષ્ણચન્દ્રજી) એજ પરમ ' તત્ત્વ છે. ૧૨.

यतः प्राथमिको भावो ह्ययमेव हि दृश्यते ।
एतद्भावेन भगवानाविर्भूतो विराजते ॥१३॥

જેમકે સૌથી પ્રથમ થનાર જે ભાવ તે આજ રતિરૂપ ભાવ છે. આ રતિરૂપ ભાવની સાથે પ્રકટ થયેલા પ્રભુ બિરાજી રહ્યા છે. (રતિ=પ્રેમ એ વિના ભાવજ સમ્ભવી શકે નહીં.) ૧૩.

स भावः कथितस्तत्र 'यशोदायाः सुतोद्भवम्' ।
इति पद्ये तद्विशिष्टः स्थायिभावो निगद्यते ॥१४॥

' શ્રીયશોદાજીને પુત્રની ઉત્પત્તિ થઈ, ને વાત સાંભળીને આનન્દમાં આવેલા ગોપીજનોએ વસ્ત્રાદિકથી પોતાના આત્માને શૃંગાર સજ્યા ' (ભા. ૧૦-૫-૭) આ શ્લોકમાં તેજ ભાવ કહેવામાં આવ્યો છે; તે જે આનન્દ, તેનાથી યુક્ત એવો જે ભાવ, તેજ અહીં સ્થાયીભાવ છે; (અને તેજ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી.) ૧૪.

समालम्बयान्विलानां हि भावानामिह योऽद्भवः ।
स एव स्थायिभावेऽसौ गूढभावो निरूप्यते ॥१५॥

જેના આલમ્બને આ જગતમાં બીજા સર્વભાવોની ઉત્પત્તિ છે, તેજ સ્થાયીભાવ એ સ્થાયીભાવ ગૂઢ ભાવ છે;(એ ગુપ્ત છે.) ૧૫.

तदङ्कुरस्तदुत्पन्नः कामात्मा ह्याधिदैवतम् ।
तद्गतो यो रसः प्रोक्तस्तदेतत्त्रितयं पुनः ॥१६॥
मिलितं कृष्णशब्दार्थो भावात्मा मन्मथो रसः ।
तल्लक्षणात्स शृङ्गारः साकारः श्रुतिबोधितः ॥१७॥

આ ગૂઢ સ્થાયીભાવનો જે અઙ્કુર, તે એક; તેમાંથી ઉત્પન્ન થનારો આધિદૈવિક કામ એ બીજો; અને એ આધિદૈવિક કામમાં રહેલો જે રસ એ ત્રીજો; આ ત્રણે એક રૂપ થતાં સાક્ષાત્ મન્મથ-રૂપ ભાવાત્મક શ્રીકૃષ્ણચન્દ્રજી રસસ્વરૂપ કૃષ્ણ શબ્દના અર્થરૂપે રહેલા છે. આવા પ્રકારનો એ ત્રણે રૂપ શૃઙ્ગારરસ કે જે 'रसो वै सः' અને 'कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः' એ વેદવાક્યોમાં બતાવવામાં આવેલો છે, તે આનન્દાકાર સ્પષ્ટ થાય છે. ૧૬-૧૭.

भावेनान्तःस्थितेनैव पोष्यतेऽन्तर्गतो रसः ।
अतो हि स्वामिनीभावे रसात्मपरिपोषणम् ॥१८॥

હૃદયમાં રહેલા ભાવ વડે કરીનેજ હૃદયમાં રહેલા રસને પુષ્ટિ મળે છે; એટલેજ શ્રીકૃષ્ણચન્દ્રજીના હૃદયમાં બિરાજતાં શ્રીસ્વામિનીજી શ્રીગોપીજનો, તેઓના ભાવે કરી રસાત્મા શ્રીકૃષ્ણચન્દ્રજીનો પ્રકાશ છે. ૧૮.

इयमेव हरेर्लीला सर्वगूढा निरूप्यते ।
यदन्तःस्थितरूपेण भावविक्रीडनं हृदि ॥१९॥

तद्विशिष्ट प्रभु कृष्णशब्दार्थं परिभाव्यताम् ॥१९॥

આજ હરિભગવાનની મર્યાદાએ ગોપ્ય એવી લીલાનું વર્ણન કરેલામાં આવ્યું છે, આ લીલા એટલે હૃદયમાં બિરાજતા પ્રભુના રૂપની સાથે ભાવોથી આનંદ આવા પ્રકારની ભાવાત્મક લીલાઓથી યુક્ત એવા જે શ્રીપ્રભુ, તે કૃષ્ણ શબ્દનો અર્થ છે, તેનજ ભાવન કરો ૧૯

एवंविधार्थवन्नाम मद्वाचि सततं स्थिरम् ॥२०॥
प्रकाशयतु मच्चित्ते स्वामिनीभावभावनम् ॥२०॥

મારી વાણીમાં હમેશને માટે સ્થિર થઈ રહેલ આવા પ્રકારના અર્થવાળું એવું નામ। 'કૃષ્ણ' એ નામ મારા હૃદયમાં શ્રીગોપીજનોના હૃદયગત ભાવની ભાવનાનો પ્રકાશ કરો ૨૦

यद्यप्ययोग्यतैवास्ति मयि तत्फलभासने ॥२१॥
तथापि निश्चयश्चित्ते नाममाहात्म्यदर्शनात् ॥२१॥

આવા પ્રકારના ફળાત્મક ભાવો મારા હૃદયમાં પ્રકાશ થાય તેવા પ્રકારની મારામાં યોગ્યતા છે જ નહીં તથાપિ પ્રભુના નામમાં રહેલા હોવાથી અને તે મારી વાણીમાં બિરાજતું હોવાથી મારા ચિત્તમાં નિશ્ચય છે કે તે ફળ શક્ય છે ૨૧

यतस्त्वत्रि सूत नाम कृष्णचन्द्राननाननात् ॥२२॥
आधिदैविकमित्येव दोषदूरीकृतिक्षमम् ।
अयोग्ययोग्यतासिद्धिकारणं तत्स्वतः सदा ॥२३॥

એટલે શ્રીકૃષ્ણચન્દ્રના મુખારવિન્દના અવતાર ભગવાન શ્રી-
વલ્લભાચાર્યના મુખમાંથી નીકળેલું 'कृष्ण' એ નામ આધિદૈવિક જ
છે અને દોષોને દૂર કરવાને સમર્થ તેમજ સદૈવ આપોઆપ, યોગ્ય
ન હોય તેઓમાં યોગ્યતા સિદ્ધ કરવામાં કારણરૂપે રહેલું છે.
૨૨-૨૩

इति विज्ञाय तन्नाम ग्राह्यं रसनया सदा ।
मनसा भावनीयोऽर्थं श्रीमदाचार्यसंश्रितैः ॥२४॥

આ પ્રમાણે શ્રીમદાચાર્ય શ્રીમહાપ્રભુજીને શરણે આવેલા જીવોએ
બરોબર સમજી હમેશા જીભથી 'कृष्ण' એ નામ લેવું અને મનથી
એના નામે રહસ્યના સંયુક્ત અર્થરૂપે રહેલા અર્થનો વિચાર
કરવો. ૨૪



૩૧. श्रीमत्प्रभोः सर्वान्तरत्वनिरूपणम् ॥

प्रपञ्चो भगवत्कार्यस्तथा नित्यस्तदात्मकः ॥
सर्ववेदान्तवेद्यो हि तदन्तःस्थितरक्षकः ॥१॥
कूटस्थः सच्चिदानन्दोऽव्यक्तो व्यक्तसमाश्रयः ॥
पुरुषोत्तमरूपाश्रितलोकस्तन्मयं चासनम् ॥२॥

પ્રપંચ (=જગત) પ્રભુના કાર્યરૂપ છે, તેમજ નિત્ય છે અને
ભગવદ્રૂપ છે. સકલ વેદાન્તશાસ્ત્રથી જાણવા લાયક, વળી તે જગ

તમાં રહી રમણ કરનાર, હૃદયસ્થ, સચ્ચિદાનન્દરૂપ, અવ્યક્ત છતાં વ્યક્તના આશ્રયરૂપ અને પુરુષોત્તમ-સ્વરૂપના ચરણરૂપ આ અક્ષર બ્રહ્મનું પ્રપંચ આધારસ્થાન છે. ૧-૨.

तदन्तःस्थो लोकवेदप्रथितः पुरुषोत्तमः ॥
स रसात्मतया प्रोक्तः शृङ्गारः सर्वसम्मतः ॥३॥
स द्विधा सङ्गविरहाभ्यामित्येव प्रतीयते ॥३॥

લોક અને વેદમાં પ્રસિદ્ધ એવા પુરુષોત્તમ તે અક્ષર બ્રહ્મમાં રહેલા છે. રસાત્મક સ્વરૂપે કહેવામાં આવેલો, બધાએ માન્ય કરેલો શૃંગારરસ સંયોગ અને વિપ્રયોગ એ બંને બે પ્રકારનો છે, તેમ સ્પષ્ટ છે. ૩.

संयोगात्मा यथानन्दाकारः श्रुतिनिरूपितः ॥४॥
सर्वलीलादिसामग्रीसहितो भक्तसंयुतः ॥
तदन्तःस्थो वियोगात्मा मन्तव्यश्च तथाविधः ॥५॥

વેદમાં નિરૂપવામાં આવેલો બધી લીલાઓ વગેરેની સામગ્રીથી યુક્ત અને ભક્તો સાથે રહેલો સંયોગાત્મક શૃંગાર જેમ આનન્દાકાર છે, તેમ તેમાંજ રહેલો વિપ્રયોગાત્મક શૃંગાર પણ તેવોજ આનન્દાકાર જાણવો. ૫

तस्य या काचिदेवास्ति सामग्री सापि तादृशी ॥
तद्रूपानुभवोऽप्यत्रेन्द्रियैरपि तथाविधैः ॥६॥

તે વિપ્રયોગાત્મક શૃંગારની જે કાંઇ સામગ્રી છે, તે પણ

આનન્દાત્મક તે રૂપ સાગર રૂપનો અનુભવ પણ તેવાજ પ્રકારની આનન્દાત્મક ઇન્દ્રિયોથીજ ૬.

भावात्मकत्वाद्रूपस्य तस्य सेवापि मानसी ॥
तत्संयोगोऽपि भावेन लीलाभिर्विरहात्मन ॥७॥

રૂપ ભાવાત્મક હોવાથી તે રૂપની સેવા પણ માનસી (ભાવાત્મકજ) વિરહાત્માના તે રૂપનો સંયોગ પણ ભાવે કરી લીલાઓ વડે છે ૭

सर्वान्तर चैतदेव रूप सद्भिर्विबुध्यताम् ॥
श्रीमदाचार्यचरणै श्रुतिसार प्रकाशितम् ॥८॥

બધાના હૃદયમાં રહેલું પણ આજ આનન્દાત્મક સ્વરૂપ છે, એમ સજ્જનોએ જાણવું એજ સ્વરૂપ શ્રીમદાચાર્યચરણોએ શ્રુતિઓના સારરૂપે પ્રસિદ્ધ કર્યું છે ૮

तदर्थं ब्रह्मसम्बन्धो भाव सेवाधिकारकृत् ॥
भावेन भावसेवाया भावरूपस्य मत्प्रभो ॥९॥
य सर्वान्तर्गूढभाव स्थायी कृष्णो निरूपित ॥
तत्प्राप्तिर्भावसम्प्राप्तिर्नान्यदित्येष निश्चय ॥१०॥

તેને માટેજ બ્રહ્મસમ્બન્ધ છે ભાવ એ સેવામા અધિકાર કરાવનાર છે. ભાવરૂપ એવા મારા પ્રભુની ભાવે કરી ભાવાત્મક સેવામા જે બધામા રહેલો ગૂઢસ્થાયી ભાવાત્મક કૃષ્ણ નિરૂપવામા આવેલ છે, તેજ પ્રભુની પ્રાપ્તિ એટલે ભાવની પ્રાપ્તિ, બીજૂ કાંઇજ નહી, એમ નિશ્ચય છે ૯-૧૦

३२. श्रीमत्प्रभोः प्रादुर्भावप्रकारनिरूपणम् ॥

रसात्मकस्वरूपस्य प्रादुर्भावः कथं भवेत् ।
हृदये वा स्वरूपे वा तदत्र विनिरूप्यते ॥१॥

ભક્તના હૃદયમાં અથવા તો ગુરુએ પ્રગટાવી આપેલા પ્રભુના સ્વરૂપમાં રસાત્મક સ્વરૂપ પરમ રસઘન પ્રભુ શ્રી કૃષ્ણચન્દ્રજી પ્રકટ કેમ થાય, તે વાત અહીં કહેવામાં આવે છે. ૧

अनुरागस्तु सहजस्तासामेवेति निश्चयः ।
जातमात्रे तथाभावात्सूचितश्चोत्सवे पुनः ॥२॥

એ વસ્તુ નક્કી છે કે શ્રી ગોપીજનોનો જે પ્રેમ હતો તે સહજ હતો. જ્યારે પ્રભુ શ્રી નન્દરાયજીને ત્યાં પ્રાકટ્ય પામ્યા ત્યારે તે પ્રેમ પણ પ્રકટ થયો, તે જન્મોત્સવના પ્રસંગમાં સૂચવાયેલો છે. ૨

कामिनीनामन्यथैव कथं भावो भवेदिह ।
दृष्टानुरागोऽप्यधुना न दृश्येत सर्वथा ॥३॥

જો એ પ્રેમ સહજ ન હોય તો આ પ્રસંગે (અથવા હૃદિસ્થ તે સ્વરૂપે પાક સ્વીકારના-હૃદયમાં) ગોપીજનોને આવો પ્રેમ કેવી રીતે પ્રકટ થઇ શકે? જે પ્રેમ ત્યાં જોવામાં આવ્યો તે પણ અત્યારે (અન્તરાયદશામાં હૃદયમાં) કોઈ રીતે સમ્ભવી શકે નહીં ૩

अवतारदशानाभावात्तत्स्वरूपेऽपि न तन्मतः ।
अनुरागसमुत्पत्तेः पूर्वमित्येव निश्चयः ॥४॥

અત્યારે પ્રભુની અવતારદશાજ નથી, તેથી પ્રભુ તરફના અનુરાગ-પ્રેમની ઉત્પત્તિ થયા પહેલાં સ્વરૂપને વિશે પણ તેવો પ્રેમ સમ્ભવી ન શકે; આ વસ્તુ તદ્દન નિશ્ચિત છે. ૪.

अतः श्रवणमात्रैकराग एवावशिष्यते ॥४½॥

પ્રભુની અવતારદશા ન હોવાને કારણે તેમજ ગોપીજનોની માફક આપણામા સહજ પ્રેમ ન હોવાને કારણે તેવા પ્રેમને મેળવવા કાંઇ પણ સાધનરૂપ હોય તો તે માત્ર પ્રભુનાં નામ અને નામોને જણાવનારાં શાસ્ત્રોનું શ્રવણજ છે. એ શ્રવણરૂપ માત્ર એકજ સાધનથી મેળવી શકાય તેવો પ્રેમ ફક્ત બાકી રહે છે. ૪½.

अत एवोक्तमाचार्यैः शास्त्रद्वारैव मोचकः ॥५॥
अङ्गीकृतेः शास्त्ररतौ कारणत्वं हि गम्यते ॥
उक्तं च भक्तिहंसेपि तदर्थित्वं विलक्षणम् ॥६॥

પ્રભુ અત્યારે શાસ્ત્રો મારફત એટલે કે શાસ્ત્રોમાં ઉપદેશવામા આવેલી હકીકતોના શ્રવણદ્વારા ભક્તોના ઉદ્ધાર કરે છે, એ પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે. શાસ્ત્રોમાં પ્રેમ થાય, તેનું જો કોઇ પણ કારણ હોય તો તે પ્રભુએ આપણો અઙ્ગીકાર કર્યો છે, તે છે. સાચો આપણો અઙ્ગીકાર થયો છે, તેની નિશાનીજ એ સમજવી કે આપણને ભગવત્-શાસ્ત્રોમા પ્રેમ થાય. ભક્તિહંસમાં શ્રીગુસાંઇજીએ ભક્તને પ્રભુને મેળવવાની જે વાત કરી છે, ત્યાં ' પ્રભુ

એજ અર્થ,' એવી ભગવતી સ્થિતિ ક્ર વિશ્વાસ ... ની ૭
તથી દકોક્ત બતાવવામા આવી ૬

तस्मात्तैर्नो हि भगवान् भक्तिं साधयति ध्रुवम् ।
अङ्गीकृतानामधुना सर्वथेति विनिश्चय ॥७॥

માટે જેમનુ વરણ થયૂ છે જેવો ભક્તિમાર્ગમા સ્વીકાર થયો છે, તેવા જીવો આ કાળમા જેમનુ શ્રવણ કરવામા આવ્યુ છે-જે પ્રભુની લીલાઓનુ શ્રવણ કરવામા આવ્યુ છે, તે પ્રભુજ સ્થિર એવી ભક્તિ સિદ્ધ કરી આપે એમ નિશ્ચય થાય છે ૭

अङ्गीकृति फलमुक्ता शरणागतितो भवेत् ॥७½॥
પ્રભુએ આ ... અંગીકાર કર્યો છે તે નહી એ ... ફળ થશે કે નહી ત ... જનાના ... પ્રભુને શરણે જવાના ક્રિયા કરવામા આવે ૭½

लोके स्थाप्य स्वसेवायामिति सन्निहितोऽपि हि ॥८॥
यदैव शरणं यायात्तदा सेवकता भवेत् ।
तदीयत्वं सेवयैव मानस्यैवान्तरं प्रभो ॥९॥

ભક્ત આ લોકમા પોતાના ઘેર સેવામા પ્રભુના સ્વરૂપની સ્થાપના કરે અથવા પ્રભુનુ ચિન્તન કરે તેમ કરતા જ્યારે પ્રભુને શરણે જાય ત્યારે તેને સેવકપણું પ્રાપ્ત થાય આમ કરવાથી તો માત્ર સેવકપણુજ પ્રાપ્ત થાય તદીયપણુ—મારૂ ભગવદીયપણુ તો દૂર રહે છે તે ભગવદીયપણુ પ્રભુની માનસી સેવા વડેજ પ્રાપ્ત કરી શકાય છે ૮

આ પ્રકારે એક શરણદશા અને એક ભગવદીયદશા, એમ બે સ્થિતિ કહેવામા આવી છે. આનો તફાવત બતાવતા શ્રી હરિરાયજી આનો કરે છે કે—

शरणे चात्मसम्बन्धे वैलक्षण्यमियन्मतम् ।
" मम सर्वं हि भगवान् " " अहं भगवतः पुनः " ॥१०॥

શરણદશા અને સાચી ભગવદીયદશામા આટલો તફાવત છે કે ' શરણદશામા મારૂં જે કાંઇ છે, તે પ્રભુનું છે; ' જ્યારે ભગવદીય દશામા ' મારૂં કશુંજ છે નહી; હું પ્રભુનોજ છું ' ૧૦.

सन्न्यासरूपशरण पृथगेव निरूपितम् ।
तत्र त्यागात्मकत्वेन ममताया निवृत्तित ॥११॥
शरणे च तदीयत्वेऽप्यहन्ताविनिवृत्तित ॥११½॥

શરણના બે પ્રકારમા એક સર્વત્યાગપરકનો જે સન્યાસ કરવામા આવે છે, તેનાથી મમતાનો વિનાશ કરવામા આવે છે. એ શરણ અહીં જે અઙ્ગીકૃતિહેતુક શરણ કહેવામાં આવ્યું છે, તેનાથી જુદાજ પ્રકારનું છે. અહીંના આ શરણમા તેમજ ભગવદીયપણામા અહન્તાનું નિવારણ કરવાનું છે. સન્યાસરૂપ શરણમા દુન્યવી દરેક પદાર્થમાંથી મારાપણું દૂર કરવાનું હોય છે જ્યારે આ શરણ અને ભગવદીયપણામા "હુંપણું"જ દૂર કરવાનું છે પોતામા દીનતા નથી જણાતી; આમાં દીનતા રહેલી છે. ૧૧½.

तस्मादेवं तदीयानां सम्बन्धानां च सर्वश ॥१२॥
ज्ञातभावाङ्कुराणां च तापक्लेशयुजामपि ।

महापुरुषमुखात् श्रवणाज्जायते रुचिः ॥१३॥

જેથી જગતને આ પ્રમાણે ચારે બાજુથી પ્રભુ સંબંધે જેમને સંબન્ધ થઇ ચૂક્યો છે, જેઓને પ્રભુવિષયક ભાવના અંકુર ફૂટ્યા છે અને જેઓને પ્રભુના વિરહે કરીને તાપ ઉત્પન્ન થએલ છે, તેવા ભગવદીયોને મહાપુરુષના મુખ થકી પ્રભુના ગુણાનુવાદના શ્રવણથી રુચિ પ્રકટ થાય છે (પ્રેમના મૂળમાં રુચિ રહેલી છે, જ્યાં સુધી રુચિ ઉત્પન્ન ન થાય ત્યાંસુધી પ્રેમ થઇ શકેજ નહી, તો પછી આસક્તિ અને વ્યસન અવસ્થાની તો આશાજ કયાં રાખી શકાય ? માટેજ શ્રવણ જરૂરનું છે અને તે મહાપુરુષ-પરમ મહાનુભાવ ભક્ત-આચાર્યો-ગુરુઓના ઉપદેશામૃતના પાનથીજ સિદ્ધ થઇ શકે પ્રભુમાં રુચિ કરાવનાર એ મહાપુરુષજ હોઇ શકે સ્વાનુભવી કથા શ્રવણ કરાવે પણ તેઓ અન્ય અગ્નાની-સાધારણ પુરુષો અનુસરવાની સ્વામીને અંગે જણાયે અનુભવ ન કરાવી શકે શ્રેષ્ઠ ગુરુ કરવાની આવશ્યકતા રહેલી છે, તે આ ઉપરથી સમજાશે) ૧૩

काव्यश्रवणवल्लोके स भाव पल्लवयेत् ।
कोमलत्वाद्विरूपत्वाद् दृढतामाप्नुते परम् ॥१४॥
ततस्तत्सेवनाच्छास्त्रजोपण्या ज्ञायते दृढा ।
स एव कल्पितारूपो भावस्तत्र निरूपित ॥१५॥

કાવ્યશાસ્ત્રના શ્રવણ વડે કરીને જેમ મનુષ્યોને લૌકિક રસ શાસ્ત્રના જ્ઞાનના અંકુરો ફૂટે છે, તેજ પ્રમાણે પ્રભુવિષયક ભાવના પણ પ્રભુવિષયક ગ્રન્થોના શ્રવણથી અંકુરો ફૂટે છે, જેમાંથી ભાવની વૃદ્ધિ થતા જાય છે આ ભાવ પ્રથમતો કોમળ, જુવાન અપવાળો

તેમજ દૃઢ નથી હોતો; તેમ છતા પણ પ્રભુની સેવા કરતા કરતા અને શાસ્ત્રની વાતોને પચાવતા પચાવતા તેવા ભાવની કળી દૃઢ થતી જાય છે. આવા પ્રકારની જે ભાવવિષયક કળી ફૂટે, તેજ ભાવ. (આ ભાવની શરૂઆતની દશા છે.) ૧૪-૧૫.

स भावस्तापसम्बन्धाद् विचित्रो हृदये भवेत् ।
कमलं स्फुटति प्रायः सूर्यसम्बन्धतो यथा ॥ १६॥

જેની કલ્પના પણ ન કરી શકાય તેવો તે ભાવ પ્રભુના વિરહે ઉત્પન્ન થયેલા તાપ-ઊચાટને લીધે હૃદયમાં જાગૃત થાય છે.; પરન્તુ કમલની સ્થિતિ જોશો તો તમને માલૂમ પડશે કે અત્યન્ત ઉત્કએવા સૂર્યના સમ્બન્ધે એટલે સૂર્યોદય થવાની સાથેજ કમલ ખીલવા માંડે છે ૧૬.

ततो दिवानिशं तस्य भावना हृदये यदि ।
तदा रसः समग्रोऽपि प्रादुर्भूतो हरिर्हृदि ॥१७॥

તે પછી એટલે હૃદયમા પ્રભુવિષયક ભાવનો અંકુર ફૂટ્યા પછી અહર્નિશ હૃદયમાં તે ભાવનીજ ભાવના રહ્યા કરે તો સમગ્ર રસરૂપ પ્રભુનું પ્રાકટ્ય હૃદયમાં થાય. (પલ માત્ર પણ ચૂક્યા વિના પ્રભુચિન્તન થવું જોઈએ, તોજ આ સ્થિતિના અનુભવની સમ્ભાવના શક્ય બને.) ૧૭

प्रपद्यास्मरणेऽस्मस्य सर्वदानुभवः फलम् ।
आच्छादनं माययैव लोकसंप्रदर्शनैः ॥१८॥

પણ ભગવદાદિનું વિસ્મરણ થાય તોજ તે સ્વરૂપ પ્રભુના સ્વરૂપ અનુભવ સદૈવ રહી શકે. લોક અને વેદમાં નિરૂપાયેલા સકામ કર્મોમાં મોહાત્મક ફલોમાં જો જગાવે મોહ રહી ગયો તો આ પ્રકટ થયેલા ભાવ પર આવરણ આવી જાય. ૧૮

एवं रसात्मनः प्रादुर्भावो हृदि निरूपितः ।
अथ परं तस्य मूर्तौ प्रादुर्भावो निरूप्यते ॥१९॥

આ પ્રમાણે હૃદયમાં રસાત્મક પ્રભુનો પ્રાદુર્ભાવ કેવી રીતે થાય છે, તે બતાવવામાં આવ્યું, હવે તે રસાત્મા પ્રભુનો સ્વરૂપમાં પ્રાદુર્ભાવ કેવી રીતે થાય છે, તે બતાવવામાં આવે છે. ૧૯

मूर्तिर्हि भगवान् ज्ञानमार्गरीत्या निरूपिता ।
तस्यां हि भगवद्बुद्धौ स्थायिभावो भवेदिह ॥२०॥
स्थायिभावस्वरूपं तु मत्पतिर्भगवानयम् ।
प्रत्यङ्गेषु तथा भावभावनं च पदादिषु ॥२१॥

જ્ઞાનમાર્ગની રીતે મૂર્તિ એ ભગવાન છે. એમ કહેવામાં આવ્યું છે તે મૂર્તિ 'એજ ભગવાન છે,' એવી બુદ્ધિ જ્યારે થાય, ત્યારે સ્વની મૂળ સ્થિતિમાં રહેલો રતિરૂપ સ્થાયી ભાવ થવા પામે. સ્થાયી ભાવ શું ? 'આ પ્રભુ મારા સ્વામી છે,' તેવી ભાવના કરવામાં આવે, તેજ સ્થાયી ભાવ. (તેમ થાય ત્યારેજ રતિ-પ્રેમની શરૂઆત છે.) ૨૦-૨૧.

स्थिरमूर्तौ तथा सर्वं तदन्तर्भाव्यते पुनः ।
अतो भावस्वरूपस्य तदन्तःस्थितिरुच्यते ॥२२॥

મૂર્તિ-સ્વરૂપ તો સ્થિર રહેલું છે તેમા પ્રભુના સર્વ અંગની ભાવના કરવામા આવે છે ભાવજ એનૂ નામ છે જેમા સ્વરૂપને વિશે પ્રભુના સર્વ અંગોની સ્થિતિ જોવામા આવે છે. (સામાન્ય રીતે દેખાતીજ પાષાણાત્મક મૂર્તિમા એ ભાવે કરીનેજ પ્રભુનો સાક્ષાત્કાર કરવામા આવે છે. ભાવ ન હોય તો તે કશુંજ નથી) ૨૩

અત એવોક્તમાચાર્યૈ સ્વરૂપ તત્ર ન સ્થિતમ્ ।

તત્ર ચ સ્થિરતા તત્ર સ્થાયિભાવવિભાવનમ્ ॥૨૩॥

શ્રી મહાપ્રભુજીએ આ માટેજ તત્ત્વાર્થદીપનિબન્ધના સર્વનિર્ણય પ્રકરણમા મૂર્તિ પધરાવવાના પ્રસંગમા 'જે રૂપની આપણે ભાવના કરીએ, તે રૂપ આપણે પધરાવેલા સ્વરૂપમા આવી રહે છે' એવા પ્રકારની આજ્ઞા કરી છે. એ સ્વરૂપમા પ્રભુના પ્રત્યેક અંગની સ્થિતિ ત્યારેજ સમજી શકાય કે જ્યારે પ્રભુ તરફની રતિપ્રેમ-રૂપ સ્થાયી ભાવની સતત ભાવના કરવામા આવી હોય. ૨૩

એવ ભગવત પ્રાદુર્ભાવો હૃદિ વિભાવ્યતામ્ ।

શ્રીમદાચાર્યચરણશરણૈસ્તજ્જનૈ સદા ॥૨૪॥

ઉપર જે પ્રમાણે બતાવવામા આવ્યું છે, તેજ પ્રમાણે શ્રીમદાચાર્ય શ્રીવલ્લભાધીશ પ્રભુને શરણે ગયેલા ભગવદીયોએ રસાત્મક પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીના પ્રાકટ્યની ભાવના હૃદયમા કરેલી કરવી. ૨૪.

तत्र नि.साधनजनाद्धारः । स च तत्रैव सम्भवति, वसुदेवादीनां तप-करणादिना भवान्तरे ससाधनत्वात् । उभयेषामप्युद्धारविषयत्वेपि नि साधनानां प्रभुपरत्वेनाभ्यर्हितत्वात् प्रथम तत्र लीलाकरणम् ।

એના ઉત્તર આ પ્રમાણે છે, નન્દરાયજીને ત્યા પણ પ્રભુનો પ્રાદુર્ભાવ થયો છે; અને એમા નિ સાધનજનોનો ઉદ્ધાર કરવો, એ કારણ રહેલુ છે. આવા પ્રકારનો નિઃસાધનજનોનો ઉદ્ધાર કરવા સમ્ભવ તો નન્દરાયજીને ત્યાજ છે. વસુદેવ-આદિના પ્રાદુર્ભાવનો સમ્ભવ તો નન્દરાયજીને ત્યાજ છે. વસુદેવ-આદિના પ્રાદુર્ભાવનો દેવકીજીએ તો બીજા ભવમા તપ વગેરે સાધન કરેલાજ હતા, એટલે ત્યા પ્રભુનો પ્રાદુર્ભાવ નથી. સાધનવાળા કે નિઃસાધન એ બન્નેનો ઉદ્ધાર કરવાનો તો છેજ, પણ જે નિઃસાધન હોય છે, તેઓ માત્ર પ્રભુનાજ આશ્રય કરી રહેલા હોય છે, તેથી તેઓનીજ યોગ્યતા હોય છે; માટે ત્યા નિઃસાધન જીવો-વ્રજજનોને ત્યા પ્રભુએ પ્રથમ લીલા કરી

नन्वागमनरूपेणैव तदुपपत्तौ किमर्थमत्र प्रादुर्भावोक्तिरिति चेत ? ।

અહી પ્રશ્ન થાય કે-પ્રભુ તો માત્ર અહીં આવ્યા છે, એજ યોગ્ય છે, તો પછી ' પ્રભુનો અહીં નન્દરાયજીને ત્યા પ્રાદુર્ભાવ થયો, ' તેમ શા માટે કહેવામા આવ્યું છે ?

वसुदेवमन्दिरत्वेन तत्र प्रादुर्भावात् तथैव रीत्या लीलाकृतिः सम्भवेत् , तेन रूपेण । प्रकृते तु सा न घटते, नन्दादीनां वैश्य-त्वेन क्षत्रियकुलोत्पन्नस्य प्रभोर्विवाहादिसम्बन्धायोग्यत्वात् । उद्धार-श्चैतेषामप्यावश्यकः, स्वदत्तश्रुतिगणवरसार्थकत्वाय नि साधनजनोद्-

प्रतिहेतुप्राकट्यकरणात् । अत एव शुकादीनां भगवत्तत्त्वविदुषां तथा वचनानि ।

શ્રી વસુદેવજીને ત્યાં તો વધ કરવાને માટે જે પ્રાકટ્ય થયું; તેથી ત્યાં જે લીલાઓ કરવાની હોય, તે તો વધ કરવા વગેરે ક્ષત્રિયોચિત ક્રિયાજ. તે અહીં નન્દરાયજી વગેરે તો વૈશ્ય હતા, એટલે ક્ષત્રિયના કુલમાં ઉત્પન્ન થએલા પ્રભુ ત્યાં વિવાહ વગેરે સમ્બન્ધ બાંધે, તે યોગ્ય ન થાય અને આ નન્દરાયજી વગેરે વ્રજજનોનો ઉદ્ધાર તો કરવાનોજ હતો; કારણ પ્રભુએ શ્રુતિઓને લીલાનો અનુભવ કરાવવાનું વચન આપેલ હતું, તે સાર્થક કરવાનું હતું અને વિશેષમાં પ્રભુનું પ્રાકટ્ય નિઃસાધનજનોનો ઉદ્ધાર કરવાને માટે થાય છે, તે બતાવવાનું હતું. આ કારણેજ પ્રભુના કાર્યના તત્ત્વને જાણનારા શ્રી શુકદેવજી વગેરેએ 'શ્રીનન્દરાયજીને ત્યાં પુત્ર ઉત્પન્ન થયો,' એ વગેરે શબ્દો કહ્યા છે (કારણ નન્દરાયજી વગેરેનો તો તેજ જણાય છે—એમનું હિત જાણીને શ્રીશુકદેવજીએ તેવું કહ્યું.)

ननु प्राकट्यं हि भक्तोद्धारप्रयोजकम्, तत्कथमत्र "मायया सह जात" इत्युक्तिरिति चेत् ? ।

અહીં પ્રશ્ન થાય કે—નાથ જ્યારે પ્રગટ થાય, ત્યારેજ તો ભગવાનનું પ્રાકટ્ય જણાય તો પછી અહીં 'પ્રભુ યોગમાયા સાથે પ્રગટ થયા,' એમ જે કહેલ છે, તે કેમ સમજવી ?

मन्यताम् । पुष्टिसमप्राकट्ये द्विधा, भक्तरूपज्ञापनार्थम्,

लीलार्थं च । यत्र हि स्वरूपज्ञापनं तत्र तदपसारणेन तथा, तस्यास्त-
द्विरोधित्वात् । लीलार्थप्राकट्ये तु मायासाहित्येनैव सा सिध्यति,
अन्यथा तदभावे स्वरूपज्ञानात्तत्र लयात् सा न सिध्येत । इदमेव
ज्ञापयितुं तत्साहित्येन प्रादुर्भाव उक्तः । अत एव साम्प्रतं स्वज्ञानं
सम्पादनीयमिति वसुदेवद्वारा तदपसारणम् । तत्र गतायाः कंस-
ज्ञापनादिस्वकार्यकरणोत्तरं पुनस्तत्रैव गमनम्, लीलास्थलसमीकर-
णाय । अन्यथा "गच्छ देवी" त्यादिवाक्यान्यनुपपन्नानि स्युः ।
परन्तु तत्स्थितिर्व्रजे देवतारूपेण, न भगिनीत्वेन । "अर्चिष्यन्ति-
मनुष्यास्ता" मितिवाक्यात् । अग्रे चातएव फलप्रकरणे शुकः
कथयिष्यति लीलोपयोगिताम्, "योगमायामुपाश्रित" इत्यनेन ।

અનો ખુલાસો એ છે કે-પ્રભુ યોગમાયાની સાથે પ્રકટ થયા,
એ હકીકત સાચી છે. પુરુષોત્તમ પ્રભુનું પ્રાકટ્ય બે પ્રકારનું હોય
છેઃ (૧) સ્વરૂપનો બોધ કરવા માટે અને (૨) લીલા માટે. જ્યા
સ્વરૂપજ્ઞાન કરાવવાનું હોય છે, ત્યા યોગમાયાને દૂર કરી કરાવવામા
આવે છે, કેમકે જો યોગમાયાને દૂર કરવામા ન આવે તો સ્વરૂપ-
જ્ઞાન થઇ શકે નહીં. લીલાને માટે જ્યાં પ્રાકટ્ય છે, ત્યા તો
યોગમાયાની સાથેજ પ્રભુનું પ્રાકટ્ય થાય છે; જો યોગ-
માયાની હાજરી ન હોય તો પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થઈ જવાને
લીધે અને તરતમાં તો અક્ષર બ્રહ્મમા લયાત્મક મોક્ષ થઇ જવાથી
લીલા સિદ્ધ થઇ શકે નહીં. એ રહસ્ય જણાવવા માટેજ 'પ્રભુનો
નન્દગામને ત્યા યોગમાયા સાથે પ્રાદુર્ભાવ થયો છે,' એમ કહે-
વામાં આવ્યું છે; અને એ કારણેજ અત્યારે પોતાના સ્વરૂપજ્ઞાનનો

પરિચય વ્રજ ભૂમિમાં કરાવવાનો હોવાથી યોગમાયાને વસુદેવ દ્વારા મથુરા મોકલી આપી ત્યાંક અને પ્રભુના પ્રાકટ્ય થયાની વાત વગેરેથી વાકેફ કરી એ કાર્ય પતાવી પાછું યોગમાયાને વ્રજભૂમિમાં પ્રભુની લીલાઓ માટે સ્થળ તૈયાર કરવાને જવાનું છે એમ ન હોય તો પ્રભુએ યોગમાયાને વ્રજમાં જવાની આજ્ઞા કરી ત્યારે કહેવાનું કહેલું, તે ખોટું ઠરે. યોગમાયાની વ્રજમાં સ્થિતિ રહેવાની તે દેવતા તરીકે, નહીં પ્રભુની બહેન તરીકે; અને ' હે દેવી વ્રજમાં તને મનુષ્યો પૂજશે, ' એવું પ્રભુએ તેને વચન આપેલું એટલુંજ નહીં પણ આગળ કૃષ્ણપ્રકરણમાં શ્રીશુકદેવજી યોગમાયા લીલામાં ઉપયોગી છે. તેવા આશયથી ' પ્રભુએ યોગમાયાનો આશ્રય કર્યો ' એમ કહેવાના છે. (ભા. ૧૦-૨૯-૧)

ननु प्रभो रमालम्बन. साधनाभावे कथं प्राकट्यसम्भव इति चेत् ? ।

અહીં શંકા થાય કે 'પ્રભુ તો રમણ કે,' રસનો આવિર્ભાવ આલમ્બન વિના ન થઇ શકે અને ગોપી તો કોઇ આલમ્બન નથી, તો પ્રભુનું પ્રાકટ્ય થયું, એ વાત કેવી રીતે સમજી શકે ?

वासुदेवव्यूहस्य शुद्धसत्त्वात्मकस्यात्र प्रकटितस्य ततस्था-नियत्त्वात् ।

તેનો ઉત્તર, અહીં આલમ્બન છે, નાદ નરસ્વરૂપ વાસુદેવ વ્યૂહ અહીં પ્રકટ થયાજ છે અને તે આલમ્બન છે

ननु वासुदेवस्यैवात्र प्राकट्ये किं मानमिति चेत् ? ।

વારૂ, અહીં વાસુદેવ વ્યૂહ પ્રકટ થયેલ છે, એમ જે તમે કહો છો. તેમાં પ્રમાણ શું ?

तत्र "तवात्मजो वासुदेव" इति गर्गाभिव्याहारात् तथावग-म्यते । वसुदेवस्य क्वचिज्जातः, मथुरायामेव विशुद्धसत्त्वाधिष्ठानेन प्रादुर्भावात् । अग्रे तु प्रद्युम्न एव, प्रकृते तु तवात्मजो वासुदेव एव, प्रद्युम्नः । वंशसम्बन्धित्वाभावादिति सर्वं सुस्थम् ।

ગર્ગાચાર્યજીએ નન્દરાયજીને કહેલું છે કે—આ તમારો પુત્ર વાસુદેવ છે, એ હકીકત ઉપરથી સમજી શકાય છે કે વસુદેવજીથી પ્રકટ થયેલા હતા. મથુરાથી વિશુદ્ધ સત્ત્વના આશ્રયે પ્રભુનું પ્રાકટ્ય થયેલું. આગળ જતા પ્રદ્યુમ્નવ્યૂહનું કાર્ય પણ અહીં પ્રભુના તો વંશવિષયક કોઇપણ સમ્બન્ધ ન હોવાને લીધે 'આ તમારો પુત્ર વાસુદેવ છે, પ્રદ્યુમ્ન નહીં,' એવો આશય ગર્ગાચાર્યજીનો હતો.

अशेषः संशयश्छेद्यो जन्मने शेषशायिनः ।
उभयत्र निजाचार्यकृपयोक्त्या मदीयया ॥१॥

શ્રી વસુદેવજીને ત્યાં તેમજ શ્રી નન્દરાયજીનાં ત્યાં શેષશાયી પ્રભુનો જે જન્મ થયો, તેના વિષે જે કાઇ સંશય થાય, તે સર્વને શ્રીમદાચાર્યચરણ શ્રીમદ્વલ્લભાધીશ્વર પ્રભુની કૃપા વડે આ મારા વચને દૂર કરજો. ૧.



३९. प्रभुप्रादुर्भावविचारः ॥

(અનુવાદક શ્રી ચીમનલાલ હ. શાસ્ત્રી)

अथ पुरुषोत्तमप्रादुर्भावविषये सुबोधिनीवाक्य संशयशमनाय, सिद्धान्तरूपानेन निरूप्यते ।

(પ્રભુનુ પ્રાગટ્ય ક્યા ?)

હવે પુરુષોત્તમ-પ્રાદુર્ભાવ વિષયમાં [illegible] શંકાને મટાડવા [illegible] શ્રીમદાચાર્યજી [illegible] લખાય છે ।

'रसो वै सः' इत्यादिश्रुतेः रसात्मा भगवान् श्रुतिसिद्धः । रसश्च शृङ्गार एव, तच्चाग्न्यासिद्धः । 'शृङ्गार एव सर्वे रसाः' नाट्यसिद्धान्तात् । 'शृङ्गाराद्भवेद्धास्यः [illegible] तद्गता रसाः । [illegible] शृङ्गारसम्भविता रसा हास्याद्या यतीति भरताचार्योऽपि यस्मा-दैवाह ।

પ્રભુનુ સ્વરૂપ [illegible] ભગવાન્ [illegible] શ્રુતિમાં [illegible] [illegible] [illegible] શૃંગાર જ [illegible] [illegible] [illegible] શૃંગાર [illegible] સર્વે રસ [illegible] [illegible] સિદ્ધાન્ત છે શૃંગાર [illegible] [illegible] [illegible] [illegible] આ [illegible] [illegible] [illegible] પ્રકાર [illegible] શૃંગાર [illegible] શૃંગાર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પણ શૃંગાર [illegible] મુખ્યપદ [illegible]

सोपि 'तस्य प्रियमेव शिरः, मोदो दक्षिण पक्षः, प्रमोद उत्तरः पक्षः, आनन्द आत्मा ब्रह्म पुच्छं प्रतिष्ठे'ति श्रुतेः साकार आनन्दमात्रकरपादमुखोदरादिरानंदमयः। स एव 'को ह्येवान्यात्, कः प्राण्यात्, यदेष आकाश आनन्दो न स्या'दिति श्रुतेरानन्दः। आनन्दानन्दमययोरैक्य तु सितारसतत्प्रतिमयोरिव बेध्यम्। अत एव श्रुतौ स एव रसात्मा शब्दद्वयेनापि व्यवह्रियते। स्वरूपत ऐक्येपि रसपिण्डयोरिव भेदेनानुभवः। एतावान् परं विशेषो यदबहिः प्रकटं रूपं रमणमंसहितमानन्दमयशब्देनोच्यते, धर्मिमात्रं केवलभाव-रूपमानन्दशब्देनेति। अत एव प्रभुचरणैर्वेणुगीतविवरणे सुधास्वरूप-निरूपणप्रस्तावेऽभिहिते 'आनन्द एव सा प्रकटे'ति। तस्याः भावा-त्मकभगवत्स्वरूपत्वात्। स एवैतदुभयशब्दप्रतिपाद्यो भगवच्छास्त्रे पुरुषोत्तम इत्युच्यते। 'यस्मात्क्षरमतीतोह'मिति वाक्यात्, 'यो मामेवमसंमूढ' इतिवाक्याच्च।

એ શૃંગારરસ પણ આકૃતિવાળો વર્ણવ્યો છે. તેનો વિચાર કરીએ, 'તેનું પ્રિયજ શિર છે. મોદ દક્ષિણ પક્ષ છે, પ્રમોદ ઉત્તર પક્ષ છે, આનન્દ આત્મા છે. બ્રહ્મ પુચ્છ પ્રતિષ્ઠા છે. આ શ્રુતિ શૃંગાર રસનો પરિચય આપે છે કે શૃંગાર રસ આકાર અને આનન્દમાત્રકરપાદમુખોદરાદિ એટલે સર્વ અવયવ આનન્દમય છે. તેજ શૃંગાર 'ન કોણ પ્રાણ દે કોણ જ ઉગાડે, જો આકાશરૂપ આનન્દ ન હોય તો ?' આ શ્રુતિ આનન્દ વર્ણવી રહી છે. આનન્દ અને આનન્દરૂપની બિમ્બાત્મ (ચાકચક્ય) અને તેની પુત-

લીની માફક એકનાજ જાણવી; માટે શ્રુતિમા તે જ રસાત્મકરૂપે આનન્દ આનન્દમય શબ્દથી વર્ણવાય છે. સ્વરૂપથી આનન્દ અને આનન્દમય એકજ છે, તો પણ રસ અને રસના ભોગની માફક ભેદનો અનુભવ થાય છે. પરન્તુ આટલો વિશેષ છે, કે પ્રગટરૂપ રસધર્મસહિત સ્વરૂપને આનન્દમય શબ્દ વડે કહેવાય છે; ધર્મિમાત્ર સ્વરૂપ ભાવાત્મક સ્વરૂપને આનન્દ શબ્દથી કહીએ છીએ આજ હેતુથી શ્રીમહાપ્રભુજીએ વેણુગીતના વિવરણમા સુધાસ્વરૂપ દર્શાવતા કહ્યું કે 'તે સુધાજ આનન્દરૂપ છે' તે સુધા ભાવાત્મક ભગવત્સ્વરૂપજ હોવાથી આનન્દરૂપજ છે, આ પ્રમાણે શૃંગારજ આ આનન્દ અને આનન્દમય શબ્દથી કહેવાતા શ્રીપુરુષોત્તમનામથીજ ભગવચ્છાસ્ત્રમા કહેવાય છે માટેજ ગીતામા 'અક્ષરથી હું ઉત્તમ છું.' અને 'જે મને સામાન્ય મનુષ્યવત્ સમજે તે મૂઢ છે,' ઇત્યાદિ વાક્યો કહેવામા આવે છે.

तस्य च मूलभूतस्य प्राकट्ये अनुग्रहहेतुभूता स्वेच्छैव कार-णम्। 'प्रादुरास वरदराट् युवयोः कामदित्सया' 'योगमायां समा-दिशदि'ति वाक्यात्। प्रयोजनं तु प्राकट्यस्य स्त्रीणामपि. पूर्वनिष्ठा-परित्याजनपूर्वकमनुगृहीतेषु भक्तियोगविधानमेव। 'तथा परमहंसाना-मिति पुरुषगीकृतपृथावचनात्। अन्येषां तदवतारत्वावेशादिरूपाणां तत्रैव तत्कार्याय ब्रह्मादिप्रार्थनोत्तराविर्भावेच्छया प्रादुर्भावः। कृष्णा-वतारः पूर्ण इति सर्वांशेनात्र प्रादुर्भाव उच्यते। तच्चरित्राणि चात्र अवतार एव स्पष्टीभविष्यन्ति। एतदेवोक्तमाचार्यैः 'एवं सति सर्वेषां चरित्राणामभिनिवेशो भवती'त्यनेन। यच्चरित्राणि चाग्रे गानम-

प्रकरणोपक्रमे 'प्रद्युम्नरूपो भगवान् वसुदेवहिताय ह्रीति । ततो ब्रह्मप्रार्थनया भूभारहृतये ' द्रक्ष्यामि गां द्यां च तवानुकम्पिता ' — मितिवाक्यात् धर्मरक्षार्थं च व्यूहचतुष्टयविशिष्टस्य वैकुण्ठस्थपुरुषोत्तमस्य प्रादुर्भावः । भूभारहरणादिकं तु तत्तद्व्यूहद्वारा तत्कार्यमेव । अत एव तेषा निरोधहेतुत्वम् । निरोधस्य मूलरूपलीलात्वेन तत्तत्कार्यत्वात् । तस्यैव च पुनर्ब्रह्मादिप्रार्थनया यादवकुलं माययोपसंहृत्य वैकुण्ठगमनम् । पुरुषोत्तमस्तु ' वशे कुर्वन्ति मां भक्त्ये'ति वाक्याद्भक्तिमात्राधीन इति भक्तैः सह लीलां कुर्वन् लीलास्थाने एव विराजते । साक्षात्कारस्तु तदा नावतारकारणीभूतसामान्येच्छया, किन्तु भक्त्यैव । 'भक्त्या त्वनन्यया शक्य' इतिवाक्येनावतारसामयिकदर्शनमप्यनन्यभक्त्यैव दर्शनहेतुत्वनिरूपणात् । अत एव शुकोपि सर्वान्ते ' जयति जननिवास ' इतिश्लोकेन सकललीलासहितस्य सर्वोत्कर्षेण वर्तमानत्वमुपदिष्टवान् । अन्यथा लीलाकरणानन्तरं भगवानिदानीं क्वास्ति इति संशय उदियात् । प्रभासीयकथा तु व्यामोहिकैव । ' विद्धि मायामनोमय ' मितिवाक्यात् ।

તે મૂલસ્વરૂપને પ્રકટ થવાનું કારણ ?–મૂલ સ્વરૂપને પ્રકટ થવાનું કારણ અનુગ્રહ કરવાની ઇચ્છાજ છે. (એમ કહેવામાં જગત જાણે નથી) 'વરદાન આપવામાં રાજા જેવો હું (ભગવાન) તમને એને મનોરથ પૂર્ણ કરવા પ્રકટ્યો છું.' યોગમાયાને આના કરી કે મારે માટે રમવાની જગ્યા તૈયાર કરો.' હવે મૂલસ્વરૂપ પ્રભુને પ્રકટ થવાનું કારણ સ્પષ્ટ સમજાયું કે આવી રીતે જેના પર

તરર અનુરાગવાળા, ગોપિકાઓથી ઘેરાયેલા, રાસમંડળના મધ્ય ભાગમાં રહેલા, બબ્બે ગોપીજનોની વચ્ચે બિરાજેલા, શ્રુતિરૂપા-અગ્નિકુમારરૂપ ગોપીજનોની ભુજાઓથી બાથ ભરેલા, રાસરસમાં કહેલી રીતે નૃત્ય કરતા, વળી શૃંગાર રસનો ઉદ્રેક થતાં કામને તૃતીયપુરુષાર્થને લગતા રસની ક્રીડામાં પરાયણ, કોઈકવાર જલક્રીડામાં આનન્દ લેતા, મદથી ઘૂર્ણિત નેત્રવાળા, ગોપિકાઓમાં આસક્તિવાળા છતા સર્વ કાર્યોમાં વિરાગવાળા અને સર્વ સામગ્રીથી યુક્ત, આવા પ્રકારના નિકુંજાનિત પ્રભુ શ્રીરામચન્દ્રજી તે શ્રીમદાચાર્યવર્ય શ્રીમદ્વલ્લભ આસ પ્રભુના હૃદયમાં બિરાજતા હોય, તેવે પ્રકારે ભાવાત્મક સ્વરૂપે ભાવના કરવી, (શ્રીમદાચાર્યજીના હૃદયમાં રહેલા પ્રભુની ભાવના કરવાનું કારણ એ) રસવાળું જેવું જે હૃદય તેજ રસાત્મક પ્રભુનું આધારસ્થાન થઈ શકે પ્રભુ પ્રત્યેક ગોપીજન સાથે લીલામાં બિરાજી રહે છે, તેના સ્વરૂપમાં હૃદયમાં પધાર્યા છે, તેની ભાવના કરવી. પ્રભુના વિરહને લીધે અત્યન્ત તાપક્લેશ થાય છે, ત્યારે, પ્રભુ હૃદયમાંથી બહાર પધારે છે, માટેજ હૃદયમાં રહેલા પ્રભુની ભાવના કરવાની છે શ્રીમહાપ્રભુજી પ્રભુનું લોક અને વેદમાં પ્રસિદ્ધ એવું નિજ સ્વરૂપ છે; તેનેજ આધારસ્થાન બનાવીને પ્રભુ પોતાની લીલાઓ દર્શાવી રહ્યા છે. આવતારદશા ન હોય, ત્યારે પ્રભુ મૂર્તિ-સ્વરૂપમાં રહીને લીલાનો અનુભવ કરાવે છે તેમાં પ્રભુના રૂપનો ભાવુકોને જે અનુભવ થાય છે, તે ભાવરૂપેજ થાય છે જો બુદ્ધિ સામાન્ય હોય તો તેવાઓને બીજે બીજે રૂપે દર્શન આપે જે ખરા ભાવિક છે, તેને સ્વરૂપમાં તેમજ મૂર્તિમાં સામાન્ય બુદ્ધિ હોતીજ નથી (ઉપર બતાવ્યા પ્રમાણેના સ્વરૂપે રહેલા પ્રભુનું અતિ દીન ચિત્ત વડે ધ્યાન ધરવું. ૨૨-૩

૨૦

तृतीयपुरुषार्थाख्यरसक्रीडापरः क्वचित् ।
अन्यक्रीडारतः क्वापि मदविह्वललोचनम् ॥१७॥

गोपिकासु च ससक्तः विरक्तः सर्वकार्यतः ।
एतादृशं प्रभुं श्रीमदाचार्यहृदयस्थितम् ॥१८॥

भावात्मकेन रूपेण सामग्रीमहितं तथा ।
रसात्मरूपाधिष्ठानं रसनन्दहृदयं यतः ॥१९॥

तथैव हृदयाविष्टलीलया प्रतिगोपिकाः ।
हृदयादेव तत्तापवशाद्बहिरुद्गतः ॥२०॥

लोकवेदप्रसिद्धस्वधर्माध्यष्टाय क्रियाकृतिः ।
अवतारपरोक्षे तु मूर्तावेवेति निश्चयः ॥२१॥

अनुभूतिर्भाववतां भावरूपेण सर्वथा ।
अन्येषामन्यरूपेण तत साधारणी मतिः ॥२२॥

स्वरूपे च तथा मूर्तौ नहि भावरता क्वचित् ।
एवम्भूतं हरिं ध्यायेदनिदीनेन चेतसा ॥२३॥

આવા પ્રકારના શ્રીયમુનાજીના કાંઠા ઉપર મોરપીંછના મુકુટ વાળા, કમલસમાન મુખવાળા, ચપળ અને અણીદાર રાતા નેત્રવાળા, કેશથી ઘેરાયેલા કપાળપ્રદેશવાળા, બન્ને કાન ઉપર સુશોભિત મકરના આકારના કુંડળવાળા દિવ્ય એવા તેલફુલેલ વગેરેથી સુન્દર, સમગ્ર અલંકારોથી શણગારેલા, પીતામ્બરથી વીંટળાયેલા, સુન્દર વનમાળાથી શોભી ઉઠેલા, રમણ આસક્તિવાળા, ગાન ગોપજનો

તરર અનુરાગવાળા ગોપિકાઓથી ઘેરાયેલા, રાસમંડળના મધ્ય ભાગમા રહેલા, બબ્બે ગોપીજનો વચ્ચે બિરાજેલા, શ્રુતિરૂપ-અગ્નિકુમારરૂપ ગોપીજનોની ભુજાઓથી સાથ ભરેલા, રાસરસમા કહેલી રીતે રૂપ કરતા વળી ગોપીજનોને ઉદ્રેક થવાને કારણે તૃતીયપુરુષાર્થને કરતા વળી મોટાકાર ગતો. ઉદ્રેક થવાને કારણે જલક્રીડામા આનન્દ લેતા, ભગતા રસની ક્રીડામા પરાયણ, ક્રીડકાર જલક્રીડામા આનન્દ લેતા, સર્વ મત્થી નિર્ગુણ તેજવાળા, ગોપિકાઓમા આસક્તિવાળા છતા સર્વ કામોમા વિરાગવાળા અને સર્વ સામગ્રીથી યુક્ત આવા પ્રકારના ત્રિભંગલલિત પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી તે શ્રીમદાચાર્યવર્ય શ્રીમદવલ્લભા ચાર્ય પ્રભુના હૃદયમા બિરાજત હોય, તેવે પ્રકારે ભાવાત્મક સ્વરૂપે ભાવના કરવી, (શ્રીમદાચાર્યજીના હૃદયમા રહેલા પ્રભુની ભાવના કરવાનુ કારણ એ છે) સમગ્ર રેવું જે હૃદય તેજ રસાત્મક પ્રભુનું આધાર સ્થાન થઇ રહે પ્રભુ પ્રત્યેક ગોપીજન સાથે લીલામા બિરાજી રહે છે, તેવા સ્વરૂપમા હૃદયમા પધાર્યા છે, તેવી ભાવના કરવી. પ્રભુના વિરહને લીધે અત્યન્ત તાપક્લેશ થાય છે, ત્યારે, પ્રભુ હૃદયમાથી બહાર પધારે છે, માટેજ હૃદયમા રહેલા પ્રભુની ભાવના કરવાની છે શ્રીમહાપ્રભુજી પ્રભુનૂ લોક અને વેદમા પ્રસિદ્ધ એવૂ નિજ સ્વરૂપ છે, તેનેજ આધારસ્થાન બનાવીને પ્રભુ પોતાની લીલાઓ દર્શાવી રહ્યા છે અવતારદશા ન હોય, ત્યારે પ્રભુ મૂર્તિ-સ્વરૂપમા રહીને લીલાનો અનુભવ કરાવે છે. તેમા પ્રભુના રૂપનો ભાવુકોને જે અનુભવ થાય છે, તે ભાવરૂપેજ થાય છે જો બુદ્ધિ સામાન્ય હોય તો તેવાઓને બીજે બીજે રૂપે દર્શન આપે જે ખરા ભાવિક છે, તેને સ્વરૂપમા તેમજ મૂર્તિમા સામાન્ય બુદ્ધિ હોતીજ નથી ઉપર બતાવ્યા પ્રમાણે સ્વરૂપે રહેલા પ્રભુનૂ અતિ દીન ચિત્ત વડે ધ્યાન ધરવૂ ૨૨—૩

तत स्मेष्यति सर्वात्मभावो भवति न स्वतः ।
पुष्टिमार्गे साधनं च फलं चापि मतो हि सः ॥२४॥

આ પ્રકાર ભાવના કરવામાં આવે ત્યારે સર્વાત્મભાવ સિદ્ધ થાય. એ સર્વાત્મભાવ ભક્તને આવા પ્રકારના ધ્યાન વિના કાંઈ આપોઆપ થતો નથી. પુષ્ટિમાર્ગમાં આ સર્વાત્મભાવ એજ સાધન અને એજ ફળ છે. ૨૪.

एतत्सर्वं निजाचार्यकरुणालम्बितात्मनाम् ।
भवेदस्मदीयानां विधेयः केवलाश्रयः ॥२५॥

આ બધું આપણા આચાર્યવર્ય શ્રીમદ્વલ્લભાધીશ પ્રભુની કૃપા વડે કરીને જેમનો આત્મા સનાથ થયો છે, તેવા ભગવદીયોને પ્રાપ્ત થાય. માટે જ ફક્ત પ્રભુનો આશ્રય રાખવો. ૨૫.



४१. स्वमार्गशरणद्वयनिर्णयः ।

यथा हि शरणं यातैर्विधेया भावना हृदि ।
स्वाचार्यकरुणामात्रबलात्मात्र निरूप्यते ॥१॥

જે પ્રમાણે શરણે ગયેલા જીવોએ હૃદયમાં ભાવના કરવાની છે, તેનું નિરૂપણ આપણા આચાર્યવર્ય શ્રીવલ્લભાધીશ પ્રભુની કૃપાનાજ બળ પર રહી કરવામાં આવે છે. ૧

બે પ્રકારનું શરણ: ૧. સિદ્ધ શરણ

शरणं द्विविधं प्रोक्तं सिद्धसाधनभेदतः ।
त्यागात्यागविभेदेन प्रथमे त्याग इष्यते ॥२॥

સિદ્ધ શરણ અને સાધન શરણ એવા ભેદે શરણ બે જાતનું કહેવામાં આવ્યું છે; તેમાં એક ત્યાગદશામાં રહી કરવાનું અને બીજું અત્યાગદશામાં કરવાનું. આમ પહેલું જે સિદ્ધ શરણ છે, તેમાં ત્યાગ ઇષ્ટ છે. ૨.

'सर्वधर्मान्परित्यज्ये'त्यत्र त्यागनिरूपणात् ।
'न्यासादेशे'ति पद्येन तत्तात्पर्यं निरूपितम् ॥३॥

કેમકે શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં "સર્વ ધર્મોનો ત્યાગ કરી તું મારે શરણે આવ," એવું જે શરણ છે, તેમાં ત્યાગનું નિરૂપણ છે. શ્રીમહાપ્રભુજીએ આ ત્યાગરૂપનું તાત્પર્ય 'ન્યાસાદેશે' એ શબ્દથી શરૂ થતા સુપ્રસિદ્ધ શ્લોકમાં બતાવ્યું છે. (પં. શ્રીરમાનાથજીએ "ન્યાસાદેશ" એ શ્લોક પર ગુજરાતી ભાષામાં વિવેચન છપાવ્યું છે, તે આવી વાંચવું.). ૩.

स एवात्र च सन्न्यासः सर्वत्यागात्मको मतः ।
सर्वोत्तमे प्रभोर्नाम ताद्दगेव विराजते ॥४॥
"विरहानुभवैकार्थसर्वत्यागोपदेशकः ॥४२॥

તેજ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ઉપદેશવામાં આવેલો સન્યાસ સર્વ ધર્મોના ત્યાગપૂર્વકનો કહેવાયો છે. આ વસ્તુનો ખ્યાલ રાખી-

તેવા શ્રીગુસાંઈજીના શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું "પ્રભુના વિરહનો અનુભવ કરાવવાને માટે સર્વધર્મોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપનારા" એવું નામ આપ્યું છે. ૪૭.

यत्र ज्ञानगुणादीनां स्यात्सन्देहेतोरपि स्वतः ॥५॥
त्यागः, शरीररक्षापि न तावत् भोजनादिभिः ।
लौकिका वैदिका वापि धर्मा भागवता अपि ॥६॥
त्यज्यन्ते, यत्र न फलमन्यदत्रानुभूतितः ।
अतो दुर्लभता प्रोक्ता प्रेम्णा सिध्यति नान्यथा ॥७॥

આ ઉત્તમ ગતિના ભાગાત્મક ભક્તિમાર્ગીય સિદ્ધ ત્યાગાત્મક સંન્યાસમાં જ્ઞાન, ગુણ વગેરે તેમજ શરીરની સંભાળના કાર્યનો પણ પોતાની મેળે ત્યાગ કરવાનો છે. ભોજન વગેરેથી દેહનું રક્ષણ કરવાનું પણ નહિ; આમાં લૌકિક અને વૈદિક તેમજ ભાગવત ધર્મોનો પણ સર્વથા ત્યાગ કરવાનો છે; કેમકે તે કરવાથી અને તેથી પણ કોઇ ફળની તો અપેક્ષા નથીજ; માટેજ આ સિદ્ધ થયું માર્ગ બહુજ દુર્લભ કહેવામાં આવ્યો છે. આ માર્ગ કેવળ પ્રેમથી જ સિદ્ધ થાય છે ૫–૭.

पृथक्शरणमार्गोपदेष्टृत्वमिदमेव हि ।
बुद्धिपूर्वकसन्त्यागे विरहानुभवात्मता ॥८॥

શ્રીમહાપ્રભુજીનું શ્રીગુસાંઈજીએ શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં "[illegible] [illegible] [illegible] શરણ માર્ગનો ઉપદેશ કરનાર," એવું નામ

કહ્યું છે, ને આ સિદ્ધ શરણ માર્ગનો ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે. તે માટે બુદ્ધિપૂર્વક આવા પ્રકારનો શ્રાગીનાજમાં કહેલો ત્યાગ કરવામાં આવે તો પ્રભુના વિરહનો અનુભવ થઇ જાકે. ૮.

अग्रे तु तस्याप्यस्फूर्तिः स्वास्फूर्तिर्विरहेण च ।

एवं हि सिद्धशरणं त्यागेन विनिरूपितम् ॥९॥

આગળ જતાં વિરહનું પણ ભાન રહેતું નથી; અને અત્યન્ત વિરહ વડે કરીને પોતાનું પણ ભાન રહેતું નથી. આ પ્રમાણે ત્યાગવાળું "સિદ્ધ શરણ" નિરૂપવામાં આવ્યું. ૯.

૨. સાધન શરણ

अत्यागेन च सम्प्रोक्तं साध्यभक्तिप्रसिद्धये ।

कलौ भक्त्यादिमार्गाणां दुःसाध्यत्वादपि स्वतः ॥१०॥

स्वसाधनैर्न संसिद्धिः, शरणादखिलं भवेत् ।

'विवेकधैर्यभक्त्यादिरहितस्ये'ति रूपणात् ॥११॥

સાધ્ય એવી ભક્તિ સિદ્ધ કરવા માટે જેમાં ત્યાગ કરવાનો નથી, તેવું આ શરણ છે શ્રીમહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં આજ્ઞા કરી છે કે-'આ કળિયુગમાં ભક્તિ વગેરે માર્ગો અત્યન્ત મુશ્કેલીથી સાધી શકાય તેવા છે, તેથી અમે તેટલા સાધન કરવામા આવે તોયે ભક્તિ સિદ્ધ થઇ શકે તેમ નથી એથી કરીને શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણાશ્રયમાં જણાવ્યું છે. ને પ્રમાણે 'વિવેક-ધૈર્ય-ભક્તિ વગેરે 'કશાં પણ

એવો સ્વતન્ત્ર ફલરૂપ અને સાધનરૂપ એમ બે પ્રકારનો આશ્રય ઉપદેશ્યો. આમાં જે બીજો સાધનરૂપ આશ્રય છે. તેમાં વિવેક-ધૈર્ય-ભક્તિ વગેરે સાથે મળતા પ્રભુમાં પ્રેમ સિદ્ધ કરાવે ૧૩-૧૫.

प्रथमे भावना कार्या शरणे स्वात्मरूपिणः ।
यतो हि भगवान् कृष्णो विरहात्मा च साकृतिः ॥१६॥
देहेन्द्रियान्तःकरणादिषु तिष्ठति रक्षकः ॥१६½॥

પહેલો જે ફલરૂપ આશ્રય છે. તેમાં પોતાના આત્મરૂપ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીની ભાવના કરવી; કેમકે વિરહરૂપ સાકાર એવા જ ઐશ્વર્યવાળા ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજી રક્ષકરૂપે દેહ, ઇન્દ્રિય, અંતઃકરણ વગેરેમાં બિરાજી રહેલા છે. ૧૬½

ततश्च भावयेत्कृष्णं देहजीवेन्द्रियात्मकम् ॥१७॥
अत एव वियोगस्यानुभूतौ जीवनं भवेत् ॥१७½॥

ત્યારબાદ દેહ-જીવ અને ઇન્દ્રિયરૂપ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીની ભાવના કરવી; એ ભાવનાથીજ પ્રભુના વિરહનો અનુભવ વધતો થતાં જીવન ટકી રહે ૧૭½.

अयमेव हि सन्न्यासः स्वतन्त्रः शरणं तथा ॥१८॥
सर्वत्यागेन मननं वियोगानुभवात्मकः ॥१८½॥

આજ ખરું લૌકિક-વૈદિક-દૈહિક ધર્મોના ત્યાગથી સતત પ્રભુના વિયોગનો અનુભવ કરાવનાર શરણરૂપ સ્વતન્ત્ર સન્ન્યાસ ૧૮½

द्वितीये शरणे तु स्यादेतदैहिकं मम ॥१९॥
तदेकशरण, तेषां रक्षकश्च प्रवर्तक ।
निवर्तकश्च भगवान्, निष्प्रयत्नस्ततो भवेत् ॥२०॥

બીજા પ્રકારનો જે સાધનરૂપ આશ્રય છે, તેમાં ઉપરે આ મારું ઐહિક તે પ્રભુને શરણે જ છે, તેવો ધ્યાન રહેલો છે આવા ભક્તોનું રક્ષણ કરનારા, પ્રવૃત્તિમાં નાખનારા અને પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં મૂકનારા ભગવાન જ છે; તેથી ભક્તે નિષ્પ્રયત્ન- બીજા ઉપાય લૌકિક વગેરે કાર્યોમાં પ્રયત્ન ન કરવાનું થયું' ૧૯-૨૦.

इति विज्ञाय शरणद्वयं धीरः समाश्रित ।
निस्साधनो निजाचार्यनाश्रितः सिद्धिमाप्नुयात् ॥२१॥

આ પ્રમાણે સિદ્ધ અને સાધનરૂપ, એવા બન્ને પ્રકારના શરણ-આશ્રયને સારી રીતે સમજી પ્રભુનો આશ્રય કરતાં રહી, નિઃસાધન થઈ, શ્રીમદાચાર્યજીને શરણે રહે એટલે જીવ સર્વ સિદ્ધિ મેળવવા ભાગ્યશાળી થાય ૨૧



४२. स्वमार्गीयसन्न्यासवैलक्षण्यनिरूपणम् ॥

पुष्टिमार्गीयसन्न्यासः स्वबुद्ध्याचार्यसंश्रयात् ।
निरूप्यते यद्विज्ञानाद् भासतेऽनधिकारिता ॥१॥

શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાધીશ પ્રભુને આશ્રયે રહી મારી બુદ્ધિ પહોંચે છે તે પ્રમાણે પુષ્ટિમાર્ગીય સન્ન્યાસનું અહીં નિરૂપણ કરવામાં આવે છે; જેને પૂરેપૂરી રીતે જાણવાથી એ ઉચ્ચ કોટિના પુષ્ટિમાર્ગીય સન્ન્યાસમાં આપણો અધિકાર નથી, એમ સ્પષ્ટ જણાય છે. ૧.

૧. મર્યાદામાર્ગીય સન્ન્યાસ

मर्यादामार्गसन्न्यासे वैराग्यमधिकारकृत् ।
इहामुत्र परं तत्र स्वात्मरक्षा विधीयते ॥२॥

મર્યાદામાર્ગીય સન્ન્યાસમાં વૈરાગ્ય એ અધિકાર અર્પનાર છે; પરન્તુ આ લોકમાં કે પરલોકમાં સર્વત્ર તેમાં આત્માનું રક્ષણ કરવાનું હોય છે. ૨.

श्रवणं मननं चापि निदिध्यासनमुच्यते ।
नैरन्तर्यस्थितिश्चापि चेतसोऽस्यारम्भकारणम् ॥३॥

मनःप्रमादसिद्ध्यर्थं गरुडपठनमुच्यते ।
भिक्षाटनं न वपुषो रक्षायै तत्र रूप्यते ॥४॥

वेदान्तश्रवणं चापि कृष्णमाहात्म्यबोधकम् ।
संसारदुःखनाद्दूरे स्यान्ममौन्यमसिद्धये ॥५॥

જે પ્રમાણે રોગીને ખાના પર રુચિ થાય તે ખાતર ખોરાક તેની સમક્ષ તૈયાર કરવામાં આવે છે, તે પ્રમાણે પ્રેમની વૃદ્ધિ કરવાવાળો આનુભાવ ભક્તને કરાવી તેમજ ગૃહ-પુત્ર-દારા વગેરેમાં વિરાગ કરાવી પ્રભુ પ્રેમાત્મક ભાવની વૃદ્ધિ કરે છે પ્રભુમાંના થયેલા રાગ-પ્રેમને લીધે જેને પ્રભુમાં પ્રેમ થયેલો છે, તેવો ભક્ત દરેક રીતે સર્વ દુન્યવી પદાર્થોના ત્યાગ કરે છે ૧૨-૧૩

अतोऽधिकारभेदोऽस्ति तन्न्यासादत्र सर्वदा ।
किञ्च नान्यता स्वरक्षा हरिरेव मातृवद्धितम् ॥१४॥

આથીજ તે મર્યાદામાર્ગીય અને તથા આ પુષ્ટિમાર્ગીય મોક્ષમાં દરેક રીતે અધિકારનો ભેદ છે વિશેષમાં મર્યાદામાર્ગીય સંન્યાસમાં જેમ આત્મરક્ષા કરવાની હોય છે, તેમ આ પુષ્ટિમાર્ગીય મોક્ષમાં આત્મરક્ષા નથી, પરન્તુ જેવી રીતે બાળક માતા પાસે રહેતા છે, તેજ રીતે આ પુષ્ટિમાર્ગીય સંન્યાસીના હૃદયમાં પ્રભુ રહેલ છે, એટલે આત્મરક્ષાનો પ્રશ્નજ ઉઠતો નથી. (લૌકિક દૃષ્ટિએ આમ ગણતા હૃદયમાં રહેલા પ્રભુ રક્ષા કરે છે) ૧૪

यथा तिरोहितं वह्नौ भस्मना नैव, काष्ठता ।
तथा नैवत्तिरोभावेऽन्यथाभावो भवेदिति ॥१५॥

श्रवणादिनिषेधोऽत्र स्वास्थ्यसम्पादनात्पुनः ।
एकत्रैवावस्थितिश्च निरोधस्थापनतो यथा ॥१६॥

व्रजस्थानामगमनं मथुराया व्रजगोकुलात् ।
अन्यस्मिन्नत्रापि पल्लीगादिदर्शनात् ॥१७॥

લાકડામાંથી અગ્નિ ઊડી જાય પછી બાકી રાખજ રહે, તેજ પ્રમાણે હૃદયમાંથી પ્રભુનો તિરોભાવ થઈ જાય તો ભક્તપણુંજ કયાં રહ્યું? મર્યાદામાર્ગીય મોક્ષમાં શ્રવણ, મનન, ધ્યાન કહ્યું છે ત્યારે આ પુષ્ટિમાર્ગીય મોક્ષમાં તેનો નિષેધ કર્યો છે (નિષેધ ઉત્તમાધિ કાર-શ્રેષ્ઠ પુષ્ટિમાર્ગીય સન્યાસ-માં છે, એ વસ્તુ નભૂલાવી જોઈએ, તેમ નહી તર સામાન્ય અધિકારી જીવનો ભગવદીયતાની કક્ષાએ પહોચતા શક્તિમાન થઈ નજ શકે) શરીર સુખાકારી સારી રહે તે ખાતર કોઈ એકાન્ત સ્થળમાં ન જતા પ્રભુમન્દિરમાં કાયમ એકજ સ્થળે રહેવાનું હોય છે શ્રીનન્દજીતો મથુરામા જઇ શકે તેમ હતા, પરન્તુ નિરોધસ્થાન એવા નન્દમાથી-પોતાના ગોકુલમાથી તેઓએ જવાનું પસન્દ ન કર્યું. (જે સ્થાનમા રહી પૂરો નિરોધ સાધી શકાય, ત્યાજ સદૈવ સ્થિતિ કરવાની છે, એ આ કથનનો આશય છે,) આ પુષ્ટિમાર્ગીય સન્યાસમા પૃથ્વીપર્યટન પણ છે, પરન્તુ મર્યાદામાર્ગીય પૃથ્વી-પર્યટન કરતા આ જુદું છે અહી તો પ્રભુના ચરણકમલ તેમજ પ્રભુની લીલા એના દર્શન માટેજ યાત્રાદિ છે ૧૫-૧૭.

विशेषस्थाम्यजनकं तन तद्भिन्नमुच्यते ॥१७॥

વિશેષ શાન્તિ મેળવવાને માટે મર્યાદામાર્ગીય સન્યાસમા જે પૃથ્વી-પર્યટન છે, તે જુદા જ પ્રકારનું છે ૧૭

नात्र भिक्षाटनं देहरक्षार्थं कार्यमिष्यते ॥१८॥

विरहाद्देहपातार्थमत्र सर्वं समुद्यम ॥१८½॥

દેહરક્ષાને માટે ભિક્ષાટન કરવાની વાતજ અહી નથી; આ પુષ્ટિમાર્ગીય સન્યાસમા પ્રભુના વિરહને લીધે શરીરનાજ ત્યાગ

માટે સર્વ તૈયારી છે (તાપક્લેશ એજ સાધનો છે, ભિક્ષાટન તો દેહની રક્ષા કરે; એમ છતાં તાપક્લેશના અનુભવની સંભાવનાયે ન રહે ૧૮½.

नात्र माहात्म्यबोधाय वेदान्तश्रवणं मतम् ॥१९॥
ज्ञानस्य बाधकत्वोक्तेः स्वास्थ्यहेतुतयापि च ॥१९½॥

જ્ઞાન એ તાપક્લેશાદિમાં બાધક છે, વળી એ તો શરીરના રક્ષણનો બોધ કરે છે; માટેજ પ્રભુના માહાત્મ્યજ્ઞાન માટે આ પુષ્ટિમાર્ગીય સન્ન્યાસમાં વેદાન્તશાસ્ત્રના શ્રવણની આવશ્યકતા જણાવવામાં આવી નથી. ૧૯½

सन्न्यासधर्माः केऽप्यत्र न सन्तीत्येष निश्चयः ॥२०॥
'सर्वधर्मान्परित्यज्य' इत्येतद्वचनतो हरेः ॥२०½॥

મર્યાદામાર્ગની માફક આ પુષ્ટિમાર્ગીય સન્ન્યાસમાં ખાસ વિશિષ્ટ કોઈ ધર્મો નથીજ; કેમકે શ્રીકૃષ્ણચન્દ્રજીએ શ્રીમદ્ભગવદ્ગીતામાં આજ્ઞા કરી છે–"હે અર્જુન! સર્વધર્મોનો ત્યાગ કરી તું મારે શરણે આવ" (પુષ્ટિમાર્ગીય સન્ન્યાસની આ ઉચ્ચ કોટિ છે. તેવા સન્ન્યાસીને પ્રભુના શરણ સિવાય કોઈપણ ધર્મની અપેક્ષા નથી; એટલુંજ નહીં, ઇન્દ્રિયોના ધર્મોની પણ તેને આવશ્યકતા નથી.)૨૦½.

बन्धमात्रनिवृत्त्यर्थमत्र वेषस्तथाविधः ॥२१॥

સર્વ પ્રકારના સાંસારિક બન્ધો ટળી જાય એ ખાતર મર્યાદામાર્ગીય સન્ન્યાસમાં છે, તેવી જાતનો વિશિષ્ટ વેષ આ પુષ્ટિમાર્ગીય સન્ન્યાસમાં પણ છે (શ્રીહરિરાયજી કાષાયવસ્ત્રોના ગ્રહણ જેના

વેષની વાત કરે છે કે કોઇ અન્ય પ્રકારના વેષની, એ વાત અહીં સ્ફુટ થતી નથી માત્ર આ શ્લોકથી એટલુંજ ફલિત થાય છે કે શ્રીહરિરાયજીના સમયમાં પુષ્ટિમાર્ગીય સન્યાસીઓ માટે હીન મધ્યમ અધિકારીઓથી તેઓ જુદા જણાઇ આવે તે ખાતર કોઇ વિશિષ્ટ પ્રકારનો વેષ હોય સમ્ભવ છે કે આ વેષ માત્ર ધોતી જ હોઇ શકે) ૨૧

મોક્ષેऽकामना नास्ति हरेरपि च वाञ्छनम् ।

तत्र बाधकसद्भावो, नात्र कृष्णोऽपि बाधकः ॥२२॥

આ પુષ્ટિમાર્ગીય મોક્ષમાં મોક્ષનીયે ઇચ્છા નથી, અરે હરિ ભગવાન મળે, તેની પણ ઇચ્છા નથી તે મર્યાદામાર્ગીય સન્યાસમાં અનેક બાધકો નડવાનો સમ્ભવ છે, જ્યારે આ પુષ્ટિમાર્ગીય સન્યાસને ખુદ પ્રભુ પણ બન્ધ કરનાર થઇ શકતા નથી ૨૨.

तत्र प्रणवहृद्ध्यानमत्र क्लेशैकभावनम् ।

तत्र कृष्णे प्रवेशोऽस्ति, प्रकृते कृष्णवेशनम् ।२३॥

તે મર્યાદામાર્ગીય સન્યાસમાં ૐકારનું હૃદયમાં ધ્યાન કરવાનું હોય છે, જ્યારે અહીં આ પુષ્ટિમાર્ગીય સન્યાસમાં માત્ર પ્રભુના વિરહ થયેલા તાપક્લેશનાજ વિચાર કરવાનો હોય છે ત્યાં જ્ઞાનમાર્ગીય સન્યાસીને શ્રીકૃષ્ણાનન્દમાં પ્રવેશ છે, જ્યારે પુષ્ટિમાર્ગીય સન્યાસીના હૃદયમાં ખુદ પ્રભુ આવી પ્રવેશ કરી રહેતા છે ૨૩

तत्र निष्कामनाहीलानुभवोऽनान्तरोऽखिल ।

एवं विज्ञाय वैशिष्ट्यं न्यासयोर्विपरीतताम् ॥२४॥

दुर्लभत्व चावगत्यार्थं सार विभावयेत् ॥२४॥

તે ના ભાર્ગીય સ ાગ ા સ ત્ગે મ । ગય ા ગ
મોક્ષ પછી જ્યારે પ્રભુને તના ઉ પર કૃપા કરી લીલાનો અનુભવ
કરાવનાો હોય છે ત્યારે તેમા ને પ્રભુ પોતાનાથી બહાર ભાગે
તો લીલાનો અનુભવ ાવે છ ના અહી આ ષ્ટિમાર્ગીય
સ ન્યાસની કાટિમા તા ભક્ત । હૃ ય ા જ સમગ્ર લીન ો અનુભવ
થાય છે આ પ્રમાણે ભ ન નમાર ાા સ ન્યાસમા રૂ ી ક્રિ તા
તેમજ ઊનરાપણૂ ખરે મર ગમઝો અને આ પુષ્ટિમાર્ગીય સન્યાસ
ટલા દુલભ છે તનો ખ્ય ન કર્ગ । પાત નો ક્યા નરાો આ િ
ાર છે તે ા વિચાર કરવા ૨૪ે

त्यागमात्र प्रकुर्वीत जन सर्वाधिकारस्तु ॥२५॥
गपञ्चस्फूर्तिरहितो विन्ध्यान्यसन मातम् ।
यावत्प्रपञ्च स्फुरति तावन्नैवाधिकारिता ॥२६॥

સ ન અધિ ાર પ્રાપ્ત કરવા િ છ ઢાગાજો સ ક ન તુ
ત્યાગ કરવો તમા પણ આ જગત ગા ે જગત ા ાથે ા જે
સ્ફૂર્તિ તે ા વિનાોજ થઇ ો સ ન્ ાસમા બુદ્ધિ કરી ા ત્યા
સુધી જગત અ ો જગતના પદાર્થે ાી સ્ફુર્તિ રૂહે ાાસુધો કહી
આ પુષ્ટિમાર્ગીય સન્યાસમા અધિકાર મળતા નથી ૨૫-૨૬

अन स पुष्टिमार्गीय सिद्धो न्नन्तनत्तु हि ।
नशा न धामनाचार्यैस्नन्यत्राम्यप्रयाग्यता ॥२७॥

એ ઉચ્ચ પ્રકારનો પુષ્ટિમાર્ગીય સન્યાસ ગોપીજનોમાં સિદ્ધ હતો; તે ઉપરાંત શ્રીમહાપ્રભુજી શ્રીમદ્દલ્લભાધીશ્વર પ્રભુમાં સિદ્ધ હતો. બાકીના જે બીજાઓ એમાં તો સ્પષ્ટ અનધિકાર કહેવો છે. ૨૭

अयोग्यमिच्छन्मनुज. पतति स्वफलादपि ।
तस्मात्स्वयोग्यतां ज्ञात्वा कर्तव्यः स्यान्मनोरथः ॥२८॥

પોતાનો અધિકાર ન હોય તેવું કરવા જાય તો મનુષ્ય પોતાના અધિકાર પ્રમાણે જે ફળ મળવાનું હોય, તેમાથી પણ ભ્રષ્ટ થાય છે. તેથી કરીને પોતાની લાયકાતનો વિચાર કરી પછી આગળ પગલું ભરવું. ૨૮.

स्थेयं तथैव वा रीत्या मनुजैर्भाग्यराशिभिः ।
तन्नाम नैव कर्तव्यमपराधादिति स्थितिः ॥२९॥

અથવા તો નસીબદાર એવા જીવોએ પોતાને જે માર્ગની રીત મળી હોય, તે રીતેજ ચાલવું. પુષ્ટિમાર્ગીય ઉચ્ચ કોટિના સન્યાસનું નામ લેતાય અપરાધ થાય, એ ભયે અધિકાર વિના તેનું નામ પણ ન લેવું એવું અમે માને છે. ૨૯.



૪૩. जन्मवैफल्यनिरूपणाष्टकम् ।

नाश्रितो वल्लभाधीशो न च दृष्टा सुबोधिनी ।
नाऽऽराधि राधिकानाथो वृथा तज्जन्म भूतले ॥१॥

(અનુવાદક-શાસ્ત્રીજી જયેન્ડારામ હરજીવન જોશી)

શબ્દાર્થ—જેઓએ શ્રીવલ્લભાધીશ્વરનો આશ્રય કર્યો નથી શ્રીસુબોધિનીજી જોયા નથી. અર્થાત્ શ્રીસુબોધિનીજીના કથામૃતનું પાન કરી શ્રીભાગવતના તત્ત્વને જાણ્યું નથી, અને રાધિકાનાથ શ્રીકૃષ્ણચંદ્રજીનું જેઓએ આરાધન કર્યું નથી અર્થાત્ સેવા કરી નથી તેઓનો જન્મ પૃથ્વીમાં નિષ્ફળ છે. ૧.

વિવેચન—ચોરાશીલક્ષ યોનિમાં ભ્રમણ કરતા કરતા અંતે શ્રીહરિ કૃપા કરીને જીવને મનુષ્યદેહરૂપી નૌકા સંસારસમુદ્ર તરવા માટે અર્પણ કરે છે નૌકા મળવા છતાં પણ જો તે ચલાવતા ન આવડે તો સમુદ્રમાં ડૂબી જાય છે માટે શ્રીભાગવતના એકાદશ સ્કંધમાં ભગવાને ઉદ્ધવજીને કહ્યું છે કે—"गुरुकर्णधारम्" ગુરુ એ નરદેહ નૌકાના ચલાવનાર છે. અતએવ વેદમાં કહ્યું છે કે "आचार्यवान् पुरुषो वेद" આચાર્યનો આશ્રય કરનાર પુરુષજ જાણી શકે છે. માટે ગુરુના સર્વ લક્ષણયુક્ત એવા શ્રીમદ્વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો આશ્રય કરવાથીજ આ નરદેહનૌકા સમુદ્રપાર પામી શકે છે. તેમજ શ્રીવલ્લભાધીશ્વર એ વાણીના પતિ હોવાથી યથાર્થ શ્રીમદ્ભાગવતના રહસ્યને પણ તેઓજ જાણે છે. અતએવ તે રહસ્યના શ્રીસુબોધિનીજી રૂપે જણાવી શ્રીરાધિકાપતિ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરવા આજ્ઞા કરે છે. માટેજ શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે જે શ્રીવલ્લભાધીશ્વરનો જેણે આશ્રય કર્યો નથી, શ્રીસુબોધિનીજી જેણે જોયા નથી, અને રાધિકાનાથ શ્રીકૃષ્ણચંદ્રજીનું જેણે આરાધન કર્યું નથી, તેનો જન્મ આ પૃથ્વી ઉપર નકામો છે. ૧.

न गृहीतं हरेर्नाम नान्यमाश्रितमर्पितम् ।
न कृष्णसेवा विहिता वृथा तज्जन्म भूतले ॥२॥

શબ્દાર્થ—જેઓએ મનુષ્યજન્મ ધારણ કરી શ્રીહરિનું નામ-ગ્રહણ કર્યું નથી, આત્મા, પુત્ર, કલત્ર, દ્રવ્ય, કુટુંબાદિક સર્વ પ્રભુનું છે એમ માની જેઓએ આત્મનિવેદન કર્યું નથી, તેમજ આત્મનિવેદન કરી ભગવત્સેવા કરવાનો લાભ મેળવી શ્રીકૃષ્ણની સેવા કરી નથી, તેઓનો જન્મ આ ભૂતળમાં નિષ્ફળ છે ૭.

વિવેચન—ભગવલ્લીલા મધ્યપાતની અભિલાષાવાળાઓએ પ્રતિક્ષણે ભગવન્નામ લેવુંજ જોઇએ, કારણ કે—"ભગવન્નામમાં પાપ દૂર કરવાની જેટલી શક્તિ છે તેટલું પાપ પાતકી મનુષ્ય કરી શકતો નથી", માટે શ્રીહરિગ્રયચરણ આજ્ઞા કરે છે કે જેમણે શ્રીહરિનું નામ-ગ્રહણ કર્યું નથી તેમનો જન્મ આ ભૂતળમાં વૃથા છે. તેમજ આ જગત્ પ્રભુએ ઉત્પન્ન કરેલું હોવાથી જગત્ના ખરા માલીક શ્રીહરિજ છે તથાપિ જીવ અવિદ્યોપાધિને લીધે તેમાં અહંતામમતા રાખે છે, તે મિથ્યા છે, જુઓ શ્રીભાગવતમાં બ્રહ્મદેવે શ્રીવામનભગવાનને ત્રણ પગલાં પૃથ્વી આપવાની પ્રતિજ્ઞા બલિ કરનાર જણાવ્યું છે તે સમયે તેની સ્ત્રી વિંધ્યાવલીએ સ્પષ્ટ કહ્યું છે કે—"હે પ્રભો આ જગત્ તમેઓ ક્રીડા કરવા માટે ઉત્પન્ન કર્યું છે તેથી તેના ખરા માલીક તમો હોવા છતાં જેઓ પોતાની માલકી બતાવે છે તે દુષ્ટબુદ્ધિવાળાઓ છે, માટે જીવની જેમાં અહંતામમતા રહેલી છે તે દેહ, સ્ત્રી, પુત્ર, દ્રવ્ય, ગૃહ, કુટુંબાદિક હે પ્રભો ! મારાં નથી પણ આપનાં છે એવી રીતે ગુરુસમક્ષ પ્રતિજ્ઞાદ્વારા પ્રભુને આત્મનિવેદન કરી અહંતામમતાનો ત્યાગ કરી ભગવત્સેવાનો અધિકાર મેળવી દાસ્યભાવથી "यावदंशो म तं भजेत" એ સૂત્રાનુસાર જીવ પ્રભુનો અંશ હોવાથી અંશી પ્રભુની સેવા કરવી એ તેનો સ્વધર્મ છે માટે તે

સ્વધર્મરૂપ સેવા ન કરનારનો જન્મ આ ભૂતળ ઉપર નિષ્ફળ છે એમ આ શ્લોકમાં શ્રીહરિરાયજી જણાવે છે ૨

न लीलाचिंतनं नैव दीनता विरहाद्धृदि ।
नवा कृष्णाश्रयः पूर्णो वृथा तज्जन्म भूतले ॥३॥

શબ્દાર્થ—જેઓએ આત્મક શ્રીપૂર્ણપુરુષોત્તમની લીલાઓનું ચિંતન કર્યું નથી શ્રીહરિને મળવાની આર્તિથી વિપ્રયોગાગ્નિથી તપ્ત થઇ જેઓનામાં દીનતા આવી નથી, અથવા શ્રીકૃષ્ણચન્દ્રનો દૃઢ આશ્રય જેઓને નથી તેમનો જન્મ આ પૃથ્વીમાં નિષ્ફળ છે ॥૩॥

વિવેચન—ભગવદ્‌ભક્તોએ હમેશાં ભગવલ્લીલાઓનું ચિંતન કરવું જોઇએ કે જેથી ચિત્તવૃત્તિનો ભગવાનમાં નિરોધ સિદ્ધ થાય, અને તે લીલાઓનું ચિંતન કરતાં કરતાં પ્રભુને મળવાની આર્તિ પૂર્વક હૃદયમાં જ્યારે વિરહાગ્નિ પ્રગટ થાય છે ત્યારે તે વિરહાગ્નિ દ્વારા ભગવદ્દર્શનમાં અંતરાયરૂપ દોષો નાશ પામતાં દીનતા પ્રકટ થાય છે અને તે દીનતાથીજ પ્રભુ પ્રકટ થાય છે તેમજ ચાતક પક્ષી જેમ મેઘ ઉપર વિશ્વાસ રાખે છે તો તે મેઘ જડ હોવા છતાં પણ સ્વાતીમાં વૃષ્ટિ કરી તેની આશા પૂર્ણ કરે છે, કારણ ચાતકનો અનન્ય વિશ્વાસ મેઘ ઉપર છે, ચાતક સ્વાતીનાં જળ વિના અન્ય જળનો સ્વીકાર કરતું નથી, તો ભક્ત પ્રભુની અનન્ય ભક્તિ કરી અન્યાશ્રયના ત્યાગપૂર્વક પૂર્ણ રીતે ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રનોજ આશ્રય કરે તો પ્રભુ તે ભક્તોના મનોરથ અવશ્ય પૂર્ણ કરેજ, એમાં કંઇ આશ્ચર્ય નથી, માટેજ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે લીલાઓનું જેને ચિંતન નથી, ભગવાનને મળવાનો હૃદયમાં વિરહ નથી, વિ

ભક્તિથી દીપતા પ્રાપ્ત જેઓને થઈ નથી, તેમજ નાદુર નન્દ ॥ પુષ્પ આગર નથી, તેઓનો જન્મ આ પૃથ્વીમાં નિષ્ફળ છે ॥૩॥

न नीता वार्तया नक्ता माधवो नैव सेविता ।
न गोविन्दगुणा गीता वृथा तज्जन्म भूतले ॥४॥

શબ્દાર્થ-જેઓએ ભગવત્સંબંધી વાર્તા વડે દિવસો વ્યતીત કર્યા નથી, સાધુપુરુષોનું અર્થાત્ ભગવન્મય જીવન વ્યતીત કરનાર ભગવદીયોનું જેમણે સેવન કર્યું જ નથી, શ્રીગોવિંદ ભગવાનના ગુણોનું ગાન જેઓએ નથી કર્યું તેમનો જન્મ આ ભૂતળમાં નકામો છે ॥૪॥

વિવેચન-જે ભગવદીયોના હૃદયમાં પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર બિરાજતા હોય જેમના મુખમાંથી સમાગતાપથી તપ્ત થયેલાઓની તૃષાને શાન્ત કરનાર ભગવત્કથામૃતનો ઝરો અખંડ વહેતો હોય તેવા ભગવદીયોનો સત્સંગ અને તેમની પરિચર્યા કરવાથી પ્રભુનો અનુગ્રહ થાય છે જેથી શ્રીભક્તિનો ઉદય થાય. તેવા ભગવદીયોના સત્સંગમાં ભગવદ્વાર્તાથી દિવસો વ્યતીત કરવા અને તેમની પરિચર્યા કરવી અને શ્રીગોવિંદ ગુણગાન કરવા આના ઉપર છે પરન્તુ સાધના કરવા તેને ગોવિંદ ગુણગાન કરવા અને પરિચર્યા કરવા પરંતુ સમાગમ ભગવદીયોનો સત્સંગ કરવા અને પરિચર્યા કરવા પરે શ્રીભક્તિ-માર્ગ-વિરચિત 'દુઃસંગવિજ્ઞાન' નામનો ગ્રંથ વાંચી માર્ગથી ભ્રષ્ટ કરનાર બાર વરસની બાહાર રહેવું નહિ તેથી નહિ માર્ગથી ભ્રષ્ટ કરનાર ... પામે છે માટે સાધન તો સત્સંગ થયેલો ભગવદ્ધર્મ પણ નાશ પામે છે ... શાસ્ત્ર સમજનાર વિવેકનું ગ્રહણ કરી સ્ત્રી, પુત્ર, કુટુંબ ઇત્યાદિક પ્રભુનું માની વ્યવહારગતનો ત્યાગ કરી જેમણે સત્પુરુષોનું સેવન

કર્યું નથી અને ગોવિન્દગુણગાન કર્યું નથી તેમનો જન્મ આ ભૂતલ ઉપર નિષ્ફળ છે વળી શ્રીઠાકુરજી જ્યારે વનમાં પધાર્યા હતા ત્યારે વ્રજભક્તોને આજ્ઞા કરી હતી કે જુઓ વૃક્ષો પણ ધન્ય છે કેમકે તેમને ત્યાં આપણે અતિથિ આવેલા છીએ, એમ સમજી તે વૃક્ષો પણ પત્રથી પુષ્પોથી, ફળથી અને કાષ્ઠાદિકથી પણ તેમજ છાયા વગેરેથી આપણો સત્કાર કરી કેવા પરોપકાર કરી રહ્યા છે? માટે તેમનો ધન્ય છે આ ભગવદાજ્ઞાનુસાર શ્રીહરિરાયચરણ સાધુ-સેવન એટલે અતિથિસત્કાર અને પરોપકાર કરવા સૂચન કરી તેમ નહિ કરનારનો જન્મ નિષ્ફળ જણાવે છે. ॥૪॥

न कृष्णरूपसौन्दर्ये मनो नैव विरागिता ।
न दुःसङ्गपरित्यागो वृथा तज्जन्म भूतले ॥५॥

શબ્દાર્થ-જેઓનું મન અપરિમિત અલૌકિક શ્રીકૃષ્ણચન્દ્રના મનહર સ્વરૂપ સૌન્દર્યમાં આસક્ત બન્યું નથી તેમજ દુષ્ટ પુરુષોનો સંગ ચારે તરફથી જેમણે ત્યાગ કર્યો નથી તેમનો જન્મ આ ભૂતલમાં નિષ્ફળ છે ॥૫॥

વિવેચન-આપણે જ્યારે સૃષ્ટિસૌન્દર્યને નિહાળીએ છીએ ત્યારે તે સૃષ્ટિની મોહકતા જોઈ જેમ ભ્રમર કમળમાં લુબ્ધ બની બંધનમાં પડી નાશ પામે છે તેવી રીતે આપણે પણ તે મોહક પદાર્થોમાં આસક્ત બની આપણો નાશ કરી મનુષ્યજન્મ વૃથા ગુમાવીએ છીએ, માટે આપણે વિચાર કરવો જોઈએ કે આપણે જેમાં મોહ પામી મનુષ્યજન્મ ગુમાવીએ છીએ તે મોહક પદાર્થો આવ્યા ક્યાંથી? 'एकमेवाद्वितीयं ब्रह्म' 'एकाकी न रमते, स द्वितीयमैच्छत्' "स हैतावानास" પ્રથમ 'એક બ્રહ્મજ હતું, એકના રમણ

થાય નહિ તેથી તે પ્રભુએ બીજાની ઇચ્છા કરી, ત્યારે તે પ્રભુ બહુ રૂપે થયા." એમ વેદ નિરૂપણ કરે છે, ત્યારે વિચાર કરવો જોઇએ કે—જે પ્રભુમાંથી આ સૃષ્ટિસૌન્દર્ય ઉત્પન્ન થયું છે તે પ્રભુ કેવા સૌન્દર્યનિધાન હશે ? એમ વિચાર કરવાથી જણાશે કે તેઓ કોટિકંદર્પલાવણ્ય સૌન્દર્યના સાગર છે, આ સૃષ્ટિના મોહકપદાર્થો તેમના આગળ તુચ્છ છે માટે સંસારાસક્તિ ત્યજી વૈરાગ્યપૂર્વક મનને કોટિકંદર્પલાવણ્ય શ્રીકૃષ્ણચન્દ્રમાં પરોવવું જોઇએ, તેમજ સમજવું જોઇએ કે જગતમાં કામક્રોધાદિકોએ અંતરના અને સ્ત્રીપુત્રાદિક કુટુંબીઓએ બહારના રોગો છે, તેમજ અનેક પ્રકારના ભાગવદ્ભાન્ત વેષધારી બહારના શત્રુઓ (ઠગો) પણ છે, તેઓના દુઃસંગનો ત્યાગ કરવો જોઇએ ત્યારે ભગવત્પ્રાપ્તિ થાય છે માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે—વૈરાગ્યપૂર્વક શ્રીકૃષ્ણરૂપ સૌન્દર્યમાં જેઓનું મન પરોવાયું નહિ તેમજ દુઃસંગનો જેમણે પરિત્યાગ કર્યો નથી તેઓનો જન્મ આ ભૂતલ ઉપર નકામો છે ॥૫॥

न भक्तिः पुष्टिमार्गीया न निःसाधनता हृदि ।
न विस्मृतिः प्रपञ्चस्य वृथा तज्जन्म भूतले ॥६॥

શબ્દાર્થ—જેમનામાં પુષ્ટિમાર્ગીય (નિર્ગુણ) ભક્તિ નથી, હૃદયમાં નિઃસાધનતા એટલે સર્વ સાધનોથી રહિતપણું નથી, જગતની વિસ્મૃતિ નથી તેમનો જન્મ પૃથ્વી ઉપર નકામો છે ॥૬॥

વિવેચન—ભક્તિના અનેક પ્રકારના ભેદ છે પરન્તુ તે ભક્તિમાં નિર્ગુણભક્તિ એજ ઉત્તમ છે જુઓ વ્રજભક્તોએ તમામ પ્રકારની ઇચ્છાઓને ત્યજી દઇ કેવળ પ્રભુનીજ નિષ્કામભક્તિ કરી હતી, પ્રભુ [illegible] થતા શ્રીહરિએ તેમને લૌકિકમાં જોડ્યા

કર્યું નથી અને ગોવિન્દગુણગાન કર્યું નથી તેમનો જન્મ આ ભૂતલ ઉપર નિષ્ફળ છે વળી શ્રીઠાકુરજી જ્યારે વનમાં પધાર્યા હતા ત્યારે વ્રજભક્તોને આજ્ઞા કરી હતી કે જુઓ વૃક્ષો પણ ધન્ય છે કેમકે તેમને ત્યાં આપણે અતિથિ આવેલા છીએ, એમ શ્રીજી તે વૃક્ષો પણ પત્રથી, પુષ્પોથી, ફળથી અને કાષ્ઠાદિકથી પણ તેમજ છાયા વગેરેથી આપણો સત્કાર કરી દેવા પરોપકાર કરી રહ્યા છે? માટે તેમને ધન્ય છે આ ભગવદાજ્ઞાનુસાર શ્રીહરિરાયચરણ સાધુ સેવન એટલે અતિથિસત્કાર અને પરોપકાર કરવા સૂચન કરી તેમ નહિ કરનારનો જન્મ નિષ્ફળ જણાવે છે. ॥૪॥

न कृष्णरूपसौन्दर्ये मनो नैव विरागिता ।
न दुःसङ्गपरित્यागो वृथा तज्जन्म भूतले ॥५॥

શબ્દાર્થ—જેઓનું મન પ્રાગત્યિકઅનિવૃત્તિક શ્રીકૃષ્ણચન્દ્રના સ્વરૂપ સૌન્દર્યમાં આસક્ત બન્યું નથી, તેમજ દુષ્ટ પુરુષોનો સંગ ચારે તરફથી જેમણે ત્યાગ કર્યો નથી તેમનો જન્મ આ ભૂતલમાં નિષ્ફળ છે ॥૫॥

વિવેચન—આપણે જ્યારે સુન્દરસૌન્દર્યને નિહાળીએ છીએ ત્યારે તે સુન્દરીની મોહકતા જોઈ જેમ ભ્રમર કમળમાં બંધ બની જાય પછી નાશ પામે છે તેવી રીતે આપણે પણ તે મોહક પદાર્થોમાં આસક્ત બની આપણો નાશ કરી મનુષ્યજન્મ વૃથા ગુમાવીએ છીએ, માટે આપણે વિચાર કરવો જોઈએ કે—આપણે જેમાં મોહ પામી મનુષ્યજન્મ ગુમાવીએ છીએ તે મોહક પદાર્થો આવ્યા ક્યાંથી ? 'एकमेवाद्वितीयं ब्रह्म' 'एकाकी न रमते, स द्वितीयमैच्छत्' "स हैतावानास" પ્રથમ એક બ્રહ્મજ હતું, એકના રમણ

થાય નહિં તેથી તે બ્રહ્મે બીજી ઇચ્છા કરી, ત્યારે તે બ્રહ્મ જગ દરૂપે થયા." એમ વેદ નિરૂપણ કરે છે, ત્યારે વિચાર કરવો જોઇએ કે—જે પ્રભુમાથી આ સૃષ્ટિસૌન્દર્ય ઉત્પન્ન થયું છે તે પ્રભુ કેના સૌન્દર્યનિધાન હશે ? એમ વિચાર કરવાથી જણાશે કે તેઓ કોટિકંદર્પલાવણ્ય સૌન્દર્યના ભંડાર છે, આ સૃષ્ટિના ગોલકપદાર્થો તેમના આગળ તુચ્છ છે. માટે સમાગમભક્તિ ત્યજી વૈરાગ્યપૂર્વક મનને કોટિકંદર્પલાવણ્ય શ્રીકૃષ્ણચન્દ્રમા પરોવવું જોઇએ, તેમજ સમજવું જોઇએ કે જગતમા કામક્રોધાદિકોએ આ તરના અને સ્ત્રીપુત્રાદિક કુટુંબીઓએ બહારના ચોરો છે, તેમજ અનેક પ્રકારના ભગવદ્ધર્મ વેધાને બહારના વચો (રોગો) પણ છે, તેઓના દુસંગનો ત્યાગ કરવો જોઇએ ત્યારે ભગવત્પ્રાપ્તિ થાય છે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે-વૈરાગ્યપૂર્વક શ્રીકૃષ્ણરૂપ સૌન્દર્યમા જેઓનું મન પરોવાયુ ન હિ તેમજ દુસંગનો જેમણે પરિત્યાગ કર્યો નથી તેઓનો જન્મ આ ભૂતળ ઉપર નકામો છે ॥૫॥

न भक्तिः पुष्टिमार्गीया न नि साधनता हृदि ।
न विस्मृति प्रपचस्य वृथा तज्जन्म भूतले ॥६॥

શબ્દાર્થ—જેમનામા પુષ્ટિમાર્ગીય (નિર્ગુણ) ભક્તિ નથી, હૃદયમા નિ સાધનતા એટલે સર્વ સાધનોથી રહિતપણુ નથી, જગતની વિસ્મૃતિ નથી તેમનો જન્મ પૃથ્વી ઉપર નકામો છે ॥૬॥

વિવેચન—ભક્તિના અનેક પ્રકારના ભેદ છે પરન્તુ તે ભક્તિમા નિર્ગુણભક્તિ એજ ઉત્તમ છે જુઓ વ્રજભક્તોએ તમામ પ્રકારના ધર્મ ગોને ત્યજી દઇ કેવળ પ્રભુનીજ નિષ્કામભક્તિ કરી હતી, પાપુન કર્યા યથા શ્રીહરિએ તેમને લૌકિકમા જોડાવા

અનેક પ્રકારે ઉપદેશ આપ્યો, પરંતુ તેઓએ પોતાનો નિશ્ચય ન ત્યજ્યો, પ્રભુએ તેમને સ્વાનંદનું દાન કર્યું, ત્યારે તેઓ મદાવિષ્ટ થતા જાણી પ્રભુ તિરોભાવ પામ્યા, ત્યારે વ્રજભક્તોએ તમામ વૃક્ષોને પૂછ્યું, પ્રભુની શોધ કરી, પ્રભુ સાધનબળથી ન મળ્યા, છેવટે સાધનબળ ત્યજી હૃદયથી નિઃસાધન બની કેવળ ગુણગાન કરવા માંડ્યું, (પ્રપંચને ભૂલી ગયા, ત્યારે કોટિકંદર્પલાવણ્ય ભગવાન્ નન્દનન્દન પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રકટ થયા, માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગીયભક્તિ જેમના હૃદયમાં નથી, હૃદયમાં સર્વ સાધનોનો ત્યાગ કરી નિઃસાધનતા પ્રકટ થઇ નથી, તેમજ પ્રપંચ (જગત્) ની જેઓને વિસ્મૃતિ નથી થઇ તેઓનો જન્મ પૃથ્વી ઉપર નકામો છે. ॥૬॥

न धर्मपरता नैव धर्ममार्गे मनोगति ।
न भक्तिर्ज्ञानवैराग्ये वृथा तज्जन्म भूतले ॥७॥

શબ્દાર્થ—જેઓને ધર્મમાં તત્પરતા નથી, ધર્મમાર્ગમાં મનની ગતિ નથી, ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્ય જેમનામાં નથી તેઓનો જન્મ આ પૃથ્વીમાં નિષ્ફળ છે ॥૭॥

વિવેચન—"यो यदंशः स तं भजेत्" જે જેનો અંશ હોય તેણે પોતાના અંશીની અર્થાત્ જેમ પુત્રે પિતાની સેવા કરવી તદનુસાર જીવરૂપ અંશે અંશી શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરવીજ જોઇએ, એ શ્રુત્યનુસાર શ્રીમહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણે "ચતુઃશ્લોકી"ના પ્રથમ શ્લોકમાં આજ્ઞા કરી છે કે—"સર્વદા સર્વભાવપૂર્વક વ્રજાધિપતિ શ્રીકૃષ્ણચન્દ્રને સેવવા, જીવનો એજ ધર્મ છે અન્ય દેશમાં કે કાળમાં જીવનો બીજો ધર્મજ નથી" તદનુસાર શ્રીહરિરાયચરણ

પણ આજ્ઞા કરે છે કે જેઓને સેવારૂપ ધર્મમાં તત્પરતા નથી, ધર્મમાર્ગમાં જેના મનની ગતિ નથી, સ્ત્રી, પુત્ર, દ્રવ્ય, કુટુમ્બમાં પ્રેમ છે તેથી અધિક પ્રભુમાં સ્નેહ નથી, પ્રભુના માહાત્મ્યનું શ્રવણાદિકનું જ્ઞાન નથી તેમજ જગતની આસક્તિ છૂટી વૈરાગ્ય પ્રાપ્ત થઇ ભગવદાસક્તિ પ્રાપ્ત થઇ નથી ત્યાં સુધી તેમનો જન્મ આ પૃથ્વીમાં નિષ્ફળ છે ૭

न निजस्वामिविरहपरितापो न भावना ।

न दैन्यं परमं यस्य वृथा तज्जन्म भूतले ॥८॥

શ્લોકાર્થ—જેઓને પોતાના માર્તંડ શ્રીકૃષ્ણચન્દ્રના વિયોગથી પરિતાપ (આર્તિ) થયો નથી, તેમજ ભગવાની ભાવના એટલે આતુરતા પ્રાપ્ત થઇ નથી, સર્વ સાધનોના પરિત્યાગપૂર્વક પ્રભુ-સ્વરૂપ દીનતા જેઓએ પ્રાપ્ત કરી નથી તેમનો જન્મ આ જગતમાં નિષ્ફળ છે ૮

વિવેચન—છાન્દોગ્ય શ્રુતિમાં ઉપનિષદોથી જણાય છે કે જેમ અગ્નિમાંથી તણખા નીકળે છે તેમ પ્રભુમાંથી જીવો ઉત્પન્ન થયા છે તેથી તે ભગવદંશ છે, પરંતુ તેમાંથી ઐશ્વર્યાદિ ધર્મો તિરોધાનથી નિરાનંદ થવાથી જીવો દીન દુઃખી થઇ જન્મમરણરૂપ સંસૃતિને પામે છે, તથાપિ તેઓને પોતાના અંશી માલીક શ્રીહરિને વિરહનો તાપ કે ભાવના હતી નથી તેમજ શ્રીમહાપ્રભુજી શ્રીનવરત્નમાં આજ્ઞા કરે છે કે—"દૈન્યવત્તા-પ્રસાધનમ્" દૈન્ય જ આપને સંતુષ્ટ કરવાનું સાધન છતાં દૈન્ય જ, તે દૈન્ય પણ નથી, માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે પોતાના સ્વામીના વિરહનો તાપ ભાવના કે દૈન્ય જેમનામાં નથી તેમનો જન્મ આ પૃથ્વીમાં નકામો છે ૮.

४४. दुःसंगविज्ञानप्रकारनिरूपणम् । ⊛

(ભાષ્ય કર્તા-ગો. શ્રીઅનિરુદ્ધાચાર્યજી મહારાજ)

अथ श्रीवल्लभाचार्यकृपया स्फुरितं हृदि ।
स्वीयानामभ्रमाथाय किंचिदत्र निरूप्यत ॥१॥

અથ શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કૃપાથી જે મારા હૃદયમાં પ્રતીત થયું છે તે સ્વાશ્રિત જનોની ભ્રાંતિ દૂર થવા માટે આ ગ્રંથમાં હું પણ અત્રે માંહે કહું છું ૧

વિવેચન—ગ્રંથકર્તા શ્રી ગોસ્વામીજીના હૃદયમાં જે વિચારો શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કૃપાએ સ્ફુરી આવ્યા તે ભક્તજનોના હિતાર્થે આ ગ્રંથમાં રજૂ કર્યા છે

दैवासुरविभागेन द्वधा जीवा प्रकीर्तिता ।
बंधमोक्षव्यवस्थापि गीतायामेव रूपिता ॥२॥

અર્થ—દૈવી અને આસુરી એવા બે પ્રકારના જીવો બતાવેલા છે બંધ તથા મોક્ષની વ્યવસ્થા પણ ગીતામાં કરી છે

વિવેચન શ્રુતિ આદિ સ્મૃતિમાં દૈવી અને આસુરી એમ બે પ્રકારના જીવો બતાવવામાં આવ્યા છે જેનો ભગવદ્પ્રાપ્તિ માટે ...

⊛ કેવા પ્રકારના મનુષ્યનો સંગ ત્યજવો જોઈએ તે સમજવાનો આ નાનું ગ્રંથ ... માટે આ ગ્રંથને ભક્તના ઉપયોગમાં આવે એવું દુઃસંગ વિજ્ઞાન એ ગ્રંથનું નામ આપવામાં આવ્યું છે

જીવો છે, અને જેઓ સ્વાર્થપરાયણ તે આસુરી જીવો છે. આ જીવોનું વર્ણન ગીતાના ૧૬ મા અધ્યાયમા અતિસ્પષ્ટ કરવામા આવ્યું છે. ત્યા કહેવામા આવ્યું છે કે આસુરી જીવો પ્રવૃત્તિ અને નિવૃત્તિ કોને કહે છે તે જાણતા નથી. તેઓ આ જગત્ અસત્ય, અપ્રતિષ્ઠિત અને અનીશ્વર કહે છે. દૈવી સંપત્તિવાળા જીવો અભય, સત્ત્વસંશુદ્ધિ આદિ ૨૬ લક્ષણોવાળા હોય છે. દૈવી જીવો મોક્ષના અધિકારી છે, અને આસુરી જીવો બંધ (વારંવાર જન્મ મરણ) ને પામે છે.

ભક્ત જનને દૈવી જીવોનો સંગ ઇષ્ટ છે અને સાધક અવસ્થામા આસુરી જીવોનો સંગ તેને અત્યંત હાનિકારક છે. ૨.

मूलम्—दैवेष्वपि च जीवेषु यदङ्गीकरणं पुनः ।
भक्तिमार्गे त एवात्र प्राप्स्यन्ति पुरुषोत्तमम् ॥३॥

અર્થ—દૈવી જીવોમા પણ જેઓનો ભગવાને ભક્તિમાર્ગમા અંગીકાર કર્યો છે તેજ જીવો આ જગતમા શ્રીપુરુષોત્તમને પ્રાપ્ત કરશે. ૩.

વિવેચન—દૈવી જીવોમાથી કેટલાકને ભક્તિમાર્ગ ઉપર સ્વાભાવિક રુચિ હોય છે, કેટલાકને કર્મમાર્ગ ઉપર અને કેટલાકને જ્ઞાનમાર્ગ ઉપર સ્વાભાવિક રુચિ હોય છે. જેઓને ભક્તિમાર્ગ ઉપર સ્વાભાવિક પ્રીતિ હોય તેઓનો ભગવાને ભક્તિમાર્ગમા અંગીકાર કર્યો છે એમ સમજવું, અને તેઓજ માત્ર આ જગત્મા અનાયાસે પુરુષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. જેઓને કર્મમાર્ગ ઉપર પ્રીતિ હોય તેઓ કર્મજનિત ફળો ભોગવી ફરી જગતમા

આવાગમનને પામે છે. જેઓને જ્ઞાનમાર્ગ ઉપર પ્રીતિ હોય તેઓ ઘણા જન્મને અંતે (बहूनां जन्मनामंते ज्ञानवान्मां प्रपद्यते । ગી૦ ૭-૧૯) પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થતા પુરુષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. અને પ્રભુને વિષે સ્નેહ ઉત્પન્ન ન થાય તો તેઓનો અક્ષરમાં લય થાય છે.

અન્ય સ્થળે શ્રીહરિરાયજી ભક્તના લક્ષણ નીચે પ્રમાણે કહે છે:

अनन्यभजनास्तुष्टा. कामलोभविवर्जिताः ।
निरपेक्षा विरक्ताश्च सर्वभूतहिते रताः ॥

શિક્ષાપત્ર ૧-૭૨

અર્થ-અનન્ય ભક્તિ કરવાવાળો, સંતોષવાળો, કામ અને લોભ રહિત, નિરપેક્ષ (જેને કોઇ વસ્તુની અભિલાષા ન હોય તે) વિરક્ત, અને સર્વ પ્રાણીમાત્રના હિતમાં પ્રીતિવાળો હોય તેને ભક્ત જાણવો ઇ.

मूलम्—तत्रापि भेदो विज्ञेयो मर्यादापुष्टिभेदतः ।
मार्गे फलेऽपि विज्ञेयो भक्तिमोक्षविभेदत ॥३॥

અર્થ—ભક્તિમાર્ગમાં પણ મર્યાદા અને પુષ્ટિ એમ બે પ્રકારનો ભેદ છે, અને ફળમાં પણ ભક્તિ (ભગવદ્ વિભૂતિ) અને મોક્ષ એ બે પ્રકારનો ભેદ છે એમ જાણવું.

વિવેચન--ભક્તિ બે પ્રકારની છે, માર્યાદિક અને પૌષ્ટિક. જે ભક્તિમાં શાસ્ત્રીય નિયમોનું આધિક્ય અને સ્નેહનું ગૌણપણું હોય તે માર્યાદિક ભક્તિ કહેવાય છે. જે ભક્તિમાં સ્નેહનું આધિક્ય અને શાસ્ત્રીય નિયમોનું ગૌણપણું હોય તે પૌષ્ટિક ભક્તિ કહેવાય

છે મર્યાદામાર્ગીય ભક્ત મોક્ષને માટેજ ભક્તિ કરે છે, તથી તેની ભક્તિનું ફલ મોક્ષ થાય છે પુષ્ટિમાર્ગીય ભક્ત પ્રભુની પ્રાપ્તિને માટેજ ભક્તિ કરે છે તથી તેની ભક્તિનું ફલ ભગવત્પ્રાપ્તિ છે પુષ્ટિમાર્ગીય ભક્ત ભક્તિથી ઉત્પન્ન થએલા ભજનાનંદને લીધે કોઈની અપેક્ષા હોતી નથી તેથી કરીને તેને મોક્ષની ઇચ્છા રહેતી નથી પૌષ્ટિક ભક્તિ નિઃસાધન છે અને મર્યાદિક ભક્તિ સસાધન છે પુષ્ટિમાર્ગમાં સેવાન ફલ પ્રભુની સેવા અને ભક્તિનું ફલ પ્રભુની ભક્તિજ છે, અને તે વડે તેને પ્રભુનો આવિર્ભાવ થાય છે ૪

मूलम्—भक्तामार्गेऽत्यभाव दैवानामपि सर्वथा ।
कामनिष्कामभेदेन स्वर्गमोक्षौ न संशय ॥५॥

અર્થ—ભક્તિમાર્ગમાં જે દૈવીઓ અંગીકાર નથી તે જીવોને પણ સકામ અને નિષ્કામના ભેદ વડે સ્વર્ગ અને મોક્ષ(ની પ્રાપ્તિ) થાય છે, એમાં સંદેહ નથી

વિવેચન — દૈવી જીવોનો ભક્તિમાં અંગીકાર ન થાય પણ મર્યાદામાર્ગમાં અંગીકાર હોય તો તે દૈવી જીવની ધર્માચરણ તો કરેજ છે તે ધર્માચરણથી યજ્ઞાદિક દાનાદિ કરે તે તેનો સ્વર્ગની પ્રાપ્તિ થાય જો તે નિષ્કામભાવથી યજ્ઞાદિક વગેરે કરે તો તેને મોક્ષની પ્રાપ્તિ થાય આ વાત નિશ્ચયપૂર્વક જણાવવામાં આવે છે ૫

मूलम्—विशेष वरण भक्तौ तदर्शित्वैकसाधन ।
तदर्थित्व च विशेय भजनार्थप्रवृत्तित ॥६॥

અર્થ—માત્ર ભગવાનજ જેનો અર્થ છે એ કાર્ય ઉપરથી ભક્તિમાં વરણ થયું છે એમ જાણવું જેની ભજનમાં પ્રવૃત્તિ થાય તેને ભગવાનજ એક પ્રયોજન છે એમ જાણવું

વિવેચન—ઘણાએક માણસો (મુકુટ ઘડનાર, મોતી વગેરે કારીગરો) ભગવાનને માટેજ કાર્ય કરતા હોય એમ જણાય છે, પણ ઘણી વખત તેઓ પોતાના પેટને અર્થે કાર્ય કરતા માલમ પડે છે, કેમકે તેમને ભગવાનજ મુખ્ય પ્રયોજનરૂપ હોતા નથી, એટલા માટે કહેવામાં આવે છે કે જેઓને માત્ર ભગવાન અથવા ભગવત્પ્રાપ્તિ એજ મુખ્ય પ્રયોજન છે અને જેઓ એ પ્રયોજન સિદ્ધ કરવાને તમામ કાર્યો કરે છે તેઓનું ભક્તિમાં વરણ થયું છે એમ જાણવું. કેટલીક વખત કાર્ય ઉપરથી કરેલું અનુમાન ખોટું પડે છે, માટે કહેવામાં આવે છે કે ભજનાનંદમાં પ્રવૃત્તિ થાય ત્યાંજ ભગવાન એજ મુખ્ય અર્થ છે એમ સમજાય ૬

मूलम्—तदभावे शरणं गच्छेन्महापुरुषयोगतः ।
महापुरुषपारोक्ष्ये तन्निष्ठैरपि कुर्वता ॥७॥

અર્થ—ભજનાર્થે પ્રવૃત્તિમાં વિઘ્નમાં મહાપુરુષ દ્વારા ભગવાનને શરણે જવું, અને તેવા મહાપુરુષના અભાવે ભગવાનમાં જે નિષ્ઠા રાખતા હોય તેમના દ્વારા ભગવાનને શરણે જવું

વિવેચન—આ શ્લોકનો ઉત્તરાર્ધ શ્રી મહાપ્રભુજીએ રચેલા નિબંધના સર્વ નિર્ણય પ્રકરણના ત્રીજા શ્લોકને મળતો આવતો હોય એમ જણાય છે

तदभावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेः क्वचित् ।
परिचर्यां सदा कुर्यात्तद्रूपं तत्र च स्थितम् ॥

અર્થ—ઉપર કહેલા ગુરુની આજ્ઞાથી પોતે કોઈ કે બીજા ભગવન્મૂર્તિ કરીને સદા ભગવત્સેવા કરવી એમ તે મૂર્તિમાં ભગવદ્રૂપ રહ્યું છે.

ઉપર ભગવાનને શરણે જવાનું કહ્યું છે તે [illegible] અધ્યાયમાં શ્રીકૃષ્ણભગવાન ગીતાજીમાં કહે છે કે—

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ॥

અર્થ— સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને મારે શરણે આવ.

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આ શરણનું વર્ણન વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં નીચે પ્રમાણે કરે છે—

ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।
दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ॥१०॥
भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ॥
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ।
अहङ्कारकृते चैव पोष्यपोषणरक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यतिक्रमे ॥११॥
अलौकिकमनःसिद्धौ सर्वार्थे शरणं हरिः ।
एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत् ॥१२॥

અર્થ--આ લોક અને પરલોક સંબંધી સર્વ કાર્યોમા સર્વ પ્રકારે ભગવાન મારું શરણ થાઓ. તેમજ દુઃખની નિવૃત્તિ થવામાં તથા પાપમા, ભયમાં, મનઃકામનાદિ પૂર્ણ થવામા, ભક્તના દ્રોહમા, ભક્તિના અભાવમા, તેમજ ભક્તોએ પોતાનો તિરસ્કાર કર્યો હોય તેમા, તેમજ પોતાથી નહિ બની શકે કે બની શકે એવા કામમાં સર્વ રીતે પ્રભુ મારું શરણ થાઓ. અહંકાર કરવામાં આવ્યો હોય તેમા, પોષણ કરવા યોગ્ય (સ્ત્રીપુત્રાદિક)ના પોષણ અને રક્ષણમા, તથા પોષ્યવર્ગે કે શિષ્યોએ પોતાનો અપરાધ કર્યો હોય તેમા, મન અલૌકિક થાય તેમા, એ રીતે સર્વમા શ્રીહરિ મારું શરણ થાઓ, એવી રીતે પોતાના મનમા નિરંતર વિચાર રાખવો; અને વાણીથી પણ એવુંજ નિરંતર ઉચ્ચારણ કર્યા કરવું. ૭.

मूलम्—तत आश्रयसंसिद्धौ तेनार्थं स्वसमर्पणम् ।
समर्पणे जीवदेहतत्सम्बन्धवतामपि ॥८॥

ब्रह्मसंबंधतः कृष्णसाक्षात्संबंधयोग्यता ।
ततस्तत्सेवया स्वीयसर्वस्वविनियोगतः ॥९॥

गृहीतपरमानंदनिधिः कृष्णोऽक्षयः स्वतः ।
शास्त्रस्तु मानवानित्थं विधेयं भगवज्जनैः ॥१०॥

અર્થ--એવી રીતે શરણે ગયા પછી આશ્રયની સિદ્ધિને માટે એના અર્થે પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરવું. જીવ, દેહ અને તેઓના સંબંધવાળા પદાર્થોનું સમર્પણ થતા બ્રહ્મ સંબંધથી સાક્ષાત્ શ્રીકૃષ્ણની સાથેના સંબંધની યોગ્યતા પ્રાપ્ત થાયછે. પછી તે સેવા વડે પોતાના સર્વસ્વનો ભગવાનને વિષે વિનિયોગ થવાથી

સાક્ષાત્ શ્રીકૃષ્ણરૂપ અક્ષય પરમાનંદનિધિની પ્રાપ્તિ થાય છે
અને એ નિધિ (ખજાના)ની પ્રાપ્તિ થયેથી (તે સાચવી રાખવા)
ભાગવત્-જનોએ સાવધાનતા ધારણ કરવી. ૧૦.

વિવેચન--પૂર્વે કહેવામાં આવ્યું કે જીવસૃષ્ટિના બે ભાગ છે,
૧ દૈવી, ૨ આસુરી. તેમાં આસુરી જીવો તો ભગવત્પ્રાપ્તિ કરવાને
માટે અયોગ્યજ છે. દૈવી જીવો કેટલાક કર્મમાર્ગે કેટલાક જ્ઞાનમાર્ગે
અને કેટલાક ભક્તિમાર્ગે ચાલે છે. કર્મમાર્ગે ચાલનારાઓમાંથી
જેઓ સકામ કર્મ કરે છે તેઓને માત્ર સ્વર્ગની પ્રાપ્તિ થાય છે,
જેઓ નિષ્કામ કર્મ કરે છે તેઓને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન-
માર્ગે ચાલનારામાંથી જેઓ ભગવાન પ્રત્યેની ભક્તિ રહિત હોય છે
તેઓને અક્ષરની પ્રાપ્તિ થાય છે, પણ જેઓ ભક્તિમાન છે તેઓને
પુરુષોત્તમ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે.

ભક્તિમાર્ગે ચાલનારામાં જેનું ભગવાને અંગીકરણ કર્યું હોય
તેજ શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. ભગવાને તેમનો ભક્તિમા-
ર્ગમાં અંગીકાર કર્યો છે કે નહિ એ જાણવાને માટેજ માત્ર એટલુંજ
જોવું જોઇએ કે તેને ભજનમાં પ્રીતિ છે કે નહિ, તેનું મુખ્ય કાર્ય
ભગવાનની પ્રસન્નતા સંપાદન કરવી એ છે કે નહિ ? જો એ પ્ર-
માણે હોય તો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે એમ
જાણવું.

હવે જેનો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે તેણે
ભગવાનની પ્રાપ્તિને માટે શું કરવું તે કહે છે. તેણે સર્વ સમર્પણ-
પૂર્વક ભગવાનની સેવા કરવી. સમર્પણ કરવાથી પોતાનો અને
પોતાની સાથે જોડાયલાં પ્રાણી અને પદાર્થોનો ભગવાનની સાથે
સંબંધ થાય છે, અને તેમ થવાથી જીવ અને તેની સાથે જોડાયલાં

હોય અને જેઓ ભગવાનની સેવામા ઉપયોગી હોય તેઓને ચોર ગણવામા આવતા નથી, પણ જેઓ ભગવાનથી વિમુખ હોય તેમને ચોર ગણવામા આવે છે, તેથી જ [illegible] કહ્યુ છે કે [illegible] [illegible] [illegible] માટે [illegible] [illegible]

मूलम्—आतुरा [illegible] ते ।
यतो बहिर्मुखं चित्तं सेवाया प्रतिबन्धकाः ॥१३॥
चित्त[illegible]साध्या हि सेवा नापि न सिध्यति ।
तस्मा[illegible] सर्वं [illegible] ॥१४॥

અર્થ—અહંતા ચોર [illegible] [illegible] કે તે (ધનને હરનારા નથી [illegible]) [illegible] ચિત્તને હરે છે તે કારણથી ચિત્ત બહિર્મુખ થઈ ને સે[illegible] [illegible] નથી

ચિત્તની [illegible] સેવા સિદ્ધ [illegible] . (જે [illegible] ચિત્તની [illegible] નથી તેનાથી) તે [illegible] સેવા સિદ્ધ થઈ શકતી નથી અને [illegible] (પુરુષાર્થ) [illegible] [illegible] [illegible] (પરલૌકિક) [illegible] વ્યર્થ છે, કારણ [illegible] [illegible] મુખ્ય પુરુષાર્થ છે.

વિવેચન—[illegible] સેવા [illegible] [illegible]. સિદ્ધાંત મુક્તાવલીમા કહ્યુ છે કે ચેતસ્તત્પ્રવણં સેવા, ભગવાનમા ચિત્ત [illegible] [illegible] [illegible] કહે છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સિદ્ધાન્ત [illegible] [illegible], કે [illegible] અમુક [illegible] કે [illegible] [illegible], કે અમુક [illegible] [illegible], [illegible] [illegible] છે, [illegible] [illegible] નહિ પણ [illegible] ભગવાનમા ચિત્તને પરોવી [illegible]

એનેજ સેવા કહે છે ભગવાનમા ચિત્ત પરાયણ રાખ્યા સિવાય સેવા અત્યધી જે જે કાર્યો કરવામા આવે તેથી સેવા સિદ્ધ થતી નથી, પણ માત્ર ભગવાનમ ચિત્ત ગ ાવ્યાથી સેવા સિદ્ધ થાય છે શ્રીઠાકોરજીને નાન કરાવવુ, તેમને આભૂષણ ધારણા તેમને ભોગ ધરાવવા વગેરે ક્રિયાઓ ભગવાનમાજ ચિત્ત ચુવાવેનુ વટે એને માટે સાધનરૂપ છે તે સાધો ।। ફળરૂપ તો ભગવાનમા ચિત્ત રાખવુ એજ છે

ભાવ ર્થો શ્રી ૨ [illegible]

मूलम्—भक्तिमागायताऽ ।वे क्रियामात्र हि कर्मवत् ।
तत्राऽपि न मन स्थैर्यं विक्षेपा॰ व्यवहारत ॥
[illegible]

અથ—ભક્તિમાર્ગીયનાો અભાર હોય તો સર્વ ક્રિયા કર્મ સમાન છે આ તમા વ્યવહારથી ઉત્પન્ન થતા વિક્ષેપને લીધે મનની સ્થિરતા હોતી નથી

સેવામા ચિત્ત રાખવાથીજ ભગવત્ભાવ પ્રાપ્ત થઇ શકે છે અન્ય રીતે થઇ શકતો નથી, માટેજ સેવાને મુખ્ય પુરુષાર્થરૂપ કહી છે

યોગશાસ્ત્રમા જેને ચિત્તવૃત્તિનિરોધ કહે છે તેવાજ પ્રકારનો સેવારૂપ નિરોધ છે પણ તેમા મનનો વિષય ભગવાન હોવાથી અને તેમના પ્રત્યે પ્રેમ હોવાથી તે (સેવારૂપ નિરોધ) યોગશાસ્ત્રના નિરોધ કરતા વધારે ઉત્તમ પ્રકારનો છે માટે પ્રભુમાજ ચિત્તને પરોવવુ એજ મુખ્ય છે

ભગવત્પ્રાપ્તિને માટે જ્યારે ચિત્ત ભગવાનમાંજ પરોવાયેલું રાખવાની જરૂર છે, ત્યારે જે વિષયો ચિત્તને ભગવાનથી વિમુખ કરે છે, તે વિષયો તજવાની આવશ્યક જરૂર છે. એ વિષયોમાં મુખ્ય કામ લોભાદિ અંતઃકરણમાં રહેલા વિકારો છે. એ વિકારો મનુષ્યના અંતઃકરણમાં રહે છે તેથી તેમને અંદરના ચોર કહેવામાં આવ્યા છે. તેઓને ચિત્તની સોબત થતાં અથવા ચિત્ત તેઓમાં ચોટતાં તે ભગવાનમાં પ્રવેશ કરી શકતું નથી, અર્થાત્ સેવા થઈ શકતી નથી. સર્વ પુરુષાર્થોમાં પ્રભુની પ્રાપ્તિને માટે સેવારૂપ પુરુષાર્થ મુખ્ય છે. જો ચિત્ત પ્રભુમાં પ્રવેશ કરી શકે નહિ, તો તે પુરુષાર્થ સાધી શકાય નહિ અને તેમ થવાથી ભગવાનના કહેલ ગૌણ પુરુષાર્થો પણ વ્યર્થ જાય છે એટલા માટે કામ લોભાદિ ચોર જે ચિત્તને હરી લે છે તેઓથી ભક્તજને સાવધાન રહેવું જોઈએ.

વૃત્તિઓથી શાન્ત ઉગ્ર અને મૂઢ પ્રકારનું જે, મન, બુદ્ધિ ચિત્ત, અને અહંકાર, તેમાં ચિત્ત શાન્ત, સ્વચ્છ, અને અવિકારી છે.

स्वच्छत्वमविकारित्वं शान्तत्वमिति चेतसः ।
वृत्तिभिर्लक्षणं प्रोक्तं यथाऽपां प्रकृति पयः ॥ ભાગવત.

ભાવાર્થ—જેમ જળાશયનું જળ પ્રથમ સ્વચ્છ હોય છે, પણ જ્યારે ભૂમિનો સંબંધ થાય છે ત્યારે તેમાં મલિનતાદિ દોષો પ્રાપ્ત થાય છે, તેમજ મન, બુદ્ધિ, અને અહંકારના સંબંધ વિનાનું ચિત્ત સ્વચ્છ, અવિકારી અને શાન્ત હોય છે, પણ તેને મન, બુદ્ધિ, અને અહંકારની વૃત્તિઓનો સમાગમ થતાં તે મલિન થાય છે.

જેમ જળ પ્રથમ સ્વચ્છ હોય છે, પણ જ્યારે ભૂમિનો સંબંધ

થાય છે, ત્યારે તેમાં મલિનતાદિ દોષો પ્રવેશ કરે છે તેમજ ચિત્તને મન, બુદ્ધિ, અને અહંકારનો સંબંધ થયો ન હોય ત્યાંસુધી તે અવિકારી અને શાન્ત હોય છે, ચિત્તને મનનો સંબંધ થતાં સંકલ્પ વિકલ્પને લીધે તેમાં કામાદિની ઉત્પત્તિ થાય છે, બુદ્ધિનો સંસર્ગ થતાં યોગ્યત્વ અયોગ્યત્વ વગેરે ભાન થાય છે અને, બુદ્ધિ અને અહંકારના લક્ષણ ચિત્તની સાથે એક થઈ જવાથી ચિત્ત પણ મલીન દેખાય

चित्तचित्तसमाख्या हि એથી ચિત્તપણું ગ્રહણ કરવું છે તે એવા અભિપ્રાયથી કે શાન્ત, સ્વચ્છ, અને અવિકારી ચિત્તથીજ સેવા સિદ્ધ થઈ શકે છે, જ્યાં મનના કામાદિ ધર્મો ઉત્પન્ન થાય છે ત્યારે ચિત્તના ધર્મો તિરોહિત થઈ જાય છે, ને તેનાથી સેવા થઈ શકતી નથી એટલા માટેજ અન્ય ગ્રન્થે શ્રીહરિરાયજી કહે છે કેઃ-

तद्द्वारास्तानीन्द्रियाणि विषया लौकिकी मतिः ॥
प्रतिबन्धस्तथोद्वेगो भोगोऽप्यत्र लौकिकः ॥१४॥

અર્થ—ઇન્દ્રિય, વિષય, લૌકિક બુદ્ધિ, પ્રતિબંધ, તથા ઉદ્વેગ તથા લૌકિક ભોગ એ સર્વ માનસી સેવાના બાધક છે ૧૩-૧૪

मूलम्—अतो विवेकधैर्यादिशास्त्रयुक्तैस्तथा पुनः ।
आन्तरास्ते निराकार्या बाह्यास्तु यथाक्रमम् ॥१५॥
सेवाकारणतद्दोषपरित्यागादिसाधनैः ।
बाधकस्तु ततोऽप्येष दृष्ट इत्येवबुध्यताम् ॥१६॥

અર્થ—એટલા માટે વિવેકધૈર્યાદિ શાસ્ત્રયુક્ત ભગવદ્ભક્તોએ

વા-વર એ અંદરના અને બહારના ચોરોને યથાક્રમે દૂર કરવા. સેવાનું કારણ ચિત્ત છે, તેનો વિવેકથી રોધ કરી અંદરના ચોર દૂર કરવા અને ધૈર્યથી કટુંબ ઉપરની મમતાના ત્યાગ વગેરે સાધનોથી બહારના ચોરને દૂર કરવ; એ બંને ચોર દૂર કરવા વંચક પધારે છે એમ જાણવું.

અંદરના ચોર કામાદિ છે બહારના ચોરો કુટુંબીજનો છે. પ્રથમ કામાદિ ચોરોને વિવેક અને ધૈર્યાદિ સાધનો વડે દૂર કરવાનું કહેવામાં આવે છે.

ભગવાન સર્વ વસ્તુ પોતાની મેળે કરશે, તેથી એમને અમુક વસ્તુની પ્રાપ્તિને માટે કે અમુક વસ્તુ દૂર કરવાને માટે પ્રાર્થના કરવાની જરૂર નથી ભગવાન સર્વ વસ્તુ કરવાને સમર્થ છે. પ્રસંગે આપણે થવાની ભાવનાથી અભિમાનનો ત્યાગ કરવો, અને આપદ્ અને ગતિ આદિ કાર્યોમાં સર્વથા હઠનો ત્યાગ કરવો એ વગેરે વિવેકના લક્ષણ છે

આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણે પ્રકારના દુઃખો મરણ સુધી સર્વ પ્રકારે સહન કરવા કુટુંબીજનો, સ્ત્રી પુત્ર, વગેરે તરફથી તિરસ્કાર (અપમાન) વગેરે કરવામાં આવે તે સહન કરવું, ઇન્દ્રિયોને પોતપોતાના વિષય તરફ જતાં અટકાવવા કાયાથી, વાણીથી અને મનથી સર્વ પ્રકારે યત્ન કરવો. એ સર્વ ધૈર્યનાં લક્ષણો છે.

વિવેક અને ધૈર્યના ગુણ ધરાવનારા ભક્તજનોએ તે સાધનો વડે પ્રથમ અંદરના ચોર કામ, ક્રોધ વગેરેને દૂર કરવા, અને પછી બહારના ચોરોને પણ દૂર કરવા કુટુંબાદિ ચોરોને દૂર કરવા પવિત્રાદિ સાધનો પણ વાપરવાને બાધ નથી. એમ કરવાથી ચિત્તનો નિરોધ કરી યોગ સિદ્ધ થઈ શકે છે ૧૫-૧૬.

એ રીતે અંદરના અને બહારના ચોરનું અને તેમને દૂર કરવાના સાધનોનું વર્ણન કરી, વંચક (ધર્મનો ઢોંગ કરનાર, ધર્મ ઠગ, પાખંડી), જેની ગણના બહારના ચોરમાં થાય છે, તેનુ અને તેને દૂર કરવાના સાધનોનું શ્લોક ૧૬ માના ઉત્તરાર્ધથી શ્લોક ૩૮ સુધીમાં વર્ણન કરવામાં આવે છે. કામાદિ અંદરના ચોર અને કુટુંબાદિ બહારના ચોર કરતાં વંચકને વધારે દુષ્ટ જણાવવામાં આવે છે, તેના કારણો હવે પછી જણાવવામાં આવશે.

मूलम्–यतस्तदाकृतिश्चेष्टा त्वाचारश्च भाषणम् ।
विनयः शान्ततावेशः शङ्खचक्रादिचिह्नितम् ॥१७॥
एवमाद्यखिलं तुल्यं भगवद्धर्मशालिभिः ।
ततो ज्ञानाभावतोऽपि सर्वथा नाशनं मतम् ॥१८॥

અર્થ—(વંચક અંદરના અને બહારના ચોર કરતાં વધારે દુષ્ટ છે) તેનાં તેના આકૃતિ, ચેષ્ટા, આચાર, ભાષણ, વિનય, શાન્તતાનો આવેશ (દેખાવ) અને શંખ ચક્રાદિ ચિહ્નોનુ ધારણ કરવાપણું ભગવદ્ધર્મ પ્રમાણે ચાલનારના જેવું જ હોય છે. તે કારણથી એવા વંચક વિષેની માહિતી ન હોય તો સર્વ પ્રકારે નાશ થાય છે.

વિવેચન—દેહની અંદર રહેનારા ચોર કામ લોભાદિ અને દેહની બહારના ચોર કુટુંબાદિને દૂર કરવાનો બોધ આપ્યા પછી વંચક, ઠગ, પાખંડીનો સંગ ન કરવાનો બોધ આપવામાં આવે છે. એટલે કરતાં કામ લોભાદિ અને કુટુંબાદિનો સંગ દુઃસંગ છે અને તે દૂર કરવાને યોગ્ય છે તે કરતા ધર્મઠગનો સંગ વધારે દુઃસંગ અને દૂર કરવા યોગ્ય ગણેલો છે. કામાદિ ચોરની તો પરીક્ષા થઈ શકે છે પણ વંચકની તો પરીક્ષા પણ થઈ શકતી નથી, કેમકે તેના

અંગોની ચેષ્ટા (બહુ વિનયથી જય શ્રીકૃષ્ણ કરવા, પગે લાગવું, ભગવન્નામ સાંભળી ઘણો આનંદ પ્રદર્શિત કરવો વગેરે) જ્યાં જેવો આચાર પ્રવર્તતો હોય ત્યાં તેથી અધિક પળવો, બાહ્ય વિનય (નમ્રતા,) શાન્તતાનો દેખાવ, અને માળા તિલક, છાપાં વગેરે ચિહ્ન ધારણ કરવાં એ સઘળું એ સાચા ભક્તના જેવું જ રાખે છે. તે બોલે છે કે:–

मैं कौन हूं, अत्यंत तुच्छ जीव हूं, दोषको भर्यो हूं, मेरेमें कछु धर्म नहि हैं, मैं कछु जानूं नहि हूं, केवल बडेनके अनुग्रहसूं जो दो अक्षर मेरे मुखमें आये हैं सो यथामति मैं बोलं हूं.

(શ્રીપુષ્ટિમાર્ગપ્રદ.ન)

આ બધી ચેષ્ટાઓ એટલીજ હોય છે કે તેનું ચિત્ત ભગવાનમાં હોતું નથી પણ કામ, લોભ અને સ્વાર્થમાં હોય છે. આવા વેષ ધારણ કરવાથી એને બીજા વૈષ્ણવો મોટો વૈષ્ણવ ધારી એનો વિશ્વાસ કરી ભગવદર્પિત ધન સોંપે, અથવા ભક્ત તરીકે એને સારું સારું ખાવાપીવાનું મળે, અને અનેક પ્રકારના બીજા ભોગ પ્રાપ્ત થાય, એ પ્રકારની ઇચ્છા હોય છે. જે પોતે ભગવાનમાં ચિત્ત ચોંટાડતો નથી તે બીજાને બહિર્મુખ કરે છે અને એ કારણથી એ ભક્તજનોનો નાશ કરવાવાળો નીવડે છે. ૧૮.

मूलम्–दुर्घटं तस्य विज्ञानं सर्वथा भक्तमानस. ।
अतएव न कर्त्तव्यो विश्वासो ह्यविचारितः ॥१९॥

અર્થ—ભક્તના જેવા વેષવાળા વંચકના સ્વરૂપનું જ્ઞાન સર્વથા અશક્ય છે, માટે વિચાર કર્યા વિના કોઇનો વિશ્વાસ કરવો નહિ.

વિવેચન ભક્તના સંગમાં વેશ ધારણ કરનારનું ખરું સ્વરૂપ જાણવું અશક્ય છે ઘણા કાળ સુધી બારીકાઈથી એની કૃતિઓનો વિચાર કરવામાં આવે તોજ એનું ખરું સ્વરૂપ જાણવામાં આવે છે ના સંપાદન કરતાં પહેલાં ઘણી વખત ગાફેલ મનુષ્ય તેની સોબતને લીધે ભક્તિમાર્ગથી વિમુખ થઇ જાય છે માટે વગર વિચાર કર્યા વગર એવા ધર્મઢોંગીઓનો વિશ્વાસ કરવો યોગ્ય નથી

શાસ્ત્રો સત્સંગનો મહિમાની ઘણી પ્રશંસા કરે છે, પરંતુ આ કલિયુગમાં સંગ કરવા લાયક માણસો ભાગ્યેજ ક્વચિત્ મળી આવે છે તેટલા માટે ઉત્તમ માર્ગ તો એ છે કે ભક્તિના ધાર્મિક ગ્રંથોને અને ભગવાનની મૂર્તિ મનમાં ધારણ કરી ભગવાનનોજ સંગ રાખવો ૧૯

सूत्रम्–तदीयत्वभ्रमात्तस्मिन् विश्वासो सङ्गदोषतः ।
असत्यपि च सद्भावात्ततो भक्तिमार्गतः ॥२०॥

અર્થ—ભગવદ્ભક્ત છે એમ ધારી ભ્રમથી તેનો વિશ્વાસ કરવાથી સંગદોષને લીધે અસત્યમાં પણ સદ્ભાવ થવાથી ભક્તિમાર્ગમાંથી વિમુખ થવાય છે

વિવેચન—ઢોંગ માત્રના બાનાથી અને આકૃતિથી જો કોઈ જણ કોઈ નો વિશ્વાસ કરીને તેનો સંગ કરે તો તે ખરો ભક્ત ન હોવાથી એ સંગથી કાંઈ લાભ થતો નથી પણ ધીમે ધીમે સંગ કરનાર મનુષ્ય એ ઢોંગી જેવોજ થાય છે અને ભક્તિમાર્ગથી ખસી જાય છે મનુષ્ય અને મનુષ્યની વચ્ચેના વ્યવહારમાં દંભ ઢોંગ વગેરેને માટે સારૂં પરિણામ આવતું નથી તો ઈશ્વર અને ઈશ્વરની વચ્ચેના સંબંધમાં કામ, ક્રોધ, લોભ, દંભ વગેરેનું પરિણામ સારૂં ન આવે એ તો નીતુંજ છે ૨૦

એ પ્રમાણે [illegible] ભગવાનનો [illegible] ન કરવાનો બોધ આપી હવે શ્રીહરિરાયજી આચાર્યની પદવી ધારણ કરનાર પુરુષોનો કેવી રીતે અને ક્યારે [illegible] વિશ્વાસ કરવો તે કહે છે

मूलम्—अतएव समाचार्य गुरोरपि न पोषणम् ।
कृष्णसेवापरं वीक्ष्य [illegible] ॥ [illegible] ॥

અર્થ—એટલા માટે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ કૃષ્ણસેવાપરં [illegible] પદ વડે નિબંધમાં જે કહેલ છે તે પ્રમાણે ગુરુ પણ જોવા યોગ્ય છે

[[illegible]]

कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् ।
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ॥

અર્થ—શ્રીકૃષ્ણની સેવામાં તત્પર [illegible] શ્રીમદ્ભાગવતના તત્ત્વને જાણનાર [illegible] એટલે એ ગુરુ નહિ તે પ્રમાણે શ્રીહરિની સેવા [illegible]

[[illegible] નિબંધ ૨૨૦]

જે ભાગવતના તત્ત્વને જાણે છે [illegible] શ્રીકૃષ્ણની સેવામાં તત્પર છે તે [illegible]

[illegible] ભાગવતના તત્ત્વને જાણનાર [illegible] ઉપર ઉપરથી [illegible] ભાગવતના [illegible] છે કે [illegible] દાસિક [illegible] અને અદ્ભુત વાર્તાઓનું વર્ણન [illegible] શ્રીમદ્ભાગવતનું તત્ત્વ નથી, પણ [illegible]

છે, તેને ભક્તિશાસ્ત્ર તરીકે વાંચી કે સમજી શકે તેજ ભાગવતના તત્ત્વને જાણે છે એમ કહેવાય. માત્ર વાર્તાના પુસ્તક તરીકે જે ભાગવતને જાણે તે ભાગવતના તત્ત્વને જાણતો નથી એમ કહ્યા વગર ચાલે નહિ.

ભાગવતમાં સમાયેલી કથાઓ ભક્તિશાસ્ત્રના ગૂઢ તત્ત્વોનું વર્ણન કરે છે.

સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, સદ્ધર્મ, ભક્તિ, નિરોધ અને મુક્તિ એ નવ લીલા યુક્ત પુરુષોત્તમનું સ્વરૂપ જાણવું એ ભાગવતના ૩ જાથી ૧૧ મા સ્કંધ સુધીનું તાત્પર્ય છે. એ જાણવાની ઇચ્છા રાખનાર કેવી યોગ્યતાવાળો જોઈએ એ પહેલા સ્કંધમા કહેવામા આવ્યુ છે. અને બીજા સ્કંધમા તેવો અધિકાર પ્રાપ્ત કરવાના સાધનનુ વર્ણન કરવામા આવ્યું છે. બારમા સ્કંધમા આશ્રયનો બોધ કરવામા આવ્યો છે.

પૃથુરાજાએ બાણની અણી વડે પૃથ્વીને સપાટ અને ફળદ્રુપ, કરી એ કથા ભગવત્પરાયણ રાજા રાજ્યની કેવી રીતે સુવ્યવસ્થા રાખી શકે છે તે બતાવે છે.

હેતુથી [illegible] [illegible] પણ આ [illegible] પોતે નૃત્ય* [illegible] [illegible]

[illegible] ભાગવતી [illegible] [illegible] પ્રકટિત [illegible] [illegible]
[illegible] શ્લોકમા [illegible] શ્રીમદ્‌[illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ભક્તોને નૃત્ય કરાવ્યું. સર્વ કુંજમાં જે ગુપ્ત છે, તે જેવી રીતે પ્રકટ થાય, તેવી રીતે આપે નૃત્ય કર્યું અને ભક્તોને નચાવ્યા. શ્રમથી જલ અને સ્નાનથી વાયુરૂપ ગાત્રથી થાય છે. આ શ્લોકમાં પ્રકટ થયેલું ઉત્તમ અને આધિદૈવિક કામરૂપ સુખ તો કૃષ્ણ
• લોગને '' અન્ય નહિ'

एतदेव चोक्तं 'वृन्दावन' मित्यस्याभासविवृतौ प्रभुभिरपि 'लीलैव परिचायिके'ति। तद्रसात्मकस्य स्वरूपस्य सा सा लीलैव परिचयसम्पादिकेत्यर्थः। सर्वेतिपदमखिलत्वेन लोकवैलक्षण्याय। नहि लोके क्वचिदपि सकलक्रियानन्त्यमुपलभ्यते। अपिशब्द सरसतासिद्धये उत्कृष्टापकृष्टममनन्ततत्सत्त्वबोधनाय। एवकारोऽनैकान्त्यतदभावज्ञापनाय। अंशतोऽप्यन्यक्रियामत्त्वे रसात्मकता न स्यात्।

छे–बहुनर्तकीयुक्तो नृत्यविशेषो रास, रसस्याभिव्यक्तिर्यस्मादिति। रसप्रादुर्भावार्थमेव नृत्य, रासे क्रीडा लीला हास्य। 'नायनारी જેમા ... ભાવાર્થ ... થાય તે હોય તેનું નામ રાસ, અર્થાત્ જેથી રસની અભિવ્યક્તિ થાય તે રાસ રસના આવિર્ભાવ માટેજ નૃત્ય છે. રાસમાં જે પ્રભુની ક્રીડા લીલા- રાસલીલા. આ ઉપરથી કેટલાક 'રાસલીલા' શબ્દ 'રાસની લીલા' ઉપરથી થયેલા માને છે, તે કોઈની એક પ્રકારની ભ્રાન્તિ છે એમ સમજવું.

૧ સર્વ અંગોઅંગ જોડાયાં, ... લીલા સારે ... શ્રીગોપાલદાસજીનું કીર્તન ...

एवं सति भगवतो या काचिल्लीला सा सर्वापि तत्तद्रसात्मकस्वस्वरूपाविर्भावायेति मन्तव्यम्। अन्यथा पुरुषोत्तमस्य प्राकृतानुकरणं बाध्येत। वस्तुतस्तु न तत् प्राकृतानुकरणं किन्तु तद्रसस्य विशिष्टरूपमेव तदित्यर्थः।

વળી શ્રીમહાપ્રભુજીએ वृन्दावन સર્વે એના વિવરણમાં એમજ આજ્ઞા કરે છે કે આપ સર્વ છો કે પરિચય કરાવનારી તો લીલાજ છે. ભગવદ્ સ્વરૂપ છે તેમ અનેક પ્રકારના હોવાથી તેને સ્વરૂપ આશ્રય આપનારી તે સ્વરૂપનો પરિચય કરાવનારી તેવી તેવી લીલાઓજ હોઈ શકે. તેવી તેવી લીલાઓથી તે તે સ્વરૂપ સ્વરૂપનો પરિચય થઈ શકે માટે શ્રીમહાપ્રભુજીની લીલાજ પરિચય કરાવનારી છે એ ઉક્તિ અતીવ સુંદર છે.

રાસ આદિની કારિકામાં શ્રીમત્પ્રભુચરણ જેમ ઉચ્ચારે છે, 'આ લીલામાં ક્રિયા પણ સાર છે' આ કારિકામાં 'જો' શબ્દનું રહસ્ય ધ્યાન કરે છે ભગવાનની બધી ક્રિયાઓ છે એવી સર્વ ક્રિયાઓના આધાર એ રસાત્મક જ છે, અન્ય કાંઈ નથી. લોકમાં કોઈ પણ સ્થળે રસને ઉત્પન્ન કરનારી સર્વ ક્રિયા કાંઈ દૃષ્ટિપથ નહિ થાય. કોઈમાં કોઈ એક હશે, તો કોઈમાં કાંઈ બીજી હશે, પરંતુ સર્વ ક્રિયાઓના આધાર તો માત્ર રસાત્મક સ્વરૂપ જ છે. આ તાત્પર્ય જ એ ક્રિયાઓની અને તે ક્રિયાઓ જેમાં છે એવા રમેશ શ્રીગોકુલેન્દુની લોકથી વિલક્ષણતા બતાવે છે. ભગવાનમાં સર્વ રસ પણ એના માટે યોગ્યતાનો છે. રસાત્મકતાની સિદ્ધિ માટે સર્વ ક્રિયા પણ રસાત્મક છે એમ સિદ્ધ થવા માટે કિંચિત અને અપૂર્વ

સર્વ ક્રિયાઓ ગાન છે, એમ જણાવવા માટેજ અવિદ્ભદ્ ગુરુઓ યોજ્યો છે. તેમજ एव શબ્દ પણ નિગૂઢ તાત્પર્યનું બોધન કરે છે. જે ક્રિયા રસને પ્રકટ ન કરી શકતી હોય, જે લીલા પ્રભુનું રસરૂપ જણાવતી ન હોય તેવી અન્ય ક્રિયાઓ, રસાભાસ કરી નાખનારી ક્રિયાઓ તો પ્રભુમાં નથીજ, એમ एव શબ્દ કહે છે. અર્થાત્ આ ઉપરથી એમ નિશ્ચય કરેલો કે પ્રભુની જે કાંઈ લીલા છે તે બધી લીલા તે તે રસાત્મક સ્વરૂપના આવિર્ભાવ માટેજ છે જેથી રસાત્મક સ્વરૂપ દીપે નહિ તેવી લીલા તો પ્રભુમાં છેજ નહિ. એમની થોડીએ થોડી લીલા પોતાના અનેક રસથી પરિપૂર્ણ સ્વરૂપનેજ પ્રકટ કરનારી હોય છે. જો એમ ન હોય તો પ્રભુ પૂર્ણ પુરુષોત્તમ, કોટિ બ્રહ્માંડના નાયક પ્રાકૃત જનોનું અનુકરણ શા માટે કરે ? કારણ કે તે અનુકરણમાં કાંઈક ગૂઢ રસ સમાયેલો હશે, અને લૌકિકનું પણ અનુકરણ કરવાથી ખાસ રસસ્વરૂપ પ્રકટ થતું હશે; માટેજ પ્રભુ લૌકિકને અનુસરનારી લીલાઓ કરે છે. પ્રભુ જે લૌકિકનું અનુકરણ કરે છે, પોતે લોકના જેવી લીલાઓ કરે છે તેથી લોકનું અનુકરણ પ્રભુએ કર્યું એમ આપણને ભાસે છે, પણ તે વાસ્તવિક નથી. વાસ્તવિક તો એમજ છે કે, **ભગવાન કાંઇ લૌકિકનું અનુકરણ કરતાજ નથી,** પરંતુ તે તે રસને જણાવનાર સ્વરૂપ પ્રકટ કરનારી લીલા કરે છે. લોકનું અનુકરણ પ્રભુએ કરવાથી પ્રભુમાં લૌકિક બુદ્ધિ પ્રવેશે છે, માટે પ્રભુ લૌકિકને અનુસરતાજ નથી, અને તેમની લીલામાં લોકને અનુસરવાની જ્યાં ભ્રાન્તિ થાય ત્યાં એમજ સમજવું કે એ વિલક્ષણ રસથી યુક્ત સ્વરૂપજ તેવું છે, પોતાની રસમયતા જણાવવા માટેજ પ્રકટ થાય છે, નહિ કે લોકનું અનુકરણ કરવા માટે. એ સિદ્ધાન્ત લક્ષમાં રાખવો

ननेवंविधक्रियावत्त्वे भगवतो लोके मा कामः समानाधिकरणा द्धेत्न्यस्यापि कामसिद्धौ पूर्णत्वानुपपत्तिः इत्याहुः परं काम इति । ननु ता एव क्रियास्तस्यापि न दोषः । आनन्दाकारत्वात् । नहि भगवत्स्वरूपे आनन्दमात्रेऽन्यदस्ति किञ्चित्, स्वस्वरूपमेव भक्तभावानुसारेण तथा तथा भवतीति सिद्धान्तस्य 'विनानुवाद न च तन्मनोदित'मित्यत्र निरूपणात् । स्वामिन्याभिहिते 'आह च तन्मात्र'मिति ॥

ચેષ્ટાઓ જણાય. તેવી રીતે પ્રભુમા ક્રિયા ઉત્પન્ન થતી નથી. પહેલાં જણાવ્યું છે કે ભગવાન તો આનંદરૂપ છે. ભગવાન જુદા અને તેમનો દેહ જુદો એવી લૌકિક વ્યવસ્થા ત્યા નથી પ્રભુનું શ્રીઅંગજ આનંદમય છે. ત્યા આનંદ સિવાય અન્ય કંઈજ નહિ તો પછી ત્યા કામનો પ્રવેશ ક્યાથી થવાનો ? અને તેવી ક્રિયાઓ જન્મવની ક્યાથી? *આન્યન એવોજ સિદ્ધાન્ત પ્રકટ કરવામા આવ્યો છે કે ભક્તની ભાવના પ્રમાણે પ્રભુ સ્વરૂપ પ્રકટ કરે છે ભક્તના હૃદયમા જેવા આત્મક રૂપની ભાવના થઈ રહેલી છે, તેવાજ સ્વરૂપે પ્રભુ થાય છે. નૈયાયિકો પણ એમજ કહ્યું છે, 'જેમ સમદ અંદર અને બહાર સૈંધવ ગુણથી પરિપૂર્ણ છે તેમ પ્રભુ આનંદથી પૂર્ણ છે.' એમના શ્રીહસ્તે ક્રિયાદિ સ્વરૂપથી જુદા નથી, પણ સ્વરૂપાત્મક આનંદમયજ છે. વેદ વગેરે એમના નિઃશ્વાસ હોવાથી તે નિઃશ્વાસરૂપ ક્રિયાઓ પણ તેજ સ્વરૂપમાથી થાય છે. સર્વાકારસ્વરૂપ પ્રભુ હોવાથી ઇંદ્રિયાદિક કલ્પનાથી શ્રુતિનો વિરોધ આવતોજ નથી' આવો સિદ્ધાન્ત વેદવ્યાસજીએ કર્યો છે

---

૧. જેમ કોઈ શરીરમા પ્રેત પેઠેલો હોય અને તે શરીરમા જેવી વિચિત્ર ક્રિયાઓ જોવામા આવે છે, તેમ કામનો પ્રવેશ થયા પછી શરીરના ચિહ્નો જાહેર થાય છે, અને નવી નવી ક્રિયાઓ ઉત્પન્ન થાય છે.

* વિમાનુવાદ ન ન તન્નનીવિર્ત એ સ્થાઠના.

૨. આહ ચ તન્માત્ર એ પ્રકરણમા ૩ ના અધ્યાયના પાદમા

ननु कथमनन्यत्व तल्लीलानामित्याशङ्क्य तदुपपादयन्ति कामोऽत्र न विद्यत इति। लोके तद्धेतुत्वेनाभिमतः कामोऽत्र न विद्यते। प्रभारेव तद्रूपत्वात्। 'साक्षान्मन्मथमन्मथ' इति वाक्यात्। नहि भगवतो विग्रहे काम। विग्रह काम इति तु सुवचम्। एतेन इत्थमावनानन्यतया तत्क्रियाणां नित्यत्वमलौकिकत्वं च स्वरूपात्मकत्व च समर्थितम्। एवंविधलीलाकरणेऽपि भगवतो निष्कामत्वमप्राकृतत्वं चोक्तम्। अत एव कामाभावादेव न लौकिकवदुक्तवत् सापभता भगवत प्रजन मानस ॥

દેહમાં કામ પેસે છે, તેમ ભગવાનના દેહમાં કામ નથી, પરંતુ ભગવત્સ્વરૂપજ કામ છે, એમ તો સારી પેઠે કહી શકાય. જીવ જુદો, તેનો દેહ જુદો અને તેમાં પેસનાર કામ પણ ભિન્ન, એટલે તેમાં ક્રિયા ઉત્પન્ન થવામાં કામ કારણ થઈ પડે, પણ ભગવાન્ જુદા નહિ, ભગવાનનું શરીર પણ ભગવાનથી ભિન્ન નહિ અને કામ પણ પૃથક્ ન હોઈને ભગવત્સ્વરૂપજ હોઈ, તો હવે ત્યાં કામે તેની ક્રિયાઓ ઉત્પન્ન કરી કેમ ગણાય? તેમજ ભગવાનને કામી કામવાન્ કેમ કહેવાય? એ ત્રિપુટીમાં અભેદભાવ હોવાથી, ભેદનો લેશ પણ ન રહેવાથી ક્રિયાઓ પણ બધી અજન્ય છે, નિત્ય છે, અલૌકિક છે, વધારે તો શું પણ ભગવદ્રૂપ છે, એમ સિદ્ધ થયું. તેમજ એવી અનેક પ્રકારની લીલા કરવામાં પણ પ્રભુની નિષ્કામતા અને નિર્મમતા તેવીજ અખંડજ ગણાશે છે.

ભગવાનમાં તેવો તુચ્છ કામ નહિ હોવાથીજ લૌકિક કામીની પેઠે ભગવાનને બહારની અપેક્ષા પણ નથી, પરંતુ ઊલટું સામું એ, લૌકિક કામી સ્ત્રીઓ માટે તલસે છે, ત્યારે પ્રભુ અલૌકિક કામન-રૂપ છતાં રાત્રિના ભાગમાં, વનમાં, મનોહર શરદ્ઋતુમાં પોતાની પાસે આવેલી વ્રજસુંદરીઓને ઘેરજ જવાનો ઉપદેશ કરે છે! અને તેમની થોડી પણ અપેક્ષા રાખ્યા વિના પોતે આત્મારામજ રહેલ છે!

गीतगोविन्दाद्युक्तप्रकारेण लौकिकीषु रात्रिषु रमणे मादृशा च तद्रमणरूपस्य तथात्वबोधनाय लौकिकत्वं हि लोकनिर्वर्त्यत्वं, न तु लोकसिद्धत्वम्। लोके रमणदेशाभावात्। 'दृश्यम्' कान्तिना

दैन्य'मित्यत्र तथा निरूपणात्। लोकानां तु महाराजलीलानुकरणे बालानां तदभिमान इव सरसताभिमानमात्रमिति निगर्वः।

ગીતગોવિંદમા કહ્યા પ્રમાણે લૌકિક રીતિમાં રમણ કરતા પ્રભુએ જે અપેક્ષા બતાવેલી છે, તે અર્થે એમજ સમજવું કે તેઓ ગમરસરૂપ તેવું કાંઇક વિલક્ષણ છે. જેમ કે ગીતગોવિંદના કર્તા જયદેવજી તે રૂપ કહે છે—

विकिरति मुहुः श्वासानाशाः पुरो मुहुरीक्षते
प्रविशति मुहुः कुञ्जं गुञ्जन्मुहुर्बहु ताम्यति ॥
रचयति मुहुः शय्यां पर्याकुलं मुहुरीक्षते
मदनकदनक्लान्तः कान्ते प्रियस्तव वर्तते ॥

गीतगोविन्द, स. ९

'લૌકિક લૌકિક' એમ કહેવામા આવે છે, પરંતુ તેનો ભાવાર્થ શો લેવાનો છે એ કોઇ જાણતું નથી. લૌકિક એટલે લોકમા કહેવાતું હોય તે, નહિ કે લોકમા જે સિદ્ધ છે તે લૌકિક. લોકમાજ સિદ્ધ હોય તે તો પ્રભુમા હોયજ નહિ, પરંતુ લોકમા જે કાંઇ કહેવાતું હોય અને તેથી લૌકિક ઠરી ગયેલું હોય, તેવું લૌકિક પ્રભુમા હોઇ શકે. જેમ કે ભગવાન લૌકિક કહેવાય છે, પણ તે લોકમા સિદ્ધ નથી, કેમકે **લોકમાં રસજ નથી.** લોકમા જેમ સિદ્ધ હોય તો તે પ્રભુમા ગણાય નહિ. જેમ લોકમા શરીર પંચમહાભૂતનુ સિદ્ધ છે, પણ તે પ્રભુમા મનાય નહિ. પણ આનંદનું શરીર લોકવેદમા કહેવાય છે, પણ લોકમા નથી, તો તેવો દેહ પ્રભુમા મનાય પણ

છે. લોકમાં રસ નથી, પણ કહેવાય તો છે, તો એ રસ માત્ર પ્રભુમાં હોય, પ્રભુ તે રસરૂપ હોયજ એમાં આશ્ચર્ય શું ?

સજ્જનો કહે છે કે—

૭ रेमे तया चात्मरत आत्मारामोऽप्यखण्डित. ।
कामिनां दर्शयन् दैन्यं स्त्रीणां चैव दुरात्मताम् ॥

फलप्रकरण.

અક્ષરાર્થ—'આત્મરમણ કરનાર, અખંડિત, આત્મારામ એવા ભગવાન્ કામીઓની દીનતા અને સ્ત્રીઓનું દુરાત્માપણું દર્શાવતા તેની સાથે અને અંતર્ગૃહગતાઓની સાથે રમ્યા હતા.'

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે—

कामिनस्त्वेवमेव दीना भवन्ति, 'कामार्ता हि प्रकृतिकृपणा' इति तेषामनुकरणं करोति । अन्यथा तेषां निरोधो न स्यात् । प्रयोजनान्तरमप्यस्तीत्याहुः स्त्रीणामिति । स्त्रीणां च दुरात्मता प्रदर्शिता । न तासां काचिच्छक्तिरस्ति नापि सौकुमार्यम् । किन्तु वशीकृते पुरुषे दौष्ट्यमेव कुर्वन्ति । शालावृकाणां हृदयान्येतानि । अत उभयबोधनार्थं रेमे ।

લોકજ પ્રભુની લીલાનું અનુકરણ કરે છે.

અર્થાત્ લૌકિક કામીઓ દીન છે, એમની દશા દયાજનક છે, કેમકે કાલિદાસ કહે છે-'કામાર્ત પુરુષો પ્રકૃતિએ કૃપણ હોય છે'

ગનુ એટલા માટેજ એનુ અનુકરણ કરે છે, આને નિષેધ કરે છે સ્ત્રીઓની પણ તેવીજ દુષ્ટતા બતાવે છે, આ ઉપરથી એટલેજ સાર લેવાનો કે જે કાઈ લેકમા રમ કહવાય છે, તે લોકમા સિદ્ધ નથી, માત્ર રસનો આભાસ દેખાય છે એટલુ જ. રસ્યો પરિપૂર્ણ તો માત્ર સદાનંદ પ્રભુજ છે, છતા લોકમા રસનુ અભિમાન રહેવું હોય તો આટલા પૂરતુજ છે જેમ સાધારણ બાળકો નાટક અગર રમતી વેળાએ કોઇ રાજા બને છે, કોઇ પ્રધાન બને છે, કોઈ સિપાઇનો વેશ ભજવે છે, તેમા રાજા બનેલો પોતે રાજા હોવાનો ડોકો રાખે છે અને રાજલીલાનુ અનુકરણ-હુકમ કરવા ડોળ કરે છે, તેમજ લોકો પણ તે નાટકના નાયક ઐશ્વર્યની રમમય લીલાનુ અનુકરણ કરીને પોતાને રસમા કૃતાર્થ થયાનુ માની બેસે છે । પરન્તુ તેમનુ તે માનવુ બાળકોના દૃષ્ટાંતની પેઠે ઉપહાસપાત્ર તેમજ એક દૃષ્ટિએ દયાજનક છે સર્વ જગત્ ને આકર્ષક મન્મથ મન્મથ નંદનંદનની લીલાનુ અનુકરણ કરે છે, પ્રભુ કોઇ લૌકિક ક્રિયાનુ અનુકરણ કરતા નથી, પરન્તુ રસમય લીલા કરીને લૌકિક કામીઓની દીનતા તેમ તેવી સ્ત્રીઓની દુષ્ટતાજ જણાવે છે, અને તેઓની તેમાથી આસક્તિ ઊઠી જાય, તેમજ તેમનુ સરસપણાનુ અભિમાન કમી થાય, માટેજ રસમય સ્વરૂપ પ્રકટ કરે છે, એજ સિદ્ધાન્તનો શિરોમણિરૂપ **મહાસિદ્ધાંત** ।

ननु भक्ताना तु कामसत्त्वेन सकामत्व प्राकृतत्व च दुष्परिहर-मिति तत्सम्बन्धेन भगवतो लीलायाश्च तथात्व स्यादित्याशङ्क्याहु तासा कामस्येति । तासा स्वामिनीना य कामः सोऽपि स्वरूपात्मक एव, न लौकिक । यतो निष्कामेनाधियतास सम्बन्धेन कामाभाववता

सम्यक् सर्वभावेन तस्य पूर्तिरिति । प्रतिमायां स्वरूपस्थित्या तद्रूपमिव तास्वपि स्वरूपात्मककामस्थित्या तद्रूपत्वमिति ताः स्वामिन्योऽपि तथा भगवानिवाप्राकृतविग्रहा निष्कामाश्चेति तथाभूतासु रमणाच्चा-ज्ञातोऽपि लीलायाः स्वरूपस्य च प्राकृतत्वशङ्केत्यर्थः । अत एव हृदय-त्वेन सर्वत्र तथाविधान्येव तासां वचांसि 'सन्त्यज्य सर्वविषया' नित्यादि । नहि कामिन्य इव वदन्ति । न वा भगवतोऽन्यः सर्वथा निर्दिष्टो भवति । द्वितीयाध्यायीयसापेक्षता तु भगवत इत्यादिरस-प्राकट्येन तद्धर्माविभावकत्वेति भावः ॥१॥

સંશયોત્થાપન

ભગવાનમાં કામ નથી, એ તો સિદ્ધાંત દૃઢ થયો, પરંતુ ભક્તોના તો કામ હોવાથી ભક્તો તો સકામ અને પ્રાકૃતજ રહેવાના. તે માટે પ્રાકૃતપણું ઉપાય આવી શકે તેમ નથી. ભક્તોની સકામતા અને પ્રાકૃતતા માટે કંઈ પણ ઉપાય થઈ શકે તેમ નથી. ભક્તો સકામ અને લૌકિક રહેશે તો ભગવલ્લીલા પણ સકામ અને લૌકિક કહેવાની, કેમકે તેવા ભક્તો સાથે લીલા મુખ્ય સંબંધ ધરાવે છે.

સંશયનિરાસ

આ શંકાનો પરિહાર સચ્ચિદાનંદસ્વરૂપ એજ શ્લોકમાં કરે છે. તે વ્રજસુંદરીઓનો કામ પણ ભગવત્સ્વરૂપાત્મકજ છે. સ્વામિનીઓનો કામ લૌકિક નથી વ્રજસુંદરીઓના કામની પૂર્તિ નિષ્કામથી કરી છે. કામના આધાર વિનાના સર્વાત્મભાવથી કરી છે. પોતાનો સર્વભાવ પ્રગટ જ થાય ને સર્વાત્મભાવ કહેવાય એ સર્વાત્મભાવમાં

જેમ નથી હોતો તેવા કામથી રહિત અનંતઆનંદ કામની મૂર્તિ થઇ ગયેલી છે તાત્પર્ય કે, જેમ પાષાદિની પ્રતિમાઓ—મૂર્તિમાં ભગવત્સ્વરૂપની સ્થિતિ થવાથી મૂર્તિ ભગવદ્રુપ થઇ જાય છે, તેમ સ્વપાત્મભાવ, આત્માત્ પ્રભુકૃત ઠામ તે વ્રજભક્તોના રહેલો હોવાથી [illegible] સીમંતી પણ ભગવદ્રુપ થઇ ગયેલા અનઙ્ગા ગોપીજનાગિ-નીઓ પણ સ્વનાયકની પેઠે અલૌકિક દેહવાળી તથા નિષ્કામ થઇ ગયેલા હોવાથી તેમની સાથે રમવાથી દેહ પણ દોષ લીલામાં અને [illegible] આવતા નથી, તેમજ લીલાની [illegible] અખંડ અસ્ખલિત [illegible] છે, એટલે [illegible] આ લીલામાં પ્રાકૃતજનોની [illegible] નહિ. એવા બીજા પણ અનેક કારણે છે વ્રજભક્તો જ્યારે વેણ નાદથી ખેંચાયા ને પ્રભુના સન્નિધિમાં આવ્યા ત્યારે પહેલા પ્રભુએ તેમને ચતુરીથી ભરેલા વચનો વડે કુઆવાડામાં નાખ્યા, પણ એમને લૌકિક કામનો ગંધ સરખો પણ નહિ હોવાથી ભક્તિભાવ ઉપર આધાર રાખીને પ્રભુને પ્રત્યુત્તર આપે છે, તેમાં પહેલાજ શ્લોકમા પોતાના હૃદયનો સર્વ ભાવ પ્રકટ છે

---

૧. કામની સગવડતા વિના કે જે આ લોકનુજ પૂરપૂરે [illegible] ગમનતા હોય તો [illegible] કદી [illegible] પડવાનો ધર્મ [illegible] પણ વિવાહિતા [illegible] માનતા મારતા શ્રીગુ-[illegible] મોહજ્ઞાનજ [illegible] હતો તેમ વિનના સર્વને બહિર્મુખતા અમદમેગ નામના મોટા ભયંકર ખાડામાં પડી જાય છે, અને તેનુ અંતઃકરણ પરવશ બનીને પરકીય સુજને ઉપદેશનું પણ તેના [illegible] નથી, એટલે તેમને ખાડામાંથી બહાર એની [illegible] કોઇ સમર્થ નથી

मैव विभोहति भवान् गदितु नृशंसं ।
संत्यज्य सर्वविषयास्तव पादमूलम् ॥
भक्ता भजस्व दुरग्रह मा त्यजास्मान् ।
देवो यथादिपुरुषो भजते मुमुक्षून् ॥१॥

તાત્પર્ય—"હે વિભો ! આવું ક્રૂર ભાષણ કરવું આપને યોગ્ય નથી. આપ સમર્થ છો, તેથીજ આવું ક્રૂર બોલો છો, [illegible] હોત તો આવું નિષ્ઠુર ભાષણ કરત નહિ. આપ પુછો [illegible] કરવાનો છે ! પણ તેની સાથે અમારે સંબંધ શો ? [illegible] હોય વા ન હોય, તે જાણવાની અમારે જરૂર નથી [illegible] સર્વ વિષયોનો ત્યાગ કરીને આપની પાસે આવેલાં છીએ હવે [illegible] જે માર્ગે જવાનું છોડી દીધું, [illegible] થઈ પરંતુ [illegible] ઉપર [illegible] અગિયાર ઇન્દ્રિયના [illegible] સાથે ત્યાગ કર્યો [illegible] તેમ ન કર્યું [illegible] સર્વ વિષયો [illegible] ચરણારવિંદને પ્રાપ્ત કેમ કરી [illegible] પ્રાપ્તિ થાય છે, તે પ્રાપ્તિ [illegible] આપના [illegible] હવે અમારા [illegible] થઇ છે. તેથી [illegible] પુછ્યું કે [illegible] નથી એમ અમે માનીએ છીએ [illegible] છીએ કે [illegible] જાણાવો, તો અમે જણાવીએ છીએ કે [illegible] છે [illegible] નથી [illegible] એક [illegible] દુરાગ્રહ છે [illegible] કરવું નથી ગમતું, તેમ [illegible] કરવું ગમે છે, પણ [illegible] કરવું નથી ગમતું, તેમ [illegible] ન કરવાનો આગ્રહ પણ શું છે ? [illegible]

नन्वेवमपि भक्तानामलौकिककामवत्वे किं प्रमाणम्? भगवतः परमकृपालोरन्यथाकर्तुमपि समर्थत्वेन तदर्थं प्राकृतविग्रहं कामं न स्वीकृत्य प्राकृतमपि तदीयं न पूरयेदित्याशङ्क्याह कामेनेति—

कामेनाधेयरूपेण स्वरूपभिन्नेन पूरितः प्राकृतः कामः संसारं पुत्रपौत्रादिसम्पत्त्या विशेषाहन्ताममतात्मकं जनयेन्न तु तदभावम्। 'न जातु कामः कामाना'मिति वाक्यात्। कामाभावेन कामस्याधेयस्य भावो यत्र तादृशेन स्वरूपेण पूर्णस्तु कामो निष्काम आधेयकामरहितः स्वरूपात्मक एव स्यात्। अत एव तादृशकामवतां यथायथा भगवतो विशेषलीला तथा तथा दृश्यतेऽत्यन्तनिरपेक्षतैव। यतो भगवतोऽप्यग्रे निरपेक्षा जाताः स्वतन्त्रभक्त्यैव स्थिताः। यदि लौकिक एव कामः स्यात्तदा नैवं स्यादिति स्वरूपात्मककामवत्य एवैता इति सर्वमनवद्यम्॥२॥

ઉત્થાનિકા

ભગવાનના અપ્રાકૃત દેહમાં તો અનેક પ્રમાણો મળે છે, તેમ તે વ્રજાંગનાઓના અપ્રાકૃત શરીર અને અલૌકિક કામમાં પ્રમાણ શું ? તેમાં કાંઈ પ્રમાણ હોય તો તેમ માનવું સંશય ભરેલું ન ગણાય, પરંતુ પ્રમાણ વિના તો નિરાધાર ગણીને વિશ્વાસપાત્ર ગણાશે નહિ.

વળી ભગવાન પરમકૃપાળુ છે, કર્તુમકર્તું અન્યથાકર્તું સમર્થ છે, તો ભક્તોના પ્રાકૃત દેહ અને લૌકિક કામનો સ્વીકાર કરીને પણ ભક્તોના લૌકિક કામને કેમ ન પૂરે ? પ્રભુ સર્વ કાર્ય કરવાને સમર્થ છે.

આ શંકાનું નિવારણ કરવા માટે શ્રીમહાપ્રભુ અન્ય કારિકા યોજે છે—

श्रीकारिका–कामेन पूरितं काम संसारं जनयेत् स्फुटम् ।
कामाभावेन पूर्णस्तु निष्काम स्यान्न संशय ॥२॥

તાત્પર્ય—પ્રાકૃત દેહના આધારથી રહેનાર, ભગવત્સ્વરૂપથી ભિન્ન એવા કામથી જો પ્રાકૃત કામ પૂર્ણ કરવામાં આવે, તથા એવા લૌકિક કામનો આશ્રય કરી, અને તેજ કામથી ભક્તોના લૌકિક કામને પૂરે તો, તેમ કરવાથી જેમ લોકોમાં પરિણામ આવે છે, તેમ અહિં પણ આવે. લોકનું અનુકરણ પ્રભુ કરે તો સંસારજ ઉદ્ભવે પુત્રપૌત્રાદિ સંપત્તિ ગણે વગેરે, અને તેથી વિશેષ અહંતામમતાત્મક સંસારજ જન્મ પામે તે સંસારનો અભાવનો નાશ રહે સંસાર વધારે વગેરે તો ભયંકર હાનિ થાય કહ્યું છે કે—

[1]न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

અર્થ:—જેમ ઘી હોમવાથી અગ્નિ ધીમો ન પડતાં વધતો જાય છે, તેમ કામના ઉપભોગથી કામ કદી શાંત થતો નથીજ પણ વધારે ને વધારે વધે છે.

હવે સમજાશે કે જો પ્રભુને પણ પ્રાકૃત દેહ અને પ્રાકૃત કામ

---

૧ કવિ તુલસીદાસ પણ કહે છે કે–'કામ નાશહી અનુરાગ જાગ જડ, ત્યાગ દુરાશા છૂટે; બુઝે ન કામ અગ્નિ તુલસી કહે, વિષય ભોગ બહુ ઘૃત તે'

હોત અને ભક્તોને પણ તેમજ હોત તો પુત્રપૌત્રાદિ સંસારજ ઉત્પન્ન થાત. તેવું થયલું કોઇ પણ ઠેકાણે શ્રીભાગવતમાં કે અન્ય પુરાણોમાં વર્ણવ્યું નથી, માટેજ ભક્તોનો કામ અને ભગવાનનો કામ લોકથી વિલક્ષણ છે. એમ સિદ્ધ થયા વિના રહેતું નથી.

" ભગવાને આમન ભક્તોનો કામ પ્રાકૃત કામથી નથી પૂર્યો, પરંતુ કામના અભાવથી તે કામ પૂર્યો છે. કામનો જેમાં અભાવ છે, એવું જે આપનું મન્મથમન્મથ સ્વરૂપ તદ્રુપ કામ તેમાં પૂર્યો છે. તેમ થવાથી કદાચિત્ ભક્તોમા લૌકિક કામ હોય તો પણ તે ભગવત્સ્વરૂપ થઇ જાય. આ સૂક્ષ્મતાથી જોતા જણાશે કે તેઓ સ્વરૂપાત્મક કામવાન્ સાથે જેમ જેમ ભગવાને વિશેષ લીલાઓ કરી છે, તેમ તેમ અત્યંત નિરપેક્ષતાજ દૃષ્ટિગોચર થાય છે, ત્યારે તો શું પણ ભગવાનની આગળ પણ નિરપેક્ષજ થઇ ગયાં, માત્ર સ્નેહ ને ભક્તિ વડેજ રહ્યાં. જો તેમનો કામ લૌકિકજ હોત તો એવી રીતે તેઓ નિરપેક્ષ થાતજ નહિ, માટે સ્વરૂપાત્મક કામજ સર્જનહારી-ઓમા છે, અને તે ભગવત્સ્વરૂપ હોવાથી તેમનો દેહ પણ પંચમહાભૂતનો નથી પણ ભગવદ્રૂપ છે, દિવ્ય છે. એ સિદ્ધ થયું.

नन्वेवं भगवतो भक्तानां न निष्कामत्वं स्मशास्त्रमर्यादा भज्येत। अतो न कामिनि-कामवतोरिव तथा भावनिरूपणादित्याशङ्क्याहः

यतो भगवानेव काम. स्वस्वरूपमेव विग्रहरूपेण कामरूपेण चाविर्भाव्य भक्तेषु स स्वस्वरूपं प्रतिष्ठाप्य प्रसादरूपशक्तिप्रवेशेन स्त्रीभावं दत्वा स्वस्वरूपस्य स तन्मयत्वमित्येवं विभाग स्व''पात्निकादिः

स्द रमत इत्यतो रसमर्यादा निष्कामत्वात्–मोक्षफलापि सा न भवे-त्यर्थः । अत एतच्छ्रुतावित्ति यतो नेयं कामलीलाऽपि तु स्वरूपानन्ददामलीला अत एतच्छ्रवणेन वेदान्तश्रवणेनेव लोकः साधारणोऽपि निष्काम एव सर्वथा सर्वप्रकारेण भवेत् ॥३॥

ઉત્થાનિકા

ઉપર પ્રમાણે તો ભગવાન્ પણ નિષ્કામ અને ભક્તો પણ નિષ્કામ સિદ્ધ થયા અને નિષ્કામ થાય તો રસનો આવિર્ભાવ પણ ન થવો જોઈએ. રસશાસ્ત્રની મર્યાદા પણ તુટી જવાની, કેમકે કામ વિના રસની ઉત્પત્તિ કોઈપણ રસશાસ્ત્રમા વર્ણવીજ નથી કામના આધાર સ્ત્રીપુરુષમાજ રસપ્રાકટ્ય સિદ્ધ છે

આ શકાનુ નિવારણ તૃતીય કારિકામા શ્રીવલ્લભાચાર્ય કરે છે–

श्लोकारिका–अतो न त्वपि मर्यादा भग्ना मोक्षफलापि च ।
अत एतच्छ्रुता लोको निष्काम. सर्वथा भवेत् ॥३॥

તાત્પર્ય—રસશાસ્ત્રની મર્યાદા ભગ્ન થતી નથી. ભગવાન્ અને ભક્ત લૌકિક કામથી રહિત છે, લૌકિક કામનું ફળ સંસાર છે અને અહિ તો, ફળ મોક્ષરૂપ છે, છતા પણ રસશાસ્ત્રની મર્યાદા સ્વમર્યાદિત રહે છે, અને રસની ઉત્પત્તિ પણ અવિઘ્ન થાય છે, અને ભગવાનની રસમયતા–રસાત્મકતા–પ્રત્યક્ષ કરી રહ્યા છે. એમા ઘ કારણ એ છે કે લોકોની પેઠે અહિં કામ જૂદો નથી, એ તો પહેલા વારંવાર પ્રતિપાદન કરેલુજ છે, માટે કામ ભિન્ન નથી, પણ ભગવાનજ કામ છે પ્રભુ પોતાનુજ સ્વરૂપ કામાત્મક કરીને અત્યંત સુંદર રસરૂપ પ્રકટ કરીને ભક્તોમા તે સ્વરૂપને

સ્થાપીને, તેમાં પોતાનો આનુરૂપ્ય સ્થાપે છે, તેના પ્રવેશથી ભક્તોમાં અલૌકિક સ્ત્રીભાવ પ્રાપ્ત થાય છે, તેનું તે પરમફલાત્મક સ્ત્રીભાવનું દાન પણ તે નમનપદ ગ્રહણ કરે છે. એ પ્રમાણે સ્ત્રીભાવનું દાન કરીને, ભક્તોને—શ્રીવ્રજસુંદરીઓને સ્વસ્વરૂપ કરીને તેની સાથે રમે છે. માટે રસની પણ ઉત્પત્તિ રસનિર્યાસિનીનો સુંદર પ્રવાહ અવિચ્છિન્ન ચાલુ રહે છે, અને ધર્મશાસ્ત્રની કોઈ પણ મર્યાદા ભગ્ન થતી નથી. પુત્રપૌત્રાદિક સંસારરૂપ ફલ નહિ પણ મોક્ષરૂપજ ફલ પરિણામમાં છે, એ બાબત વિલક્ષણતા સ્મૃતિમાં ગણવી.

આ કામલીલા નથી, પણ સ્વરૂપાનંદ દાનલીલા છે

આ લીલા કામલીલા કહેવાય છે, લોકના શબ્દોમાં કામલીલા કહેવાય છે, પરંતુ વસ્તુતઃ કામલીલા નથી. ભક્તોને પ્રભુ સ્વરૂપાનંદનું દાન કરે છે, માટે તેનું મુખ્ય નામ સ્વરૂપાનંદદાનલીલા છે એમ નિર્ધાર્યું. એજ કારણથી આ લીલાના શ્રવણથી વેદાન્તના શ્રવણની પેઠે સાધારણ લોક પણ સર્વ પ્રકારે નિષ્કામજ થાય છે.

नन्वेवमप्राकृततत्त्वमविदुषां काव्यादिश्रवण इवैतच्छ्रवणेऽपि कामोद्बोध एव स्यादित्याशङ्क्याहुः भगवच्चरितमिति—

यतः सर्वमेव भगवतः परमकाष्ठापन्नस्य चरितमतो निष्काममेवेति कथयन्ति । पञ्चोत्तरकामतायाः पूर्वं प्रतिपादितत्वात् नहि भगवान् परमकाष्ठापन्नः शरीरं गृह्णामि न वा कामं न वा तच्चेष्टाम् । यतो ज्ञानिनोऽपि तत्स्यजन्ति । तस्मात्तस्य भगवतश्चरितं चेतसा निष्काममेवेति मानवानामपि ज्ञानमभ्यर्हितत्वात्श्रवणे कामोद्बोधासंभावना

प्रत्युता प्राक्तत्वनिष्कामत्वादिज्ञानं च तत्स्वरूपे लीलायां च सेत्स्यतीत्यर्थः । अत एव शुकोऽपि प्रवृत्त परित्यज्य ज्ञाननिष्ठां प्राह च कामं 'हृद्रोग'मिति प्रकरणान्ते स्फुटमेव वाक्यमिति सर्वमनवद्यम् ॥४॥

ઉપસંહાર ૨

સંશય ઉઠે છે કે જે લોકો ઉપર પ્રમાણે આ લીલાની દિવ્યતા સમજી શકતા ન હોય તે લોકોને તો કાવ્યો-શૃંગારનાં કાવ્યો-સાભળ્યાથી જેમ કામનો ઉદ્‌બોધ થાય, લૌકિક કામ જાગે, તેમ આ લીલાના શ્રવણથી પણ તેજ પરિણામ આવે

श्रीकारिका—भगवच्चरितं सर्वं यतो निष्काममीर्यते ।
अतः कामस्य नोद्बोधः ततः शुकवचः स्फुटम् ॥४॥

આ સંશયનો પરિહાર અન્તિમ શ્લોકમાં મહાપ્રભુ કહે છે—

તાત્પર્ય—પરમકાષ્ઠાપન્ન ભગવાનનું સર્વ ચરિત નિષ્કામજ હોય છે. તે ચરિત અન્યનું હોય તો સકામ કહેવાય પરંતુ તે અખિલ બ્રહ્માંડના નિયંતાનું છે, માટે જ નિષ્કામ કહેવાય છે. ભગવાન્ તો આપ્તકામ છે, એમ લૌકિકકામ નથી, એમ પહેલાં પ્રતિપાદન કરવામાં આવ્યું છેજ, તો તેમના ચરિત્રમાં કામ ક્યાંથી આવવાનો ? ભગવાન્ તો પરમકાષ્ઠાપન્ન પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ છે, તે કાઇ પ્રાકૃત દેહ પણ ધરતા નથી કે નથી સ્વીકારતા કામને અને તેની ચેષ્ટાઓને. કેમકે જ્ઞાની પુરુષો પણ લૌકિક દેહને કામને અને કામની ચેષ્ટાઓને ત્યજે છે તો ભગવાન તેને સ્વીકારે એ તો

કેમ જ મનાય ? એથી ભગવાનનું ચરિત્ર તો કામના લેશ પણ સ્પર્શથી રહિત જ હોવું જોઇએ, એમ સાધારણ માણસો પણ જો વિચાર કરે તો તે સમજી શકે એમ છે, તો હવે આ ચરિત્રના શ્રવણથી કામનો ઉદ્બોધ થવાનો સંભવ જ ક્યાં છે ? પરંતુ તેના શ્રવણથી તો ભગવાનની દિવ્યતા અને નિષ્કામતાનું ભાન થાય છે. એટલા માટે જ શુકદેવજી જેવા જીવન્મુક્ત જ્ઞાની પુરુષ પણ જ્ઞાનમાં રહેલી પોતાની નિષ્ઠા ત્યજીને ભગવાનની આ રસાત્મક દિવ્ય લીલાનું વર્ણન કરવા તત્પર થયા, અને છેવટે એમજ ઉપદેશે છે કે—

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः

श्रद्धान्वितोऽनु शृणुयादथ वर्णयेद्यः ॥

भक्तिं परां भगवति प्रतिलभ्य कामं

हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥

फलप्रकरणे.

તાત્પર્ય—વ્રજવધુગણ સાથે ભગવાને કરેલી દિવ્ય ક્રીડારૂપ ચરિત્ર જે ભક્ત શ્રદ્ધાયુક્ત થઇને સારી પેરે વર્ણન કરાવું તેમ તે સાંભળે, અથવા તો તેને પોતેજ વર્ણવે તો ભક્તિ પ્રાપ્ત કરે. આમાં વર્ણાદિનો પણ નિયમ નથી બ્રાહ્મણ ક્ષત્રિય ગમે તે હો. તે ભગવાનમાં ભક્તિ, તે પણ ઉત્કૃષ્ટ ભક્તિ પ્રાપ્ત કરે છે. તે ભક્તિ હૃદયમાં સ્થિર થયા પછી હૃદયનો ભયંકર વ્યાધિ, કામરૂપનું દર્દ. એવો જે કામ તેને, તાત્કાળ દૂર કરે છે જે કામ પહેલાં હૃદયમાં પેસીને વાર·

વાર અગ્નિમાં નાખજો, ઉગ્ર સ્તુતિ દાક્ષિણ્ય કરો. તેને
તે ભક્તિ ત્યાંથી દૂર કરે છે. તે માત્ર આ ચરિત્રના શ્રવણથી જ
ત્યારપછી પહેલાની જેમના વડે મોટા દેવાએ જે કામ ઉત્પન્ન થયું
તે તેને દબાવવાને શક્તિમાન્ થાય છે. થોડી જ વારમાં તેને દબાવી
દે છે. માટે આ ચરિત્ર અભિપ્રાય સાથે સાંભળવું. તેનાં ઉદ્દ-
દેશ્યની સાથે સાંભળવું.

શ્રીહરિભદ્રસૂરિના ધૂર્તાખ્યાનના આ છેલ્લા વચનથી સ્પષ્ટ
થાય છે કે ભગવચ્ચરિત્ર સાંભળવાથી તેનો અભિપ્રાય જાણવાથી
કામનો વિકાર થવો તો દૂર રહ્યો પરંતુ હૃદયને કોરી ખાનાર એ જાતની
દીર્ઘ, મહાભયંકર રોગરૂપ, દૂર થઇ જાય છે, કોઇ પણ વખતે ત્યાં
સ્થાન મેળવી શકતો નથી.

આ પ્રમાણે પ્રકીર્ણ લેખની સમાપ્તિવેળાએ શ્રીહરિભદ્રસૂરિજી
આજ્ઞા કરે છે કે—

श्रीमदाचार्यदासेन हरिदासेन रचितः ।
ग्रंथः स्वात्मार्थनाशानां स एवैष प्रमोदतु ॥१॥



૪૭. *બહિર્મુખત્વનિરૂપણમ્ ॥

(અનુવાદક-વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી.)

धने गृहे यदासक्ता भक्ता सम्भवन्ति हि ।
लाभपूजार्थयत्नाश्च तदा स्यात् कुपितो हरिः ॥१॥

भक्तिमार्गं परित्यज्य शिक्षोक्तरहितोद्यमाः ।
आसुरावेशिनो नाशास्तदौदास्यं भवेद्धरेः ॥२॥

अहङ्कारेण कुर्वन्ति यथा महदतिक्रमम् ।
निजा अपि तदा कृष्णः कुप्यति स्वजनप्रियः ॥३॥

यदा महत्कुलोद्भूतास्त्यजन्ति कुल्यां गतिम् ।
तदा तु तत्कुलस्वामी क्रोधमेति न संशयः ॥४॥

अनिरूप्यता हि सर्वत्र न क्वापि सुप्रशस्यति ।
न वा निजाचार्यनिष्ठा न वा दैन्यं हरेः परम् ॥५॥

ભાવાર્થ

ધનમાં અને ઘરમાં જ્યારે ભક્તો આસક્ત થઈ જાય, લાભ અને પૂજાના માટેના પ્રયત્નો કરે ત્યારે શ્રીહરિ કોપે છે. સેવકોની

* [illegible] પ્રપંચથી વિનિયુક્ત થતા [illegible] અને [illegible] વગેરે [illegible] આ ગ્રંથમાં [illegible] છે

વાર અપ્સરાઓ નાચતો, ઉત્તમ વસ્તુનો ઉપભોગ ત્યાગ કરતો. તેને તે ભક્તિ ત્યાંથી દુર કરે છે, તે માત્ર આ ચરિત્રના શ્રવણથી જ ત્યારપછી પરેશની ભક્તિ વડે મોટા વેળાએ જે કામ ઉત્પન્ન થયો તો તેને હણવાને શક્તિમાન થાય છે. થોડી જ વારમાં તેને હણાવી દે છે. માટે આ ચરિત્ર અભિપ્રાય સાથે સાંભળવું. તેનાં ઉપા-ખ્યાનની સાથે સાંભળવું.'

શ્રીશુકદેવજીના રાસપંચાધ્યાયીનાં આ છેલ્લા વચનથી સ્પષ્ટ થાય છે કે ભગવચ્ચરિત્ર સાંભળવાથી તેનો અભિપ્રાય જાણવાથી કામનો ઉદ્બોધ થવો તો દુર રહો પરંતુ હૃદયને કોરી ખાનાર જો જુની હોય, મહાભયંકર રોગરૂપ, દુર થઈ જાય છે, કોઈ પણ વખતે ત્યાં સ્થાન મેળવી શકતો નથી.

આ પ્રમાણે ટીકાનું સમાપ્તિવેળાએ શ્રીહરિદાસજી આશા કરે છે કે—

श्रीमदाचार्यदासेन हरिदासेन रूपितः ।
सर्वः स्वाचार्यदासानां स एवैष प्रमोदतु ॥१॥



૪૭. *બહિર્મુખત્વનિરૂપણમ્ ॥

(અનુવાદક—વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી.)

धने गृहे यदासक्ता स्वजना सम्भवन्ति हि ।
लाभपूजार्थयत्नाश्च तदा स्यात् कुपितो हरिः ॥१॥

भक्तिमार्गं परित्यज्य शिश्नोदरकृतोद्यमा ।
आसुरावेशिनो नासास्ते...स्य भेदक ॥२॥

अहङ्कारेण कुर्वन्ति यथा महदतिक्रमम् ।
निजा अपि तदा कृष्ण कुप्यति स्वजनप्रिय ॥३॥

यदा महत्कुलोद्भूतास्त्यजन्ति कुलगां गतिम् ।
तदा तु तत्कुलस्वामी क्रोधमेति न संशय ॥४॥

अनिष्प्यता हि सर्वेन न कापि कुपशाम्यति ।
न वा निजाचार्यनिष्ठा न वा दैन्य हरे परम् ॥५॥

ભાવાર્થ

ધનમાં અને ઘરમાં જ્યારે સેવકો આસક્ત થઈ જાય, લાભ અને પૂજાવા માટેના પ્રયત્નો કરે ત્યારે શ્રીહરિ કોપે છે. સેવકોની

---

* પ્રભુસેવામાં પંચપંથી વિનિયુક્ત થતાં ગિરિનારાયણ અને સારંગ વગેરે બાહ્યલોકો આ અર્થ આત્મમનન કરવા યોગ્ય છે

ગુરુના, ભગવદીયોના મુખથી પ્રકટ થયેના વાક્યોને લેશ પણ અંશ યથુક્ત થયા વિના અનુસરવું, તે પ્રમાણેજ ગાવવામાં તત્તપર થવું એવો પરમ દાસધર્મ કયે ઠેકાણે અસ્તિત્વ ધરાવે છે ? પ્રભુથી પૃથક્ પદાર્થોમાં રહેલી આસક્તિનો સંપૂર્ણ ત્યાગ કરવો, પ્રભુમેસામાજ પ્રવણ થવું એવું વૈરાગ્ય કયા હૃદયને શોભાવે છે ? દાસનો ધર્મ છે કે, સ્વામીની ઇચ્છાથી જે કાંઇ મળે, તેમાં સંતોષ માની લેવો પરંતુ તેવો સંતોષ કયા દાસમાં દીઠો છે ? કાંઇ ન થયે નહિ જ્યારે કાંઇ નથી, છતાં પણ કહો જો કે પ્રભુ પ્રસન્ન થતા નથી, પ્રભુ રાજી રહેતા નથી, તો એ નંદાનંદન પ્રભુ કેમ પ્રસન્ન થાય ! એ પ્રસન્ન થાય તેવું શું છે ? કાંઇ નથી માગતા દ્રવ્ય કે નથી માગતા સાધનો માત્ર એટલુંજ ઇચ્છે છે કે તમે દાસત્વધર્મનું પ્રતિપાદન કરતા રહો એટલું પણ જ્યારે થતુ નથી ત્યારે શ્રીકૃષ્ણ કેમ પ્રસન્ન રહે ?



૪૮. बहिर्मुखत्वनिवृत्तिः ॥

(અનુવાદ:—વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

निजाचार्यपदाम्भोज ध्यापयता सतत हृदि ।
तत एव तदीयाना सकल सिद्धमेतिहि ॥१॥

ભાવાર્થ.

બહિર્મુખ કેવી રીતે થવાય છે, એનો ખ્યાલ આપીને હવે બહિર્મુખતાથી બચવાનો માર્ગ શ્રીહરિરાયચરણ બતાવે છે બહિર્મુખ

તાથી થયું હોય ગયદમન રહેજ પણ આ આત્મા દીવા જિનપ પ્રભુ પ્રસન્ન કરવા હોય તો આપણા આચાર્યચરણકમલને હૃદયમાં સ્થાપો આ રાગ ગમે તેના દોષોનું રહેન રીતે પ્રભુ ગ થ મ ભૂત ગાર-મથાસ બધા દેનાર આપ । કર શ્રીમદાપ્રભુ ॥ ચરણ મનને હૃદયમા પધરાવો અને તે સાથ જો થઇ ગયુ તો પછી બીજુ કંઇ કરવાનું રહેતુ નથી જે તરીય કે તને ના શ્રીમદાચાર્યચરણ ॥ ૯૮ મ શ્રયથી સર સિદ્ધ થાય મીઠા કામ ગવના તે ૨ ૫ તા થી મનિન દશા મળાઇ મહું

શ્રીમદાચાર્યનો ભમ મોગો અર ગ્રંથાશ્રય એના મ શ્રીમ પ્રભુજ ૯૮ વિશ્વાસ રાખવો તે તદીયનો નમ્ર મ ર ૧

मङ्क सतामव मग त्रिधेयो नासता क्वचित् ।
मन्नहतो द्वौ बुद्धि मासङ्गाड यहात्मिपु ॥२॥

ગગ કરવો ના મ રાના ર કરવો મગ લ અનપુરતો ર થય એવી ાથ ॥ ની નકે મ તુરો ક્ષગગાને હરનાર છે અસ પુરુષા ॥ સમાગમ કદાપિ ન કરવો મ પુરુષના મ ગથી નમુમા બુદ્ધિ થય કે દુષ્ટ પુરુષા ॥ ન થી ગૃ ાદિમ આસક્ત થય કે વસ્તુન તો શ્રીમદાચાર્યચરણ ભા નતિ રાખવી એજ મુખ્ય કર્તવ્ય છે છતા ત કાનબળથી ન્યૂન થય તો શ્રીમદાચાર્ય ચરણની આજ્ઞા પ્રમાણે તાદશ ભગવદીયા મથે મ ર કરવો તેવા તાદશ ભગ વદીનાના મગથી એ ભગવદીરના પ મ પ્રે કરુમા પ્રમ થય છે બીજાયના દોષ ત ર બીજાયછે રગ દન હૃદયનોજ ગ મય ગરત હૃદયને ૨ ૭ ન ભમ્રેમ નુવ િત ાજ મગથી ર િ ત્રિપ નુ ધિો પાન ર ા ખત કુરુ ર ાનુગાવેલી ા મ

કરવાથી તેવીજ બુદ્ધિ થય છે. તેઓ માત્ર શિશ્નોદર પરાયણ હોવાથી તેમનો સમાગમ તે જેવો સ્વરૂપ (?) નિવડે ? એજ કે આપણે પણ તેવાજ પ્રપંચાસક્ત બની જઈએ. ૨.

असन्तस्तु विजातीया मतिमन्तो निजा अपि ।

) सन्तो हरौ रतियुता उदासीनास्तदाश्रिताः ॥३॥

અસત્ પુરુષો વિજાતીય છે. તેનો આશ્રય ભજનારા સત્પુરુષોને પણ ડોલાવી દે છે. તો સાધારણોનો હિસાબ શો ? સત્પુરુષો નિજ-પ્રભુના છે, બુદ્ધિમાન છે, તેમના મનમાં પ્રીતિ ભગવનામાં છે, તેપણ તેઓ જો વિજાતીય-જુદી જાતના અસત્ પુરુષોના સમાગમમાં આવી જાય તો અવશ્ય તેઓ પ્રભુપ્રેમથી, પ્રભુસેવાથી ઉદાસીન બની જાય. સિંહના બચ્ચામાંથી વિખુટું પડેલું સિંહનું બચ્ચું શિયાળવાના ટોળામાં ભળીને જેમ પોતાનું સ્વરૂપ ભુલી જાય છે, તેમ સાગ સમાગમનો પાસ જલદી એમનો નહી પરંતુ ખરાબ દુઃસંગની અસર તો મોટા મોટાઓને પણ જલદીથી થઇ જાય છે, માટે તેથી સાવધાન રહેવું ૩.

स्वमार्गीय परो धर्मो हरिसेवा निरन्तरम् ।

फलरूपतया ज्ञात्वा विधेया मन आदिभिः ॥४॥

સ્વમાર્ગનો-શ્રીમહાપ્રભુએ દૈવસૃષ્ટિ ઉપર પરમ અનુગ્રહ કરીને પ્રકટ કરેલા માર્ગનો મુખ્ય ધર્મ પ્રભુસેવાજ છે. તે પણ નિરંતર કર્યા કરવી. શાસ્ત્રમાં તનુજા અને વિત્તજા સેવા, દ્રવ્યથી અને દેહથી નિરંતર કરવી એ સેવાજ પરમ ફળરૂપ છે, એમ જાણવું. દૃઢ નિશ્ચય રાખવો કે, આ સેવા સિવાય બીજું કાંઇ ઉત્તમ ફળ છેજ

નહિ મોક્ષાદિક પણ તુચ્છ છે, એ સેવા કરતી સ્થિતિમાં જે પરમ-
આનંદ પ્રાપ્ત થાય છે, તેવો અન્યત્ર નથી, માટે તેજ સ્થિતિમાં રહેવું એજ પરમ ફલરૂપ છે તે સેવા મન વગેરેથી કરવી, માનસિક સેવા કરવી મન વગેરે સર્વ ઇન્દ્રિયગણ અને દેહ વગેરે પરિકર સેવોપયોગી બનાવવા પ્રભુની સેવા કરવી તેનો બીજે કોઇપણે વિનિ-યોગ ન થાય તેની ખાસ સંભાળ રાખવી તનુજા વિત્તજા સેવા કરતા કરતા માનસી સેવા જે પરમ ફલરૂપ છે, તે સિદ્ધ થાય છે ત્યાં સુધી તનુ સેવા વેળાએ સેવોપયોગી પદાર્થોનો સાક્ષાત્ અનુભવ નથી થતો માનસી સેવા સિદ્ધ થતાં દૃષ્ટિજ બદલાઇ જાય છે. પ્રભુને પધરાવવાના સિંહાસનમાં કે ગાદીમાં લૌકિક પદાર્થો દૃષ્ટિગો-ચર થતા નથી, પરંતુ તે ઠેકાણે સાક્ષાત્ શ્રીગોવર્ધનના ઉત્સંગના દર્શન થાય છે એવી રીતે સર્વત્ર સમજવું અને આવા અલૌકિક અનુભવથી અધિક ફલ શું હોઇ શકે ? ૪

सदानुसरणं कार्यं निवेदनक्रमेणापि ।
भक्तैः सह तथा कृष्णं क्षणान्न हृदयं त्यजेत् ॥९॥

શ્રીમદાચાર્યજી આજ્ઞા કરે છે કે ભગવદીયોની સાથે સદા સર્વ નિવેદનનું અનુસંધાન કરવું, એ આજ્ઞા આપે નવરત્ન ગ્રંથમાં કરી છે એવા કોઇ નિરક્ષ ભગવદીયોનો સુભાગ્યે કરીને સમાગમ થઇ જાય તો તેમની સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું પોતાનું કહેવાતું સર્વસ્વ તુલસીદલ લઇને, શ્રીમદ્ગિરિધરપ્રભુજી કૃપાબલથી પ્રભુને અર્પણ કરેલું છે, અને તેનો વિનિયોગ પ્રભુમાંજ થવો જોઇએ તેમજ સ્વામી સેવકનો સંબંધ ભાવનો સાચો નભે તેમ વર્તવું જોઇએ

વગેરે અનુસંધાન નિવેદિતાત્મા ભગવદીયોના સમાગમથીજ રહે છે, માટે તેવાઓ સાથે નિરંતર નિવેદનનું સ્મરણ કરવું તેમ કરવાથી તેજ ક્ષણે, તેજ પળે સાક્ષાત્ શ્રીકૃષ્ણ હૃદયમા બિરાજે છે. ૫.

श्रीभागवतभावार्थ श्रवणं कीर्तनं तथा ।
स्मरणं वा सदा कार्यं बहिर्मुख्यनिवृत्तये ॥६॥

વળી બહિર્મુખતા ટાળવા માટે એવાજ ભગવત્સેવાપરાયણ ભગવદીયોનાજ મુખારવિંદથી શ્રીમદ્ભાગવતનો ભાવાર્થ શ્રવણ કરવો. સ્વલીલાવિશિષ્ટ પ્રભુની નિત્ય નૂતન લીલારસનો અનુભવ તેવા ભગવદીયોના હૃદયમા પ્રકટ થયેલી વાણીથીજ થાય છે. ભગવલ્લીલાનો સાક્ષાત્કાર કરીને ગાયેલા અષ્ટછાપાદિ મહાનુભાવીઓના રસમય પદોનું કીર્તન કરવું. અને શ્રવણ કરેલી શ્રીમદ્ભાગવતોક્ત ભગવલ્લીલા અને કીર્તન કરેલી પરમ ભગવદીયોની વાણીનું અહર્નિશ સ્મરણ કરવું. બહિર્મુખતાની નિવૃત્તિ એથીજ થાય છે. આ સિવાય બહિર્મુખતાથી બચવાનો બીજો ઉપાય એકે નથી. ૬.



४९. ॥ भगवत्प्रकृतिवर्णनम् ॥

श्रीयशोदोत्सङ्गलालितः कुमारवयाः श्रीकृष्ण एतादृशो रसरूप इति ज्ञात्वा सेवा कर्तव्या । सेवा तु स्वामिनो यत्समये यदपेक्षन्ते

तदेव समर्पणायम् । यथच्छा तथा त्रियत तदा सिद्धिभवत् । एतज्ज्ञान जीवाना भ्रतो दुर्लभतर तथापि श्रीमदाचार्यप्रकटितसेवारीतिमवलोक्य मनसि भगवत्प्रीतिर्भावनीया । तत्र प्रथम प्रभुर्दयापूर्ण । सर्वथा भक्त दु खं ज्ञायते । अन्यत्न्निक्त्गम्य । लोकातिरिक्त किमपि न ज्ञायते । स्वजनमात्रेषु परिचित । अन्यत्किमपि न ज्ञायते । क्षणेपि सन्तोष प्राप्नोति । क्रोव स्थिरीभूतो न भवति । सम्बन्धिवाक्य परिपालयति । परमोदारोस्ति । किमपि दातु न विचारयति । तस्य सर्वत्रात्तमत्त्वम् । स्वजनपक्षपातपूर्ण । लीलासुनिमग्न । शोकग्रस्तहृदयता दूरीगच्छति । "शोकग्रस्त जन दृष्ट्वा कृष्णो गच्छति सत्वर" मितिवचनात् । भजनेषु सत्त निरुद्ध । यथा बाल कदापि परिचितो न भवति तद्विना भक्षण न क्रियते रुदन कुरुते तथा भक्तिमार्गीये स्वजने परिचितोस्ति । अन्यत्किमपि न ज्ञायते । अङ्गीकृतजीवाना धर्मार्थकामाना विघात कृत्वा स्वस्वरूपदान दत्वा स्वस्मिन् प्रीतिमुत्पादयति । यथा बालक स्नेह दत्वा उत्सङ्गे समायाति हास्य करोति क्रीडति एव कृष्णोपि विज्ञेय ॥

ઉપક્રમ — શ્રીપ્રભુ [illegible] શ્રીકૃષ્ણ એનાદર સ્વરૂપ છે એમ જાણીને સેવા કરી સ્વામી જે સમય જેવી અપેક્ષા કરે તેમ સમર્પણ એ સેવા જે પ્રકાર શ્રીકૃષ્ણની ઇચ્છા તેજ પ્રકારે વર્તાય તોજ સિદ્ધિ થય આ જ્ઞાન જીવો સ્વત થવુ અતીવ અશક્ય છે, તથાપિ શ્રીમદાચાર્યપ્રકટિત સેવારીતિનુ અવલોકન કરીને મનમા ભગવત્પ્રીતિની ભાવના કરવી

વિષયઃ—પ્રભુ દયાપૂર્ણ છે. સર્વના બાન્ધવ, અને જાણે છે આત્માનન્દનિકરગમ્ય છે. લીલાતિરિક્ત કાંઇ પણ જાણતા નથી, વ્રજજનમાત્રમાજ પરિચિત છે અન્ય કાંઇ પણ જાણતા નથી. ક્ષણમાત્રમાજ સન્તુષ્ટ થાય છે. ક્રોધ સ્થિર થતો જ નથી. સમ્બન્ધીના બાલ્યનું પરિપાલન કરે છે. પરમ ઉદાર છે, કાંઇ પણ દાન કરવામાં વિચાર કરતા નથી સર્વત્ર તેમના ઉત્તમત્વ સ્વજન પ્રતિ પક્ષપાતપૂર્ણ છે. લીલામાં નિમગ્ન છે. શોકમગ્ન હૃદયથી દૂર રહે છે, કારણ 'શોકરત જનનો જેહના બાહુ દૂર જાય છે' ઇત્યાદિ વચન છે વ્રજજનમાં સદા નિરત છે. જેમ બાલક જેનાથી પરિચિત હોય એના વિના ભક્ષણ કરતો નથી રુદન કરે છે તેમ શ્રીકૃષ્ણ ભક્તિમાર્ગીય સ્વજનોથીજ પરિચિત છે, અન્ય કાંઇ જાણતા નથી અઙ્ગીકૃત જીવોના ધર્મ અર્થ અને કામ દૂર કરી સ્વસ્વરૂપદાન કરીને સ્વમનમાં પ્રીતિ ઉત્પન્ન કરે છે.

ઉપસંહાર—જેમ બાલક મોહ જોઇને ઉત્સંગમાં આવે છે, હાસ્ય કરે છે, ક્રીડા કરે છે, આ પ્રકારે કૃષ્ણપ્રકૃતિ જાણવી.



५०. कथाश्रवणबाधकनिर्णयः ॥

जीवे हि त्रिविधा शक्तिर्विद्याभ्यासतु वर्तते ।
कार्यत्रयाय सततं निद्राभिन्नेन्द्रनालना ॥१॥

અવિદ્યાના ત્રણ કાર્ય સિદ્ધ કરવાને માટે નિદ્રા, ચિન્તા અને ઈન્દ્રજાલતા એવી ત્રણ પ્રકારની અવિદ્યાની શક્તિયો જીવ વિષે હમેશા રહેલી છે. ૧.

सकलेन्द्रियवृत्तीनां निद्रा चेतसि यो लयः ।
तत्र चित्तेन सृज्यन्ते पदार्थाः स्वाप्निकाः परे ॥२॥

ચિત્તમા ઇન્દ્રિયોની બધી વૃત્તિઓનો લય થઇ જવો, તેનું નામ નિદ્રા, આ નિદ્રામા બીજા સ્વપ્ન સમ્બન્ધી પદાર્થો ચિત્તવડે ઉત્પન્ન થાય છે ૨.

बाह्यवृत्तिनिरोधात्मा स एव स्वाप उच्यते ।
मनसाऽपि लयं प्राप्ते सुषुप्तिरिति चोच्यते ॥३॥

આમ બહારની વત્તિયોનું જેમા રોકાણ થઈ ગયુ છે, તેની સ્થિતિને સ્વાપ કહેવામા આવે છે. પ્રાપ્ત એવા પુરુષમાં મનનું પણ વિલી (થઇ જવૂ, તેને સુષુપ્તિ કહેવામા આવે છે. ૩.

आनन्दानुभवस्तत्र प्रत्यग्विज्ञानबोधितः ॥३॥

આ સુષુપ્તિમા જ્ઞાનદશાને લીધે જાગ્રત થયેલો આનન્દનો અનુભવ રહેલો છે ૩

अज्ञानहेतुर्निद्रा स्याच्चिन्तान्यज्ञानकारणम् ॥४॥

નિદ્રા એ અજ્ઞાનના કારણરૂપે રહેલી છે, જ્યારે જુદા પ્રકારનું જ્ઞાન થવાને કારણે ચિન્તા રહેલી છે. ૪.

अन्यथाज्ञानहेतुस्तु प्रोक्ता तवैन्द्रजालता ॥४॥

જેનાથી ઊલટાજ પ્રકારનું-અવળું જ્ઞાન થાય, તેનું નામ તે
ઉન્ડ લિતા છે, (જેવી કે છીપમાં રૂપાની ભ્રાન્તિ) ૪ ૩/૪

अज्ञानमन्यविज्ञानमन्यथाज्ञानमेव च ॥५॥

कार्यत्रयमविद्याया जीव एवेति निश्चय ॥५ ३/४॥

અજ્ઞાન, બીજાનું જ જ્ઞાન અને ઊલટા પ્રકારનું જ્ઞાન, આ ત્રણ
જીવને વિષે અવિદ્યાના કાર્ય છે, એમ નિશ્ચય જાણવો. ૫ ૩/૪

तत्र कृष्णकथालीलागुणरूपविबोधकृत् ॥६॥

अज्ञानहेतुतो निद्रा शक्ति स्यादविरोधिनी ॥६ ३/४॥

નિદ્રા એ માત્ર જ્ઞાનનો અભાવ, એટલું જ કરતી હોવાથી જો
તેથી શ્રીકૃષ્ણચન્દ્રજીની કથા લીલા, ગુણ અને રૂપનો વિશેષ બોધ
(નિદ્રાની ગેરહાજરીમાં) રહેતો હોય તો તેની નિદ્રા કાંઇ બાધક ન
ગણી શકાય ૬ ૩/૪

यथा प्रत्यर्थिसम्प्राप्तौ बाधायोत्तिष्ठते रिपु ॥७॥

तथा निद्रा कथायास्तु बाधायोत्तिष्ठते क्षणात् ।

अतः कृष्णकथाश्रोता निद्रान्ते जायते नर ॥८॥

જે પ્રમાણે શત્રુ માર્ગમાં પ્રાપ્ત થતાં તેનો શત્રુ તેને અડચણ
કરવાને ખડો થાય છે, તે પ્રમાણે નિદ્રા ક્ષણ માત્ર માટે કથામાં
બાધ કરવા ખડી થાય છે નિદ્રા પૂરી થઇ જતાં મનુષ્ય પ્રભુના
કથાનું શ્રવણ કરનારો થાય છે ૭-૮

यथा निद्रानिवृत्तिस्तु लौक कर्त्रेशेन चिन्तया ।
तथा संसारसन्तप्तश्रवणे कृष्णचिन्तया ॥९॥
अत परीक्षिच्छुकयोर्न साभूद् बाधिका क्वचित् ॥९½॥

લૌકિક કાર્યોની સ્થિતિમા માણસને કાઇ ક્લેશ થયા હોય કે કાઇ ચિન્તા થઇ હોય તો તેથી નિદ્રા ઊડી જાય છે, તેજ પ્રમાણે સંસારથી સન્તપ્ત થયેલા જીવને શ્રવણને સમયે પ્રભુવિષયક વિચાર આવતા નિદ્રા ઊડી જાય છે આથીજ ભાગવતજીના ઉપદેશ અને શ્રવણ વખતે અનુક્રમે શ્રીશુકદેવજી અને રાજા પરીક્ષિતને (સાત દિવસ પર્યન્ત) નિદ્રા ક્યાય પણ અડચણ કરનારી થઇ નહીં ૯½

इदानीन्तनलोकाना न ससारोऽस्ति दु खकृत् ॥१०॥
कृष्णचिन्तापि नैवास्ति ततो निद्रा हि बाधते ॥१०½॥

અત્યારના મનુષ્યોને સંસાર પણ કંઈ દુખ કરનારો નથી, કે તેઓને પ્રભુ વિષયક કાઇ વિચાર પણ હોતો નથી. એથી કરીનેજ નિદ્રા અડચણરૂપ થઈને પડી છે ૧૦½

तया विमोहिता कृष्णकथामाकर्णयन्ति हि ॥११॥
अत एव न विज्ञान जायते सर्वतो हरे ॥
तत ससारसंसक्ता भ्रमन्त्याभूतसम्प्लवम् ॥१२॥

એ નિદ્રાથી મુગ્ધ થયેલા મનુષ્યો પ્રભુની કથાનું શ્રવણ કરી રહેલા છે, તેથી કરીને તેઓને પ્રભુવિષયક સર્વદેશી વિશેષ જ્ઞાન

૫૧ સત્સંગનિર્ણય.॥

(અનુવાદક—વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

કૃપાપીયૂષપાનાર્થ શ્રીહરિરાયપ્રભુએ અંગીકૃત જીવો ઉપર દયા વિચારીને સાંપ્રદાયિક નિગૂઢ મર્મોને સ્પષ્ટ અને અન્ય આશયમાં નિરૂપણ કરનાર અનેક ગ્રન્થો પ્રકટ કર્યા છે, એ અનુભવીઓને વિદિત જ છે. આચાર્ય સુવીગ્ર તેઓશ્રીના લગભગ ગતાળે નાના મોટા ગ્રન્થો પ્રકટ થઈ ગયા છે, પરન્તુ અપ્રસિદ્ધ ગ્રન્થો તરફ જ્યારે દૃષ્ટિ કરવામાં આવે છે ત્યારે જણાયા વિના નથી રહેતું કે અપ્રસિદ્ધમાં આવેલ સાહિત્ય ॥ માત્ર એકચતુર્થ ભાગજ છે. તેઓશ્રીના ગ્રન્થોનો પરિચય કરાવવો અને તેનો પ્રચાર કરવો એ કાર્ય અમારા સામર્થ્યની સીમાથી દૂર છે એમ તે વિષે મૌનજ ઉચિત માનીને તેઓના વચનામૃતનું પાન ભગવદીયો કરો એટલી વિનતિ કરું છું

यथा जलं तु भूम्न सर्वत्रैव च तिष्ठति ।
अत एव प्रयत्नेन लभ्यते खननादिना ॥१॥
प्रयत्ने तारतम्यं च दृश्यते भूमिभेदतः ।
क्वचिच्छीघ्रं प्रकटति क्वचित् कालेन भूरिणा ॥२॥
यत्नेन कूपवाप्यादितडागादिषु लभ्यते ।
क्वचित्तु यत्नविरहेऽप्यस्ति नद्यादिषु स्वतः ॥३॥
उभयत्रापि यस्त्यक्ता सर्वं तत्रैव तिष्ठति ।
तस्य तत्सुलभं तत्र कूपे कश्चित् श्रमोऽपि हि ॥४॥

વગેરેમાથી જળ મની શકે છે । ઇ ઠેકાણે તો મહેનત વિનાજ સ્વત જલ મની શકે છે, જેમ કે નદી વગેરેમા, કૂપ અને વાવ વગેરેમા પ્રયત્ન—વધારે મહેનત છે તળાવ વગેરેમા યત્ન— થોડો શ્રમ છે, તે બન્ને છોડીને જે નિરંતર નદી વગેરેની સમીપમાજ રહે તેને વિના શ્રમે જળ મલે અને ઘણુંજ સુલભ થઇ પડે કુવામાથી જળ પ્રાપ્ત કરવામા કાંઇક શ્રમ પણ છે, પરંતુ નદી વગેરમાથી તો પરિશ્રમ વિનાજ સ્વત જલપાન થઇ શકે છે જે પુરો ગૃહ વિગેરેના ત્યાગ કરીને શ્રમ વિના જલ પ્રાપ્ત કરી શકે તેવા દશામા નથી રહેતા તેઓના ઉપયાગમા ઘડાદિકમા ભરેલુ જળ આવે છે, તે પણ શ્રમ વિનાજ, જો કે તે જલ નદી વગેરેમાંથી લાવવામા આવ્યું છે પરંતુ તે યોગ્ય—શુદ્ધ પાત્રમા હોય તોજ ત ખપમા આવે છે એથી મનુષ્ય જનનો ઉપયોગ સિદ્ધ થય છે ૧-૬ ।

तथा ब्रह्म व्यापकत्वात्सर्वत्रैव हि तिष्ठति ॥७॥

ज्ञानिना तत् प्रयत्नेन प्रकटीभवति स्वत ।

सुदेशे च तथा काले सत्याद्यावशयत्नत ॥८॥

अन्यथा नूयसा काले श्रमेणाविर्भवेत् पुन ॥८३॥

ભાવાર્થ—તેવીજ રીતે બ્રહ્મ પણ વ્યાપક હોવાથી સર્વ ઠેકાણે રહે છે જેમ જલ સર્વ સ્થળે છે, તેમ બ્રહ્મ પણ સર્વત્ર વ્યાપક છે ઘણો પ્રયાસ કરવાથી જેમ જળ પ્રગટ થાય છે, તેમ ઘણો યત્ન કર્યા પછી જ્ઞાનીઓ સમક્ષ તે બ્રહ્મ સ્વત પ્રકટ થાય છે, કઠિન અને ચોથી પૃથ્વીના પ્રમાણમા વધતો ઓછો પરિશ્રમ જળને માટે કરવો પડે છે, તેમજ બ્રહ્મને માટે પણ સારા દેશ અને સત્યયુગ

વગેરે સારો સમય હોય તો થોડો પ્રયાસ વેઠવો પડે છે, અને દેશ-કાળ સારા ન હોય તો ઘણો કાળ વીતે છે અને શ્રમ પણ ઘણોજ વધે છે, ત્યાર પછીજ તે જલ પ્રકટ થતુ જણાય છે ૭-૮-૯

भक्ताना स्वेच्छया कृष्णो यशोदादिषु हृद्गत ॥९॥

ततो भावेनानन्दन न प्रयत्नोऽस्ति कश्चन ।

तत्रापि ये त्यक्तगृहास्तेषा तिष्ठति सन्निधौ ॥१०॥

ભાવાર્થ — કૂપ વગેરેના જલની પેરે જ્ઞાનીઓને પ્રભુ અત્યંત પ્રયત્નથી મળે છે, એમ સિદ્ધ થયું. હવે ભક્તોને માટે નદી જલવત્ સ્વેચ્છાથીજ શ્રી યશોદાદિ વગેરે વ્રજજનોઓમા પ્રકટ થાય છે, એમ નિરૂપણ કરે છે. જેમ નદીનું જલ સ્વતઃ છે, તેમ ભક્તોના ઉદ્ધાર માટે પ્રભુ પોતાનીજ ઇચ્છાથી શ્રી યશોદાદિ વગેરેમા બાલરૂપે પ્રાદુર્ભાવ પામે છે. તે પ્રકટ થયેલા પ્રભુને હૃદયમા અથવા બહાર પધરાવવામા પણ ભાવથીજ, તેમા કાંઇ પ્રયત્નની જરૂર નથી. જેમ નદીનુ જલ લેવામા કૂવા વગેરે બીજા જલાશયો જેટલો પરિશ્રમ નથી, તેમજ નિજાનંદદાનાર્થે પ્રકટ થયેલા પ્રભુને ભાવથીજ હૃદયમા અથવા બહાર પધરાવવા થોડો પણ પરિશ્રમ લાગતો નથી. તેમા પણ જે લોકો ગૃહનો ત્યાગ કરીને નદીની સમીપમા વસે છે, તેઓને જેમ જલ સુપ્રાપ્ય છે, તેમ જેઓ ગૃહાદિકનો ત્યાગ કરીને આ બાબત [illegible] રહેતા છે, તેઓ તો એ ભાવ રસમા પ્રભુ સન્નિધાનમાજ રહે છે ૯-૧૦

ज्ञानिना स्यात्प्रयत्नेन ह्यनायासो भक्तिहि ।

अतो ध्यानादिना कश्चिन् धर्मस्तत्र न विद्यते ॥११॥

भक्ताना भावरूपेण बहिरन्तश्च हृदि तिष्ठति ।
अतो न तेषां ध्यानादिश्रम कश्चिदपेक्षित ॥११॥

ભાવાર્થ—ભક્ત મર્યાદા પાપક છે એમ માનીને જ્ઞાની લોકો ભાવે સાધના કરીને તો પ્રભુ કરે છે, પરંતુ ભાવરૂપ ભાવનાથી પ્રભુ તેના હૃદયમાં પધારે છે, પણ બહાર પધારતા નથી હૃદયમાં તો સાક્ષીરૂપે બિરાજતા રહે છે તેથી જ્ઞાની તે તેને જ શ્રમ કરવો પડતો નથી અર્થાત્ ધ્યાનધારણાદિથી બહુ શ્રમ જ તેઓને નથી, અને તે ભક્તિ થકી ગયેલા છે ભક્તોના પ્રભુ તે ભાવરૂપ હોવાથી ભાવ વડે અંતરમાં અને બહાર રહે છે, એટલે ભક્તોને પણ ધ્યાન ધારણા શ્રમ કરવો પડતો નથી ૧૧

अव्यक्तभावना ये तु ज्ञानिनस्ते तु दूरगा ।
तेषां चेत् कश्चिदागत्य पाययेत् प्राप्यते तदा ॥१२॥
अनस्तेषामन्यजीवाधीनता सर्वदैव हि ।

ભાવાર્થો—વ્યાપક અને હૃદયમાં રહેલા પ્રભુને ઓળખનાર અવ્યક્તની ભાવના જે જ્ઞાનીઓ કરે છે, તે દૂર જનારા છે, અર્થાત્ સમીપમાં રહેલા સુપ્રાપ્ય નંદાજનને મૂકીને દૂર રહેનારા છે તેઓને કોઈ જલ લઈ જઈને પાય તો જ તેઓ જલ પ્રાપ્ત કરી શકે, નહિ તો નહિ અव्यक्ता ह्यव्यक्तमासक्त, अव्यक्ता हि गतिर्दुःख इत्यादि ભગવદ્વાક્યાનુસાર અવ્યક્તની ભાવનાવાળાઓને દુઃખે જ પ્રાપ્ત થાય છે, કોઈ તેઓને જ્ઞાન આપનાર મળે તો જ તેઓ ઠેકાણે આવે એ કારણથી તેઓ નિરંતર બીજા જીવોને આધીન બનીને રહેલા હોય છે ૧૩

गृहस्थितास्तु ये भक्तास्तेषां सान्निध्यदूषणात् ॥१४॥
अतो हरियेषु तिष्ठेद्योग्येषु स्वजनेषु हि ।
तत्सान्निध्ये सदा कृष्णः स्वोपभोगाय जायते ॥१५॥
कृष्णाशयैव दुःखित्वं तृषयेव तृषावताम् ।
अन्वयान्त सदा येषु पूर्णं कृष्णो विराजते ॥१६॥
गुणैः सेवांघ्रिभिस्तेषां सतां सततसन्निधौ ।
स्वोपभोगाय कृष्णः स्यात्तदास्यविवरोद्गतः ॥१७॥

ભાવાર્થઃ—ગૃહ ત્યાગ કરીને નદીના સમીપમાં સ્થિતિ કરવાથી જેમ જલ સુલભ છે, તેમ ગૃહાદિનો ત્યાગ કરનારના સમીપમાંજ પ્રભુ બિરાજે છે, એમ નિરૂપણ કર્યું હવે જેઓ ગૃહમાંજ રહે છે તેઓને ઉપદેશે છે. ગૃહમાં રહેનાર ભક્તોને સન્નિધિમાં-સમીપમાં રહેનારાઓના દોષ જલદી લાગે છે; તેથી તેઓએ જેમાં પ્રભુ રહેતા હોય, જેમના નેત્રમાં ગિરિવરધરણ ઝળકતા હોય તેવા યોગ્ય સ્વજનોમાં રહેવું. એવા ભગવદીય સ્વજનોમાં રહેવાથી ભગવદીયોના પ્રભુનો ઉપભોગ, અર્થાત્ પ્રભુના સ્વરૂપામૃતનું પાન એ ભગવદીયોના સાન્નિધ્યમાં રહેવાથી નિરંતર કરી શકાય છે. જેમ શુદ્ધ પદાદિક પાત્રોમાં ભરી રાખેલું જલ પોતાના ઉપયોગમાં આવે છે, તેમ ભગવદીયોમાં બિરાજતા પ્રભુનો સ્વરૂપાનંદ તેમના સમીપમાં રહેવાથી પ્રાપ્ત થાય છે. ગૃહમાં એવી રીતે નિવાસ કરતાં દુઃખ પ્રાપ્ત થાય તે પણ પ્રભુની આશાથીજ, જેમ તૃષાવાળાઓને તૃષાથી દુઃખ થાય છે; તેમ પ્રભુની લગન જેને લાગી છે, તેને દુઃખ પ્રાપ્ત થાય છે, તે

પ્રભુ ક્યારે મળે એવી આશાથી થાય છે, આ સમય ક્યારે પ્રાપ્ત થાય છે કે જ્યારે ગૃહમા ઉપર જણાવેના ભગવદીય સ્વજનો ન મળે ત્યારે, જેમકે ગૃહમા જલ ન હોય અને તૃષા તો લાગી હોય અને પછી જેમ દુઃખ પ્રાપ્ત થાય છે, તેમ ભગવત્સ્વરૂપાનંદનુ પાન કરવાને ઉર તલગી રહ્યો હોય અને પ્રભુના સ્વરૂપામૃતનુ પાન કરાવી શકે એવા યોગ્ય સ્વજન ન મળે ત્યારે ગૃહમા સ્થિતિ કરતા આવી રીતે દુઃખ પ્રાપ્ત થાય છે, માટે બીજો માર્ગ પ્રભુ ઉપદેશે છે, આવુ દુઃખ અનુભવી શકતા ન હોય તેઓએ ભગવદીયોની સેવા કરવી ભગવદીયો કેવા હોવા જોઇયે ? ભગવદીયો એવા હોવા જોઇએ કે જેઓમા પૂર્ણ પુરુષોત્તમ સદાનંદ પ્રભુ બિરાજતા હોય, તેવા ભગવદીયોના સમીપમા નિરંતર રહેવાથી અને સેવા વગેરે ગુણોથી તે ભગવદીયોના મુખારવિંદમા પ્રકટ થતા પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ કરી શકાય તેવા ભગવદીયોના મુખમાથી પર્વતની ગુફાઓમાથી જેમ શીતલ જલ નિરંતર ઝર્યા કરે છે, અને તૃષાતુરોની તૃષાને, તાપથી તપેલાઓના તાપને બુઝાવે છે, તેમજ ભગવત્સ્વરૂપામૃતનો અખંડ ઝરો તે ભગવદીયોના મુખમાથી નિઃસરે છે અને પ્રભુને મળવા ઇચ્છનારાઓના મનોરથો પૂર્ણ કરે છે

तस्माद्भक्तियुतैर्भक्तिसाधकैस्तु गृहस्थिते ।
तादृक्जनसङ्गसमवर्ती सदा स्थेयं ततो हरि ॥१८॥
मवन्त्येवानुभूतस्तु नान्यथा सर्वथा भवेत् ।

ભાવાર્થ —ઉપર કહેલા કારણોથી ભક્તિથી યુક્ત અને ભક્તિના સાધકોએ ગૃહમા રહીને તેવા ભગવદીયોનાજ સંગમા સદા રહેવુ એવા માર્ગમા પ્રવેશ કરેલા ભગવદીયોએ અને સેવા સિદ્ધ કરવાને

ઇચ્છા રાખનારાઓએ ઉપર જણાવેલા મહાનુભાવી ભગવદીયોનોજ સત્સંગ કરવો; નિરંતર તેમની પરિચર્યા કરતા કરતાં તેમનીજ પાસે રહેવું. એમ કરવાથી પ્રભુનો અનુભવ થાય છે, અન્યથા કોઈ પણ ઉપાય કરવાથી ભગવદનુભવ તો નજ થાય.

भक्तिमार्गपरित्यागं भावेन विरहात्मकम् ॥१९॥
कृत्वा येऽवस्थितास्तेषां जीवदेहेन्द्रियादिषु ।
प्रविष्टो भगवानेव भावेन विरहात्मकः ॥२०॥
कोशवत्तच्छरीरादि प्रतिमेव हरिः स्वयम् ।
अतस्ते भगवद्रूपास्तेषां सङ्गो ह्यपेक्षितः ॥२१॥

ભાવાર્થ:— દૂર જનારા જ્ઞાનીઓને એ દોષ પ્રાપ્ત થતો હતો કે તેઓને કોઈ આવીને જલ પીવરાવી જાય અર્થાત કોઈ આવીને તેને સત્ય જ્ઞાન આપે તોજ તેઓનું કલ્યાણ થાય, માટે તેઓ બીજા જીવોને આધીન બને છે. આજ દોષ ભક્તિમાર્ગમાં પ્રાપ્ત થાય છે, કેમકે તેમાં પણ સત્પુરુષોના સંગનો ઉપદેશ કરવામાં આવ્યો છે અને સત્સંગ વિના કોઈ પણ ઉપાયથી ભક્તિ સિદ્ધ થતી નથી, એમ ભાર દઈને કહેવામાં આવ્યું છે, ત્યારે સત્પુરુષો-ભગવદીયો પણ જીવરૂપ હોવાથી તેઓનો સંગ કરવાની અત્યંત આવશ્યકતા હોવાથી ભક્તિમાર્ગીયને પણ બીજા જીવોને આધીન બનવાનો પ્રસંગ આવ્યો; આ સંશયને મનમા ધરીને તેનું સમાધાન કરે છે કે:—

ભક્તિમાર્ગીય સંન્યાસ લેનારા ભગવદીયો ભગવદ્રૂપજ છે. ભક્તિમાર્ગીય સંન્યાસ ભાવવડે થઈ શકાય છે. તે વિરહાત્મક છે.

હા નાથ રમણ પ્રેષ્ઠ ક્વાસિ ક્વાસિ મહાભુજ એ રૂપ પ્રકરણોક્ત સન્યાસ, પ્રભુના મહા વિપ્રયોગનો અખંડ અનુભવ પ્રાપ્ત થાય ત્યારે ભક્તિમાર્ગીય સન્યાસ થયો કહેવાય તેવો સન્યાસ ક્રીને જેઓ રહેતા છે, તેઓના શરીર, ઇન્દ્રિય વગેરેમા સાક્ષાત્ વિગ્રહવદનાનલરૂપ ભાવવડે પ્રભુ પ્રવેશ કરે છે પ્રભુ રસરૂપ હોવાથી શૃંગાર પણ સંયોગ વિપ્રયોગરૂપ દ્વિદલાત્મક.[1] હોવાથી સ્વાત્મક પ્રભુ ભક્તના દેહેન્દ્રિયાદિમા પ્રવેશ છે ભક્તના શરીર વગેરે તો તરવારની મ્યાન જેવાજ છે જેમ પ્રભુ સાક્ષાત્ પ્રતિમામા સદ્રૂપ મૂર્તિમા પ્રવેશ કરે છે અને તે સ્વરૂપજ અનુભવાય છે તેમજ વિગ્રહાત્મક પ્રભુ જ્યારે દેહેન્દ્રિયાદિકમા પ્રવેશ કરે છે, ત્યારે ભક્તો ભગવદ્રૂપ થઇ જાય છે, માટે તેઓનો સંગ તો અવશ્ય કરવો અને તેમના આશ્રયથી જીવને આવી। મરવાનો દોષ નથી

इति श्रीवल्लभाचार्यकृपामात्राभिलाषिणा ।
हरिदासेन विहितो मुदा सत्सङ्गनिर्णयः ॥२२॥

શ્રીવલ્લભાધીશની કૃપામાત્રની અભિલાષાવાળા ભગવદ્દાસ શ્રીહરિદાસ પ્રભુચરણે આ સત્સંગ નિર્ણય આનંદવડે રચ્યો છે શ્રીકૃષ્ણાર્પણમસ્તુ



---

[1] આ વિષે વધારે જાણવાની ઇચ્છા રાખનારાઓએ શ્રીમદ્ ભાષ્યનો ફલાધ્યાય વાંચવો

५२ गवां स्वरूपवर्णनम् ॥

लसच्चलत्पुच्छगुच्छा धृतकर्णा मुखोपरि ।
उद्गतीक्ष्णशृंगाग्रा गावो दृग्विषयाः कदा ॥१॥

સુન્દર ચાલતા પુચ્છના ગુચ્છાવાળી, મોઢા ઉપર જેણે કાન ઉભા ધારણ કર્યા છે અને ઉંચા અણિયાળા શીંગડાના અગ્રભાગ જેને છે તેવી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૧.

व्रजनाथमुखाम्भोज पश्यन्त्य. स्मितसुंदरम् ॥
निमीलयन्त्यो नेत्राणि गावो दृग्विषया कदा ॥२॥

ગરકસદાથી સુન્દર એવું જે વ્રજનાથનું મુખ કમલ, તેનું દર્શન કરતી અને આંખોને બીડી જતી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૨.

शृण्वन्त्यो वेणुगानानि हृदयन्यश्चेतनापरम् ।
स्पृशन्त्यो हृदि गोपीनां गावो दृग्विषया कदा ॥३॥

વેણુના ગાનોને સાંભળતી, ભાન ભૂલી જવાથી તેઓ આનન્દ પામતી અને ગોપીઓના હૃદયમાં સ્પર્શ કરતી એવી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૩

गच्छन्त्यश्चरणाम्भोजचिह्नमार्गेण यानतम् ।
[illegible]तृणनीर गावो दृग्विषया कदा ॥४॥

શ્રીવ્રજેશના ચરણકમલના ચિન્હના સમૂહ સહિત વનમાં જતી [illegible] જતી વનમાં [illegible] ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૪

आकर्णयन्त्यो नामानि प्रतिगीतानि वेणुना ।
उन्नद्धाग्रैकवला गावो दृग्विषया कदा ॥५॥

વેણુ વડે ગાગી શ્રીકૃષ્ણચન્દ્રજીના ગવાયેલા નામોનું શ્રવણ કરતી અને દાંતે અર્ધા કરડેલા ગ્રાસવાળી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૫

विस्मरन्त्यः स्वजात्यादि भावयन्त्यः स्वयोग्यताम् ।
ख्यापयन्त्यः स्वसम्बन्धं गावो दृग्विषया कदा ॥६॥

પોતાની જાતિ વિગેરેને ભૂલી જતી પોતાની યોગ્યતાનો વિચાર કરતી અને પોતાના સમ્બન્ધને પ્રસિદ્ધ કરતી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૬

उत्तम्भयन्त्यः श्रवणे स्थगयन्त्यो गतिं स्वकाम् ।
पिबन्त्यो वेणुपीयूषं गावो दृग्विषया कदा ॥७॥

કાનોને ઉંચા રાખતી પોતાની ગતિને રોકી દેતી અને વેણુમાંથી ઝરતા અમૃતનું પાન કરતી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૭

चरन्त्यश्चेतसासक्ता गोवर्धनगिरेस्तृणम् ।
धावन्त्यो वेणुनाहूता गावो दृग्विषया कदा ॥८॥

ચિત્તપૂર્વક પ્રભુમાં સક્ત એવી ગિરિરાજ શ્રીગોવર્ધન પર્વતના ઘાસને ચરતી અને વેણુનાદ વડે બોલાવાતા દોડી જતી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૮

चेष्टयत्यो विशेषेण सदार्ता गोकुलाधिपम् ।
चेष्टयत्योऽतिवात्सल्याद्गावो दृग्विषया कदा ॥९॥

સદૈવ આર્તિવાળી વિશેષે કરી શ્રીગોકુલાધીશને ચારે બાજૂ ફરી વળતી અને અસન્ત વાત્સલ્યથી ચેષ્ટા કરતી ગાયોના દર્શન મને કયારે થશે ? ૯

निजनाथकराम्भोजसमार्जितनिजानना ।
गणयत्यो न दुःखानि गावो दृग्विषया कदा ॥१०॥

પોતાના સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રજીના કરકમલથી જેના મુખો પમ્પાળવામા આવ્યા છે તેવી અને પોતાના દુઃખોને ન ગણકારતી એવી ગાયોના દર્શન મને કયારે થશે ? ૧૦

प्रतिहस्तयुगप्राप्तदूर्वादलमुखाम्बुजा ।
मज्जयतो रसाम्भोधौ गावो दृग्विषया कदा ॥११॥

પોતાના સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રજીના બન્ને કરકમલથી જેના મોઢામા ધ્રોકડ આવી મળી છે તેવી અને રસના સાગરમા પોતાના દેહને તરબોળ કરતી ગાયોના દર્શન મને કયારે થશે ? ૧૧

विशन्त्यस्तृणलोभेन विपिन गह्वर मुदा ।
रक्षिता गोकुलेशेन गावो दृग्विषया कदा ॥१२॥

ઘાસના લોભે આનન્દ પૂર્વક ગાઢ વનમા પ્રવેશ કરતી અને શ્રીગોકુલેશ પ્રભુએ જેનૂ રક્ષણ કર્યુ છે તેવી ગાયોના દર્શન મને કયારે થશે ? ૧૨

अलौकिकरसप्राप्तिसाधने वर्णसंपुटे ।
सुधाब्धिवर्णैर्युक्ता गावो दृग्विषया कदा ॥१७॥

અલૌકિક રસને મેળવવાના સાધનરૂપ અને અમૃતના સ્થાન-રૂપ એવા કાનવાળી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૧૭

एकैकक्षणसंबाधलीलालीना व्रजात्मना ।
वनान्निवर्तिता स्वार्थं गावो दृग्विषया कदा ॥१८॥

એકએક ક્ષણની લીલામાં તલ્લીન બનેલી એવી અને વ્રજના આત્મારૂપ પ્રભુએ વનમાંથી પાછી વાળેલી એવી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૧૮

हरिण्य इव नादेन दूरादतिक्रमागता ।
स्थिताश्चित्रस्थितिप्राप्ता गावो दृग्विषया कदा ॥१९॥

નાદથી હરિણીઓ જેમ નજીક આવે તે પ્રમાણે (વેણુના નાદથી અથવા પ્રભુએ કરેલા નાદથી) દૂરથી નજીક આવેલી અને જાણે ચિત્રમાં ચીતરાઈ રહેલી હોય તેમ સ્થિર થઈ ગયેલી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૧૯

तमनूत्थाय गन्त्रिना चलिता यूथपैरपि ।
त्वरिता गतिभिर्मार्गे गावो दृग्विषया कदा ॥२०॥

પ્રભુ જેવા ઉઠ્યા કે પાછળ ઉઠી નીકળી ચાલનારા મોટેરી અને [illegible] [illegible]થી વીંટળાયેલી અને માર્ગમાં દોડતા ત્વરિત ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૨૦.

वादयत्य कंठघंटा नादयंत्योऽयनूपुरम् ।
आह्लादयत्य स्वपतिं गावो दृग्विषया कदा ॥२१॥

કણ્ઠમાં રૂહેલી ઘંટડીઓનો રણકાર કરતી અને પગના ઝાંઝરનો ઝમકારો કરતી અને તેમ કરી પોતાના સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રજીને આનન્દ આપતી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૧

भासयत्य स्वशृंगाणि सुवर्णाभरणै पुन । •
ललाटपट्टिकायुक्ता गावो दृग्विषयाः कदा ॥२२॥

વળી સોનાના ઘરેણાંઓથી પોતાના શીંગડાંઓને પ્રકાશિત કરતી અને માથાપર મોડિયાવાળી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૨.

ललाटलंबमानेन स्वर्णपर्णेन शोभिता ।
सिंदूररंजितमुखा गावो दृग्विषया कदा ॥२३॥

માથેથી લટકતી સોનાની પાદડી (એ નામના અલંકાર) થી શોભી ઉઠેલી અને સિન્દૂર વડે જેના મુખને રંગવામાં આવેલું છે તેવી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૩

पुन सकलदेहेषु गैरिकादिविचित्रिता ।
केकिपिच्छशिरोगुच्छा गावो दृग्विषया कदा ॥२४॥

વળી આખા શરીર ઉપર ગેરૂ વગેરે રંગોથી ચિત્રામણ કરવામાં આવ્યું છે, તેવી અને મોરપીંછથી માથા ઉપરનો ગુચ્છો બનાવવામાં આવ્યો છે તેવી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૪

ग्रथितानेकपुष्पादिमालादिभिरलंकृताः ।
दर्शयंत्यः स्वमाहात्म्यं गावो दृग्विषयाः कदा ॥२५॥

ગુંથેલી અનેક ફૂલ-પાંદ વગેરેની માળા-વગેરેથી શણગારવામાં આવેલી અને પોતાના માહાત્મ્યને બતાવતી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૫.

निरुद्धा गोकुलेशास्ये निरुद्धा विपिने क्वचित् ।
न विरुद्धाः स्वकीयेषु गावो दृग्विषयाः कदा ॥२६॥

શ્રીગોકુલાધીશજીના મુખકમળમાં ગંઠેલ ચિત્તવાળી અને કોક વાર વનમાં રોકાઈ ગયેલી છતાં પોતાનાઓમાં કદાપિ વિરુદ્ધ નહીં (સદા અનુકૂળ) એવી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૨૬.

अग्रेकृत्य स्वगोविंदं नृत्यंतं स्वजनैः सह ।
परावृत्त्य समीक्षंत्यो गावो दृग्विषयाः कदा ॥२७॥

પોતાના ગોઠિયાઓ સાથે નાચ કરતા શ્રીગોવિન્દને આગળ કરી મોઢું ફેરવી પ્રભુનાં દર્શન કર્યા કરતી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૭.

स्वखुरोद्भूतरजसाऽलंकृतस्वामिकुंतला ।
संबंधातिशयोन्मत्ता गावो दृग्विषयाः कदा ॥२८॥

પોતાની ખરીઓથી ઉડેલી રજવડે સ્વામી શ્રીકૃષ્ણચંદ્રના કેશ કલાપને શોભા આપી છે તેવી અને પ્રભુ સાથેના ગાઢ સમ્બન્ધથી ઉન્મત્ત થએલી ગાયોનાં દર્શન મને ક્યારે થશે ? ૨૮.

व्रजातिकगतिप्राप्तप्रमोदपुलकाञ्चिता ।
विलोकिता स्वामिनीभिर्गावो दृग्विषया कदा ॥२९॥

વ્રજની નજીક જતાં ઉત્પન્ન થયેલા આનન્દથી થયેલા રોમાંચવાળી અને ગોપાંગનાઓ જેની પ્રાપ્ત નિહાળી રહી છે, તેવી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૨૯

तद्दर्शनमहानन्दसन्दोहशिथिलीकृता ।
विस्मृतस्वेष्टगतयो गावो दृग्विषया कदा ॥३०॥

ગોપાઙ્ગનાઓના દર્શનથી થયેલા મહાન અપૂર્વ આનન્દથી ઢીલી થઈ ગયેલી અને તેથી પોતાની ગતિને ભૂલી ગયેલી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૦

स्वामिनीमुखचन्द्रैकचकोर्यो धैर्यवर्जिता ।
न लीलाप्रतिबन्धिन्यो गावो दृग्विषया कदा ॥३१॥

ગોપાઙ્ગનાઓના મુખચન્દ્ર તરફ ચકોરીરૂપ, ધીરજ વિનાની અને લીલામાં પ્રતિબન્ધ ન કરનારી એવી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૧

लीलान्तरचिकीर्षौ स्वप्रभोरग्रे गृहं गता ।
तदागतिं बोधयन्त्यो गावो दृग्विषया कदा ॥३२॥

અન્ય લીલા કરવાની ઇચ્છાવાળા પ્રભુની પ્હેલાજ ઘેર ગયેલી અને પ્રભુ હવે પધારશે તેવું બતાવતી ગાયોના દર્શન મને ક્યારે થશે ?

समागतनिजप्रेष्ठदर्शनानन्दसम्प्लुता ।
स्वदोहनायाभिमुखा गावो दृग्विषया कदा ॥२३॥

આવી રહેલા પોતાના વહાલા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીનાં દર્શનને લીધે આનન્દથી ઉભરાયેલી અને દોહાવાની ક્રિયા માટે તૈયાર થઇ રહેલી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૩

नियोगपाशरचितगोपवपावलोकिता ।
तूष्णींभूता स्वदोहाय गावो दृग्विषया कदा ॥२४॥

નોઝણ્ડ ધારણ કરતા થયેલા ગોવાળ વેષવાળા ગોવાળ જેમની સાથે જોઇ રહેલા છે તેવી અને દોહાવાની ક્રિયા માટે તત્કાલ શાન્ત થઇ ઉભેલી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૪

वेणुनादकृतिस्तब्धगतयो दोहनोन्मुखा ।
आनन्दमीलन्नयना गावो दृग्विषया कदा ॥२५॥

વેણુનો નાદ થતા જેની હલનચલનની ક્રિયા બન્ધ થઇ ગઇ છે તેવી દોહાવાની ક્રિયામાં અનુકૂળ થઇ રહેલી અને આનન્દથી આંખો મીંચેલી છે તેવી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૫

गोदोहमन्त्रमन्मन्मनूपुरसिञ्जितम् ।
आकर्ण्य निश्चलतरा गावो दृग्विषया कदा ॥२६॥

ગોદોહન સમયે શ્રીકૃષ્ણચન્દ્રજીના મન્દમન્દ ગાયવાથી સુન્દર ઝાંઝરના ઝમકારને સુણતાં અત્યન્ત સ્થિર ઉભી રહેલી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૬

व्रजान्तिकगतिप्राप्तप्रमोदपुलकाङ्किता ।
विलोकिता स्वामिनीभिर्गावो दृग्विषया कदा ॥२९॥

વ્રજની નજીક જતા ઉત્પન્ન થયેલા આનન્દથી થયેલા રોમાંચવાળી અને ગોપાંગનાઓ જેની વાટ નિહાળી રહી છે, તેવી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૨૯

तद्दर्शनमहानन्दसन्दोहशिथिलीकृता ।
विस्मृतस्वेष्टगमना गावो दृग्विषया कदा ॥३०॥

ગોપાંગનાઓના દર્શનથી થયેલા મહાન અપૂર્વ આનન્દથી ઢીલી થઈ ગયેલી અને તેથી પોતાની ગતિને ભૂલી ગયેલી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૦

स्वामिनीमुखचन्द्रैकचकोर्यो धैर्यवर्जिता ।
न लीलाप्रतिबन्धिन्यो गावो दृग्विषया कदा ॥३१॥

ગોપાંગનાઓના મુખચન્દ્ર તરફ ચકોરીરૂપ, ધીરજ વિનાની અને લીલામાં પ્રતિબન્ધ ન કરનારી એવી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૧

लीलान्तरचिकीर्षौ स्वप्रभोरग्रे गृहं गता ।
तदागतिं बोधयन्त्यो गावो दृग्विषया कदा ॥३२॥

અન્ય લીલા કરવાની ઇચ્છાવાળા પ્રભુની પહેલાજ ઘેર ગયેલી અને પ્રભુ હવે પધારશે તેવું જણાવતી ગાયોના દર્શન મને ક્યારે થશે ?

समागतनिजप्रेष्ठदर्शनानंदसंप्लुता ।
स्वदोहनायाभिमुखा गावो दृग्विषयाः कदा ॥३३॥

આવી પ્હોચેલા પોતાના અત્યન્ત વ્હાલા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીના દર્શનને લીધે આનન્દથી ઉભરાયેલી અને દોહાવાની ક્રિયા માટે તૈયાર થઇ રૂહેલી ગાયોના દર્શન મને કયારે થશે ? ૩૩.

नियोगपाशरचितगोपवेषावलोकिता ।
तूर्णींभूता स्वदोहाय गावो दृग्विषयाः कदा ॥३४॥

નોઝણું ધારણ કરતા થયેલા ગોવાળ વેષવાળા ગોવાળ જેમની સામે જોઇ રહેલા છે તેવી અને દોહાવાની ક્રિયા માટે તદ્દન શાન્ત થઇ ઉભેલી ગાયોના દર્શન મને ક્યારે થશે ! ૩૪.

वेणुनादकृतिम्लक्ष्मगतयो दोहनोन्मुखाः ।
आनंदमीलन्नयना गावो दृग्विषयाः कदा ॥३५॥

વેણુનો નાદ થતા જેની હલનચલનની ક્રિયા તદ્દન રોકાઇ રહી છે તેવી, દોહાવાની ક્રિયામા અનુકૂળ થઇ રૂહેલી અને આનન્દથી આંખો મીચેલી છે તેવી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૫.

गोष्ठाधीशचन्द्रमंदनूपुरसिंजितम् ।
आकर्ण्य निश्चलतरा गावो दृग्विषयाः कदा ॥३६॥

ગોકુળના સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રજીના મન્દમન્દ ગાલવાથી સુન્દર ઝાંઝરના ઝમકારને સાંભળી અત્યન્ત સ્થિર ઉભી રૂહેલી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૬.

स्वत: स्वरसदानाय सर्वभावैकतत्परा ।
दर्शन्यो गोकुलेशास्य गावो दृग्विषया कदा ॥३७।

સર્વાત્મભાવમાં એકાન્ત અને જાતેજ પોતાના દૂધ વગેરે રસને દેવા શ્રીગોકુલાધીશના મુખકમલના દર્શન કરતી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૭

गोष्ठे गोपजनाक्रांते रात्रौ वार्तेन चेतसा ।
विभावयत्यस्ता लीला गावो दृग्विषया. कदा ॥३८॥

ગોવાળોથી ભરચક ગોકુલમાં રાત્રિને સમયે આર્તિવાળા ચિત્તથી પ્રભુની લીલાઓની ભાવના કરતી ગાયોના દર્શન મને ક્યારે થશે ? ૩૮.

एव मनोरथ नित्य यच्छन्तु मयि मत्प्रभो ।
प्रसन्ना गोकुलेशस्य गावो भाव स्वपालके ॥३९॥

આ પ્રમાણે મારા પ્રભુ શ્રીગોકુલેશની પ્રસન્ન એવી ગાયો મને મારા પાલક પ્રભુમાના મનોરથરૂપ રહેવા ભાવને સદૈવ આપો. ૩૯



५२. कार्पण्योक्तिः ।

(અનુવાદકઃ—બદરીનાથ કાશીનાથ શાસ્ત્રી)

वाञ्छामि सेवनं नाथ स्वार्थे न पादयोस्तव ।
न जाने तत्र को वास्ति प्रतिबन्धो ह्यदृष्टजः ॥१॥

ભાવાર્થઃ—હે નાથ હે હૃદયેશ્વર ! આપનાં પરમ કોમલ ચરણારવિન્દની સેવા કરવાની ઈચ્છા રાખું છું તે પણ હે પ્રભો મારા લૌકિક સુખની જરા પણ આશા રાખ્યા શિવાયજ સેવા માગું છું. ગમે તેટલા અને તેવા લૌકિક સ્વાર્થો સરે પણ પરમકૃપાલુ આપના ચરણમાં પ્રીતિ કર્યા વગર કંઇ ચેન નજ પડે, હે પ્રભો ! વારંવાર આપની સેવા માગું છું છતાંય મારા પ્રતિબન્ધ મટતા નથી. કદાચ પૂર્વજન્મનાં પ્રારબ્ધ એવાં હશે કે શું ? હે નાથ ! આપ તો પ્રારબ્ધને પણ મટાડનારા અને પાપોને દૂર કરનારા છો; તેથી જીવને પ્રતિબન્ધ નજ હોય તથાપિ હું કંઈ સમજી શકતો નથી કે શા માટે આપની સેવામાં પ્રતિબન્ધ આવે છે ? ૧.

न ज्ञानं न च वैराग्यं नापि भक्तिस्तथाविधा ।
कथं मे मनसो दार्ढ्यं भवेन्निःसाधनस्य हि ॥२॥

ભાવાર્થ—હે પ્રભો શાસ્ત્રોમા સાંભળ્યું છે કે સાધનોથી સાધ્ય સિદ્ધ થઇ શકે છે તે પ્રમાણે મારી પાસે તેવાં સાધનો પણ નથી હું તો કેવળ નિઃસાધનછું ભગવત્ શાસ્ત્રોમાં આજ્ઞા કરી છે કે ज्ञानं कर्म च भक्तिश्च જ્ઞાન કર્મ અને ભક્તિ આ ત્રણ પ્રકારે પ્રભુ મળે છે તેમ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ આજ્ઞા કરી છે કે नहि ज्ञानेन

सदृशं पवित्रमिह विद्यते જ્ઞાન સિવાય આ જગતમાં કોઇ પવિત્ર વસ્તુ નથી તો મારામા તે મુજબ જ્ઞાન પણ નથી બીજું સાધન શાસ્ત્રમાં વૈરાગ્ય કહેલ છે, શ્રીમદાચાર્યચરણે પણ વૈરાગ્યપાલન કરવા માટે ખાસ આજ્ઞા કરી છે. તે પ્રમાણે મારામા વૈરાગ્ય પણ નથી કારણ કે લૌકિક આસક્તિ નાશ ન પામે ત્યાં સુધી આપનામાં આસક્તિ થતી નથી તેમજ ઉત્તમ પ્રકારની અર્થાત્ પ્રેમલક્ષણા ભક્તિ પણ મારામા છે નહી. ઉત્તમ ભક્તિ પ્રાપ્ત કર્યા પછી જીવોને કાંઇપણ અવશેષ કાર્ય રહેતું નથી. જેવી રીતે શ્રુતિરૂપ ગોપીજનોએ આપની શુદ્ધ ભાવથી ભક્તિ કરી ઉત્તમોત્તમ સેવાનું ફળ પ્રાપ્ત કર્યું છે; તેવી રીતે હે પ્રભો મારામા ભક્તિ રૂપી પણ સાધન નથી. આવી રીતે ચોતરફથી હે નાથ! હું તો સાધન રહિત થયોછું. આચાર્યશ્રીએ આજ્ઞા કરી છે કે मानसी सा परा मता સેવાના દરેક પ્રકારો કરતાં માનસી સેવા સર્વ શ્રેષ્ઠ છે. એટલે ચંચળ મનનો દરેક વ્યવહાર આપશ્રીમાજ હોઇ શકે, તે મુજબ જ્યારે મારાથી માનસી સેવા સિદ્ધ થઇ નથી તો મારૂં મન આપના ચરણકમલની સેવામા શી રીતે દૃઢ થઇ શકશે. આપની કૃપા સિવાય મારૂં સામર્થ્ય કેજ નહિ. ૨.

लौकिके क्लेशहेतौ मे सर्वदा मनसो गतिः ।
न वेद्मि केन दोषेण वर्तते लौकिकप्रियः ॥३॥

ભાવાર્થ;—હે કૃપાનાથ જ્યાંસુધી મનનો દરેક વ્યવહાર લૌકિક સુખ માટે ગુંથાયલો હોય છે ત્યાંસુધી સ્વભાવદુષ્ટ જીવ ખરૂં સુખ અને ખરૂં દુઃખ ઓળખી શકતો નથી લોકમાં બહુજ બારીકાઇથી જોયું, તો કેવળ ક્લેશ સિવાય અન્ય કંઇપણ મળતું નથી કારણ

કે જ્યા અહંતા અને મમતા જણાય છે ત્યા કલેશ સિવાય કંઈ હોતુંજ નથી. શ્રીભાગવતમા પણ तथामसौ यहेदा एव शिव्यत લૌકિક સુખમા લચીપચી રહી આપની સેવાને ન કરનારા જીવો મારે કલેશ રહે છે તવીજ રીતે કેવલ કલેશના કારણ રૂપ આ લોકમા મારા મનની ગતિ નિત્ય દખાય છે હે પ્રભો ! એવુ એક પણ દિવસ જતુ નથી કે જેમા મારૂં મન લૌકિક સુખની ચિન્તા કરવાથી ભરેલું હોય, હે ભગવાન ! એવો મારો કયો દેષ હશે કે મારા ચિત્તમાં હમેશા લૌકિક પ્રેમ અને સુખની મકનન જ જાગતી રહે છે જ્યાસુધી લોકમા પ્રીતિ હોય ત્યાસુધી હુ આપના અલૌકિક સ્વરૂપને શી રીતે સમજી શકુ. ૩

त्वया सर्वसमर्थेन सर्वत्रांऽखिलेष्वपि ।
यदि मे नहि निस्तारस्त्रिलोकया का गतिर्मम ॥४॥

ભાવાર્થ —હે કૃપાનાથ ! આપ તો कर्तुम् अकर्तुम् अन्यथा कर्तुम् સર્વ સમર્થ છો ગમે તેવુ અન્ય દેવાદિકથી ન બની શકે તેવુ કાર્ય હોય, તો પણ આપ આપના ભક્ત માટે તે કાર્ય કરી શકો છો. અને ઘણી વખત આપશ્રીના ભક્તજનનો ઉદ્ધાર કરવા માટે આપે અસાધારણ કામો કરેલા પણ છે આપના પરમ ભક્ત ગોપીજનો તેમજ મર્યાદાના ભક્તો પ્રહ્લાદ અર્જુન વિગેરેના ઉદ્ધાર માટે આપે સામર્થ્ય કાર્યો કરેલા છે. તો હે પ્રભો ! સર્વસમર્થ એવા આપશ્રીથી મારો કદાચ નિસ્તાર થશે નહી તો પછી ત્રણ લોકમા પણ મારૂં રક્ષણ કરનાર હોયજ નહી, કારણ કે આપને છોડીને દરેક જીવો અને દેવો પ્રાકૃત છે, અસમર્થ છે—અપૂર્ણ છે. જો આપ સર્વ સમર્થ પ્રભુ પોતેજ આ પ્રમાણ ગતિવાળા લોકમથી તરી આપની સેવામા

પ્રવેશ કરાવો તોજ બની શકે તેમ છે, અન્યથા હે પ્રાણનાથ, મારી ગતિ આપના શિવાય છેજ નહી ૪.

दुष्टतां स्वस्य जानामि धर्मत्यागं च सर्वथा ।
किं करोमि न वै किञ्चित् स्वाधीनं सेवकस्य मे ॥५॥

ભાવાર્થ —હે સર્વાધાર પ્રભો, શ્રીમદાચાર્યચરણની આજ્ઞા છે કે 'जीवाः स्वभावतो दुष्टा' જીવો પોતાના સ્વભાવથી દુષ્ટ છે, અર્થાત્ પોતાના સ્વાર્થ સારૂ મ્હોટા લાભનો ત્યાગ કરે છે; તે મુજબ હું પણ લૌકિક સુખ અને સ્વાર્થમા વધારે આસક્તિવાળો હોઇને આપને વખતોવખત પરિશ્રમ આપું છું કારણ કે સ્વભાવ એવો હોય છે કે કોઈ સાધારણ વ્યક્તિથી તે કાબુમા આવી શકતો નથી. શ્રીમદ્ ભાગવતમા પણ આજ્ઞા કરી છે કે स्वभावो दुरत्यजो नाथ કાલીયનાગ સ્તુતિ કરતા કહે છે કે હે પ્રભો! જીવોનો સ્વભાવ એકદમ સુધરી શકતો નથી આપની કૃપા હોય તોજ સ્વભાવ પરિવર્તન થઇ શકે, તે પ્રમાણે હે નાથ! મારી દુષ્ટતાને હું બરાબર સમજુ છું તેમ જીવનો ધર્મ આપની ભક્તિ કરવાનો છે सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः એ શ્રીમદાચાર્યચરણની આજ્ઞા અનુસાર અમારો તો ખાસ ધર્મ આપની સેવા કરવાનો છે તે સેવા પણ લૌકિકાસક્તિ હોવાથી છુટી જાય છે હે પ્રભો હું શું કરૂં મારી સત્તાની વાત જરા પણ નથી તેમ માગ તાબાનું કશુયે નથી જેથી કરીને હુ મારી દુષ્ટતાનો ત્યાગ કરી આપની સેવા કરવાને તત્પર બનુ. આપના કૃપાબળ સિવાય મારૂં કશુ પણ સામર્થ્ય નથી ૫.

सेवकाभासता यद्यप्यस्ति नाथ तवापि तु ।
निजाचार्यबलादेव पश्य मा करुणादृशा ॥६॥

ભાવાર્થ — હે કૃપાનાથ, જો કે મારામા આપના સેવકોના જેવો આભાસ તો છે. પણ તે આભાસથી શુ ફલ મળવાનુ છે. આભાસ તો મિથ્યાર્થ પ્રતિપાદન કરનારા હોય છે તેથી તે ગમે તેવો પ્રબલ આભાસ હોય તેથી પણ મારો શો અર્થ સરવાનો છે સ્વપ્નમા પ્રાપ્ત કરેલા ભોજનનુ ફલ ખરૂ હોતુજ નથી જાગૃત દશામા તે ભોજન નામશેષજ રહી જાય છે તેવીજ રીતે હે પ્રભો, સેવાનો આભાસ તો ફક્ત જગતના લોકોને છેતરવા પૂરતોજ દેખાય છે હે દયાનિધાન, મારી આવી સ્થિતિ હોવાથી આપ શ્રીમદાચાર્ય-ચરણના સમ્બન્ધથી પણ મારા ઉપર કૃપાની વૃષ્ટિ વર્ષાવી દર્શન આપવા કૃપા કરો, કારણ કે શ્રીમદાચાર્યચરણ આપના વદનાવતાર છે અને આપશ્રીના સ્વરૂપથી તે વદનસ્વરૂપ બિલકુલ અળગુ નથી, એટલા સારૂ આપને વારંવાર વિનવુ છુ. જે ગા । મા । નાશી અને વશી છો અર્થાત અમે સર્વે જીવો આપના દાસરૂપ અરો છીએ અને આપનેજ વશ છીએ અશીએ તો દાસ્ય અરો તન્ કૃપા કરવીજ જોઇએ જો કે હે નાથ આપ તો સદા કૃપણ હોવાથી કૃપા કરો છો પણ અમારા નૈમિક આવરણોથી આપની કૃપાને રૂપ ઓળખી શકતો નથી માટે આપ કરૂણામય દૃષ્ટિ અમારા ઉપર કરો કે જેથી અમો આપની કૃપાને ઓળખતા થઇએ ૬.

न चैतदुचित नाथ त्वदीयो दैन्यमेव हि ।
(ना) प्राप्नोति सर्वतो नित्य परिहासास्पद तव ॥७॥

ભાવાર્થ—હે ભગવાન્ હે નાથ આપ સર્વ સમર્થ અને કૃપાળુ છો અને કૃપા એ આપનો અસાધારણ ધર્મ છે એટલે અમે સ્વાર્થી જીવ હોવા છતા પણ આપ તો કૃપા દૃષ્ટિથીજ અમારો ઉદ્ધાર કરો તેમા શક હોયજ નહી છતા પણ હે નાથ આપનો ભક્ત થઇને લોકમા ચોતરફથી તુચ્છ સ્વાર્થની ખાતર કંગાલ જેવો ફરતો રહે તે તો આપને પણ ઠીક લાગે નહી, કારણ કે આપની સમક્ષમા દૈન્ય પ્રાપ્ત કરીને આપના અલૌકિક દર્શનાર્થ પ્રયાસ કરવામા આવે તેજ યોગ્ય ગણાય પરંતુ લૌકિક તુચ્છ પુત્ર પૌત્રાદિ વગેરેના સુખ પ્રાપ્ત કરવા માટે જે પ્રયત્ન કરવામા આવે અને તેને અંગે લૌકિક ઇશ્વર સાગર દીનતા કરવામા આવે તે તો આપના તરીકે ઓળખાતા ભક્તને [illegible] ઉચિત નથી કદાચ આપનો થઇને કેવળ આપનામાજ પરાયણ ન થતા ઉત્તમો ત્તમ સાધન સેવન ન મેળવી શકે તો તે ઉપાય પણ આપનુ દાસ્ય કરવુ તે ગણાય ભક્ત તો [illegible] આશ્રય રાખી આપનામા પરાયણ થઇને રહે પછીનુ દરેક કાર્ય આપ ઉપરજ રાખવુ.

(આ શ્લોકમા શ્રીદીક્ષિતજી જણાવે છે, કે આપનો ભક્ત થયા પછી—એક વૈષ્ણવ બન્યા પછી જો તેનામા દીનતા ન હોય તો તેમા એને હરકત નથી, પણ આપનેજ છે, એની મશ્કરી થવાની નથી પણ આપનીજ થવાની છે, કારણ કે એ આપનો છે, તાત્પર્ય કે બીજા માર્ગમા જેમ જીવનેજ સર્વ પ્રયત્નો કરવા પડે છે તેમ પુષ્ટિમાર્ગમા નથી એ માર્ગમા તો પ્રભુને એટલુજ કહેવાનુ છે કે ' આપનો છુ. આપને શરણે છુ, ' આટલાથી એનામા સર્વ નિર્ગુણ ભાવના પ્રગટાવવી એ પ્રભુના ઉપર ભાર છે, ઝીલે કાં નહી, કેવી ઉત્તમ ભાવના, ધન્ય શ્રીદીક્ષિત પ્રભુ ! !)

वदामि नाथ कस्याग्रे दुखं हृदयसम्भवम् ।
न पश्यामि त्रिलोक्या तु यो मे दुखं निवारयेत् ॥८॥

ભાવાર્થ—હે નાથ, જગતનો વ્યવહાર એવો હોય છે કે પોતાના આગ યા તો સ્નેહી શિવાય કોઇ પણ પોતાનુ દુખ બોલી શકતોજ નથી તેવી રીતે હુ પણ મારુ દુ.ખ અન્ય કોની સમક્ષ કહુ ? કારણકે દુખો તો એક પ્રકારના હોતા નથી દરેક દુખોમા હૃદયનુ દુખ અસાધારણ કહેવાય છે તે હૃદયનુ દુખ અન્ય કોઇ પણ જાણી શકે તેમ નથી કદાચ કેઇ આપનો અનુગૃહીત ભક્ત હૃદયનુ દુખ જાણી પણ શકે તો તે દુખનુ નિવારણ કરી શકે નહી એટલા કારણથી મારૂ દુખ હુ હવે કોઇના સમક્ષ કહી શકુ તેમ નથી લોકમા હિતેચ્છુ જેવા થઇને ફરનારા અને કહેનારા તરીકે ઘણા માણસો અને દેવતાઓ પણ મળે છે પણ તેઓ પૈકી એક પણ એવો નથી કે મારા હૃદયના દુખને ઓળખીને દૂર કરી શકે હૃદયનુ દુખ તો તેજ જાણી શકે કે જે હૃદયમા નિરન્તર વાસ કરતો હોય આપ નિત્ય હૃદયમા બિરાજો છો અને હૃદયના તાપને શમાવવા પણ આપજ શક્તિમાન છો માટે ત્રણ લોકમા પણ આપના સિવાય એવી એક પણ વ્યક્તિ નથી કે જે મારા દુખનુ નિવારણ કરી શકે ૮

(દુખ નિવારણ માટે અરે, ટુકડા ટુકડા માટે એક સામાન્ય માણસની ગુલામગિરિ કરતા વર્ગને આ શ્લોકમા સજ્જડ ફટકો લગાવ્યો છે, જગતમા એવો કયો સર્વાંશે સુખી સજ્જન હયાતી ધરાવે છે, કે જે પોતે સુખી હોઇને અન્યના દુખ કાપી શકે જેને આપણે આપણા દુખો કહેવા નિકળતા હોઇયે છીયે, તે પણ તિરોહિ-

દાનન્દ હોઇને દુઃખીજ હોય છે, તેવ ઓની વિનતી કરવી એના કરતાં જેનું સુખ સર્વદા નિરાબાધ સ્થિત છે, જે જાતે સુખરૂપ છે, આનંદઘન જે મહાનો તમારો મિત્ર છે, અરે હૃદયમાં સ્થિત કહીને તમારા મિત્ર તરીકે વેદ જેને ઓળખાવે છે, તેનેજ તે શ્રીયશોદોત્સંગલાલિત પ્રભુને તમારૂં દુઃખ કહો, શું દુઃખ નિવારણની શક્તિ એનામાં નથી? તો પછી જગતમાં કયો માણસ એવો છે, કે જે દુઃખ નિવારણની શક્તિ ધરાવતો હોય? આ શ્લોકમાં આગન્તુક દુઃખ કે લૌકિક દુઃખની વાત નથી પણ પ્રભુવિરહજનિત પરમ તાપનુંજ વર્ણન છે)

त्वयैव करुणा कार्या यादृशे तादृशे मयि ।
यदा स्वास्थ्येन सततं करोमि तव सेवनम् ॥२॥

હે ભગવન્, દયાસિન્ધો, આપનેજ મારા ઉપર તો કૃપા કરવાની રહી. આપના સિવાય જ્યારે કોઇપણ મારા ઉપર નિયામક નથી તો હવે આપને આ વખતે વિશેષ સમયની રાહ જોવાની જરૂર હોય? હું તો આપનોજ છું એટલે પછી આપના તરીકેજ મારો સ્વીકાર થવો જોઇએ, ગમે તેવો છું પણ હું તો આપનોજ છું માટે આપના સિવાય બીજાનો આશ્રય મારે સ્વપ્નામાં પણ ન હોય, આપની પાસે અમારા જેવા ઘણાએ ભક્તો તો અસંખ્ય હશે પરન્તુ મારી સમક્ષ તો મારા શરણ રૂપ દુઃખના નિવારણ કરનારા આપ એકજ છો હે પ્રભો, જ્યાં સુધી આપ મારા ઉપર કૃપા કરો નહી, ત્યાં સુધી મારા ચિત્તની શાંતિ થવાની નથી, અને ચિત્તશાન્તિ વિના આપની સેવા બરાબર રીતે નજ થઇ શકે અર્થાત્ આપનામાં પરાયણતા જેનાથી અને

ઇન્દ્રિયોની શુદ્ધતા ત્યારેજ થઇ શકે જ્યારે ચિત્ત સ્વસ્થ હોય, એટલા માટે ચિત્ત સ્વસ્થતાથીજ આપની સેવામા આનંદ મળે છે જો ચિત્ત સ્વસ્થ ન હોય તો અમુક વખતજ સેવા થઇ શકે, પરંતુ કાયમની સેવામા નિપુણતા પ્રાપ્ત થઇ શકે નહી અને સદાને માટે આપના વિમુખ રહેવુ પડે. આપનાથી હુ વિમુખ તો નજ રહી શકુ જેથી આપ મારા ઉપર કૃપા કરી મારા ચિત્તની સ્વસ્થતા કરો ૯

•

(આ શ્લોકમા શ્રીહરિરાયજી— (જેવો તેવો હુ) એમ કહીને પોતાની દીનતા સ્પષ્ટ રુપેજ જણાવી ગયા છે મહાનુભાવી શ્રીહરિરાયજી પણ જ્યારે 'જેવો તેવો' જણાવે છે તેનો મર્મ હોઈ શકે, કે ' પુષ્ટિભક્ત તો હમેશ દીનતાથી ભરેલો અને પ્રભુની કૃપાથીજ પોતાના અવતરૂપ કાર્યની સિદ્ધિ ચાહનારા હોય છે ' આ ઉપરથી સિદ્ધ થાય છે, કે 'ચિત્તની સ્વસ્થતા માટે પુષ્ટિભક્તને કોઇ યોગસાધનની કે ચાન્દ્રાયણાદિ વ્રતોની જરુર રહતી નથી પ્રભુની કૃપાથીજ ચિત્તના ઉદ્વેગ મટે પ્રભુની કૃપાથીજ હૃદયના રાગ શાન્ત થય પ્રભુની કૃપાથીજ પ્રભુની સેવા થાય, એજ કચ્છારો પુષ્ટિભક્ત હોય છે, વૈષ્ણવો કાઈ ધ્યાન આપશે કે ?)

सर्वज्ञे बहु किं वाच्यं मया नाथ कृपानिधौ ।
दिशार्थं सदृशं कार्यं सेवके मय्यनुग्रह ॥१०॥

(ભાવાર્થ) હે સર્વજ્ઞ ભગવાન, પુન પુન આ બાબતમા આપને વિનવવા તે ઠીક લાગતુ નથી, કારણકે વિશેષ સમજાવવાનુ

તો તેને હોઇ શકે કે જેને કોઇપણ બાબતનું જ્ઞાન નજ હોય આપ તો સર્વજ્ઞ છો અર્થાત્ દરેક સ્થળમાં જે જે થાય છે થયું છે અને થવાનું છે. તે સર્વને જાણનારા આપ એકજ છો તેમ કદાચ કોઇ સર્વજ્ઞ જેવો હોય અને કૃપાળુ ન હોય તો કોઇ પણ અર્થ નજ સરે, એવા યોગી લોકો અગર દેવતાઓ પણ કોઇ કેઇ હોય છે કે જે ત્રણ કાલનું જ્ઞાન ધરાવતા હોય પરંતુ તેથી મારો અર્થતો સિદ્ધ થવાનોજ શાનો હોય ? સર્વજ્ઞ હોવા છતાં પણ કૃપાલુ ન હોય તો તેનું સર્વજ્ઞપણુ કાઇ કામનું નથી એટલા માટે આપતો સર્વજ્ઞ પણ છો અને કૃપાના સાગર છો. જે સાગર રૂપ હોય તેમને ત્યાથી કોઇ વિમુખ તો નજ જાય તો હું પણ આપ કૃપાના સમુદ્ર પાસે આપની કૃપાની યાચના કરવા આપના ચરણમાં ઝુકી રહ્યો છું. કદાચ આપને વિચાર કરવો ઘટતો હોય તો આપ ભમે ગમે તેટલો વિચાર કરજો પણ આપના સેવક તરીકેના અધિકારને યોગ્ય લાગે તેવો અનુગ્રહ તો મારા ઉપર થવોજ જોઇએ. કારણ કે મારે આપના સિવાય કોઇપણ અનુગ્રહ કરનારો નથીજ. તેમ થવાનો નથી એટલા માટે આપને વારંવાર વિનવું છું કે આપના સેવક તરીકેનું માન સાચવવું તે કેવળ આપનાજ હાથમાં છે. ૧૦

विश्वासस्तु निनाचार्यपादयोरस्ति सर्वथा ।
न जाने जायते नाथ विलंबः केन हेतुना ॥११॥

(ભાવાર્થ)હે કૃપા સિન્ધુ ભગવન્, આપના ચરણારવિન્દમાંજ મારો વિશ્વાસ નથી એવી રીતે આપશ્રીને માનવાનું તો નજ હોય કારણ કે શ્રીમદ્વલ્લભાધીશ આપનું શ્રીમુખ છે, અને આપશ્રીયે મારા

ઉદ્ધાર કરવા માટે
અને આપશ્રીયે મારા જેવા પામર જીવોના ઉપર પધારયા છે.
શ્રીવાગીશ પ્રભુને આજ્ઞા કરીને આ ભૂતલ
અગ અને અંગી બન્ને ભિન્ન હોતાજ નથી આપ સાક્ષાત્ કૃપાળુ
સર્વજ્ઞ પ્રભુ છો ત્યારે આપના શ્રીમુખસ્વરૂપે સાક્ષાત્ શ્રીમદાચાર્ય
ચરણ વિરાજે છે. જેમ લોકમા શરીરી જીવના પોષણ માટે અગર
પ્રસન્નતા માટે જીવના શરીરના દરેક અંગોથી શરીરી જીવને આન-
ન્દાનુભવ થાય છે. તેમા પણ મુખ્ય અગ મુખ છે અને મુખ દ્વારા
સાગમા દરેક વ્યવહાર સિદ્ધ કરી જીવને અખુટ આનંદ મળે છે તેવી
રીતે અલૌકિક દશામા પણ શ્રીમુખાવતાર શ્રીમદાચાર્યચરણદ્વારાજ
આપની પ્રસન્નતા મેળવી શકાય તેમ છે. એટલા કારણસર
શ્રીવાક્પતિ-ચરણારવિન્દમા મને તો સર્વથા વિશ્વાસ છે અને તેપણ
એકદેશી વિશ્વાસ જ નહીં પણ સર્વદેશી છે અર્થાત્ દરેક બાબતના
આચાર્યશ્રીની આજ્ઞામા વિશ્વાસ રાખીને જ હું તો ગાનુસાર છું
છતા પણ હે પ્રભો મને ખબર નથી કે આપ શા માટે હજુ આપના
આનન્દનો અનુભવ કરાવવા વિલંબ કરો છો આપ ખરેખર
કૃપાળુ તો છોજ. કૃપાળુની કૃપા તો પાત્ર અપાત્રની પરવા રાખ્યા
સિવાય પણ અજામિલ જેવાના ઉદ્ધારની માફક પોતાના જીવોનો
સ્વીકાર કરેજ છે. હે પ્રભો આપ સર્વજ્ઞ છો એટલે મારાથી આપની
ઇચ્છાને શી રીતે જાણી શકાય? મારો સાદર આપનામા વિશ્વાસ છે,
એ વાત વિસરી જવાની તો નજ હોય ૧૧.

असहायोऽसमर्थश्च सेवनं मयि मा एव ।
दीनोऽस्मि सर्वथा नाथ विचिन्त्यैवं कृपां कुरु ॥१२॥

(ભાવાર્થ:) હે પ્રભો ! આપ કાર્ય ક્રમ માનતા હો કે મને
માહાત્મ્ય કરનારા કોઇ લૌકિકના સગા કુટુંબિઓ છે, તો તે પણ

બનવા જોગ નથી હું તો આપના શિવાય કોઈની સહાય માગતો નથી અને કોઈની સહાયથી મને કાંઈપણ લાભ નથી કારણ કે લૌકિકના સહાયકો લોકસિદ્ધ ફળ સાધવામાં સમર્થ હોઈ શકે આપનો સાક્ષાત્કાર અને પ્રેમલક્ષણા ભક્તિ ફળ મેળવવા માટે તો આપની કૃપાનીજ સહાય પૂરતી છે તેમ હું તે ફળ સાધવા માટે પણ અસમર્થ છું મારૂં સામર્થ્ય ફક્ત આપના કૃપાબળનો અનુસરીજ ગણાય તમ છતાં હે પ્રભો આપની સેવા કરવામાં મારી બુદ્ધિ વધીજ ચાલતી જાય છે તેના માટેજ આપના સાક્ષાત્કારના આનન્દની પ્રાર્થના કરૂં છું જયારે આપની સેવામાં ઇન્દ્રિયો મન અને બુદ્ધિ સમ્પૂર્ણ રીતે વિકાસને પામે ત્યારેજ હું આનંદમાં કૃતાર્થ મને માનું તેમ હે નાથ હું કંગાળથી પણ એક કંગાળ છું લોકના ધન મેળવનાર કંગાળો ઉપર જેમ લોકોને ઘણી દયા ઉપજે છે તેમ આપની સેવરૂપ ધનને મેળવવા માટે હું અતિ દીન દાસ છું હે ભગવન્ આપ સર્વજ્ઞને કંઈ પણ સુચવવાનું નજ હોય આપ મને એક દીન સેવક જાણીને પણ મારા ઉપર કૃપાદૃષ્ટિ કરો જેનાથી મારૂં લોકસિદ્ધ ચાપલ્ય નષ્ટ થઈ જતા હું અપાર આનન્દને પ્રાપ્ત કરૂં ૧૨

शरणस्थसमुद्धार दीनोद्धारपरायण ।
मामुद्धर व्रजाधार स्वमेवास्यास्यहेतुभिः ॥१३॥

(ભાવાર્થ) હે ભગવન્ આપ તો આપને શરણે આવેલા જીવો દુષ્ટ હોય કે શિષ્ટ હોય, ગમે તેવા હોય તેવાઓનો ઉદ્ધાર કરનારા છો તેમ જેમને કોઈ પણ પ્રકારનું સાહાય્ય નથી અને કેવળ આપની ભક્તિ મેળવવામાંજ નિષ્ઠા હોય છે તેવા જીવોનો ઉદ્ધાર

કરવામા પણ આપ તો નિરંતર તૈયાર રહેલાજ છો. આપને
શરણે આવેલા જીવો અને દૈન્યવાળા જીવોની યોગ્યતા તરફ કે
કર્મવાસના તરફનો આપ જરા પણ વિચાર કર્યા સિવાયજ ગજેન્દ્ર
અને પિંગલા જેવા જીવોનો પણ આપે તત્કાલ ઉદ્ધાર કર્યો છે.
જેવી રીતે આપે તેવા ભક્તોનો જ્યારે ઉદ્ધાર કર્યો તેવી રીતે મારો
પણ આપશ્રી ઉદ્ધાર કરવા કૃપા કરો તેમા બીજું એકપણ ખાસ
પ્રયોજન તો નથી સિવાય આપની સેવા સિદ્ધ કરવામા અમારા
દેહ પ્રાણ ઇન્દ્રિયો અને તે તે ઇન્દ્રિયો અને તે તે ઇન્દ્રિયાદિકના
ધર્મો વિગેરેનું સ્વાસ્થ્ય ન હોય ત્યા સુધી આપની અલૌકિક સેવામા
સફળતા મેળવી શકાતી નથી એટલાજ કારણસર આપ મારા
તુચ્છ જીવ ઉપર આપની સ્વાભાવિક ઉદારતાનો પરિચય કરાવી
મારો ઉદ્ધાર કરવા કૃપા કરો તેવી મારી આપને વારંવાર નમ્ર
પ્રાર્થના છે. આપ કદાચ મારા ઉપર ઉપેક્ષા કરશો. અને મારા
અંતઃકરણની પણ ખાત્રી નથી કે મારા પ્રાણોને આપના વિયોગમા
ટકાવી શકાશે અગર પ્રાણો પણ સ્વતઃ સમર્થ બની રહી શકે
આમ થતા આપની સેવાનો લાભ ન મળવાથી હું અપૂર્વ કષ્ટનો
અનુભવ શી રીતે સહન કરી શકીશ ? ૧૩.

स्मर स्मर स्मर स्वीयपक्षपातपरिमिदम् ।

श्रीमदाचार्यदासेषु तेनैव निखिलं कुरु ॥१४॥

(ભાવાર્થ:) હે કૃપાનિધાન, ભગવન્ આપ તો સર્વ સમર્થ
છો એટલે મારે આપને નિવેદન કરવું તે તો અનુચિત મનાય તો
પણ મારી ચપળતા ક્ષમાવવા આપને ફરીથી એકવાર પ્રાર્થના
કરું છું કે આપશ્રીના મુખારવિન્દાત્મક શ્રીમદાચાર્યચરણના

સેવકો પ્રત્યે તો આપશ્રીનો પક્ષપાત આપ યાદ કરો કારણ કે શ્રીમદાચાર્યચરણના જેવા અને તેવા જેટલા અને તેટલા જ્યારે અને ત્યારે દરેક સેવકોમાં આપે પોતાના તરીકેનો સ્વીકાર કરેલો છે, તો તેમ પણ આપ મને શ્રીમદાચાર્યના એક દાસ તરીકે માનીને પણ આપશ્રીયે તો મારો ઉદ્ધાર કરવાનો રહ્યો. હું તો અલ્પજ્ઞ અને સ્વભાવ દુષ્ટ જીવ આપશ્રીની શું વિનાન કરી શકું. આપને મારામાં જે જે સાધાનોની ન્યૂનતા જણાતી હોય. અગર જે કાઇ પણ મારામા આપશ્રીની અલૌકિક કૃપા મેળવવાં અપૂર્તિ હોય તે દરેક વસ્તુ મેળવી આપવામાં આપ કૃપા કરો. હું નો આપનો દાસ છું જે મારા ઉદ્દગારો મારી બુદ્ધિથી આપને અર્પણ કર્યા છે તે વિષે આપને યોગ્ય લાગે તે કરો હું દાસ છું આપ મારા સદાને માટે ગેમ્ય છો. ૧૪.



૫૯. मदत्यागहेतुः ॥

अथ त्यागाय सद्युक्ताः प्रोच्यन्ते विविधा मदाः ।
विद्यामदो धनमदस्तथैव कुलजो मदः ॥१॥
मुख्या एते मया प्रोक्ताः सन्त्यान्याश्च विशेषतः ॥१३॥

સાધુ પુરુષોમાં રહેલા એવા જુદાજુદા પ્રકારના મદો એનો સમજીને સાગ કરવાનો છે, એ માટે અહીં કહેવામાં આવે છે.

૧. પિતાનો મદ, ૨. ધનનો મદ અને ૩. કુલીનતાનો મદ, આ ત્રણ મદને હું મુખ્ય ગણું છું, તે ત્રણેયનો ખાસ કરીને ત્યાગ કરવાનો છે. ૧૬.

यौवनीयः पौरुषजो बालजत्वकृतोऽपि च ॥२॥
रूपजः शीलजश्चैव लोकसन्मानजोऽपि वा ।
व्यावृत्तिकौशलयुतस्तथा स्वजनपोषजः ॥३॥
दातृताविहितः शत्रुविध्वंसादपि जायते ।
सान्तानिकस्तथा पुत्रभार्याद्यनुसृतेरिह ॥४॥
ज्ञानाभिमानः सर्वत्र तथा भजनतोऽपि हि ।
राजसन्मानजो नित्यं वृद्धानुमितिजोऽपि वा ॥५॥
शयनाहारसञ्जातो वैराग्यजनितोऽपि च ।
एवंविधा मदास्तेषां निवृत्तिरधुनोच्यते ॥६॥

હવે ૪. જુવાનીનો મદ, ૫. પુરુષાતનનો મદ, ૬. બાલ્યપણની અસરનો વાચાળપણાનો મદ, ૭. રૂપનો મદ, ૮. સદાચાર પાલનનો મદ, ૯. લોકો તરફથી માન પામવાને લીધે થયેલો મદ, ૧૦. વ્યવહારકુશળતાનો મદ, ૧૧. સગાંવહાલાંઓનું પોષણ કરવાની શક્તિનો મદ, ૧૨. દાનેશ્વરિતાનો મદ, ૧૩. શત્રુઓને છેદ કરવાથી થયેલો મદ, ૧૪ ઘણાં કે ઝાઝાં સન્તાન હોવાને લીધે ઉપજેલો મદ, ૧૫. પુત્ર-સ્ત્રી વગેરે પોતાને વશ છે, એથી થયેલો મદ, ૧૬. જ્ઞાની હોવાને લીધે જાગેલો મદ, ૧૭. પોતે ભક્ત છે, એ દૃષ્ટિએ ઉપજેલો મદ, ૧૮. રાજદરબારમાં પોતાને માન મળે છે, તેથી થયેલો મદ,

૧૯ વૃદ્ધોમાં પોતે માન પામે છે, માટે વયનો મદ, ૨૦ સુખસગવડ ને સારાં સારાં ખાણાંનો પોતે ઉપભોગ કરી શકે છે, તેથી થયેલો મદ અને ૨૧. પોતામાં એક પ્રકારનું વૈરાગ્ય રહેલું છે, એથી થયેલો મદ, આવા પ્રકારના જે આ એકવીસ મદ છે, તે કેવી રીતે દૂર કરવો તેનો ઉપાય હવે અહીં બતાવવામાં આવે છે ૪-૬

विद्यामदनिवृत्तिस्तु सुज्ञगम्यस्त्वसौ हरेः ।
वेदवेदार्थकथने ह्यवतारो हरेर्मत ॥७॥

चतुर्मुखस्तथा व्यासस्तत्राहं कोऽस्मि मन्दधीः ।
इति विज्ञाय मनसा क्षिप्रं विद्यामदं त्यजेत् ॥८॥

ઉત્તમ પ્રકારનું જ્ઞાન ભગવાનના ભક્તોને પ્રભુ ગમ્ય છે, એવું જાણી વિદ્યામદ નિવારવાનો છે વેદ અને વેદના અર્થનો વિચાર કરવાને માટે પ્રભુનો અવતાર છે, વળી બ્રહ્માજી અને ભગવાન્ વ્યાસ જેવાઓ જ્યાં બિરાજે છે, ત્યાં અલ્પ બુદ્ધિવાળો હું શી વિસાતમાં, એમ મનથી સારી રીતે જાણી તરતજ વિદ્યામદનો ત્યાગ કરવો ૭-૮

लक्ष्मीपतिं हरिं ज्ञात्वा तस्याश्चञ्चलतामपि ।
बहिर्मुख्यैकहेतुत्वात् सर्ववस्तुसमर्पणात् ॥९॥

લક્ષ્મીના પતિ તો માત્ર શ્રીહરિ ભગવાનજ છે, વળી લક્ષ્મી ચંચળ છે, એ લક્ષ્મી પ્રભુ તરફથી ચિત્તને હટાવી બહિર્મુખ કરાવનારી છે અને આપણે આપણું જે કાંઈ માન્યું હતું તે તો પ્રભુને સમર્પી દીધું છે, એટલે આપણું કંઈજ નથી, આવી ભાવનાથી ધનમદનો ત્યાગ કરવો ૯

कुलस्यानियतत्वेन ब्रह्मेन्द्रादिविमोहनः ।
अकुलीनकिरातादेः प्रह्लादादेरथोद्धृतेः ॥१०॥
महत्कुलप्रसूतस्यावधानित्वविशेषतः ।
सान्निध्येरेव कर्तव्यं सर्वदा स्वविचारणम् ॥११॥

કુળ એ તો ક્ષણિક વસ્તુ છે. પ્રભુ બ્રહ્મા અને ઇન્દ્ર જેવાને મોહમાં નાખી પછાડે છે. તેનાથી ઊલટું હીન કુળના કિરાત, ભીલ અને અસુર બાળક પ્રહ્લાદ જેવાનો પ્રભુ ઉદ્ધાર કરે છે. ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલાએ તો ખાસ કરીને સાવધાનતા રાખી પ્રભુનું સાન્નિધ્ય જળવાઇ રહે એ દૃષ્ટિએ પોતાની કુલીનતાનો વિચાર હંમેશાં કરવાનો છે. (ક્યારે અકુલીન બની જવાશે, તે કાંઇ નક્કી નથી; માટે સદા સાવધાન રહી પોતાના સ્વરૂપનો હંમેશાં વિચાર કરવાનો છે.) ૧૦-૧૧

अस्थिरत्वाद्यौवनीयमसामर्थ्याच्च पौरुषम् ।
संसारावेशहेतुत्वाद्वाचालत्वकृतं तथा ॥१२॥

જુવાની કાંઇ કાયમ રહેવાની નથી. એનો વિચાર કરી જુવાનીના મદનો ત્યાગ કરવો. ક્ષણ પછી શું થશે એ જાણવાની આપણામાં તાકાત નથી, એમ સમજી પુરુષાર્થના મદનો ત્યાગ કરવો. અહંતામમતાત્મક અલ્પપણાને લીધે જે બટકબોલાપણું છે, તેનાથી સંસારમાં વધુ અને વધુ ઊંડા ખૂંચી જવાય છે. માટે એ વાચાળપણાનો મદ પણ છોડી દેવો. ૧૨.

प्राकृतत्वादनित्यत्वात् कुत्सितत्वाच्च रूपजम् ।
सगुणवाच्चीकृतार्तं लोकसन्मानजं भयात् ॥१३॥

રૂપ છે, એ તો પ્રકૃતિના ગુણોથી ઉત્પન્ન થયેલું છે, એ કોઈ કદી કાયમ રહી શકતું નથી, વળી એ રૂપ અનેક નિન્દ્ય કર્મોના કારણરૂપ છે, એ દૃષ્ટિયે રૂપના મદનો ત્યાગ કરવો. સદાચાર એ ગુણ છે અને જીવે તો નિર્ગુંફતા મેળવવાની આવશ્યકતા છે, એ દૃષ્ટિયે સદાચાર પાલનનો મદ છોડવો. લોકો તરફથી આપણને સદાય• માન મળશે ખરૂં ? કયારે કેવા સંયોગોમાં લોકો વિમુખ થઈ જશે, એ કાંઈ નિશ્ચિત નથી, એ ભયે લોકો તરફથી માન પામવાને લીધે થયેલા મદનો ત્યાગ કરવો ૧૩.

व्यावृत्तिकौशलवृत्तं संसारासक्तिभावनात् ।
अभ्यासपोषकत्वेन तथा स्वजनपोषजम् ॥१४॥

વ્યવહાર કુશળતાનો મદ સંસારમાં કાર્યકુશલતાને અંગે વધુ અને વધુ આસક્તિ કરાવનાર છે, એ વિચારે વ્યવહારકુશલતાના મદનો ત્યાગ કરવો. સગાંવ્હાલાનું પોષણ કરવું એ આપણી ફરજ છે, પણ તેના મધ્યે અવિચારે કરેલા પાપ આત્મામાં ચિત્ત આસક્ત બને છે, એ વિચારે સગાંવ્હાલાઓનું પોષણ કરવાની શક્તિના મદનો ત્યાગ કરવો. ૧૪.

दातृता हि तद्देयपदार्थानत्त्वभावनात् ।
शत्रुनिग्रहजं मद्यात्मनगदद्रोहसम्भवात् ॥१५॥

જે કાંઈ આપણે આપણું માની બેઠા છે, તે પદાર્થો તો પ્રભુએ આપેલા છે; પ્રભુયે આપેલા પદાર્થો આપણાથી બીજાને આપવાની શક્તિજ ક્યાં છે; અને જો માનતા હોઈયે તો એ પદાર્થો પ્રભુના ક્યાં રહ્યા? વસ્તુસ્થિતિયે આપણું કશુંજ નથી ત્યાં

આપણે આપણો કિયો પદાર્થ બીજાને આપીયે છિયે ? આ દાતા-
પણું પણ કયા રહ્યું એમ વિચારી દાનેશ્વરિતાના મદનો ત્યાગ કરવો.
આ આખું વિશ્વ બ્રહ્માત્મક છે, ત્યાં કોણે કોનો નિગ્રહ કર્યો ?
અને જો નિગ્રહ કર્યો એમ માનતા હોઇયે તો જગતની બ્રહ્માત્મકતા
કયા રહી ? એ દષ્ટિયે શત્રુઓને કેદ કરવાથી થયેલા મદનો ત્યાગ
કરવો. ૧૫.

सान्तानिके तथा त्यागप्रतिबन्धकता यतः ।
पुत्राद्यनुमृतेर्ज्ञानं भगवत्प्रेमशासनात् ॥१६॥

પોતાને પુત્ર કળા કળા છે, એવું ભાન ઉત્પન્ન થવાથી જગત્-
માથી જે આસક્તિ આપણે ઉતારી નાખી છે, તેમાંજ અત્યન્ત
ઉત્પન્ન થાય છે, એટલે આપણે ભગવન્માર્ગથી વેગળા થઇયે છિયે.
એ દષ્ટિયે ત્યાગ કે ઝાઝા સન્તાન હોવાને લીધે ઊપજેલા મદનો
ત્યાગ કરવો પુત્ર-સ્ત્રી વગેરે આપણને વશ છે, એનું કારણ તો એ
છે કે આખા જગત ઉપર પ્રભુના પ્રેમનું શાસન છે; એઓની
વરયના પ્રભુના પ્રેમભાવનુંજ પરિણામ છે, તે આપણી કંઇ હોશિયારીથી આપણને વશ નથી, એમ વિચારી, પુત્ર-સ્ત્રી વગેરે
પોતાને વશ છે, એથી થયેલા મદનો ત્યાગ કરવો ૧૬.

ज्ञानाभिमानतो गर्वभावस्यागतस्वरूपतः ।
दासधर्मत्वतः स्वाभाविकत्वादमतनोत्सवम् ॥१७॥

કંઇ પણ વસ્તુનો ગર્વ હોતો એજ અજ્ઞાન, હવે જે એક માણસ
જ્ઞાની હોય અને ગર્વ જ્ઞાનનો તેને ગર્વ હોય, તો જ્ઞાન રહ્યુંજ
કયાં ? કેમકે પોતાથી કોઇ પરમતત્ત્વ ઈશ્વર છે, એ જ્ઞાનનું લક્ષણ
છે; ગર્વ થવાથી તે લક્ષણ રહી શકતું નથી. માટેજ જ્ઞાની હોવાને

લીધે જાગેલા મદનો ત્યાગ કરવો આપણે પ્રભુના દાસ છીએ એટલે પ્રભુનું ભજન કરવું એ આપણો સ્વાભાવિક ધર્મ છે, એટલે એમાં કશી નવાઇ આપણે કરતા નથી આ વિચારી, પોતે ભક્ત છે એ દૃષ્ટિએ ઉપજેલા મદનો ત્યાગ કરવો ૧૭

राजसन्मानजं नित्य तु संसर्गविवर्धनत्वात् ।
वृद्धसम्मनिज स्वम्यापगधाइ भक्तिनाशनात् ॥१८॥

રાજદરબારમાં આપણી માન મળતું હોય એટલે નિત્ય રાજદરબારમાં હાજરી આપવાનું દિલ થાય, પરન્તુ રાજનીતિ તો પરમ કઠિન છે, એટલે દરબારી દુર્જનોના સમાગમ વધતો જ જવાનો, એવું વિચારી, રાજદરબારમાં પોતાને માન મળે છે તેથી થયેલો મદ છોડી દેવો વૃદ્ધોમાં પોતે માન પામે છે, વૃદ્ધો પોતાના કાર્યને સન્માને છે, આવા વિચારે વૃદ્ધો તરફ પોતાની જે ફરજ બજાવવાની હોય, તે ન બજાવવાનું બનતાં અપરાધ ઉત્પન્ન થાય છે અને એઓના તરફનો ભક્તિભાવ નાશ પામે છે આમ વિચારી, વૃદ્ધોમાં પોતે માન પામે છે, માટે થયેલા મદનો ત્યાગ કરવો ૧૮

शयनाहारजं दुष्टनिर्विण्णेन्द्रियपोषणात् ।
वैराग्यजातं क्षयतो जातिवैराग्यनाशनात् ॥१९॥

સુખ સગવડ અને સારાં ખાદ્યોનો ઉપભોગ દુષ્ટ અને હાનિકારક ઇન્દ્રિયોનું પોષણ કરનાર હોવાથી અને તેવી રીતે પુષ્ટ થતી ઇન્દ્રિયો મનુષ્યનો અધઃપાત કરનારી હોવાથી તેવી રીતે ઉપજેલા મદનો ત્યાગ કરવો વૈરાગ્યને લીધેનો મદ વસ્તુસ્થિતિએ દિનપરદિન ઘટતો જાય છે અને મિથ્યા ઉત્પન્ન થતા વૈરાગ્યનો નાશ

કરનારો થઇ પડે છે, એમ ન થવા પામે અને જગદ્દર્શિમથી આમક્તિ કાયમને માટે છોડીજ રૂટે, એ ખાતર એ મદનો ત્યાગ કરવો ૧૯

प्रतिकल्पविधानार्थानुपायैश्च निवर्तयेत् ।
त्यजेत्सर्वान् सदा कृष्णमेवाये दैन्यसिद्धये ॥२०॥

આ મદોનો બરાબર ત્યાગ કરી શકાય, એ ખાતર જુદા જુદા ઉપાયો વડે કરીને એ મદોને ટાળી નાખવા. કૃષ્ણચન્દ્રજીની સેવા અવિરત કરી શકાય અને દીનતા પ્રાપ્ત થાય એ માટે હમેશા એ બધાજ મદનો ત્યાગ કરવો ૨૦

दैन्येनैव हरिस्तोष्यो नान्यसाधनमिष्यते ।
दैन्यं तु विमदस्यैव तत सर्वान् परित्यजेत् ॥२१॥

શ્રી ભગવાનને માત્ર દૈન્ય-દીનતાથીજ પ્રસન્ન થાય છે પ્રભુને પ્રસન્ન કરવામાં દીનતા સિવાય બીજું કોઇપણ સાધન નથી આ દીનતા માત્ર જે માણસમાં કોઇપણ પ્રકારનો મદ ન હોય, લઘુ નિરભિમાની હોય, તેનામાંજ રહે છે આ દીનતા મેળવવા માટે એ બધાજ મદનો ત્યાગ કરવો ૨૧

आत्मसाक्षात् सिद्धसाधनार्थं ।
सर्वदा सर्वथा कार्यं तथा निपातनार्थके ॥२२॥

દીનતા એજ પ્રભુને પ્રસન્ન કરવાનું એક મહાસાધન છે, એ વસ્તુ આપણા ધ્યાન બહાર ન જાય એ માટે શ્રીમદ્ મહાપ્રભુજીએ ...

भक्ताना दैन्यगोवैकं हरिस्तेषामगम्यकम् (ગામપગાયધાયીનો સુએષની જીમાં)' બતાવી છે; આવા શ્રીમહાપ્રભુજીના નિત્ય આશ્રય શ્રીમહાપ્રભુજીએ જેનો સ્વીકાર કર્યો છે, તેવા ભગવદીયોએ સર્વદા સર્વ રીતે કરવો ૨૨.



૫૫. मार्गशिक्षा.

(અનુવાદક—રા. કેશવલાલ ઠક્કરદાસ)

जानीत परमं तत्त्वं यशोदोत्सङ्गलालितम् ।
तदन्यदिति ये प्राहुरासुरांस्तानहो बुधाः ॥१॥

ઉપરનો શ્લોક શ્રીમદણુભાષ્યની સમાપ્તિમાં વેદના સારરૂપે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરેલો છે તેનો અર્થ એવો થાય છે કે પરમ તત્ત્વ શ્રીયશોદોત્સંગલાલિતજ છે. જે એમના સિવાય બીજાને પરમ તત્ત્વ કહે તેમને સર્વથા આસુર સમજવા. આ આજ્ઞાથી એતન્માર્ગીય વૈષ્ણવને આપ એમ જણાવે છે કે યશોદોત્સંગલાલિતના તુલ્ય બીજો કોઇ છે એમ કહે તો પરમ અપરાધ થાય. વળી, આપણા માર્ગમાં શ્રીઠાકુરજી આનંદમાત્રકરપાદમુખોદરાદિ છે, લીલા વિશિષ્ટ છે, તેથી જ્યાં શ્રીઠાકુરજી બિરાજતા હોય ત્યાં તેમની બધી લીલા સામગ્રી જાણવી.

नस्त्रियो व्रजसुन्दर्यः पुत्र ताः श्रुतयः किल એ વાક્ય બ્રહ્માએ ભૃગુ-

સંબંધ હોવો જોઇએ. જેવી રીતે વિવાહ થયા પછી ભાવસંબંધ થઇને પતિસેવાનો અધિકાર સ્ત્રીને મલે છે, તેવી રીતે જીવને પણ ભાવસંબંધ થયા પછી સાક્ષાત્ ભગવત્સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, આ ઠેકાણે એક શંકા પ્રાપ્ત થાય છે કે જીવ તો સર્વદોષનિધાન છે, અને આ દેહાદિ પ્રાકૃત દુષ્ટ છે, તો કેવી રીતે ભગવત્સેવા યોગ્ય થઇ શકે ? અને શ્રીઠાકુરજી તો આપ નિર્દોષ પૂર્ણગુણવિગ્રહ છે. આનું ઉત્તર એવી રીતે વિચારવું. આ જીવને નિર્દોષ બનાવીને સેવાયોગ્ય કરવાનો શ્રીમહાપ્રભુજીને જ્યારે વિચાર પ્રાપ્ત થયો ત્યારે તેજ વખતે આપ શ્રીપૂર્ણપુરુષોત્તમ સાક્ષાત્ શ્રીઆચાર્યજી સમક્ષ પ્રકટ થયા અને બ્રહ્મસંબંધ કરાવાની આજ્ઞા આપી જે આચાર્યજી મહાપ્રભુજીએ આપના દ્વારાએ સમર્પણ કરાવ્યું તો તે જીવના સઘળા દોષની નિવૃત્ત થાય છે અને તેથી તેને સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, એમ સમજવું જેવીરીતે બ્રાહ્મણનો બાળક પોતાના ધર્મનું આચરણ ન કરે તો તેને ફલ મળે નહિ, તેવીરીતે વૈષ્ણવ થઇને પ્રભુ સેવા ન કરે તો આ માર્ગનું ફલ મળે નહિ. જે કાઇ અધિકાર પ્રાપ્ત થયો હોય તે પણ વૃથા થઇ જાય. ભક્તિમાર્ગનો મુખ્ય ધર્મ એજ છે કે નિયમપૂર્વક કૃષ્ણસેવા કરવી. જેવીરીતે બ્રાહ્મણ થઇને સંધ્યા વન્દન ન કરે તો પ્રત્યવાય આવી પડે છે, તેવીરીતે વૈષ્ણવ થઇને ભગવત્સેવા ન કરે તો દોષનું પાત્ર બને છે કોઇવાર વ્યાવૃત્તિ વિશેષ હોય તો પણ એકવાર અવશ્ય મંદિરમાં જઇને થોડી પણ સેવા કરવી. સેવામાંથી પરવારીને બહાર નિકલીએ ત્યારે પણ એવીજ ભાવના રાખવી કે સર્વ કાર્ય શ્રીઠાકુરજીનું છે, સર્વનો ઉપયોગ પ્રભુસેવામાજ થવાનો છે. એવી રીતે જાણીને શ્રીઠાકુરજી વિષે મન રાખીને સર્વ વ્યાવૃત્તિ કરવી. તેમ કરવાથી આસુરભાવ નથી થતો

માટે સમય મળતા શ્રીકૃષ્ણ: શરણં મમ એ અષ્ટાક્ષરનો જપ કર્યા કરવો. શ્રીમહાપ્રભુ આજ્ઞા કરે છે કે

तस्मात् सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ।

માટે અષ્ટાક્ષર મંત્ર વારંવાર પ્રતિક્ષણ બોલતા રહેવું જો ન બોલે તો અતિપ્રબલ કાલના આયુર્બલ આવી જાય. વળી અસમર્પિત પદાર્થ સર્વથા ન ખાવો. તે ખાવાથી નિવેદન ધર્મ ચાલ્યો જાય છે. જેવી રીતે શ્રીઠાકોરજીને સમર્પ્યું હોય તેવી રીતે લેવું. એ પ્રભુનું ઉચ્છિષ્ટ છે એમ જાણીને લેવું, નહિ કે ભોગબુદ્ધિ રાખીને. કેમકે ભોગ લેવામાં બાધ કર્યો છે. શ્રી મહાપ્રભુજીનું વચન છે કે उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात्तु बाधकः । વળી જેમ પતિવ્રતા સ્ત્રી બધી સામગ્રી પતિ માટે સિદ્ધ કરીને પતિને ધરે છે, તે પછી પતિના ઉચ્છિષ્ટથી દેહનિર્વાહ કરે છે. તેમ અહીં સમજવું. જો પતિ પહેલા સ્ત્રી ખાય તો તેની બુદ્ધિ બગડે અને વ્યભિચારિણી થાય. તેવી રીતે ભગવાનને નહિ સમર્પેલા પદાર્થ પોતાના ઉપયોગમાં વાપરી લે તો તેની બુદ્ધિ બગડે અને તેથી ભગવદાશ્રય છૂટી જાય. વળી દુઃસંગથી આઘા રહેવું. કારણ કે દુઃસંગ સર્વથા નાશ કરે છે. દુઃસંગથી ભગવદ્ભાવનો એક કણ પણ ન રહે. જેમ દુષ્ટ સ્ત્રીના સંગથી પતિવ્રતા સ્ત્રી પોતાનો ભાવ તજે છે. તેના સંગથી પતિવ્રતા ધર્મ તો જેમ ભ્રષ્ટ થાય છે અને ત્યાગ પણ કરે છે તેવી રીતે અહીં પણ દુઃસંગ દેહ લાગવાથી હાનિ થાય છે, માટે શ્રીઠાકોરજીની સેવામાં ચિત્ત રાખીને દુઃસંગ છોડી દેવો. દુઃસંગ કરવાથી ભક્તિમાર્ગ પ્રાપ્તિ ... ... પ્રતિબંધ આવી પડે. ... ...,

ગૃહાસક્તિ પણ ઘટી જાય, માટે બુદ્ધિમાં નિશ્ચય કેરવો કે ધર્મમાં પણ દુઃસંગ હોય અને આહાર પણ હોય તો જેમ ઋષિ રાજાને જેમ શંકરાચાર્યનો સંગ હતો તેમ સાવધાન રહેવું આસક્તિ ન કરવી ઉદાસીન રહેવું અને સર્વથા નેત્રાદિ ઇન્દ્રિયના વિષયનો પરિત્યાગ કરવો અને ઇન્દ્રિય પ્રાણ અંતઃકરણ ચિત્ત કુટુંબ વગેરે બધાનો વિનિયોગ પ્રભુસેવામાં કરવો જે વિનિયોગ ન કરે તો બહિર્મુખતા થાય, તેથી ભગવાનનું વિસ્મરણ થાય માટે અન્ય વિનિયોગથી સાવધાન રહેવું કદાચિત્ [illegible] વિનિયોગ [illegible] [illegible] શ્રીમહાપ્રભુજીનું વચનામૃત છે કે કૃષ્ણ હિ હરિ [illegible] [illegible] વિધિ એવો છે કે પ્રથમ દિવસે ઉપવાસ કરીને શુદ્ધ થવું પછી પ્રભુ સમીપમાં બેસવું ત્યાર શ્રીઆચાર્યજી [illegible] [illegible] [illegible] થાય ત્યાં શ્રીઆનંદચંદ્રજી મહારાજ [illegible] [illegible] કરે છે શ્રીકૃષ્ણને સર્વ સમર્પણ કરવાનું કે તે થયા પછી [illegible] ખાવું નહિ અન્યાશ્રય ન કરવો અન્ય વિનિ[illegible] થવા ન દેવો [illegible] સ્નેહપૂર્વક જાગવો જે પ્રથમ [illegible] કરે તે [illegible] તેના પ્રકાર જાણીને સેવા કરી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું વચનામૃત છે કે સેવા કૃતિર્ગુરોરાજ્ઞા बाधनं वा हरीच्छया આથી અન્યથા વર્તે તો ફલ ન થાય [illegible] [illegible] સમર્પણ કરવાનું છે ત્યાં શ્રીમહાપ્રભુજી [illegible] શ્રી[illegible] કરે છે [illegible] [illegible] કરે છે કે सदा सर्वात्मना सेव्यो भगवान् गोकुलेश्वरः स्मर्तव्यो गोपिकावृन्दैः क्रीडन् वृन्दावनस्थितः । વળી શ્રીગુસાંઈજી મહાપ્રભુનું વાક્ય છે કે [illegible] क्षणमेव विचिन्तयन् । પ્રભુનું [illegible] [illegible]

દર્શન માટેની આર્તતા રાખીને કરો. આ માર્ગમાં અવિચ્છિન્નપ્રેમ-
ભાવ વિના પ્રભુને મળવું મુશ્કેલ છે, કેમકે શ્રીમહાપ્રભુ અભિપ્રાય
છે. આ માર્ગ પણ તેવોજ છે. ભક્તમાં દૈન્યમેવૈકં એ વાક્યથી
વળી પ્રતિદિન આટલા ગ્રંથોનો અવશ્ય પાઠ કરવો. શ્રીકૃષ્ણાશ્રય,
નવરત્ન, ભક્તિવર્ધિની, શ્રીયમુનાષ્ટક, મધુરાષ્ટક, પુરુષોત્તમસહસ્રનામ,
નામાવલી, શ્રીવલ્લભાષ્ટક, સર્વોત્તમ શ્રીમદ્ભાગવતનો ૧ અધ્યાય આટલાનો
અવશ્ય પાઠ કરવો. શ્રીકૃષ્ણાશ્રય અને પરિવૃઢાષ્ટકનો પાઠ શ્રીગોકુળ
પાસે કરવો. બીજા પાઠો પરીક્ષા કરીને કરવા. અને માર્ગની રીતિને
અનુસરીને જ્યાં પ્રેમ ભીનાભત હોય અને તેવા સ્થિતી હોય ત્યાંનો
સત્સંગ કરવો. તેના કરતાં બીજે સ્થળે જવાથી પ્રમાદ સેવાની
... શ્રીમહાપ્રભુજીના ... મહાપ્ર-
... પડે તો ... નહિ તો ... અવશ્ય
... તો ... સર્વથા ન સેવો.
... અથવા અન્યસમર્પિત સર્વથા ન સેવો.
... ગૃહસ્થાશ્રમમાં સ્થિત હોય તો ભગવત્સેવા
... મનમાં નિષ્ઠા રાખવી.
કરવી. શ્રીકૃષ્ણઃ શરણં મમ કહેતા રહેવું. ... કરતા રહેવું
આત્મનિવેદનવાળા ... કરવો ... આદરભાવ ન
વળી ભગવદીયમાં ... આદરભાવ રાખવો. ... કરવો
રાખવો એમ થવાથી ભક્તિમાર્ગના ધર્મનું આચરણ ... કરવાં
... આવશ્યક લૌકિક વૈદિક કાર્યો અનાસક્તિપૂર્વક કરવાં ...
... સર્વ સમર્પેલું છે એમ જાણીને તે કાર્યમાં ... અહંતા
... સર્વ ... એમ જાણીને ... રહેવું. ...
... વિનિયોગ થશે એમ ... આશ્રય રાખવો. તેથી સર્વ
... શ્રીભાગવત ... મહાપ્રભુજીનો દઢ આશ્રય રાખવો. ... આ માર્ગમાં ...
... એ ... ક્યાં સુધી ... શ્રીમદ્ ... ઉપકાર છે. જેમ
... આ માર્ગના સર્વ ...

ગૃહાસક્તિ પણ ઘણી થાય, માટે બુદ્ધિમાં નિશ્ચય કરવો કે ઘરમાં પણ દુઃસંગ હોય અને આહાર પણ હોય તો જેમ બલિ રાજાને જેમ શુક્રાચાર્યનો સંગ હતો તેમ. સાવધાન રહેવું આસક્તિ ન કરવી. ઉદાસીન થઈને રહેવું. સર્વથા સેવાપ્રતિકૂળ વિષયનો પરિત્યાગ કરવો અને દેહ, ઇન્દ્રિય, પ્રાણ અંતઃકરણ, ચિત્ત, કુટુંબ વગેરે બધાનો વિનિયોગ પ્રભુસેવામાં કરવો. જો વિનિયોગ ન કરે તો બહિર્મુખતા થાય, તેથી ભગવાનનું વિસ્મરણ થાય, વાસ્તે અન્ય વિનિયોગથી સાવધાન રહેવું. કદાચિત્ પ્રમાદથી અન્ય વિનિયોગ થઈ જાય તો પણ ચિંતા તો ન જ કરવી. કારણ કે શ્રીપ્રભુ સર્વ સમર્થ છે શ્રીમહાપ્રભુજીનું વચનામૃત છે કે समर्थो हि हरिः સમર્પણનો વિધિ એવો છે કે પ્રથમ દિવસે ઉપવાસ કરીને શુદ્ધ થવું. પછી પ્રભુ સમીપમાં બેસવું. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુના ચરણારવિંદમાં નિષ્ઠા થાય. ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી [illegible] અંગીકાર કરે છે. શ્રીકૃષ્ણને સર્વ સમર્પણ કરવાનું છે તે થયા પછી અસમર્પિત કંઈ પણ ખાવું નહિ. અન્યાશ્રય ન કરવો. અન્ય વિનિયોગ થવા ન દેવો. સેવાપ્રકારને સ્નેહપૂર્વક જાણવો. જે ગ્રંથમાં આજ્ઞા કરી છે, તે પ્રમાણે સેવા પ્રકાર જાણીને સેવા કરવી. શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું વચનામૃત છે કે सेवा कृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया આથી અન્યથા વર્તે તો ફલ ન થાય. व्रजलीला मध्य સ્થિતનેજ સમર્પણ કરવાનું છે. ત્યાં શ્રીમહાપ્રભુજી જીવનો અંગીકાર કરે છે. શ્રીગુસાંઈજી પણ આજ્ઞા કરે છે કે सदा सर्वात्मना सेव्यो भगवान् गोकुलेश्वरः स्मर्तव्यो गोपिकावृन्दैः क्रीडन् वृन्दावनस्थितः । વળી શ્રીઆચાર્યજી મહાપ્રભુનું વાક્ય છે કે-श्रीमानन्दसमुद्भवं कृष्णमेव विचिन्तयेत् । પ્રભુનું સ્મરણ કરો તે પણ શ્રીગુસાંઈજીના

દર્શન નાર્દેમ- આર્તા - ખીને કરો આ માગ ન઼ર્તિ પ્રયેગ
ભાર વિના પ્રભુને મળવુ મુશ્કેલ છે, કેમકે શ્રીમહાપ્રભુ અશ્રિય
કે આ માર્ગ પણ તેવોજ છ મત્તમા વૈન્યમેવક એ વાકયથી
વળી પ્રતિદિન આટલા ગ્રંથોનો અવશ્ય પાઠ કરવો શ્રીકૃષ્ણાશ્રય,
નવરત્ન, ભક્તિવર્ધિની, શ્રીયમુનાષ્ટક, પરિવૃઢાષ્ટક, દુસ્તાસ્તમ્બસ્કન્ધ મ,
નામાવલી, શ્રીવલ્લભાષ્ટક સર્વોત્તમ શ્રીમદ્ભાગવતનો ૧ અ યાય આટલાનો
અવશ્ય પાઠ કરવ શ્રીકૃષ્ણાશ્રય અને પરિવૃઢાષ્ટક નો પઠ શીઘ્રકુરૂ
પાસે કરવો બીજા પાઠ પરાક્ષ નીને કરવા અને માર્ગની રીતિને
અનુસરીને નમા પ્રભુ બીરાજત હોય અને સેવા થતી હોય ત્યાંનો
રહપ્રસ ન લેવો તેના કરતા નહિ તો પ્રમાદ સેવાની
ગ્ર્ણગ્રહના ચારી પડે તો શ્રીમહાપ્રભુજીના ચરણનો મહાપ્ર
મદ ગોળી લો તો બાધ નથી નહિ તો ચરણામૃત અવશ્ય
ગોળ તુજ અસમર્પિત અથવા અન્યસમર્પિત ગરથા ન લેવો
વળી મનુષ્ય થઇને ગૃહ ગૃહસ્થાશ્રમમાં સ્થિત હોય તો ભગવત્સેવા
કરવી શ્રીકૃષ્ણ શરણ મમ કહેતા રહેવુ સમાગમમાં નિષ્ઠા રાખવી
આ મનિવેદનનો ક્ષા ર્વદનોજ ગણ કે વો દુઃસંગથી દૂર રહેવુ
વળી ભગવદ્ધર્મ વિષે આદર ભાવ રાખવો તૈક્રિમ આદ ભાવ
રાખવો એમ પ્રાણી ભક્તિમાર્ગના ધર્મો આગળ કરવ કહે છે
કે આવશ્યક લૌકિક વૈદિક ના અનાસક્તિથીજ કરવા કરી શ્રીઠાકો-
રજીને સર્વ સમર્પેલ છે એમ જાણી તે કાર્યમાં ધ્યાન થોડુ આપવુ.
તે દ્રવ્યનો યોગ્ય વિનિયોગ થશે એમ જાણીને કરતા રહેવું. મહા-
ભાગ્ય સદા શ્રીઆગ પંજ મહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખવો તેથી સર્વ
સિદ્ધ થશે એ ટુંકામા જુથી રખીએ ? જે આ માર્ગમાં દૈન્ય
કરે તેને આ માર્ગના સર્વ ફળનો શ્રીમહાપ્રભુજી કૃપાવડે એમ

યૌવન પ્રાપ્ત થતા સ્ત્રીને કટાક્ષાદિ કોઇને શિખવવા પડતાં નથી, તેમ શ્રીમહાપ્રભુજીની કૃપા થતાં આ માર્ગ એની મેળેજ સમજાશે. આ માર્ગની સર્વ વાત એમને એમજ સ્ફુરી આવશે શ્રીઠાકુરજી આપ તો સ્વકીયોનું સર્વથા હિતજ કરશે. યથાકાલે મુર્ન એ શ્લોકથી શ્રીમદાચાર્યજી એજ આજ્ઞા કરે છે. અને જ્યાં જન્મ સાર્થક કરવો છે. તથા થોડામાં જાણવું છે તો સકલ દોષ એક ક્ષણમાજ ભગ્ન થઇ જશે અને સર્વ સ્ફૂર્તિ થશે ત્યારે સમજવું કે તે માર્ગનું ફલ જે મળનાર હતું તે મલી ગયું. જેણે પુણ્યો કર્યાં હશે તેના મનમાં તે વાત આવશે, બીજાને ઘણો દુર્લભ માર્ગ છે. કાલ અતિકઠણ છે, દુઃસંગો ઘણા આવી મળે છે, સત્સંગનું નામનિશાન ન મળે, ત્યારે શ્રીઠાકુરજી આપ તો તેવી રીતિ વિના ઉદાસીન ભાસે છે. સ્વતંત્ર છે, મનમાં આવે તે કરે, એમાં કોઇનું જોર ચાલતું નથી. ભાગ્યની વાત છે.



કેટલાક અભિપ્રાયો.

આ પુસ્તકમાં **શ્રી** હરિરાયજીના સ્તુતિ ગ્રન્થો સિવા
ના-જે સિદ્ધાન્તાત્મક છે તેમાંના ઘણાખરા યાવત્પ્રાપ્ય
એકત્ર કરવામાં આવ્યા છે. સંપ્રદાયનું ખરૂં સ્વરૂપ શ્રીહરિ-
રાયજીના ગ્રન્થોમાં જેવું જળવાઇ રહ્યું છે તેવું ભાગ્યેજ
બીજા ગ્રન્થોમાં હશે એમ કહેવાની ભાગ્યેજ જરૂર છે. આ
સંપ્રદાય ભાવાત્મક છે. અને તેમાં સેવ્ય પ્રભુ પણ ભાવાત્મક.
આ ભાવાત્મક સ્વરૂપ કેવા પ્રકારનું હશે અને તે સ્વરૂપનો
અનુભવ ભગવદીયોને કેવી રીતે થાય તે બધી બાબતો
શાસ્ત્રીય રીતે સમજાવવાને **શ્રીમદ્ હરિરાયજીએ** કેટલાક
નાના ગ્રન્થો રચ્યા છે .... જેમ શ્રી હરિરાયજીના
'શિક્ષાપત્રો' 'કામાખ્યદોષ વિવરણ' તથા 'હુસંગવિજ્ઞાન'
ગ્રન્થો વૈષ્ણવોને આકર્ષી રહ્યા છે તેવી રીતે આ ગ્રન્થો
પણ આકર્ષશે, એમા કાંઇપણ શંકા નથી. શ્રીહરિરાયજીના
ગ્રન્થોની શૈલી સાન્વયાર્થ છતાં પ્રાસાદિક છે. મને જણા-
વતાં ઘણો આનંદ થાય છે કે આ પુસ્તકમાં પણ ભાષાન્તર
કર્તાઓએ તેની પ્રાસાદિકતા જાળવી છે .... મારા
અભિપ્રાય પ્રમાણે આ તમામ ગ્રન્થોનું ભાષાન્તર પ્રામાણિક
છે. મને આશા છે કે વૈષ્ણવો જરૂરથી આ પુસ્તકનો

સત્કાર કરશે. **નિ. લી. વિઠ્ઠલકેસરી ગો. શ્રીઅનિરુદ્ધાચાર્યજીના સ્મારકમાં** આ ગ્રન્થ પ્રકટ થવાનો હોઈ દરેક વૈષ્ણવ જરૂરથી ઓછામાં ઓછી એક પ્રત ખરીદી લેશે કે જેથી ગ્રન્થમાળાની યોજના મુજબ અન્ય ગ્રન્થો પણ પ્રકટ કરી શકાય.

અમદાવાદ

છોટાલાલ ગોવર્ધનદાસ શાહ

એમ એ.

જામનગર

નાગર ચકલા

સાંપ્રદાયિક સિદ્ધાંતો અને મર્મ સમજવા માટે શ્રીહરિરાયમહાપ્રભુની વાણી એક અદ્વિતીય સાધન છે. શ્રીહરિરાયજીના અતિ સુંદર નાના નાના માર્મિક ગ્રન્થો અને તેનો સરલ અનુવાદ છાપવાનો જે શુભારંભ થયો છે તેનો વૈષ્ણવોએ અત્યાદર કરવો ઘટે છે. સંપ્રદાયમાં આ એક અત્યાવશ્યક અને અદ્વિતીય કાર્ય છે. વૈષ્ણવોની અનન્ય ભાવનાનું પોષણ આ ગ્રન્થથી ઘણું જ સુંદર રીતે થશે અનુવાદ સરલ છે.

વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૫	स्वपुन्थ	स्वपुत्र
૬	૧૧	કરાા	કરના
૧૦	૧૩	स्वबुद्ध्यैव	स्वबुद्ध्यै
૧૧	૧૯	सर्ने	सर्व
૨૮	૨૩	स्वमार्गवि–	૭. स्वमार्गीय
૨૯	૧૭	स्यासुत्र	स्याम्
૩૦	૬	मान्नास–	सन्नाग–
૩૨	૧૨	येप्येन	येनैव
૩૨	૧૪	प्रकटयमिच्यते	प्राकट्यमिच्छते
૪૧	૩	पङ्कजा–	पूर्वकथा–
૫૭	૨૧	मपना	मपर्ता
૫૮	૧૧	–तंगु	–तंतु
૮૪	૨૦	–मात्मन–	–नात्मन–
૯૨	૬	पान्यव–	पान्य–
૧૦૫	૪	–पुविते	पुष्टिते
૧૧૧	૨૩	एवविधा	एवंविधा
૧૩૪	૧૧	નિગઢ	નિગૂઢ
૧૮૪	૧૭	કામખ્ય	કાર્પણ્ય
૧૩૭	૩	ગાળિતા	અભિલ–
૧૩૬	૧૭	આનો નોની	અને જેની
૧૫૩	૧૩	हरी	हरि
[illegible]	૬	कलग	पन्नाग

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૪૧	૧૯	શવાંત	અસંત
૪૪૩	૧	-मालदि-	-मालादि-
૪૪૪	૧૨	-वंधिन्यिा	-वंधिन्यो-
૪૪૭	૧૬	दाट्यें	दाट्यें
૪૪૯	૨	क्लेश	क्लेशल
૪૫૪	૩	रादसौभरायौं	सदसौ सरायौ
૪૫૫	૧૯	कि	कि,
૪૬૧	૧૦	-मितिर्जो-	-मतिजो-
૪૬૬	૫	-नत्वात्	-नान्
૪૬૬	૨૨	શુદ્ધ-દિનપ્રતિદિન વૈરાગ્યનો ક્ષય કરનારો અને સિદ્ધ છવને જાતિગત વૈરાગ્યનો નાશ—	
૪૬૯	૧૬	कन्धारा-	कन्धरा-
૪૭૧	૧૧	-बन्धो	-बन्धो वा
૪૭૩	૩	શુદ્ધ-भक्तानां	दैन्यमेवैकं
૪૭૩	૫	महत्त्व-	महत्त्व-

સૂચના—મને માત્ર એકજવાર પ્રૂફ જોવાની સગવડ રહેલી, તેથી અને પાછળનાં પાનાંઓના પ્રૂફ તો મળી શકયાં ન હોવાથી છાપભૂલો રહી જવા પામી છે; તો ભગવદીય વાચકો પ્રથમથી ઊપર મુજબ સુધારો કરી લઇ, પછીજ ગ્રન્થવાચન કરે, એવી અભ્યર્થના.

—સમ્પાદક—